સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તક: ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 30
▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ શ્રાવણ સુદ - ૩ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૭ જુલાઈ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક જ સાથે ...એક જ દિવસે ...
સમગ્ર ભારતવર્ષ માં 52 + મુકામે...

FLAMINGO transworld pvt. ltd.
You Travel We Care

TRAVEL MELA
#KHUSHIYONKITICKET

27 JULY 2025 10:30 AM TO 7 PM
AT ALL FLAMINGO OFFICES

80+ TRAVEL DESTINATIONS | EXPERT TRAVEL GUIDANCE | EXCLUSIVE DIWALI OFFERS | PANDORA BOX & GIVEAWAYS

BOOK EARLY FOR BEST RATES SMOOTH VISA PROCESSING

WHY FLAMINGO?

- સમગ્ર ભારતમાં ૫૦ થી વધારે બુકિંગ નેટવર્ક ધરાવતી એક માત્ર ગુજરાતી કંપની
- વિશ્વભરના 80 થી પણ વધારે દેશોમાં યાદગાર પ્રવાસો ની મહારથ
- ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષા ના જાણકાર એવા, અમારા અનુભવી ટૂર મેનેજરો ની ઉત્કૃષ્ટ સેવા
- ૨૮૦ થી વધારે કટીબદ્ધ ફ્લેમિંગો ટીમ મેમ્બર્સ નો કાફલો
- ૨,૧૦,૦૦૦ થી વધુ પરિવારો માટે યાદગાર પ્રવાસો નુ આયોજન કરવા ની ઐતિહાસિક ઉપલબ્ધી

CHEF TOUR AVAILABLE AT 10+ COUNTRIES



Diwali Group Tours

EX MUMBAI PACKAGES

| | | |
|---|---|---|
| BHUTAN TOUR | 20+ DEPARTURES | 7N ONWARDS |
| EUROPE | 47+ DEPARTURES | 7N ONWARDS |
| DUBAI TOUR | 29+ DEPARTURES | 6N ONWARDS |
| SINGAPORE MALAYSIA WITH CRUISE | 46+ DEPARTURES | 8N ONWARDS |
| KASHMIR TOUR | 4+ DEPARTURES | 7N ONWARDS |
| HONG KONG TOUR | 4+ DEPARTURES | 7N ONWARDS |
| USA TOUR | 20+ DEPARTURES | 5N ONWARDS |
| BALI TOUR | 25+ DEPARTURES | 5N ONWARDS |
| NORTHEAST INDIA | 3+ DEPARTURES | 7N ONWARDS |
| THAILAND TOUR | 7+ DEPARTURES | 6N ONWARDS |

VIETNAM
56+ DEPARTURES


AUSTRALIA — NEW ZEALAND
24+ DEPARTURES



SOUTH AFRICA
19+ DEPARTURES


JAPAN
6+ DEPARTURES


SRI LANKA
10+ DEPARTURES


OUR MUMBAI LOCATIONS

| | | | | |
|---|---|---|---|---|
| KANDIVALI +91 78618 82803 | ANDHERI +91 98201 58551 | OPERA HOUSE +91 98203 64631 | GHATKOPAR EAST +91 93133 15467 | MULUND WEST +91 87796 91157 |
| THANE +91 98242 21447 | KHARGHAR +91 98195 84430 | MIRA ROAD +91 93218 23284 | GOREGAON +91 93261 08691 | SION (OPENING SOON) +91 75065 13304 |

www.flamingotravels.co.in

# ચોમાસામાં શહેરના રોડ પર ભૂવા-ખાડા કેમ પડે છે?: ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના રોડ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના મુદ્દે થયેલી સુઓમોટો પર હાઇ કોર્ટ સમક્ષ સુનાવણી હાથ ધરાઇ હતી. જેમાં હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની બેન્ચે એવી ટકોર કરી હતી કે, 'ઓથોરિટી તરફથી કામનો અહેવાલ રજૂ કરવામાં આવે છે પરંતુ હાલ વરસાદની મોસમમાં રોડ પર પડતાં ભૂવાની સમસ્યા જોવા મળે છે. શું તમે આવા રોડને અગાઉથી ઓળખીને ચોમાસા પહેલાં એની મરામત કે રિપેરિંગ કરી શકતાં નથી? જો ઓથોરિટી એ કરે છે, તો રસ્તાઓ પર ભૂવા કઇ રીતે પડે છે?'

આ સમગ્ર મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મુખ્ય સરકારી વકીલ જી.એચ. વિર્કે એવી રજૂઆત કરી હતી કે, અમદાવાદ શહેર માટે 'ભૂવા' 'ભૂતકાળ' બની ગયા છે અને ભાગ્યે જ ભૂવા જોવા મળે છે. રસ્તાઓ પર પડતાં ખાડા જરૂરથી સમસ્યા છે, જે સતત સામે આવે છે. શહેરમાં સતત વધતા જતાં ટ્રાફિકના લીધે ઇસ્યૂ થાય છે. ટ્રાફિક તો વધતો જ રહેશે, પંરતુ કોર્પોરેશનની ફરજ છે કે એ સતત રોડ રિસરફેસિંગ કરે. ૭૨ કલાક કોર્પોરેશનની હોટલાઇન એની ખાતરી કરે છે કે રસ્તાઓ પરના ખાડાનું સમારકામ થઇ જાય. કોર્પોરેશનની હેલ્પલાઇન પણ છે અને જ્યાંથી પણ માહિતી મળે રિપેરિંગ કરવામાં આવે છે.'

કોર્પોરેશને કહ્યું હતું કે અમદાવાદના મુખ્ય જંક્શનો ઉપર કામ કરાવી રહ્યું છે. પહેલા તબક્કાની કામગીરીમાં અમદાવાદના ૨૯ જંક્શનમાં સુધારાની જરૂર હોવાનું જણાયું હતું. તે પૈકી ૧૫ જંક્શન સુધારી દેવાયા છે. કોર્પોરેશન નવ આઇકોનિક રોડ બનાવી રહી છે. તે પૈકી એક રોડ એરપોર્ટથી ગાંધીનગરનો છે. એક કેમ્પ હનુમાન અને બીજો શાહીબાગ સ્વામિનારાયણ મંદિર જંક્શન ઉપર બનવાનો છે. લો ગાર્ડન અને મીઠાખળીમાં વેન્ડર ટ્રાફિક જોવા મળે છે. આ પ્લાનિંગ માટે સરદાર વલ્લભભાઈ નેશનલ ટેકનિકલ યુનિવર્સિટીની એન્જિનિયરિંગ મદદ લઇ કામ કરાઈ રહ્યું છે. સિંધુભવન રોડ ઉપર ચાલવાની વ્યવસ્થા યોગ્ય છે પરંતુ પાર્કિંગની જરૂર છે. હાઇ કોર્ટે કહ્યું હતું કે આગામી ૫-૧૦ વર્ષના ભવિષ્યના પ્લાનિંગ ઉપર ઓથોરિટીએ ફોકસ રાખવું જોઈએ. સરકારી વકીલે જણાવ્યું હતું કે અમદાવાદ મનપાનું રોડ બજેટ ૧૮ મહિનાનું હોય છે, દર આઠ મહિને રિવ્યૂ મીટિંગ કરાય છે. ચોમાસા પછી શું કરવું તે અંગે પણ ફોકસ હોય છે.

# ગુજરાતના દરિયાકાંઠે વધુ એક ૫૦૦ મેગાવોટનો ઓફશોર વિન્ડ પાવર પ્રોજેક્ટ સ્થપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના દરિયાકિનારે ૫૦૦ મેગાવોટનો ઓફશોર વિન્ડ પાવર પ્રોજેક્ટ સ્થાપવા માટે ૧૦ જુલાઇના રોજ વિનંતીપત્ર આપવામાં આવ્યો હતો. સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ 'વાયેબીલિટી ગેર ફંડિંગ યોજના' હેઠળ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ ઓફશોર વિન્ડ પાવર પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેમાં પસંદ થયેલા ડેવલપરને વિનંતીપત્ર ઇસ્યૂ કરવામાં આવ્યો છે. હવે સોલર કોર્પોરેશન અને પસંદ થયેલા ડેવલપર દ્વારા કરાર પર સહી સિક્કા થયા પછી છ વર્ષમાં આ પ્રોજેક્ટ કાર્યરત થવાની ધારણા છે, તેમ કેન્દ્રીય ઊર્જા રાજ્યપ્રધાન શ્રીપાદ નાઇકે જણાવ્યું હતું.

રાજ્યસભાના સાંસદ નરહરિ અમીને નેશનલ કમિટી ઓન ટ્રાન્સમિશન દ્વારા ભલામણ કર્યા પ્રમાણે રૂ.૨૨,૫૪૦ કરોડના રિન્યૂએબલ એનર્જી ઝોનના ટ્રાન્સમિશન પ્રોજેક્ટની મંજૂરી અને તેના સ્ટેટસ અંગે રાજ્યસભામાં પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરમાં પ્રધાન નાઇકે જણાવ્યું હતું કે, નેશનલ કમિટી ઓન ટ્રાન્સમિશનની ૨૫ જૂન, ૨૦૨૪ના રોજ મળેલી ૨૦મી બેઠકમાં ભલામણ થયા પ્રમાણે ઊર્જા મંત્રાલયે રૂ.૨૨,૫૪૦ કરોડની નવ ટ્રાન્સમિશન યોજનાઓને મંજૂરી આપી હતી, આ પૈકી ગુજરાતના રિન્યૂએબલ એનર્જી ઝોનને સંબંધિત ચાર યોજનાઓનો સમાવેશ થાય છે. આ ચાર યોજનાઓ માટેના સુધારેલા અંદાજો રૂ.૧૦,૨૨૫ કરોડના છે.

આ પ્રોજેક્ટ્સમાં ભૂજ વિસ્તારમાં ૧.૫ ગીગા વોટ રિન્યૂએબલ એનર્જીના સ્થળાંતર માટે ભૂજ-૨ પુલિંગ સ્ટેશનનું વિસ્તરણનો સમાવેશ થયો છે. પાવર ગ્રીડ ભૂજ ટ્રાન્સમિશન લિમિટેડ દ્વારા રૂ.૫૮૭ કરોડના ખર્ચે આ યોજનાનો અમલ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં થશે. આ જ રીતે ઓફશોર વિન્ડ ઝોન ફેઝ-૧ ટ્રાન્સમિશન યોજનામાં પાવર ગ્રીડ દ્વારા રૂ.૬૯૦૦ કરોડના ખર્ચ કરાશે. માર્ચ ૨૦૨૯ સુધીમાં આ લાઇન કાર્યરત થશે જેમાં મહુવા ઓનશોર પુલિંગ સ્ટેશન, મહુવાથી વટામણ ૪૦૦ કેવી લાઇન (૧૯૦ કિ.મી.) અને ગુજરાત ઓફ શોર સબ સ્ટેશન સ્થાપવાના કામનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ દ્વારા રૂ.૬૩૬ કરોડના ખર્ચે લાકડિયા સબ સ્ટેશનનું વિસ્તરણ થશે. જે જૂન ૨૦૨૭ સુધીમાં અમલી બનશે. જ્યારે બનાસકાંઠા જિલ્લામાં રઘાનેસડાથી ૩ ગીગાવોટ ઊર્જા સ્થળાંતર માટેની ટ્રાન્સમિશન યોજનામાં રઘાનેસડા સાથે સંકળાયેલા ટ્રાન્સમિશન સિસ્ટમ માટે સબ સ્ટેશન સ્થાપવા તેમજ રઘાનેસડાથી બનાસકાંઠાની ૭૬૫ કેવી લાઇન (૯૫ કિ.મી.) નાખવાના કામનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં ૨.૮૨ કરોડ પીએમજય કાર્ડ ઈસ્યૂ થયા, ત્રણ વર્ષમાં કેન્દ્રે ૧૧૬૮ કરોડ ચૂકવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના નાગરિકોને તબીબી સારવારના ખર્ચનું ભારણ નાબૂદ કરતી આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજય)માં અત્યાર સુધી ગુજરાતમાં કુલ ૨,૮૨,૮૮,૩૬૨ કાર્ડ બનાવવામાં આવ્યા છે. જેની સંખ્યા દેશમાં છઠ્ઠા નંબરે છે. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા પોતાના ફાળાના ગુજરાતને કુલ ૧૧૬૮ રૂપિયા ચૂકવાયા છે.

અનેક રાજ્યમાં પીએમજય કાર્ડ ઓછી સંખ્યામાં છે ત્યારે ગુજરાતમાં મોટી સંખ્યામાં તે નાગરિકોને સરકાર દ્વારા અપાઇ રહ્યા છે. કેન્દ્રના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોકસભામાં અપાયેલી માહિતીમાં જણાવ્યા મુજબ અત્યાર સુધી દેશભરમાં કુલ ૪૧ કરોડથી વધુ પીએમજય કાર્ડ અપાયા છે. તાજેતરમાં ૭૦ વર્ષથી વધુ વય હોય તેવા ૬ કરોડ નાગરિકોનો પણ કાર્ડ આપવામાં સમાવેશ કરાયો છે. તે સાથે જ આશા વર્કર, આંગણવાડી કાર્યકર અને ફિમેલ હેલ્થ વર્કરને પણ કાર્ડ અપાય છે.

દેશમાં સૌથી વધુ ૫.૩૩ કરોડ કાર્ડ ઉત્તર પ્રદેશમાં આપવામાં આવ્યા છે. તે પછી મધ્ય પ્રદેશમાં ૪.૩૫ કરોડ, બિહારમાં ૩.૯૧ કરોડ, ઓરિસ્સામાં ૩.૪૬ કરોડ અને મહારાષ્ટ્રમાં ૩.૧૭ કરોડ કાર્ડ જારી કરાયા છે. રાજસ્થાનમાં ૨.૨૫ કરોડ, દિલ્હીમાં ૩.૮૮ લાખ, પંજાબમાં ૯૦.૮૫ લાખ કાર્ડ અપાયા છે. કેન્દ્ર સરકાર દ્વારા પીએમજય કાર્ડ દ્વારા પોતાના હિસ્સાની રકમ આપવાની થાય તેમાં ગુજરાતને વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૬૦.૧૫ કરોડ, ૨૦૨૩-૨૪માં ૨૬૭.૪૮ કરોડ અને ૨૦૨૪-૨૫માં ૨૪૦.૫૮ કરોડ રૂપિયા અપાયા છે. આ યોજના અંતર્ગત દેશમાં કુલ ૩૧,૪૬૬ હૉસ્પિટલોને એમ્પેનલ્ડ કરાઇ છે. જેમાં ૧૪,૧૯૪ ખાનગી હૉસ્પિટલ છે.

ગુજરાતમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન મોટા પાયે થાય છે ત્યારે વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં કુલ ૧૦૧૮ કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હોવાનું કેન્દ્રના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે.

દિલ્હીમાં ૨૪૯૦, કેરળમાં ૧૧૩૯, મહારાષ્ટ્રમાં ૧૪૬૧, તમિલનાડુમાં ૧૭૯૬ અને પશ્ચિમ બંગાળમાં ૧૦૦૩ જેટલા કિડની પ્રત્યારોપણના ઓપરેશન કરવામાં આવ્યા છે. અનેક રાજ્ય એવા છે જ્યાં ખૂબ ઓછી સંખ્યામાં કિડની પ્રત્યારોપણના ઓપરેશન કરાયા છે.

# પેટલાદના ચાંગામાં કમળાના ૨૧ કેસ નોંધાયા, આરોગ્ય તંત્ર સતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પેટલાદ તાલુકાના ચાંગા ગામમાં કમળા (હિપેટાઈટીસ-એ) ના ૨૧ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. ગામના ત્રણ વિસ્તારોના ૧૨૨૮ જેટલા અસરગ્રસ્તોને સારવાર આપવામાં આવી છે. ગામમાં કુલ ૧૧ જેટલા પીવાના પાણીના પાઈપલાઈન લીકેજ પણ મળી આવ્યા છે, જે પૈકી સાત જેટલા લીકેજ રીપેર કરવામાં આવ્યા છે.

પેટલાદ તાલુકાના ચાંગા ગામમાં રોગચાળો વકર્યો હોવાની જાણ થતાં જ આરોગ્ય વિભાગ દ્વારા નવ ટીમો બનાવી ચાંગા ગામ ખાતે વ્હોરવાડ, માતરીયું ફળિયું, જનતા કોલોની વગેરે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી છેલ્લા બે-ત્રણ દિવસથી ચાંગા ગામમાં વ્હોરવાડ, માતરીયુ ફળિયું, જનતા કોલોની ખાતે ૧૨૨૮ જેટલા લોકો અસરગ્રસ્ત થયા હતા, જે પૈકી ૨૧ જેટલા કમળાના કેસ નોંધાયા છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કુલ નવ જેટલી આરોગ્ય ટીમ કાર્યરત થઈ છે, જેમાં ત્રણ મેડિકલ ઓફિસર તથા ૨૪ જેટલા પેરામેડિકલ સ્ટાફનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચાંગા ગામ ખાતે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યની ટીમ દ્વારા ૧૫૫૨ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૯ જેટલા ઓઆરએસ પાઉડરનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કુલ ૧૧ જેટલા પીવાના પાણીના પાઈપલાઈન લીકેજ મળી આવ્યા છે, જે પૈકી સાત લીકેજ રીપેર કરવામાં આવ્યા છે.

# રાજકોટ હીરાસર એરપોર્ટનું નામ કેશુભાઈ પટેલ એરપોર્ટ રાખવામાં આવે: ગોપાલ ઈટાલિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા ફરી એકવાર મેદાને આવ્યા હતા. તેમણે સ્વર્ગસ્થ કેશુભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે, ગુજરાત સરકાર અને ભારતીય જનતા પાર્ટી સમક્ષ એક મોટી માગણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં નવું બનેલું હીરાસર એરપોર્ટનું નામ કેશુભાઈ પટેલ એરપોર્ટ રાખવામાં આવે. ગોપાલ ઇટાલિયાએ લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, કેશુબાપાએ ગુજરાતના ખેડૂતો અને જનતા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે, પરંતુ ભાજપ દ્વારા તેમને ભુલાઈ રહ્યા હોય તેવું વર્તન કરવામાં આવી રહ્યું છે.

ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, કેશુભાઈ પટેલે ગુજરાતનાં ગામડાઓમાંથી ગુંડાઓ અને બદમાશોને નેસ્ત નાબૂદ કરવાનું કામ કર્યું હતું, ગામડાઓ સુધી સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડ્યું, અને ગુજરાતનાં ગામડાઓને ગોકુળિયું ગામ બનાવવામાં યોગદાન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ખેતી, ખેડૂત અને ગામડું સક્ષમ અને સમૃદ્ધ બને તે માટે તેમણે પોતાનું આખું જીવન હોમ્યું છે. ઇટાલિયાને દુ:ખ છે કે આવા મહાપુરુષની નોંધ ગુજરાતમાં ક્યાંય લેવાઈ નથી, જ્યારે સામાન્ય વોર્ડના પ્રમુખો કે એકાદ ટર્મ ધારાસભ્ય રહેલા લોકોના નામે પણ રોડ, લાઇબ્રેરી કે દવાખાના બને છે.

વિસાવદરના ધારાસભ્ય તરીકે ગોપાલ ઇટાલિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેશુબાપા પટેલે ગુજરાતના ખેડૂત, ખેતી અને ગામડાઓ માટે જે યોગદાન આપ્યું છે તેની સરખામણી કોઈની સાથે થઈ શકે તેમ નથી. એક સાધારણ પરિવારમાં જન્મીને, ખેતરોમાં પાણી વાળતા વાળતા સંઘર્ષ કરીને, તેઓ ગુજરાતમાં પહેલી વખત ભાજપની સરકાર પૂર્ણ બહુમતીથી લાવ્યા હતા. ગોપાલ ઇટાલિયાએ ચેતવણી આપી હતી કે જે સમાજ પોતાના ભૂતકાળ અને મહાપુરુષોને ભૂલી જાય છે તેનું ભવિષ્ય ધૂંધળું થઈ જાય છે, અને તેથી જ કેશુબાપાના યોગદાનની વિનમ્ર નોંધ લેવા માટે એરપોર્ટનું નામકરણ કરવું અત્યંત આવશ્યક છે.

ગોપાલ ઇટાલિયાએ પોતાની વાતને પુનરાવર્તિત કરતા કહ્યું હતું કે ૨૪મી જુલાઈ, ૨૦૨૫ના રોજ કેશુબાપાના જન્મદિવસ નિમિત્તે, રાજકોટના એરપોર્ટને સ્વર્ગસ્થ કેશુભાઈ પટેલનું નામ આપીને તેમના યોગદાનની સરકાર અને સમાજ દ્વારા નોંધ લેવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. તેમણે જય કિસાન અને કેશુભાઈ પટેલ ઝિંદાબાદના નારા સાથે પોતાની વાત પૂરી કરી હતી.

# વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સરકારી - ગ્રાન્ટેડ સ્કૂલોમાં નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવા નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના શિક્ષણ વિભાગે શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને માનદ વેતનથી કામગીરી સોંપવાનો નિર્ણય કર્યો હતો. રાજ્યની સરકારી પ્રાથમિક સ્કૂલો તથા સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ખોરંભાય નહીં તે માટે હવે નિવૃત્ત શિક્ષકો અભ્યાસ કરાવશે. આ માટે નિવૃત્ત શિક્ષકને જ્ઞાન સહાયક જેટલું જ માનદ વેતન ચૂકવાશે. જે નિવૃત્ત શિક્ષક કામગીરી કરવા માગતા હોય તેમણે જિલ્લા શિક્ષણાધિકારીને અરજી કરવાની રહેશે. આ માટે નિવૃત્ત શિક્ષકની ઉંમર ૬૨ વર્ષથી વધુ ન હોવી જોઈએ. કાયમી શિક્ષક કે જ્ઞાન સહાયકની નિમણૂક ન થાય ત્યાં સુધી નિવૃત્ત શિક્ષકે કામગીરી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષના અંતે આવા નિવૃત્ત શિક્ષકોને છૂટા કરવાના રહેશે.

રાજ્યની સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ખોરંભાય નહીં તે માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને માનદ વેતનથી કામગીરી સોંપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં રાજ્યની સરકારી પ્રાથમિક સ્કૂલો ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની બાબતને રાજ્યના શિક્ષણપ્રધાન દ્વારા મંજૂરી અપાઈ હતી.

આમ, શિક્ષણપ્રધાન દ્વારા મંજૂરી મળ્યા બાદ રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે પરિપત્ર બહાર પાડ્યો હતો. નિયામક શાળાઓની કચેરીને ઉદ્દેશીને કરાયેલા આ પરિપત્રમાં કામગીરી સોંપવા અંગેની શરતો નક્કી કરવામાં આવી છે. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને શરતો - પ્રક્રિયાને આધીન કામગીરી સોંપવાની રહેશે. જેમાં રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડતી જગ્યાઓની ઘટ તાત્કાલિક નિવારવા દર વર્ષે ૩૧ જુલાઈની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલા મહેકમ મુજબ શાળામાં ખાલી પડેલી જગ્યાઓ પર વિભાગના ૧૧ જુલાઈ, ૨૦૨૫ના ઠરાવથી સુધારેલી કાર્ય પદ્ધતિ અનુસરીને જ્ઞાન સહાયકને કામગીરી સોંપેલી હોય ત્યાર પછી પણ જગ્યાઓ ખાલી રહે તો આવી ખાલી રહેતી જગ્યાઓ પર કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત થયેલા સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિવૃત્ત શિક્ષકોને શૈક્ષણિક કામગીરી સોંપી શકાશે. નિવૃત્તિ બાદ લેવામાં આવતા શિક્ષકોની મહત્તમ વય મર્યાદા ૬૨ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

શાળામાં બદલીથી કે ભરતીથી કાયમી શિક્ષકની નિમણૂક ન થાય કે જ્ઞાન સહાયકની નિમણૂક ન થાય ત્યાં સુધી આવા નિવૃત્ત શિક્ષકોએ કામગીરી કરવાની રહેશે, શૈક્ષણિક વર્ષના અંતે આવા નિવૃત્ત શિક્ષકોને છૂટા કરવાના રહેશે. આ કામગીરી માટે નિવૃત્ત માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને જ્ઞાન સહાયકને ચૂકવવામાં આવતાં માનદ વેતન જેટલું જ માનદ વેતન ચૂકવવાનું રહેશે.

તે સિવાય અન્ય કોઈ વધારાના નાણાકીય કે સેવાકીય લાભ મળવાપાત્ર થશે નહીં. જે નિવૃત્ત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો નિવૃત્તિ બાદ કામગીરી કરવા માગતા હોય તેઓએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને અરજી કરવાની રહેશે અને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ ૧૧ જુલાઈ, ૨૦૨૫ના ઠરાવથી દાખલ કરેલા વેઈટિંગ લિસ્ટ મુજબ પણ જ્ઞાનસહાયક ઉપલબ્ધ થાય નહીં તો જ નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની રહેશે.

# ગુજરાતમાં દર પાંચ વર્ષે ૩૦૦ ગ્રામ્ય વિસ્તાર શહેરીકરણની અસર હેઠળ આવશે: રિપોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર દેશમાં ગુજરાત ૧,૯૬,૦૨૪ કિમીની સાથે ક્ષેત્રફળની દ્રષ્ટિએ ૫મું અને વસતિની દ્રષ્ટિએ ૯નું સૌથી મોટું રાજ્ય છે. અહીંની ૪૮ ટકા વસતિ શહેરોમાં અને ૫૨ ટકા વસતિ ગામડામાં વસે છે. આમ છતાં દેશમાં સૌથી ઝડપથી શહેરીકરણનું પ્રમાણ ગુજરાતમાં વધી રહ્યું છે. આગામી બે દાયકામાં ગુજરાતનાં શહેરોમાં રહેતી વસતિ ૭૦ ટકા સુધી પહોંચી જવાની શક્યતા છે. આવી પરિસ્થિતિમાં ગુજરાતના સુગ્રથિત વિકાસ માટે મોટો વિસ્તાર આયોજન હેઠળ હોવો જોઈએ તેના બદલે હાલ ગુજરાતનો માત્ર ૭ ટકા ભૌગોલિક વિસ્તાર જ આયોજન હેઠળ છે અર્થાત ગુજરાતનો ખૂબ મોટો હિસ્સો બિન-આયોજિત રીતે આડેધડ વિકસી રહ્યો છે. કડવું સત્ય એ છે કે, દર ૫ વર્ષે ગુજરાતના ૩૦૦થી વધુ ગામડાઓ શહેરી દરજ્જામાં સંમિલિત થઈ રહ્યા છે, ત્યારે પેરિ-શહેરી અને જિલ્લા સ્તરીય વિસ્તારોમાં અનિયંત્રિત વિકાસ ઝડપથી વિસ્તરી રહ્યો છે. મોટા પાયે માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક રોકાણોને ધ્યાનમાં રાખીને, આયોજિત શહેરી, ગ્રામીણ અને ઔદ્યોગિક જમીનની માગ છે. જે પાંચ ગણો વધારે છે. આ વાત કોઈ અધ્ધરતાલ નથી પણ શહેરી વિકાસ વિભાગ દ્વારા નિવૃત્ત સનદી અધિકારી કેશવ વર્માના અધ્યક્ષ સ્થાને રચિત હાઈ લેવલ કમિટીના અભ્યાસ અહેવાલમાં દર્શાવવામાં આવી છે. ગુજરાતનો ઝડપી આર્થિક વિકાસ શહેરીકરણમાં નોંધપાત્ર વધારો કરી રહ્યો છે. આ સ્થિતિ જમીનના વધતા આર્થિક મૂલ્ય અને શહેરી વિસ્તારો પર વધતા દબાણને દર્શાવે છે. ગ્રામ પંચાયતો દ્વારા સંચાલિત આ વિસ્તારો, ઊભરતી નવી ટાઉનશિપ, ઉદ્યોગો અને માળખાગત સુવિધાનું આયોજન કરવા છતાં, આયોજન ક્ષમતાનો અભાવ છે. આ વિકાસનું સંચાલન કરવા, આયોજન કવરેજ વધારવા અને ગ્રામીણ-શહેરી સંક્રમણોમાં વ્યવસ્થિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા સ્તરે આયોજન ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે.

આ હાઈ લેવલ કમિટીએ એવી ભલામણ કરી છે કે, જિલ્લા કલેક્ટર-જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા આયોજન અધિકારીઓ સાથે કાર્યરત, તમામ જિલ્લાઓમાં પૈકીના દરેકમાં એક જિલ્લા શહેરી વિકાસ એકમ ( ડિસ્ટ્રીક્ટ અર્બન ડેવલપમેન્ટ યુનિટ )ને ઈન્સ્ટીટ્યુશનલાઈઝ (સંસ્થાકીય) બનાવવો આવશ્યક છે. દરેક જિલ્લા સ્તરીય આવા આયોજન એકમ (પ્લાનિંગ યુનિટ)માં ૫ વ્યાવસાયિકોનો સમાવેશ થવો જોઈએ.

જેમાં દરેક જિલ્લા શહેરી વિકાસ અધિકારીની ભૂમિકા અને જવાબદારી એક વ્યાપક જિલ્લા વિકાસ યોજનાઓ, માસ્ટર પ્લાન, ગ્રામ વિકાસ યોજનાઓ, ટાયર ૪ શહેરો અને વસ્તી ગણતરી નગરો વિકાસ યોજનાઓ (ગ્રામીણથી શહેરી વિસ્તારોમાં સંક્રમણને પહોંચી વળવા માટે) તૈયાર કરવા માટે નક્કી થવી જોઈએ.

# ધારાસભ્યોની પોલીસ કમિશનર સાથેની સંકલન બેઠકમાં અશાંત ધારો, ડ્રગ્સ, ટ્રાફિકનો મુદ્દો ઊઠ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોલીસ કમિશનર અને સિનિયર અધિકારીઓએ અમદાવાદના ધારાસભ્યો તથા સાંસદો સાથે એક સંકલન બેઠક કરી હતી. જેમાં લોક પ્રતિનિધિઓ દ્વારા ટ્રાફિકની સમસ્યાના સમાધાન અને આગામી દિવસોમાં આવી રહેલા તહેવારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા માટે માગણી કરાઈ હતી. વધતી ગુનાખોરી સામે પોલીસ લાલ આંખ કરી ગુનેગારો સામે કડક પગલાં લે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. પોલીસે પણ કામગીરીમાં લોકપ્રતિનિધિઓનો સહકાર અને અસામાજિક પ્રવૃત્તિની જાણ કરવા સૂચન કર્યું હતું.

અમદાવાદમાં યોગ્ય ટ્રાફિક પોલીસની ફાળવણી કરી આ સમસ્યાનું નિરાકરણ લાવવા તમામ લોક પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી. ધારાસભ્ય કૌશિક જૈન અને અમિત શાહે ટ્રાફિકના મુદ્દા ઉપરાંત અશાંત ધારાના અમલ અને ગુનેગારો સામે પગલાં લેવાની વાત કરી હતી. જ્યારે શ્રાવણ માસમાં જાહેરમાં માંસ મચ્છીની દુકાનો બંધ રખાવવા રજૂઆત કરી હતી.

મીટિંગમાં હાજર નહીં રહી શકેલા ઇમરાન ખેડાવાલાએ કમિશનર સમક્ષ ડ્રગ્સનું દૂષણ દૂર કરવા, વ્યાજખોરો સામે કડક પગલાં લેવા અને મિસિંગ ચાઇલ્ડના મુદ્દા કામગીરી કરવાના સૂચનો લેખિતમાં મોકલ્યા હતા. અન્ય ધારાસભ્યો અને સાંસદોએ પણ ગુનેગારો સામે કડકાઇ કરવા રજૂઆત કરી હતી. સાથે સાથે રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થઇ અને વિમાન દુર્ઘટનામાં પોલીસની કામગીરીની લોક પ્રતિનિધિઓએ સરાહના પણ કરી હતી. ટ્રાફિક બ્રિગેડ તરીકે કામ કરતા કર્મચારીનો પગાર ઓછો હોવાથી તેમને પણ પોલીસની માફક બસમાં મફત મુસાફરી માટે બન્ને તરફી રજૂઆત થઇ હતી.

# અમદાવાદની પિરાણા ડમ્પસાઈટને મનોરંજન કેન્દ્રમાં રૂપાંતરિત કરવાની યોજનાને મંજૂરી, 3000 લોકોને રોજગારી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રોડ ઍન્ડ બિલ્ડિંગ કમિટીએ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા રિસોર્સ રિકવરી માટે પિરાણા ગ્યાસપુર માસ્ટર પ્લાન વિકસાવવા માટે કન્સલ્ટન્ટની નિમણૂકને મંજૂરી આપી હતી, જે અંતર્ગત ૭૦૦ હેક્ટરની પિરાણા ડમ્પસાઈટને મનોરંજન કેન્દ્રમાં રૂપાંતરિત કરવામાં આવશે. એએમસીની આ એક મહત્ત્વાકાંક્ષી પહેલ છે.

આ પ્રોજેક્ટ લેન્ડફિલ સાઇટને સુરક્ષિત રીતે બંધ કરવા માટે બાયોમાઇનિંગ અને બાયોરેમિડિયેશન સહિતની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરશે. કચરાને સુરક્ષિત રીતે ઢાંકવામાં આવશે અને તેના પર શહેરી જંગલો, નેચર ટ્રેલ્સ અને જાહેર ઉદ્યાનો ધરાવતી વિશાળ ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે.

'વેસ્ટ ટુ વન્ડર' પાર્કમાં જંગલ સફારી, જૈવવિવિધતા પાર્ક, સાયકલિંગ ટ્રેક અને સાઇટના પરિવર્તનને દસ્તાવેજ કરતો હેરિટેજ પ્લાઝા સામેલ હશે. અહીં વેસ્ટ ઇનોવેશન કેમ્પસ પણ સ્થાપવામાં આવશે, જેમાં રિસર્ચ ઍન્ડ પ્રયોગશાળાઓ, સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન સુવિધાઓ, વેસ્ટ મ્યુઝિયમ અને એક શાળા હશે.

સૂત્રો મુજબ, પિરાણા ખાતેની ૭૦૦ હેક્ટર વિસ્તારને આવરી લેતી ડમ્પસાઇટને વેસ્ટ ટુ વન્ડર પાર્કમાં રૂપાંતરિત કરવાની યોજના છે. કચરાને સુરક્ષિત રીતે ઢાંકવામાં આવશે. શહેરી જંગલો, નેચર ટ્રેલ્સ અને જાહેર ઉદ્યાનો સહિતનો લીલોછમ અને જીવંત લેન્ડસ્કેપ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ ૩,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડશે તેવી અપેક્ષા છે. ૩૦ લાખ ટનથી વધુ જૂના કચરા પર પ્રક્રિયા કરવામાં આવશે અને ૫૦ એકરથી વધુ જગ્યા વિકસાવવામાં આવશે.

# રાહુલ ગાંધીને મળવા આવેલા ગંભીરા બ્રિજના પીડિતોને અટકાવવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. રાહુલ ગાંધીએ આણંદમાં ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોનાં પરિવારજનો સાથે મુલાકાત કરી હતી અને સાંત્વના પાઠવી હતી, જોકે રાહુલ ગાંધીની પીડિત પરિવાર સાથે મુલાકાત પહેલાં પોલીસ અને કૉંગ્રેસના કાર્યકરો સાથે રકઝક થઈ હતી. પીડિત પરિવાર પાસે પાસ ન હોવાથી પોલીસે કાર્યક્રમ સ્થળેથી બહાર કાઢ્યાં હતાં, જેને પગલે કૉંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે રકઝક થઈ હતી. આ અંગેની રાહુલ ગાંધીને જાણ થતાં જ ગંભીરા બ્રિજના પીડિતોને મળવા બોલાવ્યા હતા.

વડોદરામાં એક કાર્યકરે તેમને રાહુલ ગાંધી તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ એવા નારા લગાવતા કાર્યકરને મળવા બોલાવ્યો હતો અને તેનું કાર્ડ પણ લીધું હતું. આ કાર્યકરે રાહુલ ગાંધી સમક્ષ બળાપો ઠાલવતાં કહ્યું, ગુજરાતમાં કૉંગ્રેસની સરકાર લાવવા જીવ દેવા પણ તૈયાર છું, ૩૫ વર્ષથી લડું છું પણ મોટા નેતાઓ રોકે છે. તેણે આટલું જ કહેતા રાહુલ ગાંધીએ 'નંબર દે દો, બાદ મેં મિલતે હૈ' તેમ કહ્યું હતું.

મિતેષ પરમાર યૂથ કૉંગ્રેસ ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. ઉપરાંત વડોદરા શહેર કૉંગ્રેસ મહામંત્રી પણ રહી ચૂક્યા છે. વડોદરામાં કૉંગ્રેસનાં નાનાં-નાનાં ગ્રુપ પડી ગયાં છે અને તેઓ દ્વારા તેના માણસોને ટિકિટ આપી દેવામાં આવે છે. હું સાચો કૉંગ્રેસનો કાર્યકર્તા છું.

હું ઇચ્છું છું કે ગુજરાતમાં કૉંગ્રેસની સરકાર બને અને વડોદરમાં મેયર પણ કૉંગ્રેસના હોય. હું રાહુલ ગાંધીનો સાચો સિપાહી છું. કૉંગ્રેસની સરકાર બનાવવા માટે જરૂર પડ્યે મારો જીવ પણ આપી દઈશ. મારા પર ૧૦૦ જેટલા કેસ થયા હશે. રાહુલ ગાંધીએ મને બોલાવ્યો હતો અને હું વાતચીત કરવા ગયો ત્યારે તેમણે મને નંબર લખાવવાનું કહ્યું હતું. મેં મારું કાર્ડ આપ્યું હતું અને હાથ મિલાવ્યો હતો. તેમણે હમ મિલતે હૈ એવું કહ્યું હતું. મને વિશ્વાસ છે કે તેઓ મને મળશે.

આ ઉપરાંત તેણે કહ્યું, રાહુલ ગાંધીએ મને કહ્યું કે ડરો મત, મૈં તુમ્હારે સાથ હૂં... તેમને આંદોલન યોગ્ય રીતે નથી થતાં એ બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી. મારે મોટું આંદોલન કરવું છે, પરંતુ બધા મોટા નેતાઓ આંદોલન કરવા દેતા નથી. ગુજરાત-વડોદરામાં કૉંગ્રેસની સત્તા લાવવા માગું છું અને હું એ માટે ૩૫ વર્ષથી લડી રહ્યો છું.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 30
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૭ જુલાઈ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી બહેન યોજનામાં કરોડોનું કૌભાંડ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹90,360/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## ૧૪,૨૯૮ પુરુષે મહિલાઓ માટેની સ્કીમનો લાભ લીધો: અન્ય ૨,૩૬,૦૧૪ લાભાર્થીઓના નામ પર શંકા

**▸ પુરુષોને પૈસા કેવી રીતે મળ્યા એની રાજ્ય સરકારે તપાસ આદરી ▸ બેદરકારી માટે જવાબદાર લોકોની નોકરી જઈ શકે ▸ અન્ય કેટલીક અપાત્ર મહિલાઓને ખોટી રીતે નાણાં મળ્યાં હોવાનું પણ આવ્યું બહાર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' લગભગ એક વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી. ઘણી અપાત્ર મહિલાઓએ પણ આ લાડકી બહેન યોજનાનો લાભ લીધો હોવાનું અગાઉ બહાર આવ્યું હતું, પરંતુ હવે એ વાત સામે આવી છે કે માત્ર મહિલાઓ જ નહીં, પુરુષોએ પણ લાડકી બહેન યોજનાનો ગેરલાભ લીધો છે. આ યોજનામાં આ નવું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ પુરુષોએ લીધેલા ગેરલાભને કારણે રાજ્ય સરકાર પર રૂ.૨૧ કરોડનો બોજ પડ્યો હતો.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજનામાં મહિલાઓને દર મહિને દોઢ હજાર રૂપિયા આપવામાં આવે છે. જરૂરિયાતમંદ મહિલાઓ માટે શરૂ કરવામાં આવેલી આ યોજનાનો ગેરલાભ સરકારી કર્મચારીઓએ, ગાડી અને બંગલા ધરાવતી મહિલાઓએ પણ લીધો હતો અને એક પછી એક ઘણી અપાત્ર મહિલાઓને આ યોજનામાંથી દૂર કરવામાં આવી હતી.

યોજનાના લાભાર્થીઓનું ઑડિટ કરતી વખતે જાણવા મળ્યું હતું કે કુલ ૧૪,૨૯૮ પુરુષોએ લાડકી બહેન યોજનાનો ગેરલાભ લીધો હતો અને તેમને ૨૧.૪૪ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ યોજના ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થઈ હતી. જાહેર વિતરણ વ્યવસ્થામાં ડેટા તપાસ્યા બાદ વધુ ચોંકાવનારી બાબતો ધ્યાનમાં આવી છે. ૨,૩૬,૦૧૪ (જુઓ પાનું ૨) ▸▸

## દરેક શાળાની સલામતીનું ઑડિટ ફરજિયાત: સરકાર

નવી દિલ્હી: શાળામાં વિદ્યાર્થીઓ માટેની સુવિધા અને સુરક્ષા યંત્રણાનું ફરજિયાત ઑડિટ કરવાનો શિક્ષણખાતાએ દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આદેશ આપ્યો હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

શાળાની ઈમારતનું સ્ટ્રક્ચરલ ઑડિટ કરવામાં આવે તેની ખાતરી કરવાની પણ શિક્ષણખાતાએ હાકલ કરી હતી.

રાજસ્થાનના ઝાલાવાડમાં એક સરકારી શાળાની ઈમારતનો હિસ્સો ધસી જવાથી સાત વિદ્યાર્થીનાં મોત અને ૨૮ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયા હોવાની બનેલી ઘટનાના એક દિવસ બાદ આ આદેશ આપવામાં આવ્યો હતો.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતીની ખાતરી કરવા તાકીદે પગલાં લે એમ જણાવતા શિક્ષણખાતાએ કહ્યું (જુઓ પાનું ૨) ▸▸

## ૧૭ સાંસદને સંસદ રત્ન એવૉર્ડ

નવી દિલ્હી: લોકસભામાં બજાવેલી દષ્ટાંતરૂપ કામગીરી બદલ સુપ્રિયા સૂળે (એનસીપી), રવિ કિસન (ભાજપ), નિશિકાન્ત દુબે (ભાજપ) અને અરવિંદ સાવંત (શિવસેના-યુબીટી) સહિત ૧૭ સાંસદની સંસદ રત્ન એવૉર્ડ ૨૦૨૫ માટે પસંદગી કરવામાં આવી છે.

સતત ત્રીજી મુદતમાં સંસદીય લોકશાહીમાં આપેલા સાતત્યપૂર્ણ યોગદાન બદલ કરવામાં આવનારાં આ સન્માનમાં ચાર સ્પેશ્યલ જ્યૂરી એવૉર્ડનો પણ સમાવેશ થાય છે.

સ્પેશ્યલ જ્યૂરી એવૉર્ડ માટે ભર્તૃહરિ માહતાબ (ભાજપ-ઓડિશા), એન.કે. (જુઓ પાનું ૨) ▸▸

## યુએઇના એશિયા કપમાં ભારત-પાકિસ્તાનની ત્રણ ટક્કર થઈ શકે

કરાચી: બહુચર્ચિત મેન્સ ટી-૨૦ એશિયા કપ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં રમાશે એની બે દિવસ પહેલાં જાહેરાત થઈ ગઈ ત્યાર બાદ હવે એની તારીખો જાહેર કરવામાં આવી છે અને આ રસાકસીભરી ટૂર્નામેન્ટનું સમયપત્રક ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ સ્પર્ધા આગામી ૯-૨૮ સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે અને એમાં ભારત-પાકિસ્તાન વચ્ચે એક કે બે નહીં, પણ ત્રણ-ત્રણ વખત ટક્કર થઈ શકે એવી સંભાવના છે. ભારત-પાકિસ્તાનને ગ્રૂપ 'એ'માં રાખવામાં આવ્યા છે.

એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના અધ્યક્ષ તેમ જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ચૅરમૅન મોહસિન નકવીએ શનિવારે એશિયા કપની તારીખ વિશેની સત્તાવાર જાહેરાત 'એક્સ' પર કરી હતી.

ભારત-પાકિસ્તાન વચ્ચેનો લીગ-સ્ટેજનો મુકાબલો (જુઓ પાનું ૨) ▸▸

## અગ્નિવીરોને યુપી પોલીસમાં ૨૦% અનામતની યોગીની જાહેરાત

લખનઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કારગિલ દિવસ ૨૦૨૫ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં કારગિલ યુદ્ધના નાયકોને શ્રદ્ધાંજલિ આપતી વખતે જાહેરાત કરી હતી કે અગ્નિવીરોને યુપી પોલીસમાં ૨૦% અનામત મળશે.

આ પહેલા પણ યોગીએ યુપી પોલીસ અને પીએસીની ભરતીમાં ભૂતપૂર્વ અગ્નિવીરોને ૨૦ ટકા અનામત આપવાની વાત કહી હતી .

યોગીએ કહ્યું કે, ''કારગિલ વિજય દિવસ નિમિત્તે, આખો દેશ તેના સૈનિકોના શૌર્ય અને બહાદુરીને માન આપી રહ્યો છે અને તેમને સલામ કરી રહ્યો છે. આ પ્રસંગે, હું તે બધા બહાદુર સપૂતોને મારી નમ્ર (જુઓ પાનું ૨) ▸▸

લગ્ન સંબંધી
વૈષ્ણવ, વણિક, કપોળ, ધંધાકીય પરીવારની 1996 બોર્ન, 5'.3", માસ્ટર્સ ઈન ક્યુલિનરી આર્ટસ ફ્રોમ બર્મિંગહમ સેલ્ફ એન્ટ્રેપ્રેનેઅર,વેલ સેટલ્ડ સ્માર્ટ યુવતીને યોગ્ય મુંબઈ સ્થિત વૈષ્ણવ / જૈન સુખી પરીવારનાં યુવકોનાં વડિલો તરફથી સંપર્ક આવકાર્ય.
-:સંપર્ક:-
જીતુભાઇ પારેખ
9321282894
(દહેજ નહીં)

## આતંકવાદને પોષનારાઓએ હવે આકરાં પરિણામ ભોગવવા પડશે: સેનાધ્યક્ષ

નવી દિલ્હી: સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે જણાવ્યું હતું કે ભારતનું ઓપરેશન સિંદૂર સરહદ પારના આતંકવાદનો સ્પષ્ટ અને લક્ષ્યાંકિત જવાબ હતો, જે પાકિસ્તાનને એક મજબૂત સંદેશ આપે છે કે આતંકવાદના સમર્થકોને આકરા પરિણામોનો સામનો કરવો પડશે.

વિજય દિવસ નિમિત્તે કારગિલ યુદ્ધ સ્મારક ખાતે બોલતા, જનરલ દ્વિવેદીએ કહ્યું કે પહલગામમાં આતંકવાદી હુમલા પછી ઓપરેશન સિંદૂર દરમિયાન સેનાની કાર્યવાહી ભારત દ્વારા અપનાવવામાં આવેલા નવા વ્યૂહાત્મક (જુઓ પાનું ૨) ▸▸



**વિજય દિવસ:** કારગિલ વિજય દિવસની ૨૬મી જયંતીની ઉજવણી દરમિયાન દિલ્હીમાં શનિવારે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી રહેલા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ લે. જનરલ એન.એસ. રાજા સુબ્રમણિ, નૌકાદળના ચીફ ઍડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને ચીફ ઑફ ધ ઍર સ્ટાફ ઍર ચીફ માર્શલ એ. પી. સિંહ. (એજન્સી)

### લશ્કરમાં 'રુદ્ર'ની રચના કરવામાં આવી રહી છે

નવી દિલ્હી: ભારતીય સેનાના આધુનિકીકરણ અને પરિવર્તન તરફના પગલાંઓનું વર્ણન કરતા તેમણે કહ્યું કે સેનાને ''ભવિષ્યલક્ષી દળ'' બનાવવા માટે ઓલ-આર્મ્સ બ્રિગેડ અને ઘાતક વિશેષ દળોના એકમોની રચના કરવામાં આવી રહી છે.

આજની ભારતીય સેના માત્ર વર્તમાન પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી રહી નથી, પરંતુ એક પરિવર્તનશીલ, આધુનિક અને ભવિષ્યલક્ષી દળ તરીકે પણ ઝડપથી આગળ વધી રહી છે. આ હેઠળ, 'રુદ્ર' નામની નવી ઓલ-આર્મ્સ બ્રિગેડ બનાવવામાં આવી રહી છે, અને મેં ગઈકાલે તેને મંજૂરી આપી છે. આમાં પાયદળ, યાંત્રિક પાયદળ, સશસ્ત્ર એકમો, તોપખાના, વિશેષ દળો અને (જુઓ પાનું ૨) ▸▸

## ઈઝરાયલના હુમલામાં વધુ પચીસનાં મોત

ગાઝા પટ્ટી: ઈઝરાયલ અને હમાસ વચ્ચે શસ્ત્રવિરામની વાટાઘાટ સ્થગિત થઈ ગઈ હોવાનું જણાઈ રહ્યું છે અને ગાઝામાં પેલેસ્ટેઈનવાસીઓ દુષ્કાળનો સામનો કરી રહ્યા હોવા વચ્ચે ઈઝરાયલે શુક્રવારે કરેલા હવાઈહુમલા અને ગોળીબારમાં ઓછામાં ઓછા પચીસ જણનાં મોત થયાં હોવાનું આરોગ્ય અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

મોટાભાગના લોકોનું ગોળીબારમાં મોત થયું હતું. આ લોકો ઈઝરાયલના ઝિકિમ ક્રોસિંગ (જુઓ પાનું ૨) ▸▸

## ગજપતિ રાજુએ ગોવાના રાજયપાલ તરીકે શપથ લીધા

પણજી: ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અશોક ગજપતિ રાજુએ શનિવારે ગોવાના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે પી. એસ. શ્રીધરન પિલ્લઇનું સ્થાન લીધું હતું.

બોમ્બે હાઇ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આલોક અરાધેએ રાજભવન ખાતે રાજુને પદના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ૭૪ વર્ષીય રાજુએ કહ્યું કે તેઓ લોકોની સેવા કરતી વખતે ભારતના બંધારણનું પાલન કરશે. તેમણે કહ્યું કે આપણે બધા એક ટીમ તરીકે કામ કરીએ છીએ અને ગોવાવાસીઓ સાથે જોડાવાની મને ખુશી છે. તેમણે જણાવ્યું કે જો કે મને સ્થાનિક ભાષા સમજાતી નથી અને આ(રાજ્યપાલ) પદ પર મારો પહેલો (જુઓ પાનું ૨) ▸▸

## મણિપુરમાં શસ્ત્રોનો વિપુલ જથ્થો પકડાયો

ઈમ્ફાલ: સુરક્ષા દળોએ શનિવારે મણિપુરના પાંચ જિલ્લામાંથી ૯૦ શસ્ત્રો અને ૭૦૦ જેટલા વિસ્ફોટકો કબજે કર્યા હોવાનું પોલીસે કહ્યું હતું. મે ૨૦૨૩માં રાજ્યમાં વંશીય હિંસા ફાટી નીકળ્યા બાદ જપ્ત કરવામાં આવેલા આ શસ્ત્રોમાંથી અનેક શસ્ત્ર પોલીસના શસ્ત્રાગારમાંથી લૂંટવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. મળેલી બાતમીને આધારે પૂર્વ ઈમ્ફાલ, પશ્ચિમ ઈમ્ફાલ, થૌબલ, કાકચિન્ગ અને વિષ્ણુપુર જિલ્લામાં સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, આર્મી અને આસામ રાઈફલ્સની ટુકડીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહી દરમિયાન ૯૦ શસ્ત્રો અને ૭૦૦ જેટલા વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૭-૭-૨૦૨૫ થી તા. ૨-૮-૨૦૨૫

ગ્રહગોચરઃ આ સપ્તાહમાં સૂર્યનારાયણ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ સિંહમાંથી કન્યા રાશિમાં તા. ૨૮મીએ પ્રવેશે છે. વક્રી બુધ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે સિંહ રાશિમાં રહે છે. તા. ૨૯મીએ કન્યા રાશિમાં, તા. ૩૧મીએ તુલા રાશિમાં, તા. ૨જીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ માટે આ સપ્તાહ એકંદરે મધ્યમ જણાય છે. ઉતાવળે વેપાર કરવો નહિ. જન્મકુંડળીના આધારે નિર્ણયો લેવા જરૂરી છે. નોકરીમાં તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરોમાં મતભેદોનો ઉકેલ લાવી શકશો. નવા વેપારના કામકાજમાં અનુકૂળતા જણાશે. સંઘર્ષ અને પુરુષાર્થ જાળવી રાખી મહિલાઓ નોકરીમાં સફળતા મેળવી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસમાં પ્રગતિનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. નોકરીમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. કાર્યદક્ષતા એકાગ્રતા અને જ્ઞાન દ્વારા નોકરીના કઠિન કામ પણ પૂર્ણ કરવા માટે ગોચરફળ શુભ જણાય છે. આ સપ્તાહમાં નવીન કામકાજનો પ્રારંભ પણ થાય. અર્થવ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનો સાથેના વ્યવહારમાં સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી બની રહેશે. નોકરીમાં માનપ્રતિષ્ઠા જળવાશે. હસ્તગત કામકાજમાં પરિવર્તનો પણ આવે. તા. ૨૭, ૨૮, ૧, ૨ ધાર્યા મુજબની સફળતા દર્શાવે છે. કારોબારમાં નાણાંનું રોકાણ શક્ય છે. કુટુંબના સભ્યોમાં એકંદરે સંપ જળવાઈ રહેશે. મહિલાઓને નોકરીના કામકાજમાં નિયમિતતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર લાભદાયી જણાય પરંતુ વધુ પડતું કામકાજ, બેધ્યાનપણું દાખવવાથી ગોચરગ્રહફળના પરિણામ વિપરીત આવે તેમ છે. નોકરી માટે પ્રવાસ શક્ય છે. રાજકારણની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. અકારણ નાણાખર્ચ ટાળવા જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા પ્રકારના કામકાજના પ્રારંભ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન ક્ષેત્રે સફળતાનો અનુભવ થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષિત વેપારથી નાણાલાભ મેળવશો. નોકરીમાં તા. ૨૮, ૩૧, ૧ સફળતાસૂચક છે. નોકરીની પ્રવૃત્તિઓ નિયમિતપણે પ્રગતિશીલ બની રહેશે. નાણાંની વ્યવસ્થા જાળવવામાં સફળ રહેશો. ભાગીદાર સાથેના જૂનાં વિવાદનો ઉકેલ આવશે. મહિલાઓ આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કઠિન વિષયોમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે. ઉચ્ચ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નોકરીમાં યશસ્વી અનુભવ થાય. સહકાર્યકરો સાથેના કામકાજમાં સફળતા જણાશે. પ્રવાસ દ્વારા આ સપ્તાહમાં ધાર્યા મુજબની સફળતા મેળવશો. ઉઘરાણીના નાણાં આવક પ્રાપ્ત કરવા માટે સફળ નીવડશો. મહિલાઓ આ સપ્તાહમાં નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સ્વતંત્રપણે નિર્ણયો લઈ શકશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૨૭, ૨૮, ૩૧મીએ નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. વેપારનો વિકાસ થાય. નાણાંના સાધનો વધુ સક્ષમ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના કામકાજમાં સહકાર્યકરો ઉપયોગી થશે. વડીલોની કૃપા પ્રાપ્ત કરશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે. પ્રવાસ, પર્યટન સફળ બની રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યોગ્ય માર્ગદર્શન અપેક્ષાનુસાર મેળવી શકશો. નોકરીમાં તા. ૨૭, ૨૮, ૩૧ સફળતા દર્શાવે છે. ઉપરી અધિકારીની મદદ મેળવશો. કિંમતી ચીજો, વાહન ઈત્યાદિના નિર્ણયો માટે વિલંબ થાય. ભાગીદારીના સંબંધમાં જૂનાં મતભેદો ઉકેલાશે. નાણાંની વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં ભાઈ–બહેનો સાથેના વિવાદોનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષામાં કાળજી દાખવવાની જરૂરિયાત જણાય છે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણના આયોજન સફળ બનતા જણાશે. નોકરીમાં તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. નોકરી માટે સહકાર્યકરો ઉપયોગી થશે. કુટુંબના સભ્યો સાથેનો નાણાવ્યવહાર સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા ધાર્યા મુજબના વેપારના કામકાજ સંપન્ન થશે. જૂની નાણાં ઉઘરાણી સફળતાથી પૂર્ણ થશે. વેપારમાં પ્રગતિ થાય. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો કાર્યક્ષેત્રે સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસના આયોજનો સફળ થતાં જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં સફળતા અનુભવશો. તા. ૩૦, ૧, ૨ શુભ ફળદાયી જણાય છે. નોકરીની અપેક્ષા મુજબ પ્રગતિ જળવાઈ રહેશે. ભાગીદારનો સહયોગ મેળવશો. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ મહિલાઓને અનુકૂળ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં સફળતા જણાશે. પરિવારના સભ્યો અભ્યાસમાં માર્ગદર્શક બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં તા. ૨૮, ૨૯, ૩૧ શુભ ફળદાયી છે. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. રાજકારણની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. સામાજિક સેવા કાર્યો પણ સંપન્ન થઈ શકશે. કારોબારની નાણાંઆવક જળવાઈ રહેશે. મહિલાઓ આ સપ્તાહમાં પ્રવાસ પર્યટનના સફળ આયોજન કરી શકશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક કાર્યક્રમ સફળ બની રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંના આયોજન માટે જન્મકુંડળીના આધારે નિર્ણય લેવા જરૂરી છે. નોકરીમાં સહકાર્યકરો સાથે વ્યવહારુપણે મતભેદોનો ઉકેલ લાવવો જરૂરી જણાશે. વેપારમાં પ્રગતિ થાય. નવું નાણાંરોકાણ વેપારમાં પણ શક્ય છે. મહિલાઓ આ સપ્તાહમાં સંતાનના મહત્ત્વના નિર્ણયો લઈ શકશે. પર્યટન પ્રવાસ સફળ જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

## આજનું પંચાંગ

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ

રવિવાર, તા. ૨૭–૭–૨૦૨૫, આદિત્ય પૂજન,હરિયાલી ત્રીજ,

ભારતીય દિનાંક ૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
શ્રાવણ સુદ–૩
જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ,
તિથિ સુદ–૩
પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૨મો મોહોર
માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૯મો આદર,
માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧લો,
માહે ૨જો સફર, સને ૧૪૪૭
મીસરી રોજ ૨જો,
માહે ૨જો સફર, સને ૧૪૪૭
નક્ષત્ર મઘા સાંજે ક. ૧૬–૨૨ સુધી,
પછી પૂર્વાફાલ્ગુની
ચંદ્ર સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતીઃ બપોરે ક. ૧૩–૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૩ (તા. ૨૮)
ઓટઃ સવારે ક. ૦૭–૧૭, રાત્રે ક. ૨૦–૧૧
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુકલ – તૃતીયા. આદિત્ય પૂજન, મધુશ્રવા તૃતીયા, હરિયાલી ત્રીજ, આદિપૂરમ (દક્ષિણ ભારત), મુસ્લિમ ૨જો સફર માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, પિતૃપૂજન, કેતુ ગ્રહદેવતાનું પૂજન, વડનું પૂજન, મુંડન કરાવવું નહિ. સર્વશાંતિ પૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા, માતા ગાયત્રી પૂજન, જાપ, હવન, ખેતીવાડી, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજન વિશિષ્ટરૂપે.
આચમનઃ ચંદ્ર–ગુરુ અર્ધત્રિકોણ સહાનુભૂતિવાળા
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ અર્ધત્રિકોણ
ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–સિંહ, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૭–૭–૨૦૨૫ થી તા. ૨–૮–૨૦૨૫

રવિવાર, શ્રાવણ સુદ–૩, વિ. સં. ૨૦૮૧, તા. ૨૭મી જુલાઈ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર મઘા સાંજે ક. ૧૬–૨૨ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. આદિત્ય પૂજન, મધુશ્રવા તૃતીયા, હરિયાલી ત્રીજ, આદિપૂરમ (દક્ષિણ ભારત), મુસ્લિમ ૨જો સફર માસારંભ, સામાન્ય દિવસ.

સોમવાર, શ્રાવણ સુદ–૪, તા. ૨૮મી. નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૭–૩૫ સુધી, પછી ઉત્તરાફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૩–૫૯ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. શિવપૂજન, શિવમુષ્ટિ ચોખા, વિનાયક ચતુર્થી, ભદ્રા ક. ૧૦–૫૭થી ૨૩–૨૪, મંગળ કન્યામાં રાત્રે ક. ૨૦–૦૧. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, શ્રાવણ સુદ–૫, તા. ૨૯મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૧૯–૨૭ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. મંગલાગૌરી પૂજન, નાગપંચમી, ઋક શુક્લ યજુઃ શ્રાવણી જાગ્રતગૌરી પંચમી (ઓરિસ્સા). લગ્ન, શુભ દિવસ.

બુધવાર, શ્રાવણ સુદ–૬, તા. ૩૦મી, નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૧–૫૨ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. બુધ પૂજન, ઋક હિરણ્યકેશી શ્રાવણી, સૂર્પોદ્દન વર્ણ ષષ્ઠી, કલ્કિ જયંતી, રાંધણ છઠ્ઠ (દક્ષિણ ગુજરાત) શ્રિયાલ ષષ્ઠી. વાસ્તુકળશ, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

ગુરુવાર, શ્રાવણ સુદ–૭, તા. ૩૧મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રે ક. ૨૪–૪૧ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૧૧–૧૪ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. બૃહસ્પતિપૂજન, શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસી જયંતી, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ ક. ૨૮–૫૮ (તા. ૧) વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શુક્રવાર, શ્રાવણ સુદ–૮, તા. ૧લી ઓગસ્ટ, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૯ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. જીવંતિકા પૂજન, અષ્ટમી વૃદ્ધિ તિથિ છે. દુર્ગાષ્ટમી, લોકમાન્ય તિલક પુણ્યતિથિ, વરદ્લક્ષ્મી વ્રત, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૮–૦૯. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, શ્રાવણ સુદ–૮, તા. ૨જી, નક્ષત્ર વિશાખા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૩–૫૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અશ્વત્થ મારુતિ પૂજન, નૈનાદેવી મેલા, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૩–૫૩. સૂર્ય આશ્લેષામાં ક. ૨૮–૦૯, વાહન ગધેડો (સંયોગિયું નથી.) સામાન્ય દિવસ.

# ઉદયપુરની મેડિકલ કૉલેજમાં વિદ્યાર્થિનીની આત્મહત્યા બાદ આક્રોશ, વિરોધ રેલી યોજાઇ

ઉદયપુરઃ રાજસ્થાનના ઉદયપુરમાં એક ખાનગી મેડિકલ કોલેજની વિદ્યાર્થિનીએ તેના હોસ્ટેલ રૂમમાં કથિત રીતે આત્મહત્યા કરી લેતા ભારે ખળભળાટ મચી ગયો હતો. આ જાણકારી અધિકારીઓએ શુક્રવારે આપી હતી.

આ ઘટના ગુરૂવારે રાત્રે બની હતી. જમ્મુ અને કાશ્મીરની રહેવાસી બીડીએસ અંતિમ વર્ષની વિદ્યાર્થિની શ્વેતા સિંહ તેના રૂમમાં લટકતી મળી આવી હતી. તેની રૂમમેટે કથિત રીતે તેને ફાંસી પર લટકતી જોઇ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ત્યારબાદ તેણીએ હોસ્ટેલના અધિકારીઓ અને પોલીસને જાણ કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે પોલીસને ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ મળી આવી છે. જેમાં વિદ્યાર્થિનીએ ફેકલ્ટી પર વિદ્યાર્થીઓને માનસિક રીતે હેરાન કરવાનો અને સમયસર પરીક્ષા ન લેવાનો આરોપ મૂક્યો છે. આ ઘટના પ્રકાશમાં આવતાની સાથે જ વિદ્યાર્થીઓએ કોલેજમાં વિરોધ રેલી કાઢી હતી અને બહાર રસ્તો બ્લોક કરી દીધો હતો. તેમણે શ્વેતાની નોટમાં ઉલ્લેખિત શિક્ષકો સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી.

કોલેજના ડિરેક્ટરે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે તે ફેકલ્ટી સભ્યો સામે કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું. ડિરેક્ટરે પત્રકારોને જણાવ્યું કે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને તેમના રિપોર્ટના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. કોલેજ મેનેજમેન્ટ પણ આ મામલાની તપાસ કરી રહ્યું છે અને આમાં સંડોવાયેલા કર્મચારીઓને બરતરફ કરશે. સુખેર પોલીસ સ્ટેશનના એસએચઓ રવિન્દ્ર ચરણે જણાવ્યું કે વિદ્યાર્થિનીના મૃતદેહને શબઘરમાં રાખવામાં આવ્યો છે. તેણીના પરિવારના સભ્યોના આવ્યા બાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

# દિલ્હીમાં છેલ્લા છ મહિનામાં દરરોજ કાર ચોરીના ૧૩ કેસ નોંધાયા

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીમાં વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં દરરોજ કાર ચોરીના સરેરાશ ૧૩ કેસ નોંધાયા હતા. આ માહિતી અધિકારીઓએ શનિવારે આપી હતી. જો કે દિલ્હીમાં ૨૦૨૫ના પ્રથમ છ માસમાં ગયા વર્ષના આ સમયગાળાની સરખામણીએ કાર ચોરીના કેસોમાં ઘટાડો જોવા મળ્યો હતો. પોલીસના સત્તાવાર આંકડા અનુસાર આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૧૫ જુલાઇ દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં કાર ચોરીના કુલ ૨,૪૬૮ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૨૪માં આ સમયગાળા દરમિયાન આ આંકડો ૨,૭૩૨ હતો. જે લગભગ ૧૦ ટકાનો ઘટાડો દર્શાવે છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ આ ઘટાડા માટે નાઇટ પેટ્રોલિંગમાં વધારો, વાહન ચોરીનાં સ્થળોએ સાદાં વસ્ત્રોમાં ટીમોની તૈનાતીમાં વધારો, તથા વિવિધ જિલ્લાઓમાં વાહન ચોરી વિરોધી ટુકડીઓ(એએટીએસ) દ્વારા સક્રિય ગુપ્ત માહિતી એકત્ર કરવાને જવાબદાર ગણાવ્યું હતું. સંગઠિત વાહન ચોરી કરતી ગેંગ સામે કડક કાર્યવાહી અને સીસીટીવી અને વિશ્લેષણ આધારિત પોલીસિંગ સહિતના સર્વેલન્સ પગલાંઓએ પણ આમાં ભૂમિકા ભજવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# ઉ.પ્ર.ના બાંદામાં ઝાડા-ઊલટીનો રોગચાળોઃ એક બાળકનું મોત

બાંદાઃ ઉત્તર પ્રદેશના બાંદામાં શંકાસ્પદ ઝાડા–ઊલટીનો પ્રકોપ ફાટી નીકળતાં એક ૧૦ વર્ષીય બાળકનું મોત થયું હતું. જ્યારે અન્ય ૩૫ લોકો બીમાર પડ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ શનિવારે આપી હતી. મુખ્ય તબીબી અધિકારી(સીએમઓ) ડો. બ્રિજેન્દ્ર સિંહે આ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમજ છેલ્લા૨૪ કલાકથી બિસંદા વિસ્તારમાં ઝાડાનો પ્રકોપ જારી હોવાની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે દુર્ગ નામના બાળકમાં ૨૪ જુલાઇના રોજ ખેતરમાં કામ કર્યા બાદ ઝાડાનાં લક્ષણો દેખાયા હતા અને ૨૫ જુલાઇની સવારે ખાનગી હોસ્પિટલમાં લઇ જતી વખતે તેનું મૃત્યુ થયું હતું.

તબીબી અધિકારીએ જણાવ્યું કે તેમના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે હાલમાં ૩૫થી વધુ લોકો બીમાર છે. એક ડઝનથી વધુ આરોગ્ય કર્મચારીઓને એક અઠવાડિયા સુધી ચાલનાર સારવાર કેમ્પ માટે મોકલવામાં આવ્યા છે.

પહેલા પાનાનું ચાલુ

## લાડકી બહેન

લાભાર્થીઓના નામ પર શંકા છે. એવી શંકા છે કે તેઓ પુરુષો છે અને તેમણે મહિલાઓના નામે ગેરલાભ લીધો છે. આ યોજનાનો લાભ લેનારા ૧૪,૨૯૮ પુરુષોને દર મહિને ૧૫૦૦ રૂપિયાનું માનદ વેતન હવે બંધ કરી દેવામાં આવ્યું છે. યોજનામાં થયેલા કૌભાંડને કારણે ઘણા પ્રશ્નો ઊભા થયા છે. પુરુષોએ અરજી કરીને મહિલાઓની યોજનામાંથી પૈસા કેવી રીતે મેળવ્યા તે જાણવા માટે હવે દસ્તાવેજોની ચકાસણી ચાલી રહી છે.

આ યોજનાના લાભાર્થીઓના ચાલી રહેલા ઓડિટમાં અન્ય કેટલીક બાબતો પણ સામે આવી છે. નિયમો મુજબ, ૬૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાને આ યોજનાનો લાભ મળતો નથી. તેમ છતાં, ૨,૮૭,૮૦૩ વૃદ્ધ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો છે. આ મહિલાઓને અત્યાર સુધીમાં રૂ. ૪૩૧.૭૦ કરોડ મળ્યા છે. આવી જ રીતે એક જ પરિવારની બેથી વધુ મહિલાઓને આ યોજનાનો લાભ મળતો નથી. આમ છતાં, ૭,૯૭,૭૫૧ લાભાર્થી એવા છે જેમાં એક પરિવારની બેથી વધુ મહિલાઓએ આ યોજનાનો લાભ મળ્યો છે. તેમની પાછળ રાજ્ય સરકારની તિજોરી પર ૧,૧૯૬ કરોડનો બોજ પડ્યો છે.

૬૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવશે. આના કારણે, સરકાર વાર્ષિક ૫૧૮ કરોડ રૂપિયા બચાવશે. બીજી તરફ, જે પરિવારોમાં બેથી વધુ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો છે તેમને યોજનામાંથી દૂર કરવાનો હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે મહિલા–કેન્દ્રિત યોજનાના પ્રભારી અધિકારીઓ હવે અનુત્તરિત પ્રશ્નોના ઘેરામાં છે. પુરુષો પાત્રતા ચકાસણીને કેવી રીતે બાયપાસ કરી શક્યા, તેમની અરજીઓને કોણે મંજૂરી આપી અને કઈ પ્રણાલીગત ભૂલોને કારણે ભંડોળનું ખોટું વિતરણ થયું આવા અનેક સવાલ ઊભા થયા છે.

રાજ્ય સરકાર દેખરેખ માટે જવાબદાર લોકો સામે શિસ્તભંગનાં પગલાં લેશે અને દુરુપયોગ કરાયેલ ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા માટે પગલાં લેશે તેવી અપેક્ષા છે.

## ૧૭ સાંસદને

પ્રેમચંદ્રન (રિવોલ્યુશનરી સોશ્યાલિસ્ટ પાર્ટી-કેરળ), સુપ્રિયા સૂળે (એનસીપી–એસપી–મહારાષ્ટ્ર) અને શ્રીરંગ અપ્પા બાર્ને (શિવસેના–મહારાષ્ટ્ર)ની પસંદગી કરવામાં આવી છે. આ તમામે ૧૬મી લોકસભાથી અત્યાર સુધી સુંદર કામગીરી બજાવી છે.

એવૉર્ડ મેળનારાં અન્ય સાંસદોમાં સ્મિતા ઉદય વાઘ (ભાજપ), નરેશ મ્હસ્કે (શિવસેના), વર્ષા ગાયકવાડ (કૉંગ્રેસ), મેધા કુલકર્ણી (ભાજપ), પ્રવિણ પટેલ (ભાજપ), બિદ્યુત બારન મહાતો (ભાજપ) અને દીલિપ સાઈકિયા (ભાજપ)નો સમાવેશ થાય છે.

કમિટી કેટેગરીમાં અહેવાલની ગુણવત્તા અને આપેલા યોગદાન બદલ ભર્તૃહરિ માહતાબના અધ્યક્ષપદ હેઠળની સ્ટેન્ડિંગ કમિટી ઑન ફાયનાન્સ અને કોંગ્રેસના ચરણજિત સિંહ ચાન્નીના અધ્યક્ષપદ હેઠળની સ્ટેન્ડિંગ કમિટી ઑન એગ્રીકલ્ચરની પસંદગી કરવામાં આવી છે. (એજન્સી)

## દરેક શાળાની

હતું કે રાષ્ટ્રીય સુરક્ષા નિયમ મુજબ આ પગલામાં વિદ્યાર્થી સંબંધિત સુવિધાઓ અને શાળાની સલામતીનું ફરજિયાત ઑડિટ કરવાનો તેમ જ સલાહ અને માર્ગદર્શનના માધ્યમ થકી વિદ્યાર્થીઓને માનસિક ટેકો આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

તાકીદની સ્થિતિને પહોંચી વળવા સમયાંતરે વિદ્યાર્થીઓ માટે તાલીમ સત્ર અને મૉક ડ્રીલનું આયોજન કરવાની પણ શાળાઓને સલાહ આપવામાં આવી છે. (એજન્સી)

## આતંકવાદને

અભિગમને પ્રતિબિંબિત કરે છે.

''ઓપરેશન સિંદૂર પાકિસ્તાનને સંદેશ હતો, તેમ જ પહલગામ આતંકવાદી હુમલાનો જવાબ હતો, જે સમગ્ર રાષ્ટ્ર માટે એક ઊંડો ઘા હતો. આ વખતે ભારતે માત્ર શોક જ નહીં પરંતુ દર્શાવ્યું કે જવાબ નિર્ણાયક હશે,'' એમ તેમણે કહ્યું.

તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે ભારતે ઉશ્કેરણી પર ઝડપી, સીધી લશ્કરી પ્રતિક્રિયાઓ દ્વારા ''નવી સામાન્યતા'' સ્થાપિત કરી છે. ''દેશવાસીઓ દ્વારા બતાવેલ વિશ્વાસ અને સરકાર દ્વારા આપવામાં આવેલી મુક્તિને કારણે, ભારતીય સેનાએ યોગ્ય સર્જિકલ પ્રતિક્રિયા આપી હતી. કોઈપણ શક્તિ જે ભારતની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને પડકારવાનો અથવા લોકોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે તેને યોગ્ય જવાબ આપવામાં આવશે. આ ભારતની નવી સામાન્ય નીતિ છે,'' એમ તેમણે કહ્યું.

જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ ઓપરેશનમાં સરહદ પાર નવ ઉચ્ચ–મૂલ્ય ધરાવતા આતંકવાદી સ્થળોનો નાશ કરીને તેનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થયો છે, જેમાં કોઈ પણ 'નિર્દોષ' વ્યક્તિને નુકસાન થયું નથી.

''ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનમાં આતંકવાદી માળખાને અસરકારક રીતે નિશાન બનાવીને ભારતે નિર્ણાયક વિજય મેળવ્યો. સેનાએ આતંકવાદી માળખાને નિશાન બનાવ્યું અને નિર્ણાયક વિજય મેળવવા માટે પાકિસ્તાનના અન્ય આક્રમક પગલાંને નિષ્ફળ બનાવ્યા,'' એમ તેમણે કહ્યું.

તેમણે ઉમેર્યું કે જ્યારે ભારત શાંતિ ઇચ્છતું હતું, ત્યારે પાકિસ્તાને આક્રમકતાથી જવાબ આપ્યો.

''૮ અને ૯ મેના રોજ પાકિસ્તાની કાર્યવાહીનો અસરકારક રીતે જવાબ આપવામાં આવ્યો. આપણી સેનાની હવાઈ સંરક્ષણ સિસ્ટમ એક અભેદ્ય દિવાલ જેવી હતી જેને કોઈપણ મિસાઇલ કે ડ્રોન તોડી શકતી ન હતી,'' એમ તેમણે કહ્યું.

## લશ્કરમાં 'રુદ્ર'

માનવરહિત હવાઈ પ્રણાલી જેવા લડાયક ઘટકો હશે, જે અનુરૂપ લોજિસ્ટિક્સ અને લડાઇ સહાય દ્વારા સમર્થિત હશે,'' એમ તેમણે કારગિલના દ્રાસ ખાતે ૨૬મા કારગિલ વિજય દિવસ ઉજવણીને સંબોધતા જણાવ્યું હતું.

તેવી જ રીતે, સરહદ પર દુશ્મનને આંચકો આપવા માટે ચપળ અને ઘાતક વિશેષ દળોના એકમો, 'ભૈરવ' લાઇટ કમાન્ડો બટાલિયનની સ્થાપના કરવામાં આવી છે. દરેક પાયદળ બટાલિયનમાં હવે ડ્રોન પ્લાટૂનનો સમાવેશ થાય છે, જ્યારે તોપખાનાએ 'દિવ્યસ્ત્ર બેટરી' અને લોઇટર મ્યુનિશન બેટરી દ્વારા તેની ફાયરપાવર અનેકગણી વધારી છે. આર્મી એર ડિફેન્સને સ્વદેશી મિસાઇલ સિસ્ટમથી સજ્જ કરવામાં આવી રહી છે. આનાથી આપણા દળની શક્તિ અનેકગણી વધશે, એવી માહિતી જનરલ દ્વિવેદીએ આપી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે બે પાયદળ બ્રિગેડને પહેલાથી જ રુદ્ર બ્રિગેડમાં રૂપાંતરિત કરવામાં આવી છે.

અત્યાર સુધી, સેના પાસે ફક્ત સ્પેશિયલ હેન્ડ બ્રિગેડ હતી, પરંતુ રુદ્ર પાસે શસ્ત્રોનું મિશ્રણ હશે.

તેમણે એ પણ જણાવ્યું કે ભૈરવ લાઇટ કમાન્ડો યુનિટની રચના એક સમર્પિત સ્ટ્રાઇક યુનિટ તરીકે કરવામાં આવી છે જે ટૂંકી સૂચના પર કાર્યવાહી કરવા માટે તૈયાર છે.

''દરેક ઇન્ફન્ટ્રી બટાલિયન પાસે હવે ડ્રોન પ્લાટૂન છે. આર્ટિલરીમાં, શક્તિબન રેજિમેન્ટની સ્થાપના કરવામાં આવી છે, જે ડ્રોન, કાઉન્ટર–ડ્રોન અને લોઇટર મ્યુનિશનથી સજ્જ હશે. દરેક રેજિમેન્ટમાં આ વસ્તુઓથી સજ્જ સંયુક્ત બેટરી હશે,'' એમ તેમણે કહ્યું.

## ગજપતિ રાજુએ

કાર્યકાળ છે, પરંતુ મેં આ રાજકીય વ્યવસ્થામાં લાંબો અનુભવ મેળવ્યો છે. આંધ્ર પ્રદેશ બે રાજ્યોમાં વિભાજીત થયું તે પહેલા હું સાત વખત ધારાસભ્ય રહી ચૂક્યો છું.

રાજુએ પોતાની રાજકીય કારકિર્દીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સંસદમાં તેમનો કાર્યકાળ ખૂબ જ ટૂંકો રહ્યો હતો. રાજ્યપાલે કહ્યું કે હું સરકારમાં પ્રધાન તરીકે અંદર–બહાર થતો રહ્યો છું અને વિપક્ષમાં પણ બેઠો છું. મારી પાસે બહોળો અનુભવ છે.

## અગ્નિવીરોને

શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું જેમણે માતૃભૂમિની એકતા અને અખંડિતતા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું અને દેશનું રક્ષણ કર્યું અને તેની અખંડિતતા સુનિશ્ચિત કરી.''

કારગિલ વિજય દિવસ કાર્યક્રમમાં યોગીએ કહ્યું કે કારગિલ યુદ્ધ પાકિસ્તાન દ્વારા લાદવામાં આવ્યું હતું અને સૈનિકોએ દુશ્મનને યોગ્ય જવાબ આપ્યો. પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવી પડી. કારગિલ એક પડકારજનક સ્થળ છે. જ્યાં દિવસ દરમિયાન પણ તાપમાન માઈનસ ૫૦ ડિગ્રી રહે છે, પરંતુ પાકિસ્તાનના કાયર સૈનિકો ભારતીય સેનાની શક્તિ સામે ટકી શક્યા નહીં.

તત્કાલીન પાકિસ્તાની રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફ અમેરિકા ગયા અને અમેરિકાએ દબાણ લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વાજપેયીજીએ કહ્યું કે ભલે તે અમેરિકા હોય કે કોઈ પણ વિશ્વ શક્તિ સામે ભારત ઝૂકશે નહીં.

યોગીએ કહ્યું કે ભારત એક નવી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, પાકિસ્તાન યાત્રાળુઓને નિશાન બનાવે છે. ઓપરેશન સિંદૂરમાં આપણી સેનાએ ૨૨ મિનિટમાં આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો.

એમણે કહ્યું કે જેઓ મજબૂત ભારત ઇચ્છતા નથી, તેઓ ભારતને એકબીજામાં વિભાજિત કરીને દુશ્મનને મજબૂત બનાવે છે. તેમની સહાનુભૂતિ ભારત માટે નથી, તેમની સહાનુભૂતિ ભારતના દુશ્મનો અને ભારતમાં રહેતા ઘૂસણખોરો માટે છે . આ વિભાજન આપણને નબળું પાડે છે, આપણે તેનાથી દૂર રહેવું પડશે, આપણે તેનાથી આગળ વધવું પડશે.

## યુએઈના

દુબઈમાં રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે થશે. જો આ બે દેશ સુપર-ફોર રાઉન્ડમાં પહોંચશે તો એમની વચ્ચે ફરી રવિવાર, ૨૧મી સપ્ટેમ્બરે દુબઈમાં જ ટક્કર થશે. જો બન્ને ટીમ રવિવાર, ૨૮મીની ફાઇનલમાં પહોંચશે તો એમની વચ્ચેનો એ ત્રીજો મુકાબલો કહેવાશે.

પુરુષોના ટી-૨૦ ફૉર્મેટવાળા એશિયા કપનું મુખ્ય યજમાન ભારત છે. જોકે ૨૦૨૭ની સાલ સુધી એકબીજા સામે માત્ર તટસ્થ સ્થળે જ મૅચ રમવા વિશે ભારત અને પાકિસ્તાન સંમત થયા હોવાથી એશિયા કપ યુએઇમાં યોજવાનું નક્કી કરાયું છે જેની જાહેરાત ૨૪મી જુલાઈએ કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ બ્રૉડકાસ્ટર્સ સાથે એસીસીની એવી સમજૂતી થઈ છે જેમાં ભારત–પાકિસ્તાનને આ સ્પર્ધામાં એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે.

ભારતવાળા ગ્રૂપ 'એ'માં પાકિસ્તાન ઉપરાંત યજમાન યુએઇ અને ઓમાનનો પણ સમાવેશ છે. ગ્રૂપ 'બી'માં શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને હૉન્ગકૉન્ગ સામેલ છે. કુલ ૧૯ મૅચની આ સ્પર્ધા દરેક દેશને પોતાની સ્ક્વૉડમાં કુલ ૧૭ ખેલાડી રાખવાની છૂટ મળશે અને સ્પર્ધાની મૅચો દુબઈ ઉપરાંત અબુ ધાબીમાં પણ રમાશે.

હવે પછીનો ટી-૨૦ વર્લ્ડ કપ ભારત–શ્રીલંકામાં સંયુક્ત રીતે યોજાશે અને એ બાબતને ધ્યાનમાં રાખીને એશિયા કપ માટે ટી-૨૦ ફૉર્મેટ નક્કી કરવામાં આવ્યું છે.

## ઈઝરાયલના

નજીક સહાય ટ્રકની રાહ જોઈ રહ્યા હતા.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે શસ્ત્રવિરામની વાટાઘાટ સ્થગિત થઈ ગયા બાદ ઈઝરાયલ અને અમેરિકાએ તેમની વાટાઘાટ ટીમને પાછી બોલાવી લેતાં ભાવિ વધુ અચોક્કસ બન્યાને પગલે ઈઝરાયલ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો.

ઈઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નેતાન્યાહુએ શુક્રવારે કહ્યું હતું કે હમાસ સાથે શસ્ત્રવિરામની વાટાઘાટ માટે અમારી સરકાર અન્ય વિકલ્પ અંગે વિચારણા કરી રહી છે. (એજન્સી)

# પ્રત્યક્ષ સુનાવણી ફરી શરૂ કરવા મહારેરાને હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ પ્રક્રિયાગત નિષ્પક્ષતામાં પક્ષકારોને સુનાવણીની રીત પસંદ કરવાના અધિકારનો સમાવેશ થતો હોવાનું નિરીક્ષણ હાઈ કોર્ટે કર્યું છે. એ અનુસાર મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (મહારેરા)ને ચાર સપ્તાહની અંદર પ્રત્યક્ષ સુનાવણી (વ્યક્તિની હાજરીમાં) ફરી શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. કોરોના કાળમાં રૂબરૂ સુનાવણીનો વિકલ્પ બંધ કરવામાં આવ્યો હતો. જોકે, કોવિડ -૧૯ ખતરો ટળી ગયા પછી અને બધું સામાન્ય થઈ ગયા પછી પણ, મહારેરા ફક્ત વર્ચ્યુઅલ સુનાવણીની મંજૂરી આપી રહી છે અને પક્ષકારોને રૂબરૂ સુનાવણીનો ઇનકાર કરી રહી છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે મહારેરાના નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી આ આદેશ આપ્યો હતો. ન્યાય મેળવવાની પ્રક્રિયા દરમિયાન સુનાવણીમાં રૂબરૂ અથવા વર્ચ્યુઅલ રીતે ભાગ લેવાનો વિકલ્પ શામેલ છે. એટલે ટ્રિબ્યુનલ્સ હંમેશાં પક્ષકારોને તમામ સ્વરૂપોમાં હાજરી આપવાની સુવિધા આપવી જોઈએ એમ અદાલતે મહારેરાને પક્ષકારોને રૂબરૂ સુનાવણીનો વિકલ્પ ફરીથી ઉપલબ્ધ કરવાનો નિર્દેશ આપતા જણાવ્યું હતું. ■

# હવે મુંબઈમાં વરસાદની 'ઓનટાઈમ' આગાહી

## આઈઆઈટી બોમ્બે અને આઈએમડીની નવી સુવિધા

મુંબઈઃ આઈઆઈટી બોમ્બે અને આઇએમડી દ્વારા મુંબઇ માટે હાઇપર લોકલ રેઇન એલર્ટ (વરસાદના અનુમાન અંગે ચેતવણી) શરૂ કરવામાં આવી છે, જે દર ૧૫ મિનિટે mumbaiflood.in પોર્ટલ દ્વારા વરસાદ અને પાણી ભરાઈ જવા અંગે નિયમિત માહિતી પૂરી પાડે છે.

સાવચેતીના પગલાં લેવા અને દૈનિક મુસાફરી સરળ બનાવવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી બોમ્બે (આઇઆઇટી-બી) અને ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ પાણી ભરાવાની સંભાવના અંગે વિગતો સહિત હાયપર લોકલ વરસાદની ચેતવણી આપવા માટે સહયોગ આપ્યો છે. આ વિગતો mumbaiflood.in પર નાગરિકો માટે ઉપલબ્ધ હશે. આ પોર્ટલ શુક્રવારે શરૂ કરવામાં આવ્યું હતું. .

આઇઆઇટી-બોમ્બેનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત હવામાન મોડલ કોલાબાના પ્રાદેશિક હવામાન કેન્દ્રમાં બેસાડવામાં આવ્યું છે. આ મોડલ હવામાનની માહિતી મેળવવા કોલાબા અને ગોરેગાંવ પૂર્વમાં વેરાવલી સ્થિત બે ડોપ્લર રડાર સાથે જોડાયેલું છે. આઇઆઇટી બોમ્બેના સેન્ટર ફોર ક્લાઇમેટ સ્ટડીઝના કન્વીનર પ્રોફેસર સુબિમલ ઘોષે જણાવ્યું હતું કે 'આ મોડેલ ડેટાના આધારે દર ૧૫ મિનિટે ચેતવણી મોકલશે અને દર આઠ મિનિટે માહિતીમાં સુધારો વધારો કરવામાં આવશે.' ■

# થાણે મહાનગરપાલિકાએ ૧૧૭ ગેરકાયદે બાંધકામ તોડી નાખ્યા

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)એ છેલ્લા એક મહિનામાં ૧૫૧માંથી ૧૧૭ ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યા છે અને અન્ય ૩૪ બાંધકામ દૂર કર્યા છે.

આ સંદર્ભમાં થાણે મહાનગરપાલિકાએ લેખિત જાણકારીમાં જણાવ્યું હતું કે હાઈ કોર્ટે આપેલા નિર્દેશો મુજબ, અતિક્રમણ વિરોધી ટીમ દ્વારા ૧૯ જૂનથી અત્યાર સુધીમાં ૧૫૧ અનધિકૃત બાંધકામ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આમાં શીળ વિસ્તારમાં એમકે કમ્પાઉન્ડની ૨૧ ઇમારતના તોડકામનો પણ સમાવેશ છે.

ડેપ્યુટી કમિશનર (અતિક્રમણ વિભાગ) શંકર પટોલેએ જણાવ્યું હતું કે ટીએમસીએ અત્યાર સુધીમાં ૧૧૭ અનધિકૃત બાંધકામ તોડી પાડ્યા છે અને ૩૪ અન્ય બાંધકામોમાં કરવામાં આવેલા વિસ્તાર હટાવી દેવામાં આવ્યા છે. જમીનદોસ્ત થયેલાં બાંધકામોમાં ચાલીઓ, વિસ્તૃત શેડ અને બાંધકામો, પ્લિન્થ અને ટર્ફનો સમાવેશ થાય છે. (પીટીઆઈ) ■



**આવી સુવિધા?...:** રેલવે દ્વારા પ્રવાસીઓની સુરક્ષા માટે અનેક પગલાં લેવામાં આવતા હોવાનો દાવો વારંવાર કરવામાં આવે છે, પરંતુ હાર્બર લાઈનમાં લોકલના ફર્સ્ટ કલાસ કોચના આ દરવાજાની હાલત જોઈને બધુ સમજમાં આવી જાય છે. (અમય ખરાડે)

# નાગપુર એરપોર્ટ પર પિસ્તોલ અને બે કારતૂસ સાથે પ્રવાસી પકડાયો

નાગપુરઃ નાગપુરના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શુક્રવારે પ્રવાસીના સામાનમાંથી દેશી બનાવટની પિસ્તોલ અને કારતૂસો મળી આવી હતી.

પ્રવાસીની ઓળખ અનિલ શ્રીકૃષ્ણ પોરમ તરીકે થઇ હોઇ તે રાજકીય પક્ષના આદિવાસી સેલનો અધ્યક્ષ છે અને યવતમાળનો રહેવાસી છે.

અનિલ પોરાદ દિલ્હી જવા માટે શુક્રવારે રાતે નવ વાગ્યે ડો. બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યો હતો.

એરપોર્ટ પર પોરમના સામાનની સ્કેનિંગ વખતે સીઆઇએસએફના જવાનોને શંકાસ્પદ વસ્તુ નજરે પડી હતી. આથી બેગની તલાશી લેવામાં આવતાં તેમાંથી પિસ્તોલ અને બે કારતૂસ મળી આવી હતી.

દરમિયાન એરપોર્ટના સત્તાવાળાઓએ તાત્કાલિક આની જાણ સોનેગાવ પોલીસને કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. પૂછપરછમાં પોરમ આ શસ્ત્રો અંગે યોગ્ય ઉત્તર આપી શક્યો નહોતો. આથી તેને તાબામાં લઇને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો, જ્યાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

એરપોર્ટ પર કડક સુરક્ષા હોવા છતાં પોરમ શસ્ત્રો અંદર લાવવામાં કેવી રીતે સફળ થયો તથા તેના હેતુ અંગે પોલીસ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)■

# ૧.૨૩ કરોડનો ગુટકા પકડાયોઃ બે ટ્રક ડ્રાઇવરની ધરપકડ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર બે ટ્રકમાંથી ૧.૨૩ કરોડ રૂપિયાનો ગુટકા પકડી પાડ્યો હતો અને બે ડ્રાઇવરની ધરપકડ કરી હતી. તલાસરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિબંધિત ગુટકાનો જથ્થો બે ટ્રકમાં છુપાવવામાં આવ્યો હતો અને રાજ્યના કાયદા અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને તેનું પરિવહન કરવામાં આવી રહ્યું હતું. બંને ટ્રકમાંથી ૧.૨૩ કરોડનો ગુટકા જપ્ત કરાયો હતો. તલાસરીના વિકાસપાડા ખાતે શુક્રવારે પેટ્રોલિંગ દરમિયાન પોલીસ દ્વારા આ કાર્યવાહી કરાઇ હતી. બંને ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ રેગ્યુલેશન્સ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# લેબર યુનિયનના પદાધિકારીના સ્વાંગમાં પૈસા વસૂલવાનો પ્રયાસ કરનારો પકડાયો

થાણેઃ થાણેમાં લેબર યુનિયનના પદાધિકારીના સ્વાંગમાં વેપારી પાસેથી પાંચ લાખ વસૂલવાનો પ્રયાસ કરનારા શખસની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી ઘનશ્યામ નાઇકે (૫૨) દાવો કર્યો હતો કે તે સ્થાનિક માથાડી કામગારના યુનિયનો ભાગ છે. આરોપીએ પૈસા માગવા માટે વેપારીના કાર્યસ્થળની મુલાકાત લીધી હતી, એમ થાણે ક્રાઇમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાના સિનિયર ઇન્સ્પેક્ટર શૈલેશ સાળવીએ જણાવ્યું હતું.

આરોપીએ કાર્યસ્થળ પર પ્રવેશતા પ્રત્યેક વાહનદીઢ ત્રણ હજાર રૂપિયા માગ્યા હતા અને બાદમાં તે પાંચ લાખ રૂપિયા લેવા તૈયાર થયો હતો. પોલીસે બોગસ ગ્રાહક તૈયાર કરીને તેને નાઇક પાસે મોકલ્યો હતો અને બાદમાં તેને પકડવા માટે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન નાઇક ૨૨ જુલાઇએ રૂપિયા લેવા આવ્યો ત્યારે પોલીસે તેને પકડી પાડ્યો હતો. તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# અંબરનાથમાં 30 વર્ષ જૂના લૂંટના કેસમાં મળી ન આવેલા નવ આરોપીને અદાલતે મુક્ત કર્યા

થાણેઃ અંબરનાથની સ્કૂલમાં લૂંટ ચલાવવાના આરોપસર નવ આરોપી વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરાયાના ત્રણ દાયકા બાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટે તમામને મુક્ત કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે આરોપીઓનો હજી સુધી પત્તો લાગ્યો નથી અને રેકોર્ડ પરના પુરાવા તેમના ગુનાને સાબિત કરવા માટે અપૂરતા છે. કલ્યાણના ડિસ્ટ્રિક્ટ અને એડિશનલ સેશન્સ જજ પી.આર. અષ્ટુરકરે ૨૩ જુલાઇના રોજ આ આદેશ આપ્યો હતો.

તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું કે અંબરનાથ ખાતેની કાર્મેલ ઇંગ્લિશ સ્કૂલમાં ૨૧ જૂન, ૧૯૯૫ની વહેલીસવારે માસ્ક પહેરેલા ત્રણથી ચાર શખસ ત્યાંના વોચમેન પર હુમલો કરીને તથા તેને બાંધીને ઘૂસી આવ્યા હતા. તેમણે સ્કૂલની સિસ્ટર્સને ધમકાવીને ચાવી તેમ જ પૈસાની માગણી કરી હતી. બાદમાં તેઓ ૧૩,૦૦૦ રૂપિયા લઇને ફરાર થયા હતા. સવારે સ્કૂલનો ડ્રાઇવર આવ્યો ત્યારે તેને વોચમેન ઘાયલ અવસ્થામાં મળ્યો હતો, જ્યારે સિસ્ટર્સને રૂમમાં પૂરી દેવાઇ હતી.

આ પ્રકરણે જલંદરસિંહ ભારતસિંહ દુધાની, કબજાસિંહ ગુરુચરણસિંહ દુધાની, સંજુસિંહ ભગતસિંહ સિકલકર, ગબ્બરસિંહ તાક, અંગારસિંહ તાક, ગાગાસિંહ તાક, તક્કુસિંહ અજિતસિંહ કલ્યાણી, પિસ્તુલસિંહ ઇશ્વરસિંહ કલ્યાણી અને જંજીરસિંહ તાક વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે મેં રેકોર્ડ તપાસ્યો છે. આખો રેકોર્ડ ફાટેલી હાલતમાં છે. આ કોર્ટમાં કેસ આવ્યા બાદ આરોપીઓ ગેરહાજર રહ્યા અને સ્ટેન્ડિંગ એનબીડબ્લ્યુ (નોન-બેલેબલ વોરન્ટ) જારી કરવા છતાં તેમને શોધી શકાયા નથી.

આરોપીઓ ગુમ છે...તેમનાં ઠેકાણાં અંગે કોઇને ખબર નથી. નજીકના ભવિષ્યમાં તેઓ મળી શકે તેવી કોઇ શક્યતા નથી. આરોપીઓની હાજરીની અપેક્ષા રાખીને મામલો લંબાવી રાખવાની કોઇ હેતુ પૂરો થશે નહીં. તે કોઇ પરિણામ વિનાની નિરર્થક કવાયત હશે. આથી આરોપીઓ મુક્ત થવા માટે હકદાર છે, એમ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઇ) ■

# મૉડેલ સાથે ૨૩ લાખની છેતરપિંડીઃ ફિલ્મ નિર્માતા વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈઃ મૉડેલ સાથે ૨૩ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર હિન્દી ફિલ્મ સો લોંગ વેલીના નિર્માતા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

એક વાયરલ વીડિયોમાં એવું જોવા મળે છે કે શુક્રવારે રાતે ફિલ્મના પ્રીમિયર વખતે રુચિ ગુજ્જરે ફિલ્મ નિર્માતા કરણ સિંહને તમાચો મારી દીધો હતો.

ઓશિવરા પોલીસ સ્ટેશનના અધિકારીએ સમર્થન આપ્યું હતું કે ગુરુવારે રુચિ ગુજ્જરે નોંધાવેલી ફરિયાદને આધારે કરણ સિંહ વિરુદ્ધ છેતરપિંડી માટે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મૉડેલે આક્ષેપ કર્યો હતો કે કરણ સિંહે ટેલિવિઝન ચેનલ પર ફિલ્મ પ્રોજેક્ટ લોન્ચ કરવાનું કહીને પૈસા લીધા હતા અને નફો તથા ઑન-સ્ક્રીન ક્રેડિટમાં હિસ્સો આપવાનું વચન આપ્યું હતું.

જોકે આ પ્રોજેક્ટ ક્યારેય સાકાર થયો નહોતો અને કરણે પૈસા પણ પાછા આપ્યા નહોતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન રુચિ ગુજ્જરના વકીલે જણાવ્યું હતું કે મારી અસીલ પર હુમલો કરવા બદલ અંબોલી પોલીસ સ્ટેશનમાં કરણ સિંહ વિરુદ્ધ અલગથી એફઆઇઆર દાખલ કરવામાં આવશે.

સો લોંગ વેલી ફિલ્મ હિન્દી ભાષી ક્રાઇમ થ્રિલર ફિલ્મ છે, જેમાં ચિત્રા ચૌધરી અને વિક્રમ કોચર છે. (પીટીઆઇ) ■

# ઑનલાઇન જુગારમાં રૂપિયા હાર્યા બાદ ચેન ચોરીને રવાડે ચડેલા યુવકો પકડાયા

મુંબઈઃ ઑનલાઇન જુગારમાં રૂપિયા હાર્યા બાદ ચેનચોરીને રવાડે ચડેલા બે યુવકને માટુંગા પોલીસે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. આરોપીઓની ઓળખ મોહિત અશોક સંગિશેટ્ટી (૨૨) અને રોહિત ઓમસિંહ ગૌંડ (૧૯) તરીકે થઇ હોઇ તેમની પાસેથી સોનાની લગડી તેમ જ બાઇક જપ્ત કરવામાં આવી હતી.

માટુંગા પોલીસ સ્ટેશનની હદમાં ૧૯ જુલાઇ, ૨૦૨૫ની રાતે ૭૪ વર્ષનાં વિજયા હરિયા દેરાસરમાં દર્શન કરીને ઘરે જવા નીકળ્યાં હતાં. તેઓ પગપાળા જઇ રહ્યાં હતાં ત્યારે તેમની સોનાની ચેઇન આંચકી બે અજાણ્યા યુવક બાઇક પર ફરાર થયા હતા.

આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઇ હતી. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ગુનામાં સંડોવાયેલા બે આરોપીને પકડી પાડ્યા હતા. બંને આરોપી કુર્લા વિસ્તારના રહેવાસી હોઇ તેઓ ઑનલાઇન જુગારમાં રૂપિયા હાર્યા બાદ ચેનચોરીને રવાડે ચડ્યા હતા. ■

# નવી મુંબઈ એરપોર્ટ પર ૨૮૫ પોલીસ અધિકારીની ભરતીને મંજૂરી

નવી મુંબઈઃ નવી મુંબઈના બહુચર્ચિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે હવે ૨૮૫ પોલીસ પદ ભરવા માટે ગૃહ વિભાગે મંજૂરી આપી છે. આ પદ એરપોર્ટ પરના ચેકપોસ્ટ માટે હશે. આ માટે ૧૦,૧૦,૮૮,૦૦૦ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા છે.

સરકારે નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો પ્રથમ તબક્કો સપ્ટેમ્બરથી શરૂ કરવાની યોજના બનાવી છે. નવી મુંબઈ એરપોર્ટ પનવેલ અને ઉલવે પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. આ એરપોર્ટ માટે સિડકો વહીવટીતંત્રે ઉલવે, ગણેશપુરી, તારઘર, કોમ્બડભુજે, વાઘીવલી ગામ, વાઘીવલી પાડા, કોપર, કોલ્હી, ચિંચપાડા ગામોમાંથી જમીન સંપાદિત કરી છે. આ એરપોર્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી દર વર્ષે નવ કરોડ મુસાફરો પ્રવાસ કરી શકે તેની યોજના છે. તેથી એરપોર્ટ પર સુરક્ષા મહત્વપૂર્ણ છે. ગૃહ વિભાગ એરપોર્ટ પર ઇમિગ્રેશન ચેક પોસ્ટ માટે ૨૮૫ નવી જગ્યાઓ ભરવાનું વિચારી રહ્યું હતું. આખરે આ દરખાસ્તને તાજેતરમાં રાજ્ય સરકારની મંજૂરી મળી ગઈ છે. તેથી હવે ૨૮૫ પદો માટેનો માર્ગ મોકળો થયો છે.

એરપોર્ટનો શિલાન્યાસ સમારોહ ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યોજાયો હતો. એરપોર્ટમાં ચાર પેસેન્જર ટર્મિનલ, બે રનવે, એક કાર્ગો ટ્રક ટર્મિનલ અને મહત્વપૂર્ણ સંરક્ષણ અને નાગરિક ઉડ્ડયન સંબંધિત સુવિધાઓ હશે. ■

**મુંબઈવાસીઓ માટે સારા સમાચાર**

# લાંબા સમયથી અટકેલા ૧૨ રેલ પ્રોજેક્ટ્સ પાટે ચઢશે

મુંબઈઃ મુંબઈમાં રખડી પડેલા અનેક રેલ પ્રોજેક્ટોને કારણે દૈનિક મુસાફરોને રોજ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ત્યારે મુસાફરોની રોજની હાડમારી ઓછી કરવા ભારતીય રેલવે (આઈઆર)એ મુંબઈ ઉપનગરીય નેટવર્કમાં માળખાગત સુવિધાઓ વધારવા માટે ૧૬,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. એકવાર પૂર્ણ થયા પછી, આ રેલ પ્રોજેક્ટ્સ આ પ્રદેશમાં કનેક્ટિવિટી અને ટ્રેન સેવાઓના સુચારુ સંચાલનમાં વધારો કરશે.

લોકસભામાં એક લેખિત જવાબમાં, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે મહારાષ્ટ્રની રાજધાનીમાં ઉપનગરીય રેલવે સેવાઓ માટે ૧૬,૨૪૧ કરોડ રૂપિયાના ૧૨ માળખાકીય પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. કોંગ્રેસના સાંસદ શશીકાંત સેન્થિલ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ જવાબ આપવામાં આવ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉપનગરીય સેવાઓ વધારવા માટે માળખાગત વિકાસ એ પાયાનો પથ્થર છે. ભારતીય રેલવે આધુનિકરણ મુસાફરોના અનુભવમાં સુધારો અને પ્રાદેશિક જોડાણ વધારવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં ખાસ કરીને મુંબઈ ઉપનગરીય રેલવે નેટવર્ક પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ નવા પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય હાલની લાઈનો પર ભીડ ઓછી કરવાનો, ફ્રીક્વન્સી સુધારવાનો અને મુંબઈના ઉપનગરીય મુસાફરોની વધતી જતી માંગને પૂર્ણ કરવાનો પણ છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય પરિવહન કંપની ૨૩૮ નવા એર-કન્ડિશન્ડ ઉપનગરીય રેક આપવા માટે તૈયાર છે. ■

# યુપીમાં વૃદ્ધને ડિજિટલ અરેસ્ટનો ડર બતાવી ૯૫ લાખ પડાવનારા બે ભાઈની મીરા રોડથી ધરપકડ


થાણેઃ ઉત્તર પ્રદેશની રાજધાની લખનઊમાં ૭૪ વર્ષના વૃદ્ધને ડિજિટલ અરેસ્ટનો ડર બતાવીને તેની પાસેથી ૯૫ લાખ પડાવનારા બે ભાઇને મીરા રોડથી પકડી પાડવામાં આવ્યા હતા.

આરોપીઓની ઓળખ મોહંમદ ઇકબાલ બાલાસાહેબ (૪૭) અને શાઇન ઇકબાલ બાલાસાહેબ (૪૧) તરીકે થઇ હતી. તેમને બાદમાં વધુ તપાસ માટે લખનઊ ક્રાઇમ બ્રાન્ચને હવાલે કરાયા હતા. બંને સામે ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ગુનો દાખલ કરાયો હતો, એમ મીરા-ભાયંદર વસઇ-વિરારના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) મદન બલ્લાળે જણાવ્યું હતું.

બંને ભાઇએ ૭૪ વર્ષના વૃદ્ધનો સંપર્ક સાધ્યો હતો અને બાદમાં તેને ડિજિટલ અરેસ્ટમાં રાખી ૯૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં ગુનો દાખલ કરાયો હતો અને લખનઊ પોલીસ બંને ભાઇની શોધ ચલાવી રહી હતી.

દરમિયાન ફરાર આરોપીઓ મીરા રોડમાં આવીને છુપાયા હોવાની માહિતી મળતાં પીઆઇ સુનીલ સિંહની આગેવાની હેઠળ લખનઊ સાયબર ક્રાઇમ પોલીસના અધિકારીઓ સાથે ૨૪ જુલાઇના રોજ જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા.

બંને ભાઇ વિરુદ્ધ લખનઊમાં ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો છે, એમ બલ્લાળે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■




# મહારાષ્ટ્રમાં સર્પમિત્રોને સત્તાવાર ઓળખપત્ર અને ૧૦ લાખ રૂપિયાનો અકસ્માત વીમો મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર માનવ-વન્યજીવન સંઘર્ષ ઘટાડવામાં સર્પમિત્રોની સેવાઓને માન્યતા આપવા માટે ઓળખપત્ર અને ૧૦ લાખ રૂપિયાનો અકસ્માત વીમો આપવાની યોજના ધરાવે છે, એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે જણાવ્યું હતું.

સાપ બચાવનારાઓને આવા લાભ આપવા માટેની ઔપચારિક ભલામણ ટૂંક સમયમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મોકલવામાં આવશે, એમ તેમણે ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જણાવ્યું હતું.

સર્પમિત્રો ઘણીવાર ગામલોકોને ઝેરી સાપથી બચાવવા અને સરિસૃપ જીવને તેમના કુદરતી નિવાસસ્થાનમાં સુરક્ષિત રીતે સ્થાનાંતરિત કરવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. તેમના નિઃસ્વાર્થ યોગદાનને માન્યતા આપતા, અમે તેમને સત્તાવાર આઈડી કાર્ડ આપવાની અને ૧૦ લાખ રૂપિયાનો અકસ્માત વીમો આપવાની યોજના બનાવી રહ્યા છીએ, એમ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, આ સંદર્ભમાં વિગતવાર માનક સંચાલન પ્રક્રિયા (એસઓપી) તૈયાર કરવામાં આવશે.

સર્પમિત્રોના કાર્યના 'ગંભીર પ્રકાર'નો ઉલ્લેખ કરતાં, તેમણે સાપ બચાવવાની કૃતિને આવશ્યક સેવાઓ હેઠળ વર્ગીકૃત કરવાની અને બચાવકર્તાઓને આપત્તિ પ્રતિભાવ પદ્ધતિઓમાં સમાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સંકલન અને પારદર્શિતા વધારવા માટે, વન વિભાગની વેબસાઇટ પર પ્રમાણિત સર્પમિત્રોની યાદી આપતું એક સમર્પિત પોર્ટલ બનાવવામાં આવશે. આનાથી કટોકટીમાં ઝડપી પ્રતિભાવ મળશે અને જાહેર જનતાને ચકાસાયેલ સંપર્ક માહિતીની ઍક્સેસ મળશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

'આવા પગલાથી માત્ર સર્પમિત્રોને જ નહીં પરંતુ વન્યજીવન સંરક્ષણના પ્રયાસોને પણ મજબૂત બનાવવામાં આવશે,' એમ તેમણે જણાવ્યું હતું. ■

# કોકાટેએ રાજીનામું આપવું જોઈએઃ સુપ્રિયા સુળે

પુણેઃ એનસીપી (એસપી)ના લોકસભા સાંસદ સુપ્રિયા સુળેએ શનિવારે મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેનું રાજીનામું માગ્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે 'સંસદમાં દરેક વ્યક્તિ' તેમની સાથે સંકળાયેલી 'પત્તા રમવાની' ઘટના વિશે પૂછપરછ કરી રહી છે.

રાજ્ય વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું હતું ત્યારે કોકાટે તેમના મોબાઇલ ફોન પર રમી ગેમ રમવા બદલ ટીકાનો સામનો કરી રહ્યા છે, જોકે તેમણે દાવો કર્યો છે કે તેઓ ઇન્ટરનેટ પર કંઈક ઍક્સેસ કરવા માટે ગેમની જાહેરાત હટાવી રહ્યા હતા.

'આ (રમીનો વિડીયો) અને અન્ય ઘણી ઘટનાઓએ મહારાષ્ટ્રને રાષ્ટ્રીય સ્તરે બદનામ કર્યું છે. સંસદમાં દરેક વ્યક્તિ આ 'પત્તાં રમવા' બાબતે પૂછી રહી હતી. કોકાટેએ નૈતિક ધોરણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈતું હતું, પરંતુ આ લોકોને રાજીનામું આપવાનું કહેવું પડશે. જ્યાં સુધી દિલ્હીથી હસ્તક્ષેપ ન થાય ત્યાં સુધી કોઈ રાજીનામું આપતું નથી,' એમ સુળેએ કહ્યું હતું.

રાજ્ય સરકારની 'લાડકી બહેન યોજના' હેઠળ લાભોનો દાવો કરવા માટે ૧૪,૦૦૦ પુરુષોએ કથિત રીતે મહિલાઓ તરીકે રજૂ કર્યા હોવાના અહેવાલો વિશે પૂછવામાં આવતા, બારામતીના સાંસદે કહ્યું કે વિગતવાર તપાસ થવી જોઈએ.

ફોર્મ ભરવાની પ્રક્રિયાને સરળ બનાવનારી એજન્સીની એસઆઈટી, સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ થવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું. ■





## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) મનોજ યાદવ | ૩૮ | ૧,૨૦,૦૦૦ |
| ૨) મીરા રોય | ૫૬ | ૪૦,૦૦૦ |
| ૩) મસુદા બીબી | ૪૪ | ૮૦,૦૦૦ |
| ૪) મફિઝુલ શેખ | ૫૩ | ૧,૫૦,૦૦૦ |
| ૫) માનીક મોન્ડલ | ૫૭ | ૨,૦૦,૦૦૦ |
| ૬) મિનોતિ ખોનારી કોલેય | ૫૨ | ૫૦,૦૦૦ |
| ૭) મીના કરાતી | ૫૮ | ૩૨,૦૦૦ |
| ૮) મનીબુલ શેઈક | ૪૧ | ૮૦,૦૦૦ |
| ૯) મકસુદા બેગમ શૈખ | ૪૪ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦) મુન્ની બાઈ | ૪૨ | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) એમ ડી રઝાઉર રહેમાન અન્સારી | ૫૮ | ૬૦,૦૦૦ |
| ૧૨) મીના રાજપૂત | ૫૧ | ૮૦,૦૦૦ |
| ૧૩) મહેન્દ્ર બર્મન | ૬૩ | ૧,૦૦,૦૦૦ |
| ૧૪) માનસી હળદર | ૩૬ | ૮૦,૦૦૦ |
| ૧૫) મનસુરા બેગમ | ૫૪ | ૪૦,૦૦૦ |
| ૧૬) મોહમ્મદ અર્શ ઝીહાન કુરેશી | ૬ | ૪,૦૦,૦૦૦ |
| ૧૭) માલતી દેવી | ૫૪ | ૮૦,૦૦૦ |
| ૧૮) મોહમ્મદ અફઝલ શૈખ | ૩૮ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૯) મોહડ ફારૂક ગની શેખ | ૫૨ | ૧,૦૦,૦૦૦ |
| ૨૦) મિલિન્દ લક્ષ્મણ ગાયકવાડ | ૪૮ | ૨,૪૨,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

'ફડણવીસે ભૂલી જવું જોઈએ કે તેઓ મુખ્ય પ્રધાન છે'

# સંજય રાઉતે કરી સુમિત ફેસિલિટીઝની તપાસ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એવી સલાહ આપી હતી કે આખા પ્રધાનમંડળને બરતરફ કરીને તેને નવેસરથી બનાવવું જરૂરી છે. તમારા પ્રધાનમંડળમાં એવા પ્રધાનો છે જે ભ્રષ્ટ છે, જેમની સામે ભ્રષ્ટાચાર સંબંધિત કેસ નોંધાયેલા છે, જેઓ લેડીઝ બાર અને ડાન્સ બાર ચલાવે છે. આવી સ્થિતિમાં એ ગંભીર બાબત છે કે તમે મુંબઈથી દિલ્હી સુધી નૈતિકતાની વાત કરી રહ્યા છો, એમ સંજય રાઉતે દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધતા કહ્યું હતું. ઝારખંડમાં ૪૫૦ કરોડ રૂપિયાના દારૂ કૌભાંડમાં ઉદ્યોગપતિ અમિત સાલુંખેની ધરપકડ કરવામાં આવી છે. તેમની રાંચીથી ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ છત્તીસગઢમાં પણ સાલુંખેની ધરપકડ કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે, તે સમયે સાલુંખેનો દારૂ કૌભાંડનો એકમાત્ર કેસ ઢંકાઈ ગયો હતો. હવે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને તેમના સાંસદ પુત્ર શ્રીકાંત શિંદે આ કેસમાં ફસાયેલા હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે સાલુંખે અને શિંદે વચ્ચે સીધો સંબંધ છે.અમિત સાલુંખે સુમિત ફેસિલિટીઝ નામની કંપની ચલાવે છે. સંજય રાઉતે આરોપ લગાવ્યો છે કે કૌભાંડમાંથી આ કંપનીને મળેલા કાળા નાણાંને શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન દ્વારા ફેરવવામાં આવી રહ્યા છે. શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા, ત્યારે સાલુંખેની સુમિત ફેસિલિટીઝ કંપનીને ઘણા મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ મળ્યા હતા. શિંદેની આ કંપની પર ખાસ મહેર હતી. સંજય રાઉતે સ્પષ્ટપણે એવો આરોપ લગાવ્યો હતો કે કંપનીને કોન્ટ્રાક્ટ દ્વારા મળેલા પૈસા શ્રીકાંત શિંદે ફાઉન્ડેશનને દાનમાં આપવામાં આવ્યા હતા.રાજ્યમાં અમિત સાલુંખે અને સુમિત ફેસિલિટીઝનો મુદ્દો ચાલી રહ્યો છે અને દેવેન્દ્ર ફડણવીસ અને તેમની સરકારે આ મુદ્દાને ગંભીરતાથી લેવો જોઈએ.

# આપણે બરબાદ થઈ ગયા છીએ, હિંજેવાડી આઈટી પાર્ક મહારાષ્ટ્રની બહાર જઈ રહ્યો છેઃ અજિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પુણેમાં હિંજેવાડી આઈટી પાર્ક બેંગલુરુ અને હૈદરાબાદ નસ્થળાંતરથ થઈ રહ્યો હોવાનો ખુલાસો કરીને ખળભળાટ મચાવી દીધો છે. પિંપરી-ચિંચવડમાં પાલિકાના કાર્યોનું નિરીક્ષણ કરતી વખતે પવારના ગુસ્સાવાળા સ્વરૂપનો એક વીડિયો વાયરલ થયો છે.

નઆપણે બરબાદ થઈ રહ્યા છીએ. હિંજેવાડીનો આખો આઈટી પાર્ક બહાર જઈ રહ્યો છે. તે પુણેથી, મહારાષ્ટ્રની બહાર બેંગલુરુ, હૈદરાબાદ જઈ રહ્યો છે, શું તમને કોઈ પરવા નથી?થ એમ પુણે જિલ્લાના પાલક પ્રધાને સ્થાનિક સરપંચ ગણેશ જાંભુળકર સાથેની વાત વખતે કહ્યું હતું.

પવાર સવારે ૬ વાગ્યે પાણી ભરાવા અને અન્ય સ્થાનિક સમસ્યાઓનો તાગ મેળવવા માટે હિંજેવાડી પહોંચ્યા હતા. તેમણે પિંપરી-ચિંચવડના અનેક વિસ્તારોની મુલાકાત લીધી હતી.

જ્યારે પવાર વિસ્તારોનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે જાંભુળકરે તેમનો સામનો કર્યો અને મીડિયાની હાજરીમાં સ્થાનિક સમસ્યાઓ વિશે ફરિયાદ કરી.

ફરી સંજય શિરસાટ નારાજ

# રાજ્યકક્ષાના પ્રધાન દ્વારા 'જાણ કર્યા વિના' અધિકારીઓ સાથે બેઠક અંગે વાંધો ઉઠાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે ભાજપના નેતા અને તેમના જુનિયર પ્રધાન માધુરી મિસાળ દ્વારા વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજવા અંગે નારાજગી વ્યક્ત કરી છે. જેમાં બાદમાં તેમણે જવાબ આપ્યો છે કે તે તેમના અધિકારક્ષેત્રમાં આવે છે.

બેઠક પછી, કેબિનેટ પ્રધાન શિરસાટે આ અઠવાડિયાની શરૂઆતમાં રાજ્યકક્ષાના પ્રધાન મિસાળને એક પત્ર લખ્યો હતો, જેમાં તેમને ભવિષ્યમાં અધિકારીઓ સાથે આવી બેઠકો યોજવાની યોજના છે કે નહીં તેની જાણકારી આપવા જણાવ્યું હતું.

આ ઘટનાએ ફરી એકવાર શાસક સાથી પક્ષો, ખાસ કરીને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને ભાજપ વચ્ચેના મતભેદો ખુલ્લા પાડ્યા છે.

પત્રકારો સાથે વાત કરતા શિરસાટે કહ્યું હતું કે, નરાજ્યકક્ષાના પ્રધાન, કેબિનેટ પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન અને મુખ્ય પ્રધાનની એક સાંકળી હોય છે. તેથી મેં તેમને કહ્યું છે કે જો આવી બેઠકો યોજવી હોય તો મને જાણકારી આપો. (પત્ર લખવામાં) મારો હેતુ ખૂબ જ સ્પષ્ટ હતો કે કેટલાક પાસાઓ છે જ્યાં નિર્ણય લેવાનો હોય છે જે રાજ્યકક્ષાના પ્રધાન કે મારા અધિકાર હેઠળ આવતા નથી.થ

મિસાળે કહ્યું હતું કે છેલ્લા સાતથી આઠ મહિનાથી, તેઓ માત્ર સામાજિક ન્યાય વિભાગ જ નહીં, પરંતુ અન્ય વિભાગોના અધિકારીઓ સાથે પણ બેઠકો કરી રહી છે.

ભાજપ પ્રધાને કહ્યું હતું કે તેમને બુધવારે રાત્રે શિરસાટ તરફથી પત્ર મળ્યો હતો અને તેમણે જવાબ આપ્યો હતો કે અધિકારીઓ સાથે બેઠકો યોજવી તે તેમના અધિકારક્ષેત્રમાં આવે છે.

સામાજિક ન્યાય ઉપરાંત, મિસાળ નગર વિકાસ, પરિવહન, તબીબી શિક્ષણ, લઘુમતી વિકાસ વિભાગોના રાજ્યકક્ષાના પ્રધાન છે.

'હું અન્ય વિભાગોની પણ રાજ્યકક્ષાની પ્રધાન છું. નાયબ મુખ્ય પ્રધાન (અને નગર વિકાસ પ્રધાન) એકનાથ શિંદે મને પાલિકા સંસ્થાઓ સંબંધિત આવી બેઠકો યોજવા માટે પ્રોત્સાહિત કરે છે કારણ કે આ સિસ્ટમની કામગીરીને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે,' એમ મિસાળે જણાવ્યું હતું.

ગયા વર્ષે પ્રધાન બન્યા ત્યારથી શિરસાટ સતત સમાચારમાં રહે છે.

તેમણે અનેક વખત અજિત પવાર દ્વારા ભંડોળ ફાળવવામાં ન આવ્યા અંગે નારાજી વ્યક્ત કરી હતી.

# રાજકીય સાડાસાતીથી મુક્તિ મેળવવા માટે માણિકરાવ કોકાટેની શનિપૂજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે તેમની રાજકીય કારકિર્દી પર પડી રહેલા ગ્રહણથી મુક્તિ મેળવવા માટે શનિદેવની પૂજા કરી રહ્યા છે. નંદુરબારની મુલાકાતે ગયેલા કોકાટેએ શનિવારે સાડાસાતીથી મુક્તિ મેળવવા માટે ભક્તોમાં શક્તિપીઠ તરીકે જાણીતા શનિમંડળ ખાતેના શનિ મંદિરમાં પૂજા કરી હતી. રવિવારે નંદુરબાર જિલ્લાનો પ્રવાસ શરૂ કરતાં પહેલા જ્યારે પત્રકારોએ તેમની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમણે વાત કરવાનું ટાળ્યું હતું. તેઓ શનિમંડળ ખાતે આરોગ્ય શિબિર માટે રવાના થયા. શનિમંડળ પહોંચતાની સાથે જ તેઓ આ ગામના પ્રખ્યાત શનિ મંદિરમાં ગયા અને પૂજા અને આરતી કરી હતી. કૃષિ પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછીથી તેમની પાછળ સતત ચાલી રહેલા વિવાદોથી કોકાટે ખૂબ જ પરેશાન છે. એનસીપી પ્રમુખ અજિત પવારે પહેલેથી જ એવી સ્પષ્ટતા કરી દીધી છે કે તેમના કૃષિ પ્રધાનપદ અંગે મંગળવારે નિર્ણય લેવામાં આવશે. એવું માનવામાં આવે છે કે કોકાટે શનિ મંદિરમાં ગયા અને શનિદેવની પૂજા કરી.

## હિન્દુ મરણ

**કપોળ**

મહુવાવાળા સ્વ. જયોતિબેન તથા સ્વ. ભૂપેન્દ્ર દ્વારકાદાસ પારેખના પુત્રી નિશા (ઉં. વ. ૪૭), તા. ૨૪-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. આરતી વિપુલ મહેતા તથા હિતેશના બહેન. મોસાળ સ્વ. અમૃતલાલ લક્ષ્મીદાસ ભૂવાના ભાણેજ. લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મહુવા નિવાસી હાલ મુલુંડ મહેશ નગીનદાસ શેઠના ધર્મપત્ની પારુલબેન (ઉં.વ. ૬૯) તે સ્વ. પ્રમેશચંદ્ર કાંતિલાલ ગાંધી સરધારવાળાની સુપુત્રી. ભાવિકા હિરેન શાહ તથા નિકિતા મૌલિક શાહના માતુશ્રી. સ્વ. જસુમતી ચંદુભાઇ મહેતા, સ્વ. ચંદુભાઇ, સ્વ. વસંતભાઇ, દિલીપ, હરેશના ભાભી. ચારૂ, મયૂરી, સોનલ, નિમેષના બહેન. દીપ્તિ નિમેષ ગાંધીના નણંદ શુક્રવાર, તા. ૨૫ જુલાઇ ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ઇશ્વરભાઇ સોમૈયા (પીપરાણી) ગામ ગુંદાલાવાલાના ધર્મપત્ની અ.સૌ. પુષ્પાબેન (ઉં.વ. ૭૨) તા. ૨૩-૭-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. તે સ્વ. લાલજી શામજી સોમૈયાના પુત્રવધૂ. તે સ્વ. નાનજી કાનજી સેજપાલના પુત્રી. તે અજયભાઇ, અ. સૌ. હિના ધર્મેશભાઇ ઠક્કરના માતુશ્રી. તે અ. સૌ. આશાબેનના સાસુમા. તે નરોતમભાઇ લાલજી સોમૈયાના નાનાભાઇના પત્ની. જગદીશભાઇ અને સ્વ. વિનોદભાઇના ભાભીજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

મૂળગામ મોરબી હાલ બોરીવલી (કરાંચીવાળા) નવીનચંદ્ર ગંગારામ મીરાણીના ધર્મપત્ની અ. સૌ. તારાબેન (ઉં.વ.૭૪) તે સ્વ. ભાવીન અને અ. સૌ. તેજલબેન પિનલકુમાર કાહેલાના માતુશ્રી. ગં.સ્વ. અનસુયાબેન, મહેન્દ્રભાઇ, ગં. સ્વ. હંસાબેન જયંતીલાલ અને અ. સૌ. વાસંતીબેન પ્રવીણચંદ્રના ભાભી. ગં.સ્વ. જસુબેન શિવલાલ કોટકના દીકરી. અ. સૌ. સરોજબેન અશોકકુમાર ઠક્કર, કિરીટભાઇ, અશ્વિનભાઇના મોટા બેન. મીતના નાની તા. ૨૫-૭-૨૫ શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

મંડરે વાલા હાલ કાંદિવલી જયંતીલાલ જમનાદાસ ઠાકરશી મંગ (ઉં. વ. ૭૨) શુક્રવાર, તા. ૨૫-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મૃદુલાબેન મંગના પતિ. ગૌરવ તથા એકતાના પિતા. માનસી તથા હિતેશના સસરા. સ્વ. સર્યુબેન, પ્રફુલા, હર્ષાના ભાઇ. સ્વ. વિજયાબેન ચંદ્રકાંત ગોપાલદાસ શાહના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ચાવંડવાળા હાલ પુના, સ્વ. રમણીકભાઇ છગનલાલ કાણકિયાના ધર્મપત્ની ગં. સ્વ જશવંતીબેન (ઉં. વ. ૯૦) ૨૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હરેન્દ્ર, હિરેન, ચેતન, જયશ્રી ભરતકુમાર મહેતાના માતુશ્રી. સ્વ.ચંદ્રિકા, મયુરી, પ્રિતીના સાસુ. પિયરપક્ષે સ્વ. ઈશ્વરદાસ ભાઈચંદ પારેખ અમરેલીવાળાના દીકરી. નિકિતા -ધવલ, ગૌરવ, પ્રિયંકા વિરાજ, નીરવ, નિશા અક્ષયકુમાર નેહા રાકેશકુમારના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ જામનગર(ચેલા) હાલ કાંદિવલી, સ્વ.શાંતાબેન રામદાસ રૂપારેલના સુપુત્ર સુરેન્દ્રભાઈ રૂપારેલ (ઉં. વ. ૮૬). તે તરૂણાબેનના પતિ. સ્વ.લાલજી ઓધવજી હિંડોચાના જમાઈ. પ્રશાંત, દર્શક, ભાવિનના પિતાશ્રી. સ્વ. નિશા, સંગીતા, હેતલના સસરા. રેખાબેન, કિરીટભાઈ, સ્વ. માધુરીબેન મધુસુદન ગણાત્રા, જ્યોત્સનાબેન ચંદ્રકાંત મજીઠીયા, અર્ચનાબેન નરેન્દ્ર સોની, પ્રભાબેન લલિત ઉનડકટ, રીટાબેન કિરીટ પાનવાલા, લતાબેન મનોજ દ્દોશીના મોટાભાઈ. તા. ૨૫-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૮-૭-૨૫ના ૫ થી ૭, હાલાઈ લોહાણા મહાજનવાડી, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**વૈષ્ણવ નાગરવાણિયા**

ગામ પિલવાઈ હાલ મુંબઈ સિક્કાનગર, સુબોધભાઈ મથુરાદાસ શાહ (ઉં. વ. ૮૩) ૨૫ જુલાઈ ૨૦૨૫ રોજ શ્રીજીશરણ પામ્યા છે. મણિબેનના પુત્ર. દશરતલાલ રાવલના જમાઈ. ગૌરવ તથા જીગ્નેશના પિતા. વર્ષા તથા પાયલના સસરા, હિતના દાદા. તેમની પ્રાર્થનાસભા ૨૬ જુલાઈ લાડની વાડી મુકામે સાંજે ૫ થી ૭.

**કચ્છી લોહાણા**

રવાપર નિવાસી હાલે મુંબઈ, સ્વ.વાઘજી હંસરાજ સોતા (ઉં. વ. ૮૭) સ્વ. હંસરાજ સુરજી (ધ્રોબાણા)ના પુત્ર. સ્વ. ગંગારામ નારણજી કતિરા (કોરિયાણી)ના જમાઈ, ગવરીબેનના પતિ. જગદીશભાઈ, દિપકભાઈ, રેખાબેન વિજયભાઇ કેસરિયા, વર્ષાબેન જિતેન્દ્રભાઇ બારુંના પિતાશ્રી, કિજલબેન, મિત્તલબેનના સસરા. તા. ૨૫/૦૭/૨૫ના દેવલોક પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૭/૭/૨૫ રવિવારના ૪થી ૫:૩૦, સ્વામિનારાયણ મંદિર હૉલ, બીજે માળે, રાજાજી પથ, રેલ્વે સ્ટેશનની બાજુમાં. ડોમ્બિવલી ઈસ્ટ.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ભચાઉ હાલ પનવેલ, સ્વ. નર્મદાબેન નેણસીભાઈ ચંદેના સુપુત્ર ગિરધરલાલ (ઉં. વ. ૭૨,) તે ગીતાબેનના પતિ, પરેશભાઈ, અંજલીબેન અજયભાઈ તવટેના પિતાશ્રી. પીનલબેનના સસરા. સ્વ. જયંતીલાલ, પ્રભુભાઈ, સ્વ. હીરાબેન હરિલાલ મીરાણી, સ્વ. કંચનબેન વિઠ્ઠલદાસ સોમેશ્વર, સ્વ.વર્ષાબેન વિજયકુમાર દક્ષિણીના ભાઈ. સ્વ.ચંદનબેન મગનલાલ સુંદરજી મિરાણીના જમાઈ. તા. ૨૪/૭/૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૭/૨૫ના રવિવારે ૪થી ૬:૦૦. લૌકિક વ્યવહાર બંધ છે. વિરુપાક્ષ મંગલ કાર્યાલય, રત્નાકર ખરે માર્ગ, અશોકબાગની સામે, ઓલ્ડ પનવેલ.

**કચ્છી લોહાણા**

કચ્છ નલિયા હાલ મુલુંડ, સ્વ.કાનજીભાઈ રાયમંગીયાના ધર્મપત્ની મુક્તાબેન (ઉં. વ. ૯૧) તે સ્વ.રતનબેન વિરજી સોમૈયાની પુત્રી. વસંતભાઈ, ઊર્મિલાબેન, મનોજભાઈ, અશ્વિનભાઈના માતા. વર્ષાબેન, નયનાબેન, નરેન્દ્રભાઈના સાસુમા. ચિરાગ, ધર્મેશ, મયુર-શ્રાવણી, સોનીયા-પ્રશાંત, કરિશ્મા-મનીષ, કિજલ-નિશાંતના દાદીમા. બુધવાર, તા. ૨૩-૦૭-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઈ ભાટિયા**

ગં. સ્વ. ઉષા ગગવાણી (ઉં. વ. ૮૩) તે સ્વ. ચંદ્રકાંત હરિદાસ ગગવાણીના ધર્મપત્ની, ગં. સ્વ. નર્મદા વિઠ્ઠલદાસ પારેખનાં દિકરી, હીરેનભાઈ, ધીરેનભાઈ અને શ્રીમતી રેખાબેન (હીના હિમાંશુ સરૈયા) નાં માતા, અ.સૌ. મીતાબેનનાં સાસુ, ગં.સ્વ. સુસીલાબેન,ચંદ્રિકાબેન, સ્વ. કિશનભાઈનાં બેન. તા.૨૩.૭.૨૫ બુધવારના મસ્કત મધ્યે શ્રીજીચરણ પામ્યા છે.

## પારસી મરણ

ઝકસીસ દોરાબશા ઉધનાવાલા તે કેતીના ધની. તે મરહુમો ધનમાય દોરાબશા ઉધનાવાલાના દીકરા. તે નરીમાન ને મરહુમ વીરાફના ભાઇ. તે જોય, મેહર ને પરલના કાકા. તે કૈઝાદને મેહરઝાદના માસા. તે ખોરશેદ ખુશરુ ગોતલાના બનેવી. (ઉં. વ. ૭૭) રે. ઠે. એ-૧૦૩, અહુના સી.એચ.એસ. દીવેચા કોમ્પલેક્સ, ચરાઇ, એદલજી રોડ, થાણા-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, થાણા પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

જેતપુર નિવાસી હાલ મલાડ (સુદાનવાળા) તુલસીદાસ અમૃતલાલ મણીયારના પુત્ર કિશોરભાઇ તુલસીદાસ મણીયાર (ઉં.વ. ૮૫) તા. ૨૫ જુલાઇના અરિહંતશરણ પામેલ છે. તે હેતલબેન (કાશ્મીરા બેન)ના પતિ. જૈનદાસ ચત્રભુજ વોરા (વેરાવળવાળા)ના જમાઇ. વિપુલ સંઘવી, હેમા પરાગ તેજાણી, અનીતા ભાવેશ પારેખ, પારસના પિતાશ્રી. હેતલના સસરા. સિદ્ધાંત, મનન, રિદ્ધિ, માનવ, ધૃષ્ટી, પ્રિશાના નાનાજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ અંધેરી સ્વ. લલિતાબેન કાંતિલાલ શેઠના પુત્રવધૂ અ. સૌ. રેખાબેન ઉમેશભાઇ શેઠ (ઉં. વ. ૭૨) ગુરુવાર તા. ૨૪-૭-૨૫ના અરિહંતશરણ થયા છે. તે અ. સૌ. માનસી ચિરાગ શેઠ, અ. સૌ. પાયલ જય શેઠના સાસુમા. ભારતીબેન હસમુખલાલ શાહ સ્વ. પૂર્ણિમા હેમંત શેઠ, અ. સૌ. ડો. હિના દિપક શેઠના ભાભીશ્રી. નોળી નિવાસી હાલ મુંબઇ સ્વ. હિરાબેન ચીમનલાલ શાહના સુપુત્રી. નલિનીબેન બિપીનભાઇ શેઠ, સરોજબેન તરુણકુમાર શાહ અને અનીલભાઇ ચીમનલાલ શાહના બહેન. મોક્ષ વિરાજ અને સમાઇરાના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), રવિવાર તા. ૨૭-૭-૨૫ના સવારના ૧૦થી ૧૨. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી હાલ મલાડ તે સ્વ. ધનજીભાઇ ભાઇચંદ વસાના ધર્મપત્ની ગં. સ્વ. કંચનબેન (ઉં. વ. ૮૭) તે શુક્રવાર તા. ૨૫-૭-૨૫ના મલાડ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીકેશભાઇ, સ્વ. હિમાંશુભાઇ તથા અતુલભાઇ વસાના માતુશ્રી. તે નીલાબેન, કૈલાસબેનના સાસુ. સ્વ. સૂરજબેન, સ્વ. રમણીકભાઇ, સ્વ. ચંદ્રિકાબેન, જયંતીભાઇ ભાઇચંદ વસા તથા જયશ્રીબેન અશોકકુમાર મહેતાના ભાભી, મિતીશા, અર્પી, હર્ષના દાદી. પિયર પક્ષે વાડોદર નિવાસી સ્વ. વાલજી ભગવાનજી મહેતાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રતનપુર (ગાયકવાડ) હાલ મલાડ સ્વ. બાવચંદ નરશીદાસ સંઘવીના સુપુત્ર ચંદુલાલ (ઉં. વ. ૮૬) તા. ૨૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. તે સ્વ. જયેશભાઇ, સોનલબેન, રૂપલબેન તથા દીપકભાઇના પિતાશ્રી. તે મનસુખલાલ, નિર્મળાબેન, શારદાબેન, ભાવનાબેનના ભાઇ. સતીશકુમાર જયંતીલાલ મહેતા તથા હિતેશકુમાર શાંતિલાલ વાસાના સસરા. શ્વસુર પક્ષે ચભાડીયા નિવાસી હાલ (ભાવનગર) સ્વ. કાંતિલાલ ચત્રભુજ ગાંધી, સ્વ. રસીકલાલ ચત્રભુજ ગાંધીના જમાઇ. સાદડી રવિવાર, તા. ૨૭-૭-૨૫ના ૩થી ૫. ઠે. શરાફ માતૃ મંદિર, પોદાર રોડ, મલાડ (ઇસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભારતીબેન પ્રવીણભાઈ કામદારના પુત્ર અલ્પેશ કામદાર (ઉં. વ. ૫૧) ૨૫/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મિત્તલબેનના પતિ. વિશ્વા યશકુમાર તથા ધનવીના પિતા. સાસરાપક્ષે કમળાબેન ભગવાનદાસ શાહના જમાઈ. સ્વ. સેતલ હરેશકુમાર, મમતા મહેશભાઈ, ધર્મિષ્ઠા જયેશભાઇ, મોના ધર્મેશભાઈના બનેવી. પ્રાર્થનાસભા ૨૭/૭/૨૫ના ૩ થી ૫. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દુર્ગાપુરના વશનજી રતનશી ગડા (ઉં. વ. ૮૫) ૨૫-૭ના અવસાન પામેલ છે. માતુશ્રી દેમીબાઈ રતનશી નથુના પુત્ર. સ્વ. રતનના પતિ. બાડા લક્ષ્મીબેન કેશવજીના જમાઈ. પ્રવિણા, ચેતના, ચંદ્રિકા, મીના, રાજીવના પિતા. રામજી, ગોધરા પાનબાઈ વશનજી, બાડા વેલબાઈ મોણશીના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજીવ ગડા, સી- ૩૦૧, શ્રી વિજય વિહાર, હિરાપન્ના મોલની સામે, પવઈ, મું.૭૬.

ફરાદીના કસ્તુરબેન રામજી દેઢિયા (ઉં. વ. ૮૩) ૨૫/૭ના અવસાન પામેલ છે. દેમીબાઇ દેવશી નેણશીના પુત્રવધુ. રામજીના પત્ની. સ્વ. દીપક, રીટા, ગીતા, જયેશ (પપ્પુ)ના માતા. ગંગાબાઇ રતનશી મેઘજી ગાલાની પુત્રી. મુલચંદ, રમેશ, નીતીન, ભુજપુરના દમયંતી લાલજી, ફરાદી વીમળા તલકશી, રામાણીયા કંચન લક્ષ્મીચંદ, રાયણ કમળા નાનાલાલ, પુનડી રેખા અનીલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ રામજી દેઢિયા, ૯, વિનાયક દર્શન, બીજો માળો, સ્ટાર કોલોનીની સામે, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ).

ટુંડાના માતુશ્રી મંજુલાબેન ગોગરી (ઉં. વ. ૭૧) તા. ૨૫-૭-૨૦૨૫ ના દેહપરિવર્તન કરેલ છે. તેજબાઈ પુનશી મુરજીના પુત્રવધૂ. સ્વ. મોરારજીના ધર્મપત્નિ. જયેશ, નયના (નેહા) ના માતુશ્રી. બિદડાના જેતબાઈ લાલજી વેલજીના દિકરી. લક્ષ્મીચંદ, હીતેન, મોટા આસંબિયાના ઝવેરબેન પોપટલાલ, ગજોડના પ્રભાબેન રવિલાલના બેન. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફલોર, દાદર (ઈ). ૪.૩૦ થી ૬.

કોડાયના અનશનવ્રતધારી પ્રભાબેન શાંતિલાલ સાવલા (ઉં. વ. ૭૭) તા.૨૪-૭-૨૫ના દેવલોક પામ્યા છે. ભાણબાઈ વીરજી સાવલાના પુત્રવધુ. શાંતિલાલના ધર્મપત્ની. પરેશ, સંગીતાના માતા. પુરબાઈ મણીલાલના પુત્રી. ભાનુ, પ્રેમીલા, ભાઈલાલના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. પરેશ સાવલા : ૩૦૧, વસંત, જે.પી.નગર, ગોરેગામ (ઈ), મું - ૬૩.

ગોધરાના રતિલાલ રાંભિયા (ઉં. વ. ૮૩) તા. ૨૪-૭ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી પાનબાઈ ડુંગરશી ભુલાના સુપુત્ર. કોકીલાના પતિ. પીંકીના પિતાશ્રી. ઝવેરબેનના ભાઈ. ના. ખાખર લક્ષ્મીબેન ખીમજી, નીના વિનોદના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રતિલાલ રાંભિયા, બી/૪૫, દ્વારકા, શીબા સોસાયટી, અમૃતનગર, ઘાટકોપર (વે.), મું.

બિદડાના અ.સૌ. રશ્મી પંકજ ગંગર (ઉં. વ. ૬૧) તા. ૨૪-૭-૨૫ ના દેવલોક પામ્યા છે. ઝવેરબેન જેઠાલાલ રણશીના પુત્રવધૂ પંકજના ધર્મપત્ની. નિલના મમ્મી. બારોઇ પ્રમીલાબેન માવજી ધનજીના સુપુત્રી. જીતેષ, રાજીવ, ભાવના, જયશ્રી, બીનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પંકજ ગંગર, ૫૦૩/એ, કર્મવિહાર, પટેલ ચૌક, ઘાટકોપર (ઈ), મું. ૭૫.

નવાવાસના લક્ષ્મીબેન વસંત ગડા (ઉં. વ. ૭૦) ૨૪-૭ના અવસાન પામ્યા છે. જવેરબેન નાનજી લાલજીના પુત્રવધુ. વસંતના ધર્મપત્ની. મિતેશ, ટીના, દિપેનના માતા. નાની તુંબડી નાનબાઈ કલ્યાણજી પાસુના પુત્રી. નવિનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વસંત ગડા : બી/૫૪/૨૦૧, ભવસાગર, સે.૩, શાંતિનગર, મીરારોડ (ઈ).

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈ એરપોર્ટ

અજાણી વ્યક્તિએ કૉલ કરીને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે બોમ્બ રખાયો હોવાની ધમકી આપી હતી. જોકે ત્યાં પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન આવી નહોતી. કોલાબા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરી કૉલ કરનાર વ્યક્તિની શોધ ચલાવાઇ હતી.

### ભિવંડી સાથે

માંગણી સ્વીકારી રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ માટે લગભગ ૧૬૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. દરખાસ્ત અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં કામ શરૂ થશે. આ અંગે મ્હાત્રેએ દિલ્હીમાં બુધવારે ગડકરી સાથે મુલાકાત કરી હતી.

### સરકારી કે પાલિકાની

પર વિકસિત ઇમારતોમાં નિવાસી અને/અથવા બિન-નિવાસી એકમોના વેચાણ અથવા પુનર્વેચાણ પર લાગુ થશે નહીં. જોકે, તે આવી મિલકતના સંદર્ભમાં સંસ્થા અથવા કંપનીના હિતમાં જમીન અને બાંધકામના સ્વરૂપમાં અંતિમ ખરીદી દસ્તાવેજ/સોંપણી દસ્તાવેજના રૂપમાં દસ્તાવેજો પર લાગુ થશે, એમ પણ સ્પષ્ટતામાં જણાવાયું છે.

### મુંબઈ-પુણે

લોકોને વાહનોમાંથી બહાર કાઢ્યા બાદ તેમને સારવાર માટે નવી મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થયું હતું. આ અકસ્માત બાદ એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમ થયો હતો. અકસ્માતગ્રસ્ત વાહનોને માર્ગ પરથી હટાવાયા બાદ વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. ખોપોલી પોલીસે ટ્રક ડ્રાઇવરને તાબામાં લીધો હતો અને તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ટ્રક ડ્રાઇવર અકસ્માત સમયે દારૂના નશામાં ન હોવાનું તબીબી તપાસમાં જણાયું હતું.

### વ્હોટ્સઍપ

વિવાદ થયો હતો. પવારે આક્ષેપ કર્યો હતો કે નાઇક અને અન્ય ત્રણ ક્લાસમેટ દ્વારા કોલેજ બહાર તેના પર હૉકી સ્ટિકથી હુમલો કરવામાં આવ્યો હતો. દરમિયાન આ પ્રકરણે તપાસ કર્યા બાદ નાઇકની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે કહ્યું હતું. ચારેય વિદ્યાર્થી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં પ્રાથમિક શાળાઓમાં ત્રણ ભાષાનું સૂત્ર રજૂ કરાયા બાદ મહારાષ્ટ્રમાં મરાઠીનો મુદ્દો ફરી ઉગ્ર બન્યો હતો. (પીટીઆઇ)

### મધ્ય અને હાર્બર

સાંજે ૪ વાગ્યા સુધી પનવેલ વાશી અપ ડાઉન સ્લો લાઈન પર બ્લોક હાથ ધરાશે. બ્લોકના સમય દરમિયાન પનવેલ વાશી, બેલાપુર વચ્ચે ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. આ સિવાય ટ્રાન્સહાર્બરમાં પનવેલથી થાણે વચ્ચે અપ ડાઉન સ્લો લાઈન પર પણ ટ્રેનો બંધ રહેશે. જોકે, બ્લોકના સમય દરમિયાન સીએસએમટીથી વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે, એવી માહિતી મધ્ય રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવી છે.

### ઓપરેશન ટાઈગર

તરફથી વિધાનસભા ચૂંટણી લડી હતી. પ્રવિણ સ્વામીએ ઉમરગા ડેપો માટે ૧૦ ઇલેક્ટ્રિક બસો માગી હતી અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે તાત્કાલિક તે માંગણીને મંજૂરી આપી અને ઉમરગા ડેપો માટે પાંચ ઇલેક્ટ્રિક બસો ઉપલબ્ધ કરાવી, જ્યારે બાકીની પાંચ ઇલેક્ટ્રિક બસો ટૂંક સમયમાં આવશે એવું કહેવામાં આવ્યું છે.

શિવસેનાના ઉપનેતા અને ભૂતપૂર્વ વિધાનસભ્ય જ્ઞાનરાજ ચૌગુલેએ પોતે જ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇક અને પ્રવિણ સ્વામી વચ્ચે મધ્યસ્થી કરી હોવાનું કહેવાય છે. ધારાશિવમાં મિશન ટાઈગર સફળ થાય છે કે નહીં તે આગામી થોડા દિવસોમાં જોવા મળશે.

### રાયગડમાં

સરેરાશ ૮૨ મીમી વરસાદ નોંધાયો હતો. માથેરાનમાં સૌથી વધુ ૨૦૧ મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત પોલાદપુરમાં ૧૪૫ મીમી, કર્જતમાં ૧૧૪ મીમી, મ્હાસલામાં ૧૦૬ મીમી, પનવેલમાં ૯૩ મીમી, પેનમાં ૯૨ મીમી, ખાલાપુરમાં ૯૨ મીમી, મહાડમાં ૯૫ મીમી, સુધાગઢમાં ૮૮ મીમી, માનગાંવમાં ૬૨ મીમી, રોહામાં ૬૮ મીમી વરસાદ નોંધાયો હતો.

મહાબળેશ્વર અને પોલાદપુર ખીણો વિસ્તારમાં ભારે વરસાદને કારણે પોલાદપુર ખાતેના રણબજારે ડેમમાંથી સાવિત્રી નદીમાં સવારે પાંચ વાગ્યે ૧,૩૭૭ ક્યુબિક મીટર પ્રતિ સેકંડની ઝડપે પાણી છોડવામાં આવ્યું હતું.

ડેમમાંથી હજુ પણ મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આ કારણે સાવિત્રી નદીની સપાટીમાં મોટો વધારો થયો હતો. વહેલી સવારથી જ નદીએ ચેતવણીનું સ્તર પાર કરી લીધું છે. મહાડ શહેર અને આસપાસના વિસ્તારોને અધિકારીઓ દ્વારા એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

### લાડકી બહેનને

સુધી લાડકી બહેન યોજનાનો હપ્તો મહિલાઓના ખાતામાં જમા થયો નથી. ગયા વર્ષે, જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૪ના હપ્તા એકસાથે જમા કરવામાં આવ્યા હતા અને ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રૂ. ૩૦૦૦ જમા કરવામાં આવ્યા હતા, જેનો કાર્યક્રમ પુણેના છત્રપતિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આયોજિત કરાયો હતો. આ વર્ષે, એવી શક્યતા છે કે જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૫ના હપ્તા એકસાથે જમા થઈ શકે છે, ખાસ કરીને રક્ષાબંધનને ધ્યાનમાં લેતાં.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રકમ ૯ ઓગસ્ટ અથવા ઓગસ્ટની શરૂઆતમાં ખાતામાં જમા થઈ શકે છે. જોકે, સરકાર તરફથી હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ભૂતકાળના અનુભવોના આધારે, તહેવારો દરમિયાન પૈસા જમા કરાવવાનો રિવાજ છે, તેથી રક્ષાબંધનની ભેટ તરીકે મહિલાઓને ૩૦૦૦ રૂપિયા મળવાની શક્યતા નકારી શકાય નહીં. રક્ષા બંધન એ ભાઈ-બહેન વચ્ચેના પ્રેમનો તહેવાર છે.

આ વર્ષે, આ તહેવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ઉજવવામાં આવશે. મહિલાઓને લાડકી બહેન યોજના દ્વારા આર્થિક સહાય મળે છે. ગયા વર્ષની જેમ, તહેવારો માટે હપ્તા જમા કરાવવાની પ્રથાને ધ્યાનમાં રાખીને, આ વર્ષે સરકાર રક્ષા બંધનમાં જુલાઈ અને ઓગસ્ટના હપ્તા એકસાથે જમા કરાવી શકે છે. આનાથી મહિલાઓને તહેવાર ઉજવવા અને તેમની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે નાણાકીય આધાર મળશે.

### મંત્રાલયમાં હવે

ફક્ત ડિજિપ્રવેશ ઓનલાઈન સિસ્ટમ દ્વારા જ એન્ટ્રી આપવામાં આવશે. મંત્રાલયના સૂત્રોએ એવી માહિતી આપી હતી કે જૂની સિસ્ટમ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. આ પ્રક્રિયા પહેલી ઓગસ્ટથી ફરજિયાત બનાવવામાં આવશે. ડિજિપ્રવેશ એ આધાર નંબર સાથે જોડાયેલી એક ઓનલાઈન સિસ્ટમ છે. આ સિસ્ટમ દ્વારા, મંત્રાલયમાં જે વિભાગની મુલાકાત લેવા માગો છો અથવા જે અધિકારીઓને મળવા માગતા હો તે વિશેની બધી માહિતી આ સિસ્ટમ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, આ ઓનલાઈન પ્રક્રિયા લાગુ કરતી વખતે, મુલાકાતીઓનું ફેસ વેરિફિકેશન પણ પૂર્ણ કરવામાં આવશે. આ સિસ્ટમ દ્વારા, ફેસ વેરિફિકેશન ૧૦ સેકન્ડમાં પૂર્ણ થશે. આ ઉપરાંત, એક ક્યુઆર કોડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સિસ્ટમ મુલાકાતીઓને મુલાકાત લેવા માટેના સમયની પણ બચત કરશે.

### વિધાન ભવનમાં પણ શરૂ થયું?

થોડા દિવસો પહેલા, વિધાન ભવનમાં વિધાનસભ્યોના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ વાત રાજ્યભરમાં ગાજ્યા બાદ, મંત્રાલયના સૂત્રોએ માહિતી આપી હતી કે હવે વિધાન ભવનમાં પણ 'ચહેરા ઓળખ' સિસ્ટમ શરૂ કરવા માટે ટ્રાયલ હાથ ધરવામાં આવશે. આ સમયે માહિતી આપવામાં આવી હતી કે આ પ્રક્રિયા મંત્રાલયની જેમ લાગુ કરી શકાય કે નહીં તે અંગે હાલમાં ચર્ચા ચાલી રહી છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




**સંસદના રત્નોઃ** દિલ્હીમાં શનિવારે મહારાષ્ટ્ર સદન ખાતે 'સંસદ રત્ન એવૉર્ડ ૨૦૨૫' દરમિયાન એવૉર્ડ વિજેતાઓ સાથે ગ્રૂપ ફોટો ખેંચાવી રહેલા કેન્દ્રીય પ્રધાન કિરણ રિજિજુ અને નેશનલ કમિશન ફૉર બૅકવર્ડ ક્લાસના અધ્યક્ષ હંસરાજ આહીર.(એજન્સી)

# ઈરાનમાં આતંકવાદી હુમલામાં છનાં મોત, ૨૦ ઘાયલ

દુબઇઃ દક્ષિણ-પૂર્વ ઇરાનમાં એક કોર્ટ બિલ્ડિંગ પર શનિવારે અજાણ્યા હુમલાખોરો દ્વારા બંદૂકો અને ગ્રેનેડ વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક બાળક સહિત છ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૨૦ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી સરકારી ટીવી દ્વારા પ્રકાશિત અહેવાલોમાં સામે આવી હતી.

અહેવાલમાં જણાવ્યા અનુસાર દેશના અશાંત દક્ષિણ પ્રાંત સિસ્તાન અને બલુચિસ્તાનમાં સશસ્ત્ર અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ બંદૂકધારીઓને ઠાર કર્યા હતા. અહેવાલમાં કોઇ પણ પીડિતની ઓળખ અંગે જણાવાયું નથી. સરકારી ટીવીએ જણાવ્યું કે હુમલો પ્રાંતની રાજધાની ઝાહેદાનમાં થયો હતો. પોલીસ અને સુરક્ષા દળોએ રાજધાની તહેરાનથી ૧,૧૩૦ કિમી અથવા ૭૦૦ માઇલ દક્ષિણ-પૂર્વમાં સ્થિત ઘટનાસ્થળ પર તાત્કાલિક નિયંત્રણ મેળવી લીધું હતું.

તસ્નીમ સમાચાર એજન્સીના એક અહેવાલમાં આ હુમલા માટે આતંકવાદી જૂથ જૈશ અલ-અદલને જવાબદાર ઠેરવવામાં આવ્યું છે. જે ઇરાનના પૂર્વી સિસ્તાન અને પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતોની આઝાદી માટે લડી રહ્યું છે. ■




# કેરળના વિવિધ ભાગોમાં ભારે વરસાદથી વ્યાપક નુકસાન

તિરુવનંતપુરમઃ કેરળમાં શુક્રવાર રાતથી વરસી રહેલા ભારે વરસાદને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં વ્યાપક નુકસાન થયું છે. વરસાદને કારણે નદીઓ અને બંધોના જળસ્તરમાં વધારો થયો છે. જેના કારણે આઇએમડીએ નવ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

ભારતીય હવામાન વિભાગે શનિવારે પથાનમથિટ્ટા, કોટ્ટાયમ, ઇડુક્કી, એર્નાકુલમ, થ્રિસુર, પલક્કડ, મલપ્પુરમ, કોઝિકોડ અને વાયનાડ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું હતું. બાકીના પાંચ જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. આઇએમડીએ કેરળમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. શનિવાર અને રવિવારે ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કોઝિકોડના ઘણા ભાગોમાં રાતભર પડેલા ભારે વરસાદ અને તોફાની પવનને કારણે વૃક્ષો ઊખડી ગયા હતા. તેમ જ ઘરો અને વાહનોને નુકસાન થયું હતું. વળી વીજળીના તાર અને થાંભલા પડી જવાથી વીજપુરવઠો ખોરવાયો હતો. કોટ્ટાયમ, પલક્કડ અને કન્નુર જિલ્લામાં પણ આવી જ ઘટનાઓ સામે આવી હતી.

વાયનાડમાં બાણાસુર સાગર ડેમ અને પલક્કડ જિલ્લામાં અલિયાર ડેમના દરવાજા તેમના કેચમેન્ટ વિસ્તારોમાં જળસ્તરમાં વધારો થતાં ખોલવામાં આવ્યા છે. આ જળાશયોના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. ભારે વરસાદને કારણે જે નદીઓનું જળસ્તર ખતરનાક રીતે વધી ગયું છે તેવી વિવિધ નદીઓ માટે સિંચાઇ ડિઝાઇન અને સંશોધન બોર્ડ (આઇડીઆરબી) અને કેન્દ્રીય જળ આયોગ (સીડબ્લ્યુસી)એ ચેતવણી જારી કરી છે.■




# ઝારખંડમાં ત્રણ નક્સલવાદી ઠાર

ગુમલાઃ ઝારખંડના ગુમલા જિલ્લામાં શનિવારે સવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સીપીઆઇ(માઓવાદી)થી અલગ થયેલા ઝારખંડ જન મુક્તિ પરિષદ(જેજેએમપી)ના સભ્યો ઘાઘરાના જંગલમાં એકઠા થયા છે અને સુરક્ષા દળો પર હુમલો કરવાની યોજના ઘડી રહ્યા હોવાની ગુપ્ત માહિતી મળી હતી.

તેમણે જણાવ્યું કે આ માહિતીના આધારે કાર્યવાહી કરતાં ઝારખંડ જગુઆર અને ગુમલા પોલીસે સંયુક્ત રીતે અભિયાન હાથ ધર્યું હતું. પોલીસે કહ્યું કે બંને તરફથી અનેક રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. ગોળીબાર બંધ થયા પછી ઘટનાસ્થળેથી એક એકે-૪૭ અને બે આઇએનએસએએસ રાઇફલ જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ઝારખંડ પોલીસના આઇજી(ઓપરેશન) માઇકલ એસ. રાજે ઓપરેશન હજુ પણ ચાલુ હોવાની વાત કરી હતી. ■




# સૉલ ઓફ ટૂર: સમય છે જવાબદારી સાથે ગ્લોબલ ટ્રાવેલર બનવાનો



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

આજના સમયમાં મુસાફરી માત્ર શોખ પુરતો વિષય નથી રહ્યો, હવે તે ઓળખ છે, અને આપણે શું છીએ તેનું પ્રતિબિંબ પણ છે. જ્યાં આપણે નવા દેશો અને સંસ્કૃતિઓને અનુભવી રહ્યા છીએ, ત્યાં એક નવો પ્રશ્ન પણ ઊભો થયો છે. શું આપણે વૈશ્વિક નાગરિક તરીકે સમજદારીથી મુસાફરી કરીએ છીએ? ઉનાળાની સીઝનમાં થયેલી કેટલીક યાત્રાઓના અનુભવો અને વિદેશી પાર્ટનર્સ પાસેથી અરોરા ટુર્સને મળેલા સંકેતો એ જ જણાવે છે કે પ્રવાસમાં હવે માત્ર ઉજવણી નહીં, પણ જવાબદારીનો અહેસાસ પણ જરૂરી છે.

**પ્રશ્નઃ નમસ્તે ધવલભાઈ! તો, ઉનાળાની ઋતુ કેવી રહી, અને આજે આપણે કયા નવા સ્થળ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ?**





ઉનાળાની ઋતુ ખરેખર શાનદાર રહી! અમારા બધા ડિપાર્ચર્સમાં અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો, અને અમારા ગેસ્ટને પણ યાદગાર મુસાફરીના અનુભવો થયા. આ સાથે, અમને વિવિધ દેશોમાં રહેલા અમારા પાર્ટનર્સ, , હોટેલીયર્સ અને ટ્રાન્સપોર્ટ પ્રોવાઈડર્સ તરફથી કેટલાક મહત્વપૂર્ણ પ્રતિસાદ પણ મળ્યા, જે અમને લાગે છે કે શેર કરવા જોઈએ. અને એનાં પર ચર્ચા કરવી જોઈએ.

**પ્રશ્નઃ એ તો ઈન્ટ્રસ્ટિંગ છે. તમને કેવા પ્રકારનાં પ્રતિસાદ મળ્યા છે? શું એ તમે અમારા રિડર્સ સાથે શેર કરશો?**

ધવલ જાંગલા - ચોક્કસ. જ્યારે અમારા પ્રવાસીઓ હંમેશા ભારતની ભાવના અને હૂંફને વિદેશમાં ગર્વ સાથે લઈ ગયા છે, ત્યારે આ વર્ષે અમારા વિદેશી ભાગીદારો દ્વારા કેટલાક અવલોકનો શેર કરવામાં આવ્યા હતા. આ ટીકાઓ નથી, પરંતુ સૌમ્ય રીમાઇન્ડર્સ છે જે આપણને બધાને વધુ જવાબદાર વૈશ્વિક પ્રવાસી બનવામાં મદદ કરી શકે છે.

ભારતીય પ્રવાસીઓ તરીકે, આપણને આપણા દેશના રાજદૂત તરીકે જોવામાં આવે છે, અને આપણુ વર્તન એ ફક્ત આપણી જાતને જ નહીં, પરંતુ આપણે જે સંસ્કૃતિમાંથી આવીએ છીએ તેને પ્રતિબિંબિત કરે છે. અમારા કેટલાક આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સે મૂળભૂત નાગરિક પ્રથાઓ અંગે તેમને ઉદ્ભવેલી ચિંતાઓનો ઉલ્લેખ કર્યો ઉદાહરણ તરીકે, જાહેર સ્થળોએ અથવા પર્યટનનાં સ્થળોએ કચરો ફેંકવો, અથવા કોચમાં ખાવું જ્યાં સામાન્ય રીતે મંજૂરી નથી હોતી. અને પછી રેપર અથવા બચેલો ખોરાક ત્યાં જ પાછળ છોડી દેવો. ભલે આ બાબતો નાની લાગે પરંતુ કડક સ્વચ્છતા ધોરણો ધરાવતા દેશોમાં, તે અલગ લાગે છે અને આપણે નજરે પડીએ છીએ.

અમારા ધ્યાન પર એવા કિસ્સાઓ પણ લાવવામાં આવ્યા હતા જ્યાં મહેમાનો દ્વારા હોટેલની એવી સુવિધાઓનો ગેરવપરાશ કરવામાં આવતો હતો જે તેમનાં અનુભવને વધારવા માટે હોય. - કદાચ અજાણતાં અથવા ગેરસમજને કારણે. - પણ એ અમારા પાર્ટનર્સ માટે પડકાર જનક સાબિત થાય છે જેઓ શ્રેષ્ઠ અનુભવ આપવાનો પ્રયાસ કરે છે. બાર્ગેઈન કે ભાવ-તાલ કરવો એ પણ આપણી સંસ્કૃતિનો એક ભાગ છે અને ઘણીવાર સારી ભાવનાથી કરવામાં આવે છે. જો કે, કેટલાક સ્થળોએ આવું કરવાનો રિવાજ નથી, ત્યાં વધુ પડતી વાટાઘાટો ક્યારેક અસ્વસ્થતા અથવા ગેરસમજ તરફ દોરી શકે છે.

બીજો મુદ્દો લાંબી મુસાફરી દરમિયાન પેઈડ શૌચાલયોનો હતો. ઘણા દેશોમાં, જાહેર સુવિધાઓનો ઉપયોગ કરવા માટે થોડી ફી આપવી પડે- જે સ્વચ્છતા અને જાળવણીની ખાતરી કરે છે. એ દેશનાં મહેમાન તરીકે, આ સિસ્ટમોને સમજવી અને એનો આદર કરવો જોઈએ જે તેમને મદદરૂપ થાય છે અને જે આપણી સુવિધા માટે છે. એકંદરે, આમાંથી કોઈ પણ બાબત આપણા પર ખરાબ અસર કરતી નથી - હકીકતમાં, તે ફક્ત એક યાદ અપાવે છે કે જેમ જેમ ભારત વૈશ્વિક સ્તરે ચમકી રહ્યું છે, તેમ તેમ આપણી પાસે વિદેશમાં સકારાત્મક ઉદાહરણો સ્થાપિત કરવાની વધુ મોટી તક આવી છે. આધુનિક અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે આપણી પાસે ગર્વ કરવા માટે ઘણું બધું છે. ટુરિસ્ટ તરીકે થોડી સભાનતા, સદ્ભાવના આપણા પ્રવાસના અનુભવોને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ થાય છે.

**પ્રશ્નઃ આ તો ખરેખર આંખ ઉઘાડનારી બાબત છે અને બધા પ્રવાસીઓ માટે એક અર્થપૂર્ણ રિમાઈન્ડર છે. તો, ધવલભાઈ હવે જણાવો કે, આગામી સિઝન માટે નવું શું છે?**

ધવલ જાંગલા - ચોક્કસ! અમે વિયેતનામ, તુર્કી, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા સ્થળોની અમારી લોકપ્રિય ટુર્સ સાથે જ, હવે અમે જ્યોર્જિયાને એક નવા સ્થળ તરીકે રજૂ કરી રહ્યા છીએ એ તમારી સાથે શેર કરવા માટે ખુબ ઉત્સાહી છીએ. એ સંસ્કૃતિ, લેન્ડસ્કેપ્સ અને મહેમાનગતિથી ભરેલો એક સુંદર દેશ છે, અને અમને વિશ્વાસ છે કે અમારા ટ્રાવેલર્સ આ દેશનાં પણ પ્રેમમાં પડી જશે.

વિયેટનામ, આ મોસમ વિયેતનામનું અન્વેષણ કરવા માટે પણ એક અદ્ભૂત સમય છે, કારણ કે હવામાન ઠંડુ અને વધુ આરામદાયક છે. ગ્રામ્ય વિસ્તાર સોનેરી ચોખાના ખેતરોથી ઝળહળે છે, અને હાલોંગ ખાડી, હોઈ એન અને હો ચી મિન્હ જેવા સ્થળો શાંતિ અને જીવંત સ્થાનિક જીવન બંને પ્રદાન કરે છે. પ્રકૃતિ પ્રેમીઓ, ખાણીપીણીના શોખીનો અને સંસ્કૃતિ શોધનારાઓ બધા માટે આ એક ઉત્તમ સાબિત થાય છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# આસામમાં ૨૦૪૧ સુધી મુસ્લિમોની સંખ્યા હિન્દુ જેટલી થઈ જશેઃ મુખ્ય પ્રધાન

દીબ્રુગઢ (આસામ): આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ દાવો કર્યો હતો કે જો હાલનો વૃદ્ધિદર યથાવત્ રહ્યો તો આસામમાં ૨૦૪૧ સુધી મુસ્લિમોની સંખ્યા હિન્દુ જેટલી થઈ જશે. અહીં પ્રધાનમંડળની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા સરમાએ દાવો કર્યો હતો કે ૨૦૧૧ વસતિગણતરી પ્રમાણે ૩૪ ટકા મુસ્લિમમાંથી ૩૧ ટકા એવા મુસ્લિમો હતા જેમણે આસામમાં સ્થળાંતર કર્યું હતું. શું આસામના દેશી લોકો લઘુમતીમાં આવી જશે એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે આ મારો અહેવાલ નથી. આ વસતિગણતરીનું પરિણામ છે. ૨૦૧૧ વસતિગણતરી પ્રમાણે ૩૪ ટકા વસતિ મુસ્લિમ છે. રાજ્યમાં કુલ મુસ્લિમ વસતિના ત્રણ ટકા આસામના મૂળ મુસ્લિમ છે. આથી ૩૧ ટકા મુસ્લિમે આસામમાં સ્થળાંતર કરેલું છે. જો આ આધારે ૨૦૨૧, ૨૦૩૧ ને ૨૦૪૧નો અંદાજ કાઢીએ તો તમે હિન્દુ અને મુસ્લિમ બન્નેની વસતિ પચાસ ટકા થશે એવા તારણ પર આવો છો. હું એટલું જ કહી રહ્યો છું કે વસતિગણતરીનો અહેવાલ શું કહે છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે અનુભવના આધારે કરાયેલો અંદાજ અને જૂન વસતિગણતરીના આંકડા સૂચવે છે કે થોડા વર્ષમાં આસામના મુસ્લિમની વસતિ પચાસ ટકા થઈ જશે. (એજન્સી)■




# રેલવે મંત્રાલય હવે વિક્રેતાઓને આઈડી કાર્ડ આપશે

નવી દિલ્હીઃ દેશમાં ટ્રેનો અને સ્ટેશનો પર ગેરકાયદે વેચાણ પર અંકુશ મૂકવા માટે રેલવે મંત્રાલયે વિક્રેતાઓ માટે આઈડેન્ટિટી કાર્ડનું પ્રમાણિત ફોર્મેટ જારી કર્યું છે. તેમજ તમામ ઝોનને તેનો તાત્કાલિક અમલ કરવા જણાવ્યું છે.

રેલવેના વાણિજ્યિક અધિકારીઓના જણાવ્યા અનુસાર ટ્રેનો અને સ્ટેશનો પર અનધિકૃત વિક્રેતાઓ ભેળસેળયુક્ત ખાદ્ય ઉત્પાદનો વેચતા હોવાથી ખરેખર સમસ્યા બની ગયા છે. આ પ્રકારના ખાદ્ય ઉત્પાદનો મુસાફરો માટે સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. તમામ ઝોનને જારી કરવામાં આવેલા એક પરિપત્રમાં જણાવાયું છે કે ટ્રેનો અને સ્ટેશનો પર અનધિકૃત વેચાણ મુદ્દાની(રેલવે) બોર્ડ કાર્યાલય દ્વારા તપાસ કરવામાં આવી છે. ગેરકાયદે વેચાણ પર લગામ કસવા માટે નિમ્નલિખિતને તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાની સલાહ આપવામાં આવે છે.

પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે ટ્રેનોની અંદર અથવા સ્ટેશનો પર વિવિધ સેવાઓ પ્રદાન કરવા માટે લાઇસન્સ પ્રાપ્ત કંપનીઓના તમામ અધિકૃત વિક્રેતાઓ/સહાયકો/કર્મચારીઓને સંબંધિત વ્યક્તિઓના નામ પર રેલવે વહીવટીતંત્ર/આઇઆરસીટીસી દ્વારા પ્રમાણિત ઓળખ કાર્ડ જારી કરવા જોઇએ. ઓળખ કાર્ડના ફોર્મેટમાં નામ, આધાર નંબર, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને તેની માન્યતા તારીખ, ડિપ્લોયમેન્ટ યુનિટ, પોલીસ વેરિફિકેશન તારીખ અને તેની માન્યતા, અને લાઇસન્સ પ્રાપ્ત પેઢીનું નામ દર્શાવવાની જોગવાઇ છે.

પરિપત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કોઇપણ વિક્રેતાને તેમનું ઓળખપત્ર સ્પષ્ટપણે દર્શાવ્યા વિના રેલવે સ્ટેશન પરિસરમાં ખાણીપીણીની વસ્તુઓ વેચવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ■

# ઝારખંડમાં ચેક ડેમમાં નહાતી વખતે ચાર યુવાન ડૂબ્યા

સરાઈકેલાઃ ઝારખંડના સરાઈકેલા-ખરસાવન જિલ્લામાં શનિવારે ચેક ડેમમાં નહાતી વખતે ૧૮-૨૦ વર્ષની વય જૂથના ચાર યુવાન ડૂબી ગયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના દારાઈકેલા પંચાયત વિસ્તારમાં બની હતી.

પોલીસ અધિક્ષક મુકેશ કુમાર લુનાયતે જણાવ્યું હતું કે દારાઈકેલા નાળામાં નહાતી વખતે ચેક ડેમના ઊંડા પાણીમાં ઉતર્યા બાદ યુવાનો ડૂબી ગયા હતા. આ મૃતદેહોને બહાર કાઢીને સદર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

એક અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે, આ યુવાનોની ઓળખ ગૌરવ મંડલ (૧૮), હરિવંશ દાસ (૨૦), સુનીલ સાઓ (૨૦) અને મનોજ સાઓ (૨૦) તરીકે થઈ છે.

ચારેય યુવાન ખારસાવન પોલીસ સ્ટેશન વિસ્તારના દારાઈકેલા ગામના રહેવાસી હતા. ■

# ઓનલાઇન સટ્ટોઃ રાણા દગ્ગુબાતીને ઈડીનું નવું સમન્સ

હૈદરાબાદઃ એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઈડી)એ કેટલાક પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદે ઓનલાઇન સટ્ટાબાજી અને જુગાર સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે બુધવારના રોજ હાજર ન થનાર અભિનેતા રાણા દગ્ગુબાતીને નવું સમન્સ પાઠવ્યું છે. ઈડીએ ૧૧ ઓગસ્ટની નવી તારીખ આપી છે. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૪૦ વર્ષીય રાણા દગ્ગુબાતીએ સમન્સ મુલતવી રાખવાની વિનંતી કરી હતી અને હવે તેમને ૧૧ ઓગસ્ટએ જુબાની આપવા માટે કહેવામાં આવ્યું છે. ફેડરલ તપાસ એજન્સીએ ગયા અઠવાડિયે ચાર અભિનેતાઓને આ કેસમાં પૂછપરછ માટે એજન્સીની ઝોનલ ઓફિસમાં અલગ-અલગ તારીખે હાજર રહેવા માટે સમન્સ જારી કર્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે દગ્ગુબાતી ઉપરાંત અભિનેતા પ્રકાશ રાજ(૬૦)ને ૩૦ જુલાઇ, વિજય દેવરાકોંડા(૩૬)ને ૬ ઓગસ્ટ અને લક્ષ્મી માંચૂ(૪૭)ને ૧૩ ઓગસ્ટના રોજ હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે આ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે ઇડી દ્વારા કુલ ૨૮ અભિનેતાઓ, સેલિબ્રિટીઓ, સોશ્યિલ મીડિયા ઇન્ફ્લુએન્સર અને આ એપ્સના મેનેજમેન્ટ કર્મચારીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કલાકારોની ઓનલાઇન સટ્ટાબાજી એપ્લિકેશનોનો પ્રચાર કરવાના આરોપસર તપાસ કરવામાં આવી રહી છે, જે કથિત રીતે ગેરકાયદે ભંડોળ એકત્ર કરવામાં સામેલ છે. સૂત્રોએ જણાવ્યું કે તેઓના હાજર થયા પછી એજન્સી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ તેમના નિવેદનો રેકોર્ડ કરશે.

ઈડી સૂત્રોના જણાવ્યા અનુસાર આ વ્યક્તિઓ પર સેલિબ્રિટી અથવા એન્ડોર્સમેન્ટ ફી માટે જંગલી રમી, જીતવિન, લોટસ૩૬૫ જેવી ઓનલાઇન સટ્ટાબાજી એપ્લિકેશનોનો 'એન્ડોર્સ' કરવાની આશંકા છે. સૂત્રોએ જણાવ્યું કે આ પ્લેટફોર્મ પર ગેરકાયદે સટ્ટાબાજી અને જુગાર દ્વારા કરોડો રૂપિયાના 'ગેરકાયદે' નાણાં કમાવવાનો આરોપ છે. ■




**યોગી અને ટૅકનોલૉજીઃ**
ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં શનિવારે ભારતની પ્રથમ એઆઈ ઑગમેન્ટેડ મલ્ટિડિસિપ્લીનરી યુનિવર્સિટીના ઉદ્ઘાટન દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (એજન્સી)

# રાહુલ-ગિલનો વળતો જવાબઃ આજે કશમકશ

## ઇંગ્લૅન્ડે ૩૧૧ રનની લીડ લીધા પછી ભારતના ૨/૧૭૪

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં શનિવારે ચોથી ટેસ્ટમાં ચોથા દિવસે ભારતે બીજા દાવમાં શરૂઆતમાં જ બે વિકેટ ગુમાવી દીધી ત્યાર પછી ત્રીજી વિકેટની મજબૂત ભાગીદારી સાથે બ્રિટિશરોને જોરદાર વળતો જવાબ આપ્યો હતો. રમતના અંત સુધીમાં ભારતનો સ્કોર બે વિકેટે ૧૭૪ રન હતો અને હજી સરસાઈ ઉતારવા ભારતે બીજા ૧૩૭ રન કરવાના બાકી હતા. એ જોતાં, રવિવારે ટીમ ઇન્ડિયા જો આ મૅચને ડ્રૉ કરાવવામાં સફળ થશે તો ૧૪૮ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસની અસાધારણ ડ્રૉ મૅચોમાં આ મુકાબલાનો સમાવેશ અચૂક થશે. ઇંગ્લૅન્ડ પાંચ મૅચની સિરીઝમાં ૧-૨થી આગળ છે.

ઓપનર કે. એલ. રાહુલ (૮૭ નૉટઆઉટ, ૨૧૦ બૉલ, આઠ ફોર) અને કૅપ્ટન શુભમન ગિલ (૭૮ નૉટઆઉટ, ૧૬૭ બૉલ, દસ ફોર) યાદગાર ઇનિંગ્સ રમી રહ્યા છે અને હવે તેઓ તેમ જ બીજા બૅટ્સમેનો ભારતને બચાવી શકશે કે કેમ એ રવિવારના અંતિમ દિવસે જોવું રહ્યું, કારણકે લંચ પહેલાંનું પ્રથમ સત્ર અત્યંત રસાકસીભર્યું રહેશે.

ઇંગ્લૅન્ડના પાંચ બોલરના આક્રમણને રાહુલ-ગિલની જોડીએ નાકામિયાબ બનાવ્યું હતું. તેમની ભાગીદારી યશસ્વી જયસ્વાલ (૦) અને સાઇ સુદર્શન (૦)ની વિકેટ બાદ ઝીરોના સ્કોર પરથી શરૂ થઈ હતી અને તેઓ ટીમના સ્કોરને રમતના અંત સુધીમાં ૨/૧૭૪ રન સુધી લઈ ગયા હતા.

ભારતનો બીજો દાવ હજી તો માંડ શરૂ થયો ત્યાં પ્રથમ ઓવરમાં ક્રિસ વૉક્સે પાંચમા બૉલમાં યશસ્વી (૦)ને અને છઠ્ઠા બૉલમાં સાઇ સુદર્શન (૦)ને આઉટ કરી દીધો હતો. ચોથા નંબરનો ગિલ ઓપનર રાહુલ સાથે વહેલો જોડાઈ ગયો હતો. આ સ્થળનો ઇતિહાસ છે કે ભારતીયો અહીં ક્યારેય ટેસ્ટ નથી જીતી શક્યા. આ મૅચ ડ્રૉમાં જશે તો પણ ભારત માટે ચમત્કાર કહેવાશે.

એ પહેલાં, ઇંગ્લૅન્ડે ૭/૫૪૪ના સ્કોર પરથી આગળ રમવાનું શરૂ કર્યું હતું અને ૫૬૩ રનના સ્કોર પર જ આઠમી વિકેટ ગુમાવી હતી. લિઆમ ડૉસનને બુમરાહે ક્લીન બોલ્ડ કર્યો હતો. તેણે ૬૫ બૉલમાં ૨૬ રન કર્યા હતા અને કૅપ્ટન બેન સ્ટૉક્સ સાથે ૩૫ રનની ભાગીદારી કરી હતી. ભૂતપૂર્વ સુકાની જૉ રૂટ (૧૫૦ રન) પછી કૅપ્ટન બેન સ્ટૉક્સ (૧૪૧ રન, ૧૯૮ બૉલ, ત્રણ સિક્સર, અગિયાર ફોર) પણ સદી ફટકારવામાં સફળ થયો હતો. તેણે સિરાજના બૉલમાં ફોર ફટકારીને ૧૪મી સદી પૂરી કરી હતી.

ઇંગ્લૅન્ડનો પ્રથમ દાવ ૬૬૯ રનના તોતિંગ સ્કોર પર પૂરો થયો હતો અને તેમણે ૩૧૧ રનની મોટી સરસાઈ લીધી હતી. બેન સ્ટૉક્સ ૧૪૧ રનના પોતાના સ્કોર પર જાડેજાના બૉલમાં સુદર્શનના હાથમાં કૅચઆઉટ થયો હતો. જાડેજાએ કુલ ચાર, વૉશિંગ્ટને બે, બુમરાહે પણ બે તેમ જ કંબોજ અને સિરાજે એક-એક વિકેટ લીધી હતી. ભારત માટે જીતવું મુશ્કેલ છે, પણ હવે મૅચને ડ્રૉમાં લઈ જવા ભારતીય બૅટ્સમેનોએ રનનો ઢગલો કરવા કમર કસવી પડશે.

# રૂટનું બૅટ ટકરાયું અને સિરાજના કાંડાની ઘડિયાળ નીચે પડી ગઈ!



મૅન્ચેસ્ટરઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટે રમાતી ટેસ્ટ સિરીઝમાં હરીફ ખેલાડીઓ વચ્ચે ઘણી વાર ઘર્ષણ થતા જોવા મળ્યા છે એવામાં જો અકસ્માતે પણ બન્ને ટીમના ખેલાડી એકબીજા સાથે ટકરાયા તો વિવાદ થવાનો ડર રહ્યો છે અને શુક્રવારે ઑલ્ડ ટ્રેફર્ડ ટેસ્ટના ત્રીજા દિવસે એવું જ બન્યું હતું. કરીઅરની ૩૮મી સેન્ચુરી ફટકારનાર જૉ રૂટ એક રન દોડી રહ્યો હતો ત્યારે ફૉલો-થ્રુમાં આવી ગયેલા બોલર મોહમ્મદ સિરાજ સાથે ટકરાયો હતો અને એમાં સિરાજે હાથમાં પહેરેલી ઘડિયાળ નીચે પડી ગઈ હતી.

ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં બાવનમી ઓવર સિરાજે કરી હતી જેના પાંચમા બૉલમાં આ ઘટના બની હતી. સિરાજે લેગ સાઇડ પર જે બૉલ ફેંક્યો જેને રૂટ ફ્લિક કરવાનું ચૂકી ગયો હતો અને બૉલ તેના પૅડને વાગ્યો હતો. સિરાજે હાથ ઊંચો કરીને અપીલ કરી એ જ ક્ષણે રન લેવા દોડવાની શરૂઆત કરનાર રૂટ તેની નજીક આવી ગયો હતો. અનાયાસે સિરાજ પાછળથી પૂરપાટ આવી રહેલા રૂટના માર્ગમાં આવી ગયો હતો. રૂટે તેની સાથેની ટક્કર ટાળવાનો પ્રયાસ કર્યો હતો અને અજાણતાં સિરાજના કાંડા સાથે રૂટનું બૅટ ટકરાયું હતું જેમાં સિરાજે પહેરેલી વૉચનો પટ્ટો નીકળી ગયો હતો અને ઘડિયાળ નીચે પડી ગઈ હતી. આ ઓચિંતી અને ઇરાદા વગરની ટક્કર થયા બાદ સિરાજ વૉચ ઉપાડીને ફરી કાંડા પર પહેરી રહેલો જોવા મળ્યો હતો. દરમ્યાન, ભારતે રૂટ વિરુદ્ધ એલબીડબ્લ્યૂની અપીલ માટે રિવ્યૂ લીધી હતી. જોકે બૉલ રૂટને ન વાગ્યો હોત તો સ્ટમ્પ્સને ન લાગ્યો હોત એવું જણાતાં થર્ડ અમ્પાયરે રૂટને નૉટઆઉટ જાહેર કર્યો હતો. રૂટે ૩૪૯ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૨૪૮ બૉલમાં ૧૪ ફોરની મદદથી ૧૫૦ રન કર્યા હતા. તેણે ઑલી પૉપ (૭૧ રન) સાથે ૧૪૪ રનની અને બેન સ્ટૉક્સ સાથે ૧૪૨ રનની ભાગીદારી કરી હતી. ■

# મુંબઈની ટીનેજ સ્કૅટર કોરિયામાં ચૅમ્પિયન



મુંબઈઃ મુંબઈમાં રહેતી ૧૩ વર્ષની રિધમ મામણિયાએ સ્કૅટિંગમાં અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. તે એશિયન સ્પર્ધામાં ચૅમ્પિયન બની છે.

સાઉથ કોરિયામાં આયોજિત એશિયન રૉયલ સ્કેટિંગ ચૅમ્પિયનશિપમાં રિધમે સૉલો ફ્રી ડાન્સ ઇવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે.

આ સ્પર્ધાની ૨૦મી સીઝન સાઉથ કોરિયાના જેક્યૉન સિટીમાં યોજાઈ અને એમાં ભારતીય સ્કૅટર રિધમ મામણિયા છવાઈ ગઈ હતી. છ વખત રાષ્ટ્રીય વિજેતા બનેલી રિધમ માટે ૨૦૨૫નું વર્ષ શુકનિયાળ સાબિત થયું છે.

રિધમ આ વર્ષની શરૂઆતમાં તાઇવાન આર્ટિસ્ટિક રોલર સ્કૅટિંગ ઓપન કૉમ્પિટિશન જીતી હતી. એમાં તેણે અનેક દેશોની સ્પર્ધકોને પાછળ રાખીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. પીટીઆઇના અહેવાલ મુજબ રિધમ ચાર વર્ષની હતી ત્યારથી સ્કૅટિંગ કરે છે. હવે તે બ્રિસ્બેનમાં પૅસિફિક કપ જીતવા પર ધ્યાન આપશે.

# ચેસ વર્લ્ડ કપ ફાઇનલનો રસાકસીભર્યો આરંભઃ પ્રથમ ગેમમાં દિવ્યા સામે હારતાં બચી ગઈ હમ્પી

## પ્રથમ ગેમ ડ્રૉ જતાં બન્નેને ૦.૫-૦.૫ પૉઇન્ટ મળ્યાઃ બીજી ગેમ રવિવારે

બાટુમી (જ્યોર્જિયા)ઃ મહિલાઓના ચેસ વર્લ્ડ કપમાં પહેલી જ વાર ફાઇનલમાં બન્ને ભારતીય સ્પર્ધક સામસામે છે અને એમાં તેમની પ્રથમ ગેમ શનિવારે ડ્રૉમાં જતાં બન્નેને ૦.૫-૦.૫ પૉઇન્ટ ફાળવવામાં આવ્યા હતા. આંધ્ર પ્રદેશની ૩૮ વર્ષની કૉનેરુ હમ્પી અને નાગપુરની ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખ વચ્ચે આ ટક્કર થઈ રહી છે જેમાં શનિવારના આરંભમાં દિવ્યાએ પ્રથમ ગેમમાં હમ્પીને લડત આપીને સામેની ગેમ ડ્રૉ કરી હતી.

આ ફિડે વર્લ્ડ કપની બીજી ગેમ રવિવાર, ૨૭મી જુલાઈએ (ભારતીય સમય મુજબ સાંજે ૪.૩૦ વાગ્યાથી) નિર્ધારિત હોવાનું ચેસડૉટકૉમની વેબસાઇટ પર જણાવવામાં આવ્યું હતું.

બે દિવસના આ વર્લ્ડ કપમાં શનિવારની પ્રારંભિક ગેમમાં બન્ને સ્પર્ધકને સરસાઈ મેળવવાની તક મળી હતી, પરંતુ તેમણે એ ગુમાવી હતી. જોકે આ ગેમમાં તેઓ પોતાને પરાજયથી બચાવવામાં પણ સફળ થઈ હતી.

બે વખત મહિલા ચેસમાં વર્લ્ડ રૅપિડ ચૅમ્પિયન બની ચૂકેલી હમ્પી શનિવારે દિવ્યા સામે કાળા મ્હોરાથી રમી હતી અને એમાં પહેલી ભૂલ તેણે જ કરી હતી. જોકે છેવટે ગેમને ડ્રૉ કરાવવામાં તે સફળ રહેતાં હવે બીજી ગેમમાં હમ્પી સફેદ મ્હોરાથી શરૂઆત કરીને દિવ્યા પર આક્રમણ કરી શકે એવી સ્થિતિ બની હતી.

ખરેખર તો ગેમ-વનમાં બે ગેમ હતી જેમાં બન્ને ભારતીય ફાઇનલિસ્ટે એકમેકને જોરદાર ટક્કર આપી હતી.

આ વર્લ્ડ કપમાં વિજેતા થનાર ખેલાડીને ૪૨ લાખ રૂપિયાનું પ્રથમ ઇનામ અને રનર-અપને ૨૯ લાખ રૂપિયાનું બીજું ઇનામ મળશે.

હમ્પી અને દિવ્યાએ પોતપોતાની સેમિ ફાઇનલમાં ચીની હરીફોને પરાજિત કરી હતી.

એ સેમિની પરાજિત ચીની ખેલાડીઓ ત્રીજા-ચોથા સ્થાન માટેની પ્રથમ ગેમમાં બરાબરીમાં રહી હતી. ઝોન્ગ્યી અને તિન્જિગ વચ્ચેની પ્રથમ ગેમ ડ્રૉમાં પરિણમી હતી.

# ગિલ-રાહુલ બ્રિટિશરોની ‘બૉડીલાઇન’ બોલિંગના નિશાન





મૅન્ચેસ્ટરમાં ગઈ કાલે બ્રિટિશ બોલર્સે શુભમન ગિલ અને કે. એલ. રાહુલની એકાગ્રતા તોડવા તેમની સામે ઘાતક બોલિંગની અજમાયશ કરી હતી. જોકે તેઓ લાંબા સમય સુધી તેમની ભાગીદારી તોડવામાં નિષ્ફળ રહ્યા હતા.

# અશ્વિન, રોહિત અને વિરાટ પછી હવે બુમરાહ જલદી નિવૃત્તિ જાહેર કરશેઃ કૈફ

## ‘ક્રિકેટપ્રેમીઓ, બુમરાહ વિનાની ટેસ્ટ જોવાની આદત પાડો, તેને શરીરનો સાથ નથી મળતો અને બૉલનો વેગ ઘટ્યો છે’

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફનું એવું માનવું છે કે જસપ્રીત બુમરાહને શરીરનો બહુ સાથ નથી મળી રહ્યો એ જોતાં રવિચન્દ્રન અશ્વિન, રોહિત શર્મા અને વિરાટ કોહલી પછી હવે બુમરાહ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેનાર ભારતનો ચોથો હાઈ-પ્રોફાઇલ ક્રિકેટર બનશે.

મૅન્ચેસ્ટરમાં ઑલ્ડ ટ્રેફર્ડ ટેસ્ટમાં શુક્રવારના ત્રીજા દિવસે ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન બોલર બુમરાહ અસલ ફૉર્મમાં નહોતો લાગ્યો. તે ૨૮ ઓવરમાં એકમાત્ર જૅમી સ્મિથની વિકેટ લઈ શક્યો હતો.

ક્રિકેટરમાંથી કૉમેન્ટેટર બનેલા કૈફે ‘એક્સ’ પર પોતાના હૅન્ડલ પર પોસ્ટ કરેલા વીડિયોમાં ત્યાં સુધી જણાવ્યું હતું કે ‘મને લાગે છે કે જસપ્રીત બુમરાહ આગામી ટેસ્ટ મૅચોમાં રમતો નહીં જોવા મળે. બની શકે કે તે બહુ જલદી ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દેશે. અશ્વિન, રોહિત અને વિરાટ પછી હવે નિવૃત્તિ લેવાનો બુમરાહનો વારો છે. ભારતીય ક્રિકેટપ્રેમીઓએ બુમરાહ વગરની ટેસ્ટ મૅચો જોવાની આદત પાડી દેવી પડશે.’

કૈફ ૪૪ વર્ષનો છે. તે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૬ દરમ્યાન ૧૩ ટેસ્ટ અને ૧૨૫ વન-ડે રમ્યો હતો. તેણે વીડિયોમાં એવું પણ કહ્યું છે કે ‘આશા રાખું છું કે બુમરાહ વિશે હું જે કંઈ કહી રહ્યો છું એ ખોટું પડે, પરંતુ મેં ઑલ્ડ ટ્રેફર્ડમાં જે કંઈ જોયું એના પરથી મને લાગ્યું છે કે તે ટેસ્ટ-ક્રિકેટ એન્જૉય નથી કરી રહ્યો. તે ફિટનેસ અને વર્કલૉડની બાબતમાં પોતાના શરીર સાથેની લડાઈમાં જાણે હારી ગયો લાગે છે. તેનામાં જોશ, જુસ્સો અને પૅશન પહેલા જેવા જ છે, પણ શરીરનો તેને સાથ નથી મળી રહ્યો. આવી સ્થિતિમાં કોઈ કરે પણ શું? તેણે ન ગમતો નિર્ણય લેવો જ પડે.’

કૈફે બુમરાહ વિશે ‘ખુદ્દાર બંદા હૈ...’ એવું કહીને ઉમેર્યું હતું કે ‘મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટમાં તેના બૉલમાં વેગ ઘટી ગયેલો લાગ્યો છે. તે કલાકે ૧૨૫થી ૧૩૦ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકે છે. તેણે જે વિકેટ લીધી એમાં વિકેટકીપર (ધ્રુવ જુરેલે) આગળની તરફ ડાઇવ મારીને કૅચ પકડવો પડ્યો હતો. બુમરાહ જ્યારે ફુલ્લી ફિટ હોય ત્યારે બૉલ બૅટ્સમૅનના ખભાની ઊંચાઈ સુધી ઉછળતો હોય છે. બુમરાહનો આવો ફાસ્ટ બૉલ રૂટને ફેંકાયો હોય કે બેન સ્ટૉક્સને, તેમને એ બૉલ પોતાના ખભાની નજીકથી જોરદાર વેગ સાથે પસાર થઈ ગયો હોવાનું ફીલ થતું હોય છે. તે એવો બોલર છે જે કોઈ પણ સંજોગોમાં કોઈ પણ બૅટ્સમૅનની વિકેટ લઈ શકે, પરંતુ મને લાગે છે કે હવે તેને શરીરનો જોઈએ એવો સાથ નથી મળી રહ્યો.’

થોડા મહિના પહેલાં રોહિતે જ્યારે ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ જાહેર કર્યું ત્યારે નવા કૅપ્ટન તરીકે બુમરાહનું નામ ચર્ચામાં સૌથી પહેલાં હતું, પરંતુ ખુદ તેણે વર્કલૉડને કારણે કૅપ્ટન બનવાની ના પાડી દીધી હતી અને સિલેક્ટરોએ શુભમન ગિલ પર કળશ ઢોળ્યો હતો.

ખુદ બુમરાહે ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટ સિરીઝ પહેલાં કહ્યું હતું કે ‘મેં જ બીસીસીઆઇને કહી દીધું હતું કે નવા કૅપ્ટન તરીકે મારી ગણતરી નહીં કરતા. હું ઇંગ્લૅન્ડમાં પૂરી પાંચ ટેસ્ટ નથી રમવાનો અને એ સ્થિતિમાં હું ત્રણ મૅચમાં સુકાન સંભાળું અને બાકીની બે મૅચમાં બીજું કોઈ નેતૃત્વની જવાબદારી સંભાળે એ ટીમ માટે જ ઠીક ન કહેવાય. હું હંમેશાં ટીમનું હિત પહેલાં જોઉં છું.’

બુમરાહે ૨૦૨૪ની સાલમાં વર્લ્ડ નંબર-વનની રૅન્ક મેળવી હતી, પણ ત્યાર બાદ ૨૦૨૫ના વર્ષની શરૂઆતથી જ તેને ફિટનેસની સમસ્યા નડી છે.

# બુમરાહના નામે લખાયો અણગમતો વિક્રમ

## કરીઅરમાં પહેલી જ વાર તેની બોલિંગમાં એક દાવમાં ૧૦૦ રન બન્યા



મૅન્ચેસ્ટરઃ ટેસ્ટ-ક્રિકેટનો ૩૧ વર્ષીય વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ (૩૩-૫-૧૧૨-૨) ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં ધાર્યા જેટલું સારું પર્ફોર્મ નથી કરી શક્યો એવામાં તેણે એવો અનિચ્છનીય વિક્રમ પોતાના નામે જોવો પડ્યો જે તેણે સાડાસાત વર્ષની શાનદાર ટેસ્ટ કારકિર્દીમાં ક્યારેય નહોતો જોયો. પહેલી જ વાર ટેસ્ટના એક દાવમાં બુમરાહની બોલિંગમાં ૧૦૦ રન બનાવવામાં આવ્યા છે. બીજી રીતે કહીએ તો આ પહેલાં ૯૦ ઇનિંગ્સમાં ક્યારેય તેની બોલિંગમાં ૧૦૦ રન નહોતા થયા, પણ મૅન્ચેસ્ટરમાં તેની એ મનગમતી પરંપરા તૂટી ગઈ.

બુમરાહ આ પહેલાં ૪૭ ટેસ્ટ રમ્યો હતો જેના ૯૦ દાવમાં તેની બોલિંગમાં (એક દાવમાં) વધુમાં વધુ ૯૯ રન બન્યા હતા. એવું ડિસેમ્બર, ૨૦૨૪માં મેલબર્નમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં બન્યું હતું, પરંતુ શનિવારે મૅન્ચેસ્ટરમાં તેનો એ મનગમતો રેકૉર્ડ તૂટી ગયો હતો અને તેની ૩૩ ઓવરમાંથી પાંચ મેઇડન ઓવરને બાદ કરતા બ્રિટિશ બૅટ્સમેનોએ ૧૧૨ રન કર્યા હતા.

મૅન્ચેસ્ટર ટેસ્ટમાં બુમરાહને ૧૧૨ રનમાં માત્ર બે વિકેટ મળી. તેણે વિકેટકીપર જૅમી સ્મિથ (૯ રન)ને કાર્યવાહક વિકેટકીપર ધ્રુવ જુરેલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો અને પછી તેણે લિઆમ લૉસન (૨૬ રન)ને ક્લીન બોલ્ડ કર્યો હતો.

બુમરાહ વર્કલૉડનો સામનો કરી રહ્યો છે અને તેની ટેસ્ટ-કરીઅરની પૂર્વસંધ્યા આવી ગઈ હોવાનું કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓનું માનવું છે. તેણે જાન્યુઆરી, ૨૦૧૮માં કેપ ટાઉનમાં ટેસ્ટ કરીઅરની શરૂઆત કરી હતી. જોકે તે વન-ડે અને ટી-૨૦માં ૨૦૧૬ની સાલથી જ રમે છે.

### બુમરાહના ટેસ્ટ-દાવના સૌથી ખરાબ આંકડા

૨/૧૧૨, મૅન્ચેસ્ટર, ઇંગ્લૅન્ડ સામે, ૨૦૨૫

૪/૯૯, મેલબર્ન, ઑસ્ટ્રેલિયા સામે, ૨૦૨૪

૧/૮૮, વેલિંગ્ટન, ન્યૂ ઝીલૅન્ડ, ૨૦૨૦

૫/૮૫, નૉટિંગમ, ઇંગ્લૅન્ડ, ૨૦૧૮

૩/૮૪, ચેન્નઈ, ઇંગ્લૅન્ડ, ૨૦૨૧ ■

# ન્યૂ ઝીલૅન્ડ ટ્રાયેન્ગ્યુલર સિરીઝમાં ચૅમ્પિયન

હરારેઃ ઝિમ્બાબ્વે સહિત ત્રણ દેશ વચ્ચેની ટી-૨૦ ટ્રાય સિરીઝમાં શનિવારે ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડ (૨૦ ઓવરમાં ૫/૧૮૦)નો સાઉથ આફ્રિકા (૨૦ ઓવરમાં ૬/૧૭૭) સામે ત્રણ રનથી વિજય થયો હતો. કિવીઓના ૧૮૦ રનમાં કૉન્વે (૪૭ રન) અને રચિન રવીન્દ્ર (૪૭ રન)ના સૌથી મોટા યોગદાન હતા, પરંતુ સાઉથ આફ્રિકાને ૧૮૧ રનના લક્ષ્યાંક સુધી ન પહોંચવા દેવામાં ફાસ્ટ બોલર મૅટ હેન્રી (૧૯ રનમાં બે વિકેટ)નું સૌથી મોટું યોગદાન હતું અને તેને મૅન ઑફ ધ ફાઇનલનો તેમ જ સ્પર્ધામાં સૌથી વધુ ૧૦ વિકેટ લેવા બદલ મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પણ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# મૅન્ચેસ્ટરમાં સ્ટૉક્સની મિજબાની, આર્ચરની હતાશા

મૅન્ચેસ્ટરમાં ગઈ કાલે ઇંગ્લૅન્ડના કૅપ્ટન બેન સ્ટૉક્સે ભારત સામેની ટેસ્ટમાં સદી ફટકારીને સેલિબ્રેટ કરી હતી. તે એક જ ટેસ્ટમાં સેન્ચુરી કરવા ઉપરાંત દાવમાં પાંચ વિકેટ લેનાર ટૉની ગ્રેગ અને ઇયાન બૉથમ તેમ જ ગસ ઍટકિન્સન પછીનો ચોથો બ્રિટિશ ઑલરાઉન્ડર બન્યો હતો. જોકે તે જાડેજાના બૉલમાં ૧૪૧ રને આઉટ થઈ જતાં એક જ ટેસ્ટમાં ૧૫૦ રન અને પાંચ વિકેટની સિદ્ધિ ચૂકી ગયો હતો. બીજી તરફ, ભારતના બીજા દાવમાં ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર એક અપીલ બાદ નિરાશ થઈને જમીન પર બેસી પડ્યો હતો.






# બેન સ્ટૉક્સ કરતાં જાડેજા ચડિયાતો ઑલરાઉન્ડરઃ કપિલ

## ઇંગ્લૅન્ડના બીજા દાવમાં જાડેજાએ ચાર વિકેટ લીધીઃ સિરીઝમાં કુલ ૩૪૭ રન કર્યા



નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દાવમાં ચાર વિકેટ લેનાર સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા વિશે ૧૯૮૩ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન કપિલ દેવે કહ્યું છે કે ‘ ઑલરાઉન્ડર તરીકેના વર્તમાન ફૉર્મ પરથી મને લાગે છે કે બેન સ્ટૉક્સ કરતાં રવીન્દ્ર જાડેજા ક્યાંય ચડિયાતો ઑલરાઉન્ડર છે.’

જાડેજાએ ઇંગ્લૅન્ડના બીજા દાવમાં ઓપનર ઝૅક ક્રૉવ્લી (૮૪ રન), જૉ રૂટ (૧૫૦ રન), બેન સ્ટૉક્સ (૧૪૧ રન) અને બ્રાયડન કાર્સ (૪૭ રન)ની વિકેટ લીધી હતી.

ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા જાડેજાએ વર્તમાન ટેસ્ટ શ્રેણીમાં કુલ સાત વિકેટ લીધી છે તેમ જ ચાર મૅચમાં કુલ ૩૪૭ રન કર્યા છે.

બીજી બાજુ, આ જ શ્રેણીમાં બેન સ્ટૉક્સના કુલ ૩૦૪ રન છે. જોકે તેણે સિરીઝમાં સૌથી વધુ ૧૬ વિકેટ લીધી છે.

એકંદરે, ટેસ્ટ કરીઅરમાં જાડેજાના નામે ૨૫.૦૯ની બોલિંગ સરેરાશે કુલ ૩૨૮ વિકેટ અને ૩૬.૮૦ની ઍવરેજે ૩,૭૧૭ રન છે. સામી બાજુએ, બેન સ્ટૉક્સે ૩૧.૬૪ની સરેરાશે ૨૨૯ વિકેટ લીધી છે અને કુલ ૭,૦૦૦થી વધુ રન કર્યા છે.

કપિલ કહે છે, ‘હું સરખામણી નથી કરવા માગતો, પરંતુ મારા મતે સ્ટૉક્સ કરતાં જાડેજા ચડિયાતો ઑલરાઉન્ડર છે.’

# યશસ્વીનો ત્રણ દાવમાં બીજો ઝીરો





યશસ્વી જયસ્વાલ ગઈ કાલે બીજા દાવની પહેલી જ ઓવરના ચોથા બૉલ પર ક્રિસ વૉક્સ (ડાબે)ના બૉલ પર ઝીરો પર આઉટ થઈ ગયો હતો. ફર્સ્ટ સ્લિપમાં તે જૉ રૂટના હાથમાં કૅચઆઉટ થયો હતો. તે ત્રણ દાવમાં બીજી વાર ખાતું નથી ખોલાવી શક્યો. લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટના બીજા દાવમાં તે જોફ્રા આર્ચરના બૉલમાં શૂન્યમાં આઉટ થયો હતો. યશસ્વીએ ચોથી ટેસ્ટના પ્રથમ દાવમાં ૫૮ રન કર્યા હતા, પણ ભારતને તેના અસાધારણ પર્ફોર્મન્સની ખાસ જરૂર હતી ત્યારે તે પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી બેઠો હતો. (એપી/પીટીઆઇ)

# મહિલાઓની સુરક્ષા માટેના કાયદાઓનો આડેધડ દુરુપયોગ રોકવો જરૂરી છે...



**દહેજની ફરિયાદ પછી બે મહિના સુધી ‘આરોપી’ની ધરપકડ ન કરવાનો આદેશ આપીને આપણી સર્વોચ્ચ અદાલતે એક બહુ જ યોગ્ય અને સમયસર પગલું લીધું છે, જેથી આવા કાયદાનો દુરુપયોગ તાત્કાલિક રોકી શકાય...**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

હંમેશાં વિવાદાસ્પદ રહેલા જગદીપ ધનખડના ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામાની ભાંજગડમાં સુપ્રીમ કોર્ટે દહેજના કેસો અંગે આપેલા એક બહુ મહત્ત્વના આદેશ તરફ લોકોનું ધ્યાન દોરાયું નથી.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, ‘દહેજ માટે પતિ તથા સાસરિયાં દ્વારા અત્યાચાર થાય છે.’ એવી ફરિયાદોના કેસમાં ઈન્ડિયન પિનલ કોડ (IPC)ની કલમ ૪૯૮એ લગાવવામાં આવી હોય એવા ‘આરોપી’ની બે મહિના સુધી ધરપકડ કરવી નહીં...

ભારતમાં દહેજની કુપ્રથાને રોકવા માટે અલગ કાયદો છે, જ્યારે ઈન્ડિયન પિનલ કોડ (IPC)ની કલમ ૪૯૮એ હેઠળ પતિ કે સાસરિયાં દ્વારા આચરાતી ક્રૂરતા સામે મહિલાને રક્ષણ આપવાની જોગવાઈ છે.

મોટા ભાગના કેસોમાં દહેજની માગણીની સાથે સાથે દબાણ લાવવા માટે પતિ અને સાસરિયાં દ્વારા પત્નીની મારઝૂડ હિતના અત્યાચારો કરવામાં આવે છે તેથી ડાઉરી પ્રોટેક્શન એક્ટ, ૧૯૬૧ની સાથે સાથે કલમ ૪૯૮એ પણ લગાવવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો દહેજનો મુદ્દો હોય અને કલમ ૪૯૮એ લગાવવામાં આવી હોય એ પ્રકારના કેસો માટે છે. પત્ની સાથે ક્રૂરતાની કલમ ૪૯૮એના બીજા કેસોમાં આ આદેશ લાગુ નહીં પડે. આઇપીસીની કલમ ૪૯૮એનું સ્થાન હવે ભારતીય ન્યાય સંહિતા એટલે કે ‘બીએનએસ’ની કલમ ૮૬એ લઇ લીધું છે. તેથી નવા કેસોમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૬ હેઠળના કેસોમાં આ આદેશ લાગુ પડશે.

બીજા શબ્દોમાં કહીએ તો સુપ્રીમ કોર્ટના આ આદેશનો અર્થ એ છે કે, આ પ્રકારના કેસોમાં પોલીસ કોઈ પણ પ્રકારની ઉતાવળ ન કરે અને પૂરતી તપાસ કરીને પછી જ પગલાં લે. મહિલા ફરિયાદ નોંધાવવા આવે કે તરત કાર્યવાહી કરીને સાસરિયાંને અંદર કરી દેવામાં આવે છે તેના બદલે પોલીસ પુરાવા તપાસીને પગલાં લે. બે મહિનામાં મહિલા પોલીસને પોતાની સાથે દહેજની માગણી માટે ક્રૂરતા આચરવામાં આવી છે તેના મજબૂત પુરાવા આપે તેનો મતલબ એ થયો કે, મહિલાની ફરિયાદ જેન્યુઈન છે-સાચી છે અને સાસરિયાંને દબાવવા માટે ડરાવવા માટે આ કલમનો દુરુપયોગ થયો નથી. એ સંજોગોમાં પોલીસે કાયદા પ્રમાણે કાર્યવાહી કરવાની છે તેથી આ ચુકાદાને કારણે મહિલાઓ પર અત્યાચાર કરનારાને કોઈ રાહત નથી મળવાની.

સુપ્રીમ કોર્ટના આ આદેશના મૂળમાં અલ્લાહાબાદ હાઈકોર્ટની ગાઈડલાઈન છે. પત્ની પર અત્યાચાર રોકવા માટે બનાવાયેલી ઈન્ડિયન પિનલ કોડ (IPC)ની કલમ ૪૯૮એને દહેજના કેસો સાથે જોડીને તેનો ભારે દુરુપયોગ થાય છે એવી ફરિયાદોના પગલે કલમ ૪૯૮એનો દુરુપયોગ અટકાવવા માટે અલ્લાહાબાદ હાઇ કોર્ટ દ્વારા ગાઇડલાઇન જાહેર કરવામાં આવી હતી. હાઈ કોર્ટની આ ગાઈડલાઈનને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી, પણ સુપ્રીમ કોર્ટે અરજીને ફગાવી દઈને ગાઈડલાઈનને માન્ય રાખી છે. ઉત્તર પ્રદેશમાં આ ગાઈડલાઈન લાગુ કરી દેવામાં આવી છે, પણ હવે સુપ્રીમ કોર્ટે આદેશ આપતાં દેશભરમાં તેનો અમલ થશે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઇ, ન્યાયાધીશ એ.જી. મસીહની બેંચે આ આદેશ આપ્યો એ પહેલાં પણ સુપ્રીમ કોર્ટ અનેક વખત ઘરેલુ હિંસા વિરોધી આઇપીસીની કલમ ૪૯૮એના દુરુપયોગ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી ચૂકી છે. તેનું કારણ ૪૯૮એના કેસોનો અતિ દુરુપયોગ છે. આ કલમ હેઠળ પતિ સામે તો આક્ષેપો થાય છે એની સાથે સાસુ-સસરા, નણંદ-નણદોઈ સહિતનાં સાસરિયાંને પણ લપેટી લેવાય છે. ઘણા કેસમાં તો સાસુ-સસરા વયોવૃદ્ધ હોય ને માંડ માંડ ચાલી શકતા હોય છતાં એમણે ક્રૂરતા આચરી હોવાના આક્ષેપ મૂકવામાં આવે છે. નણંદ કે નણંદોઈ સાથે ના રહેતાં હોય ને બીજા શહેરમાં રહેતાં હોય તો પણ એમને આરોપી બનાવી દેવામાં આવે છે. મોટા ભાગના કેસોમાં વૃદ્ધ માતા- પિતા કે દૂર રહેતાં સગાંએ શું ક્રૂરતા આચરી હતી તેનો કોઇ જ ઉલ્લેખ કર્યા વગર થયેલી ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે અનેક કેસમાં આ પ્રકારની ફરિયાદોને રદ કરી હતી અને ચિંતા વ્યક્ત કરી હતી. અલ્લાહાબાદ હાઇ કોર્ટમાં આવો જ કેસ આવતાં ૨૦૨૨માં હાઈ કોર્ટે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને ગાઇડલાઇન જાહેર કરી હતી.

સુપ્રીમ કોર્ટે બહુ મહત્ત્વની ટિપ્પણી એ પણ કરી છે કે, ૪૯૮એનો આડેધડ ઉપયોગ ભારતીય લગ્ન સંસ્થાની પરંપરાગત સુંદરતાને નષ્ટ કરી નાખશે તેથી તેનો દુરુપયોગ રોકવો જરૂરી છે.

સર્વોચ્ચ કોર્ટનો આ ચુકાદો બહુ મહત્ત્વનો છે અને તેના કારણે મહિલાઓ વિરોધી ગુનાઓના દુરુપયોગના બીજા કેસોમાં પણ આ જ પ્રકારની રાહત અપાશે એવો આશાવાદ ઊભો થયો છે. ભારતમાં મહિલાઓના રક્ષણ માટે સંખ્યાબંધ કાયદા છે, પણ ઘણા બધા કાયદાઓનો આડેધડ દુરુપયોગ થાય છે. પતિ અને પત્નીને ના બનતું હોય એટલે પત્ની સાસરિયાંને સીધાં કરવા ડોમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠપકારી દે એવું સંખ્યાબંધ કેસોમાં બને છે.

ભારતમાં બળાત્કારના કાયદાનો પણ આવો જ દુરુપયોગ થાય છે. કોઈ મહિલાને અન્ય પુરૂષ સાથે લગ્નેતર સંબંધો હોય પછી પકડાઈ જાય ત્યારે પેલા પુરુષ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી દેવામાં આવે એવું બહુ બને છે. યુવતી પોતાની મરજીથી યુવક સાથે સંબંધ બાંધે પણ વાકું પડે ત્યારે લગ્નના બહાને બળાત્કાર કર્યો હોવાની ફરિયાદો પણ નોંધાય છે. આ તમામ પ્રકારના કેસોમાં કાયદાનો દુરુપયોગ થાય છે. કોઈ પણ મહિલા પર અત્યાચારનો કોઈને અધિકાર નથી ને એવા અત્યાચારીને સજા થવી જ જોઈએ, પણ અત્યાચારને રોકવા માટે બનાવાયેલા કાયદાનો દુરુપયોગ પણ અપરાધ જ કહેવાય. આ અપરાધને રોકવા પણ જરૂરી છે કેમ કે તેના કારણે ઘણા નિર્દોષ લોકોની જિંદગી બરબાદ થાય છે.

સુપ્રીમ કોર્ટનો આદેશ આ દિશામાં પહેલું કદમ છે. ■

## કાયદા અનેક છે, પણ... કેસોની સંખ્યા સતત વધી રહી છે

‘નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ડેટા પ્રમાણે ૨૦૧૭માં કલમ ૪૯૮એ હેઠળ નોંધાયેલા કેસોની સંખ્યા ૧,૦૪,૫૫૧ હતી. ૨૦૧૮માં થોડી ઘટીને ૧,૦૩,૨૭૨ થઈ, જ્યારે

૨૦૧૯માં ૧,૨૫,૨૯૮ કેસ નોંધાયા હતા. ૨૦૨૨માં આ કલમ હેઠળ ૧,૪૦,૦૧૯ કેસ નોંધાયા હતા. મતલબ કે, છ વર્ષમાં કેસોનીં સંખ્યામાં લગભગ ૩૫ ટકાનો વધારો થયો છે.

મોટા ભાગનાં લોકો પત્ની પર અત્યાચારના કેસ, દહેજ ઉત્પીડન અને ડોમેસ્ટિક વાયોલન્સ એટલે કે ઘરેલુ હિંસાને એક જ કેસ માને છે, પણ વાસ્તવમાં દહેજ ઉત્પીડન અને ઘરેલુ હિંસા માટે અલગ અલગ કાયદા છે જ્યારે કલમ ૪૯૮એ પત્ની સાથે ક્રૂર વ્યવહાર કે અત્યાચારને લગતી છે. દહેજ ઉત્પીડનના મોટા ભાગના કેસોમાં કલમ ૪૯૮એ પણ લગાવાતી હોવાથી ત્રણેય કાયદા સરખા હોવાની છાપ ઊભી થઈ છે. ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ અને ડાઉરી પ્રોહિબિશન એક્ટ ૧૯૬૧ કલમ ૪૯૮એથી અલગ છે.

ઈન્ડિયન પિનલ (IPC) ની કલમ ૪૯૮એ હેઠળ સ્ત્રી પર એના પતિ કે સંબંધીઓ દ્વારા ક્રૂરતા આચરાય તો પોલીસ ફરિયાદ નોંધાવી શકાય છે. આ કલમ ‘ક્રૂરતા’ને ઇરાદાપૂર્વકના વર્તન તરીકે વ્યાખ્યાયિત કરે છે. સ્ત્રીને આત્મહત્યા કરવા અથવા ગંભીર ઇજા પહોંચાડવાની અથવા એના જીવન, અંગ અથવા સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરવાની સંભાવના ધરાવતા વ્યવહારને ‘ક્રૂરતા’ ગણવામાં આવે છે.

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ફ્લોટિંગ સિટીઝ

## અનપૅક કરો એકવાર, જાગો દરરોજ નવી દુનિયામાં!



થોડાં વર્ષ પૂર્વે હું ક્રુઝીઝ વિશે વિચારતો હતો. આપણે ઘણા બધા માટે દિલ ધડકને દો પ્રવાસની આ અદભુત પદ્ધતિમાં પ્રથમ વાસ્તવિક ઝાંખી હતી. જોકે ઝાકઝમાળ અને વધતી ઉત્સુકતા છતાં ક્રુઝ હોલીડિઝ વિશે ભારતમાં હજુ પણ ગેરસમજૂતી પ્રવર્તે છે.

વીણા વર્લ્ડ પારંપરિક રીતે જમીન - આધારિત ટુર પર કેન્દ્રિત છે. જોકે તે છતાં અમે અમારા પ્રવાસીઓને પૃથ્વીના અંત સુધી લઈ ગયા છીએ.હા, આર્કટિક અને એન્ટાર્કટિકામાં પણ.

મને 2013માં મારો એન્ટાર્કટિકાનો પ્રવાસ હજુ પણ યાદ છે. તે ખરેખર જીવન પરિવર્તનકારી અનુભવ હતો. આથી જ આ લેખમાં હું ક્રુઝીઝ વિશે વાત કરવાનો છું - તે શું છે, તે મહત્ત્વપૂર્ણ શા માટે છે અને ભારતીય પ્રવાસીઓ માટે તે અનુકૂળ કેમ બની શકે તે વિશે વાત કરવાનો છું.

**ક્રુઝીઝ શા માટે?**

ક્રુઝીઝને તેની સહજતા વિશેષ બનાવે છે. તમારે ફક્ત એક વાર અનપૅક કરવાનું હોય છે. તમારી આ ફ્લોટિંગ હોટેલ તમને એકથી અન્ય સ્થળે લઈ જાય છે, જેમાં ભોજન, મનોરંજન અને ગાઈડેડ સેરનો પણ સમાવેશ હોય છે. ફ્લાઈટ પકડવાની ઉતાવળ અથવા રોજ રાત્રે નવી હોટેલોમાં ચેક-ઈન કરવાની ઝંઝટ નહીં.

ક્રુઝીઝ સુંદર રીતે બહુમુખી પણ છે. પરિવારોને વોટરપાર્કસ, બાળકોને ક્લબ અને અહોરાત્ર મનોરંજન ગમે છે. યુગલોને રોમાન્સઅને ખોજ બંને મળી રહે છે, જેથી હનીમૂન અથવા એનિવર્સરીઓ માટે પરફેક્ટ છે. વરિષ્ઠોને સહજતા અને આરામ જોઈતો હોય છે,જ્યારે કોર્પોરેટ ગ્રુપ્સને નવીનતા અને નિયોજન સુવિધા જોઈતી હોય છે.

ક્રુઝીઝ ભારતીયો માટે વધુ પહોંચક્ષમ બની ગયું છે તે વધુ રોમાંચક બાબત છે. મુંબઈ, કોચી, દુબઈ અને સિંગાપોર જેવાં બંદરો પરથીજહાજ પ્રસ્થાન કરે છે. પ્રવાસની આ પદ્ધતિ હવે વૈશ્વિક છે અને ભારતીય અગ્રતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી હોય છે.

**હવે ક્રુઝિંગ વિશેની ખોટી માન્યતાઓ દૂર કરીએ**

ઘણા બધા ભારતીય પ્રવાસીઓ માટે "ક્રુઝ" શબ્દ હજુ પણ અપરિચિત છે. તે ખોટી માન્યતાઓથી ઘેરાયેલું છે,જેથી લોકો તે અજમાવવાથી મોટે ભાગે નિરુત્સાહ બની જાય છે.

મને જહાજ પર કંટાળો આવશે: વાસ્તવમાં આધુનિક ક્રુઝ ફ્લોટિંગ સિટીઝ જેવું હોય છે. રોલર કોસ્ટર, ઝિપ લાઈન્સ, આઈસ રિંક્સ, ગો-કાર્ટ ટ્રેક, લાઈવ શો, સ્પા, કૂકિંગ ક્લાસીસ વિશે જરા વિચારો, આ યાદી નિરંતર ચાલતી રહે તેમ છે. તમે દરિયાકાંઠા પર ઊતર્યા વિના પણ જહાજ પર બધું જોતાં અને માણતાં આસાનીથી દિવસો વિતાવી શકો છો.

ક્રુઝીઝ ધનાઢ્યો માટે હોય છે: આ વધુ એક ખોટી માન્યતા છે. અત્યંત લક્ઝરી ક્રુઝીઝ છે (અને તે ખરેખર અદભુત છે) ત્યારે મોટા ભાગના ક્રુઝ કિફાયતી અને મૂલ્ય સાથે સમૃદ્ધ હોય છે. તમારો મુકામ, ખાદ્ય, મનોરંજન અને પ્રવાસ એમ બધું જ સમાવિષ્ટ હોવાથી તે સ્માર્ટ, ખર્ચ કિફાયતી પસંદગી છે.

તો હવે લક્ઝરી ક્રુઝિંગની અનોખી બાબતો વિશે જાણીએ. આ મહિને જ લોન્ચ કરવામાં આવેલું રિટ્ઝ - કાર્લટન યોટ લુમિનારા ફક્ત 226 સ્યૂટ્સ ધરાવે છે અને સમુદ્રમાં બુટિક હોટેલ સમાન છે. આગામી વર્ષે ઓરિયન્ટ એક્સપ્રેસ કોરિન્થિયન અતિસુંદર નવા જહાજ સાથેની લીજેન્ડરી બ્રાન્ડનું નવું રૂપ છે. 2027 માં અમન્સ અમાનગીરી એટ સીની સેર શરૂ થવાની છે, જેને પ્રાઈવેટ રિટ્રીટની જેમ ઘડવામાં આવી છે, એટલે કે, અસલ અમાન સ્ટાઈલમાં તે મિનિમાલિસ્ટ અને મનોહર છે. તેમનું મોજૂદ ક્રુઝ અમાનદિરા ફક્ત પાંચ કેબિન અને 14 ક્રુ સભ્ય ધરાવે છે, જે ઈન્ડોનેશિયામાં અફલાતૂન ડાઈવ એક્સપીડિશન્સ પ્રદાન કરે છે.

જોકે તે વિશે ક્યારેય અન્ય લેખમાં વાત કરીશું. મોટા ભાગના લોકો માટે ક્રુઝીઝ ધાર્યા કરતાં પણ બહુ કિફાયતી છે અને મોટે ભાગે અલગથી ફ્લાઈટ બુકિંગ, હોટેલ, ભોજન અને સ્થળદર્શન કરતાં સસ્તું છે.

જો હું સીસિક બની જાઉં તો શું થશે? : જહાજની આધુનિક ડિઝાઈન અને સ્ટેબિલાઈઝર્સને આભારી મોટા ભાગના પ્રવાસીઓને ભાગ્યે જ જહાજની મુવમેન્ટ મહેસૂસ થાય છે.તમારી સેર અત્યંત તોફાની સમુદ્રમાં હોય તે સિવાય મોશન સિકનેસ ભાગ્યે જ સમસ્યારૂપ બને છે.ક્રુઝીઝ બહુ જ જડ હોય છે: આધુનિક ક્રુઝ લાઈન્સ હવે સાનુકૂળ ભોજનનો સમય, સેરની પસંદગીઓ અને વિવિધ અનુભવો પ્રદાન કરે છે. તમે દરેક બંદર પર ફરવા માગતા હોય કે પૂલ પાસે પુસ્તક વાંચતાં વાંચતાં રિલેક્સ કરવું હોય, તે સંપૂર્ણપણે તમારી પસંદગી છે.

ટૂંકમાં ક્રુઝિંગ હવે પહેલાં જેવું રહ્યું નથી અને તે જ તેના વિશે સારી બાબત છે.

**મોટાં નામ**

એક વાર હું ક્રુઝીઝની દુનિયામાં ઊંડાણથી ઊતર્યો ત્યારે તે કેટલું વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ છે તે જાણીને અચરજ પામ્યો.હોટેલ અથવા રિસોર્ટની પસંદગી કરાય તે જ રીતે યોગ્ય ક્રુઝ લાઈનની પસંદગી તમારા અનુભવને યાદગાર બનાવી શકે છે.

ડિઝની ક્રુઝ લાઈન પરિવારો માટે ચમત્કારી અનુભવ હોય છે. ડિઝનીનાં પાત્રો સાથે મીટ-એન્ડ-ગ્રીટ્સ, થીમ્ડ ડાઈનિંગ, બ્રોડવે-સ્ટાઈલ મ્યુઝિકલ્સ અને આકાશમાં આતશબાજી વિશે વિચારો. તે બાળકો અને પુખ્તો માટે પણ અવિસ્મરણીય અને રોમાંચક છે.

રોયલ કેરિબિયન ઈન્ટરનેશનલ આ વિખ્યાત મેગાશિપ સર્ફ સિમ્યુલેટર્સ, વોટરપાર્કસ, લેઝર ટેગ અને લાઈવ શોથી ભરચક હોય છે.તેમનું નવીનતમ જહાજ આઈકોન ઓફ ધ સીઝ દુનિયાનું સૌથી વિશાળ ક્રુઝ જહાજ છે, જેમાં 7000 જેટલા પ્રવાસીઓ સમાઈ શકે છે.બહુપેઢી પરિવારો અથવા મોટા ગ્રુપ્સ માટે તે ઉત્તમ છે.

નોર્વેજિયન ક્રુઝ લાઈન તેના "ફ્રીસ્ટાઈલ" ક્રુઝિંગ માટે અનોખી તરી આવે છે. તેમાં ભોજનનો કોઈ નિશ્ચિત સમય નથી, ડ્રેસ કોડની સખ્તાઈ નથી. ફક્ત આઝાદી અને ફ્લેક્સિબિલિટી. તેમનાં આધુનિક જહાજો રિલેક્સ અને ફનનું સંમિશ્રણ ચાહતા યુગલો અને યુવા પ્રવાસીઓ માટે આદર્શ છે.

કોર્ડેલિયા ક્રુઝીઝ ભારતની પોતાની ક્રુઝ લાઈન છે, જે મુંબઈ અને ચેન્નાઈ જેવાં બંદરો પરથી પ્રસ્થાન થાય છે. ડોમેસ્ટિક પ્રવાસીઓ માટે ક્રુઝિંગમાં તે પ્રથમ મોટું પગલું છે, જે મનોરંજનથી ભરચક વીકએન્ડ ગેટઅવેઝ ઓફર કરે છે.

અન્ય એક મજેદાર ક્રુઝ લાઈનમાં તેમની યુરોપિયન છાંટ સાથે એમએસસી અને કોસ્ટાનો સમાવેશ થાય છે. સેલિબ્રિટી ક્રુઝીઝ પર દાખલારૂપ સેવા હોય છે અને સિલ્વરસી નાનાં લક્ઝરી જહાજ છે અને તે આર્કટિક અને ગાલાપેગોઝ જેવાં સ્થળો ખાતે સેર કરાવે છે.

**તમારે માટે કયું ક્રુઝ અનુકૂળ રહેશે?**

ક્રુઝિંગ બધા વેકેશન એકમાં જ બંધબેસી જાય એવું નથી. આથી જ તે વધુ રોમાંચક બની જાય છે.

પરિવાર સાથે પ્રવાસ?: મેડિટરેનિયન અથવા કેરિબિયન ક્રુઝીઝ આદર્શ છે. આ આઈટિનરીઓમાં રોમ, બાર્સેલોના, સેન્તોરિની જેવાં સ્વર્ણિમ બંદરો અથવા બહામાઝઅને સેન્ટ લુસિયા જેવાં સ્થળોને આવરી લે છે. સમુદ્રમાં દિવસો આરામદાયક હોય છે, જ્યારે બંદર પર દિવસો એક્શન - પેક્ડ હોય છે.

યુગલો અથવા હનીમૂનર્સ?: યુરોપની સેર કરાવતી ડેનુબ અથવા રાઈન રિવર ક્રુઝ વિશે વિચારો. આ નાનાં જહાજો ધીમી ગતિએ ચાલે છે અને વિયેના, બુડાપેસ્ટ અને સ્ટ્રેસબુર્ગ જેવાં નયનરમ્ય શહેરો ખાતે થોભે છે. ઈતિહાસ, સંગીત અને રોમાન્સ ચાહનારા માટે તે આદર્શ છે.

અસલ સાહસિકો માટે: એન્ટાર્કટિકા અથવા આર્કટિક માં એક્સપીડિશન ક્રુઝીઝ જીવન પરિવર્તનકારી છે. પેન્ગ્વિન્સ, આઈસબર્ગ્સ અને ગ્લેશિયલ લેન્ડસ્કેપ્સ. આ પ્રવાસ દુનિયાની ધાર પરનો છે. અનુભવ પરથી કહી શકું છું કે પૃથ્વી પર તેના જેવું કશું જ નથી.

મિત્રો સાથે ઉજવણી અથવા રિયુનિયનનું નિયોજન?: સાઉથઈસ્ટ એશિયા થકી ક્રુઝીઝ-સિંગાપોરથી થાઈલેન્ડ અથવા મલેશિયા ટૂંકી, સ્વર્ણિમ આઈટિનરી ઓફર કરે છે,જેમાં શોપિંગ, શો, નાઈટલાઈફ અને સ્વાદિષ્ટ ખાણીપીણીનો સમાવેશ થાય છે. અને તમારે રોજેરોજ રિપેક કરવાની જરૂર નથી.

દરેક માટે ક્રુઝ છે. તમારે ફક્ત તમારી પ્રવાસ શૈલી સાથે તમારા પ્રવાસને મૅચ કરવાનો હોય છે.

**શરૂઆત ક્યાંથી કરવી?**

તમારું ડેસ્ટિનેશન પસંદ કરવાનું મહત્ત્વપૂર્ણ છે:

મેડિટરેનિયન: ઈતિહાસ, સંસ્કૃતિ અને આઈકોનિક શહેરોથી ભરચક છે.

નોર્ધર્ન યુરોપ: જોર્ડસ, રજવાડાઓ અને લાંબા સમરના દિવસો વિશે વિચારો.

કેરિબિયન: આરામ, ટ્રોપિકલ અને રિલેક્સિંગ.

સાઉથઈસ્ટ એશિયા: રંગબેરંગી બજારો, મસાલેદાર વાનગીઓ અને આગામી ડિઝની સેઈલિંગ્સ પરિવારો માટે ઉત્તમ છે.

ક્રુઝ ઈકોસિસ્ટમ સમજે તેમની સાથે બેસીને નિયોજન કરવું જોઈએ. "પોર્ટ ફીઝ," "કેબિન કેટેગરીઝ" અને "શોર એક્સકર્સન્સ" જેવા શબ્દો સાંભળતાં થોડું ગૂંચવાઈ જવાય છે. જોકે જાણકાર પ્રવાસ સલાહકાર તેને આસાન બનાવી શકે છે.

તો હવે વાત અહીં પૂરી કરું છું: ક્રુઝિંગ ભારતીય પ્રવાસીઓ માટે હજુ પણ ગો-ટુ વિકલ્પ નથી, પરંતુ તે હોવો જોઈએ. એક વાર તેનો અનુભવ કરતાં ઘણા બધા પ્રવાસીઓ તે શા માટે અપનાવે છે તે તમે પોતે સમજી જશો. દેખીતી રીતે જ તે તમને ધીમા પડવા, રિકનેક્ટ થવા અને આરામથી એક્સપ્લોર કરવા માટે આમંત્રિત કરે છે.

અને દરેક સપ્તાહે તમે મને લખો છો તે બધાનો આભાર. તમારા neil@veenaworld.com પર ઈમેઈલ દરેક લેખને આકાર આપવામાં મદદરૂપ થાય છે. કૃપા કરી લખતા રહેશે. ફરી આગામી સપ્તાહમાં મળીશું!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

તમારા પરિવારની ડ્રિમ ક્રૂઝ તૈયાર છે!
ડિઝ્ની ની મેજિકથી લઈ જેન્ટિંગ ની મજા સુધી, ક્રૂઝ હોલિડે એ સેલિબ્રેશન છે.
એક્સપ્લોર કરો, રિલેક્સ કરો અને બોન્ડ બનાવો... એક જ ટ્રિપમાં બધું અનફર્ગેટેબલ. તમારા પરિવારને કઈ ક્રૂઝ બોલાવી રહી છે?

| | |
|---|---|
| સિંગાપોર વિથ ગેન્ટિંગ ડ્રીમ ક્રૂઝ 4 Days - ₹45,000 | સિંગાપોર ફૂકેટ વિથ ગેન્ટિંગ ડ્રીમ ક્રૂઝ 5 Days - ₹55,000 |
| સેલેસ્ટિયલ ક્રૂઝ દુબઈ કતાર ઓમાન (8D) - ₹96,000 | સિંગાપોર વિથ ડિઝ્ની ક્રૂઝ 5 Days - ₹100,000 |

T&C Apply
Book Online 365 days 24x7 Visit veenaworld.com




Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

# કાનસેન અને તાનસેન

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

*મારે પૂરતી છે એક ચાદર, પણ-*
*જિંદગીનો હુકમ છે- રળતર વણ...*

*છેતરાતા નહીં! અહમ છે નર્યો*
*નમ્રતા થઈને આવ્યો છે આ ક્ષણ*

જી હા, આંખાકર્ષક શીર્ષકની વાત આગળ વધારું એ પહેલાં તમે અનેકવાર અનુભવ્યું હશે તમારી આજુબાજુમાં એ વાત તમને જણાવી દીધી. ઈઝરિયલની મુખ્યા ગોલ્ડામિરે તો આ શેર કરતાંય અનેકગણી આગળની વાત કરી હતી, વિનમ્ર ના બનતા. તમે એટલા મહાન નથી...

છતાંય, કેટલાક જન્મજાત જિનિયસમાં કુદરતી નમ્રતા એમની સાદાઈ પાછળ એવી સુંદર લપાઈ જાય કે તમને એ સહજતાનું ઉદાહરણ લાગવા માંડે. આજે આ રહી એવી એક વિનમ્રતાની ત્રિવેણી.

નવરત્ન સજ્જ દરબાર ધરાવતા અકબર વિષે એમ કહેવું કે ઉત્તમ પારખુ હતા તો એ પુનરુક્તિ દોષ થઈ જાય, અકબર એટલે જ પારખુ. સંગીતમાં પ્રવેશે ત્યારે અકબર મટી જાય અને બની જાય કાનસેન અને પાછા એમના દરબારરત્ન કોણ?! સ્વયમ્ સુરઃ તાનસેન...




એ કાનસેન એકવાર તાનસેનને બોલ્યાઃ તાનસેન! બહુ વાર તારા સંગીતને સાંભળી હું એવો આંદોલિત થઈ જાઉં છું કે મને એમ થવા માંડે છે કે આ પૃથ્વી પર તારા જેવું કોઈ નહીં... તું બેજોડ છે, તું અદ્વિતીય છે, પણ ક્યારેક સવાલ પણ ઊઠે છે કે... કાલે રાતે જ થયું તું વીણા વગાડીને ગયો પછી અને હું ગદગદ હતો અને કલાકો તલ્લીન રહ્યો; તું તો ચાલી ગયો, વીણા પણ વધાવી લીધી પણ મારી અંદર કંઈક બજતું રહ્યું બજતું રહ્યું અને એ બજવાનું બંધ થયું ત્યારે મને આ સવાલ ઉઠ્યો, આ સવાલ ઘણી વાર પહેલાં પણ ઉઠ્યો છે - આજે તને પૂછી જ લઉં છું... સવાલ મને હંમેશાં એ થાય છે કે તું કોઈ પાસેથી શીખ્યો હશે, કોઈ ગુરુ હશે... કોણ જાણે તારા ગુરુ તારાથી પણ અદ્‌ભુત હશે. તેં ક્યારેય કહ્યું નહીં, મેં કોઈ દિવસ પૂછ્યું નહીં, આજે પૂછું છું, છુપાવતો નહીં. તારા ગુરુ જીવિત છે? અગર જીવિત હોય તો મારે એમના દર્શન કરવા છે. જો જીવિત હોય તો એકવાર એમને દરબાર લઈ આવ... એમનું સંગીત સુણું... જેથી આ જીજ્ઞાસા મારી મટી જાય. તાનસેને કહ્યુંઃ મારા ગુરુ જીવિત છે. હરીદાસ એમનું નામ છે. એ એક ફકીર છે. એ યમુનાના તટ પર એક ઝૂંપડામાં રહે છે, પણ તમે જે માગ કરો છો એ પૂરી કરવી મારા બસની બહાર છે. એમને દરબાર ન લાવી શકાય, હા દરબારને ત્યાં જવું હોય તો વાત ઔર છે. એ અહીં નહીં આવે. એમની કોઈ માગ જ નથી. હું તો અહીં આવું છું, મારી તો માંગો છે કેટલીય... હું તો અહીં આવું છું કારણ ધનમાં મને રસ છે. રહી તુલનાની વાત તો મહેરબાની કરીને મારી તુલના એમનાથી ન કરો. ક્યાં હું ક્યાં એ! હું ફરકું નહીં એમની આજુબાજુ... મને તો ભૂલી જ જાઓ આપ. એમની સાથે મારું નામે ય ન રખાય. અકબર તો કુતૂહલથી ઔર ભરાઈ ગયા. બોલ્યા કોઈ ફિકર નહીં. તો હું આવીશ. આજે જ જઈશું. તાનસેને કહ્યું ઔર અડચણ છેકે એ ફરમાઈશથી નહીં ગાય. એવું નથી કે આપ આવો એટલે એ ગાય. અકબર બોલ્યાઃ તો કેવી રીતે એ ગાશે? તાનસેન બોલ્યાઃ મુશ્કેલ છે, બહુ મુશ્કેલ. એક જ ઉપાય છે, ચોરીથી સાંભળીએ તો. જ્યારે એ ઝંકૃત થાય ત્યારે સાંભળીયે તો છે. કાંઈ નક્કી નહીં. પણ હું પતો મેળવું છું. આમ તો સવારે ત્રણ વાગે ઊઠીને એ વગાડે છે. વર્ષો એમની પાસે રહ્યો છું. એ ઘડી એ છોડતા નથી. જ્યારે તારામંડળ વિદાય લેવાની પાસે પહોંચતું હોય, હજુ સવાર થઈ ના હોય, રાત્રિ અને દિવસના એ મિલનસ્થળ પર એ અપૂર્વ ગીતોની વણઝારને આવકારે છે. એમનાથી અલૌકિક સંગીત જન્મે છે. આપણે છુપાઈ જવું પડશે. આપણે રાત્રે બે વાગ્યાથી બેસી જઈએ. કદી ત્રણ વાગે ગાય, કદિક ચાર વાગે, કદિક પાંચ વાગે. કોણ જાણે ક્યારે. આપણે લપાઈને બેસવું પડશે, ચોરી ચોરી સાંભળવું પડશે. જો એમને ખબર પડી જાય કે કોઈ છે તો કદાચ ન યે ગાયે. અકબરની તો જિજ્ઞાસા એવી ઉછાળા મારે કે બોલ્યા આપણે જઈશું જ...

પછી... પછી શું થયું?! તારાની વિદાય અને પૂર્વ દિશાની ક્ષિતિજ પરના ટપકાઓના મિલને અપૂર્વ સંગીત એ પરોઢે જન્માવ્યું કે નહીં? આવતા રવિવારે ઓશોની આ અદ્‌ભુત વાર્તા આગળ વધારીએ.

આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

'આપ ઘરવાલોં કો ઇન્ફોર્મ કર સકતે હો' સોલંકીએ નિર્મલને કહ્યું. પછી કંઇક વિચારીને પોતાનો મોબાઇલ કાઢીને ફોન જોડ્યો.

'હેલ્લો ડો. શાહ, એક કેસ મયલો છે સાહેબ. હા....હા..બીજાં પ્લેન પણ આવવાનાને. હા, ચેકિંગ માટે સ્ટાફ છે જ તાં આગાડી. બઉ બધા કેસ મલહે તો આપણી બીએમસીની હોસ્પિટલમાં એટલી જયગા ની મલે સાહેબ.' સોલંકીએ ચિંતા બતાવી.

'આપણે કંઇક વ્યવસ્થા કરીશું. સરકારને પણ ચિંતા છે.' ડો. શાહે શાંતિપૂર્વક જવાબ આપ્યો.

નિર્મલે એને ગુજરાતીમાં બોલતો સાંભળીને પૂછ્યુંઃ 'તમે ગુજરાતી છો?'

'લો, તમે સાંભયળુ તો હો પૂછો છો?'

નિર્મલે પોતાના પર્સમાંથી રૂપિયાની નોટો કાઢીને બતાવતા કહ્યુંઃ 'સાહેબ, આ બધા રૂપિયા લઇ લો. આમાં થોડા ડૉલર પણ છે, પણ પ્લીઝ મને ઘરે જવા દો.' સોલંકીએ રૂપિયાની નોટો સામે થોડીવાર જોયા કર્યું, પછી બોલ્યોઃ 'આ પૈહા મેલી દો ગજવામાં સાહેબ ને કોરોનાની ટેસ્ટ કરાવી લો. બઉ જરૂરી છે તમારા અને તમારા કુટુંબના જીવ માટે.'

નિર્મલ છોભીલો પડી ગયો. એની આંખોમાં પસ્તાવો ઝળઝળિયા બનીને છલકાયો.

'મારે ઘરે જાવું છે, બધા મારી રાહ જુએ છે. મારી દીકરી કિનુ રાહ જુએ છે. એ હાથ જોડીને કરગરવા લાગ્યો.

સોલંકી મહાનગર પાલિકાના હેલ્થ ડિપાર્ટમેન્ટનો એક સાવ સામાન્ય અધિકારી. આઠ-નવ વર્ષની નોકરીમાં એણે ક્યારેય લાંચ લીધી નહોતી. હા, નોકરીમાં કામચોરી ખૂબ કરતો. એણે લગ્નની જંજાળ પાળી નહોતી. એકલો રામ હતો. મહાપાલિકાએ આપેલા ફ્લેટને પોતાનું આખરી ધામ માની લીધું હતું. પણ આખા વિશ્વને પોતાના બાનમાં પકડી લેનારી કોરોના નામની વિચિત્ર મહામારીએ એના આત્માને ઢંઢોળી નાખ્યો હતો. ઘડિયાળને કાંટે નોકરી કરનાર કામચોર સોલંકી હવે સમય જોયા વિના રાત-દિવસ કામ કરતો થઇ ગયો હતો. હોસ્પિટલમાં ભરતી કરાતા કોરોનાના દરેક દર્દીનું અંગત ધ્યાન રાખવાથી લઇને મૃતદેહની સોંપણી સહિતની તમામ કામગીરી કરવા લાગ્યો હતો. કોરોના નામની મહામારીએ સોલંકીમાં રોપેલા માનવતાના બીજ અંકુર બનીને ફુટી રહ્યા હતા.

'તમે ચિંતા ના કરો, લગાડો...ઘરે ફોન લગાડો ને જાણ કરી મૂકો. બે-ત્રણ દાડાનો સવાલ છે, સાહેબ. ટેસ્ટમાં નેગેટિવ કે પોઝિટિવ ખબર પડી જહે.' સોલંકીએ કહ્યું.

નિર્મલનું દિમાગ સુન્ન થઇ ગયું હતું. ભારે હૃદયે ને ધ્રુજતા હાથે ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો. પવિત્રાના છેલ્લાં કોલ પર મૂકેલી આંગળી કાંપી રહી હતી. એણે આંખ મીંચી દઇને બટન દાબ્યું.

'એરપોર્ટ પર ઊતરી ગયો? ક્યાં પહોંચ્યો? કેટલીવારમાં આવે છે? તને મૂકવા કંપનીની કાર આવશેને....અમે બધા...' પવિત્રાના અવાજમાંથી આતુરતા...ઉમળકો....આવેગ ધસી આવ્યા.....

'પવિત્રા, મુંબઇ એરપોર્ટ પર ચેક-અપ થયું...મારે હોસ્પિટલમાં દાખલ થવું પડે એમ છે કોરોનાની ટેસ્ટ માટે....પોઝિટિવ આવશે તો ચૌદ દિવસ ક્વોરન્ટાઇન પણ...' આટલું બોલતા તો એની જીભ થોથવાઇ ગઇ...આખા શરીરે પરસેવો વળી ગયો. અમેરિકામાં અનુભવેલી બેચેની લાગવા માંડી. એ વખતે તો એણે એન્ઝાઇટી હોવાનું માનીને સાવચેતી માટે એક ગોળી લઇ લીધી હતી.

પવિત્રા પર વીજળી ત્રાટકીઃ 'શું થયું? કઇ હોસ્પિટલ?'

નિર્મલને ક્યાં ખબર હતી કે એને કઇ હોસ્પિટલમાં લઇ જવામાં આવી રહ્યો હતો. એણે સોલંકીને પૂછ્યું.

'જી. જી. ભોય હોસ્પિટલ.' સોલંકીએ જવાબ આપ્યો. નિર્મલ ક્યાંય સુધી મોબાઇલ પકડીને બેસી રહ્યો.

***************

'ઓહ માય ગોડ, આ શું થઇ ગયું?' પવિત્રા હોલમાં આંટા મારવા લાગી. મમ્મી-પપ્પા અને કિનુ અંદરના રૂમમાં હતાં. 'નિર્મલની ટેસ્ટ થશે, ટેસ્ટ પોઝિટિવ આવી તો ચૌદ દિવસ ક્વોરન્ટાઇન અને એ ચૌદ દિવસમાં જો કંઇ વધુ થયું તો...' પોતાની અંદરથી ધસી આવી રહેલા ભયાનક શબ્દોને નહીં સાંભળવા એણે કાન પર હાથ મૂકી દીધા. એની સામે બીજી એક વિકરાળ સમસ્યા મોં ફાડીને ઊભી હતીઃ મમ્મી-પપ્પાને આની જાણ કેમ કરવી? મમ્મીનું તો હૃદય બેસી જશે...વૃદ્ધત્વને આંબી ગયેલા મમ્મી-પપ્પા અને નાનકડી કિનુ...કોણ આ વરવી વાસ્તવિકતા ઝીરવી શકશે? એણે એક ઊંડો શ્વાસ લીધો....થોડી સ્વસ્થ થઇ....મન મક્કમ કરીને એણે અંદર જવા પગ ઉપાડ્યો ત્યાં મમ્મી-પપ્પા દબાતે પગલે બહાર આવ્યાં. એની પાછળ કિનુ આવી.

'અચાનક આવી પડતી કટોકટી કે પરિસ્થતિને અટકાવવા કોઇ માણસ ક્યારેય દરવાજો બંધ કરી શક્યો નથી. એનો સામનો કરવા આપણી પાસે સિવાય બીજો કોઇ માર્ગ ક્યાં હોય છે? બધું શ્રીજી પર છોડી દે.' મમ્મીએ પવિત્રાના ખભે હાથ મૂકતા કહ્યું.

'સવાર પડવા દો, કંઇક રસ્તો નીકળશે.' પપ્પા બોલ્યા.

'પણ પપ્પાજી, સવાર કેમ કરીને પડશે?' પવિત્રા રડી પડી. કિનુ મમ્મીની ભીની આંખ લૂછવા લાગી.

***************

ચાર માળની જી. જી. ભોય હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ પ્રવેશી કે તરત જ વોચમેન સાયરનના અવાજથી સફાક ઊભો થઇ ગયો. ઊંઘથી ઘેરાયેલી એની આંખમાં કોરોનાના દર્દી માટે કોઇ કરુણા નહતી. મદદ કરવાની વાત તો બાજુએ રહી....એ આંખથી પણ દર્દીને સ્પર્શવા માગતો નહતો. એમ્બ્યુલન્સ ઊભી રહી અને સાયરન બંધ થયું કે તરત જ એ ફરી નિંદ્રાદેવીને આધીન થઇ ગયો.

પીળા રંગની જૂની ઇમારતના આંગણામાં પથરાયેલા પીળા પ્રકાશથી હોસ્પિટલ વધુ બિહામણી લાગતી હતી. એમાં કોરોનાએ એની ભયાનકતામાં ઓર વધારો કર્યો હતો. મરણને બિછાને પડેલી હોસ્પિટલને બદલે એ ગામને છેડે આવેલા કોઇ સ્મશાનઘાટ જેવી વધુ લાગતી હતી. નિર્મલને થયું એને કોઇ હોસ્પિટલ નહીં, પણ સ્મશાનમાં લવાયો છે.

ડ્રાઇવરે દરવાજો ખોલ્યો. પહેલા સોલંકી બહાર નીકળ્યો, પછી નિર્મલે બહાર પગ મૂક્યો. એની નજર છેક છેવાડે કાળા પ્લાસ્ટીકમાં પગથી માથા સુધી મૂસ્કેટાટ બાંધીને કતારમાં મૂકી રાખેલા ત્રણ-ચાર મૃતદેહો પર પડી. મૃતદેહોને સોશ્યલ ડિસ્ટન્સ જેવું ક્યાં કંઇ હોય છે...! નિર્મલ વિચારી રહ્યો હતો.

'આનો નિકાલ કરવાનો હવે સવારે મેળ પડશે, સાહેબ' ડ્રાઇવરે સોલંકીને કહ્યું.

ડ્રાઇવરે વાપરેલો 'નિકાલ' શબ્દ નિર્મલને ખૂંચ્યો. માણસ મૃત્યુ પામે એટલે નકામી વસ્તુ કે જણસ થઇ જાય? કેવી વક્રતા...ગઇકાલ સુધી જે માણસ સોહામણો હોય મૃત્યુ પછી એ બિહામણો બની જાય. એક ખૂણામાં ઝાડની નીચે પડી રહેલા એ મૃતાત્માઓ પ્રત્યેનું અણજાણ ખેંચાણ એને એ તરફ દોરી જવા લાગ્યું. એ મૃતદેહો આગળ વધ્યો.

> 'ઓ પરભુ, તું માણહજાત હાયરે આ કેવું બેહૂદું વર્તન કરી રિયો છે. એક માણહ બીજા માણહને અડી હકતો નથી.'

'ઓ સાહેબ, તાં આગાડી ની જતા. ચેપ લાગી જહે.' સોલંકીની ચિંતાએ એને ચોંકાવી દીધો. એના પગ થંભી ગયા. જન્મથી શરૂ થતી ઉજાણીઓ અને ઉત્સવોનો આ સૌથી કરુણ અને વરવો અંત છે....બદલાય છે તો માત્ર સ્થળ અને સંજોગ...! વિચારતો નિર્મલ પાછો ફર્યો.

**************

કેશુકાકા ઘરે પહોંચ્યા ત્યારે એમનો દીકરો કિસન અને વહુ કાશ્મીરા જાગતાં હતાં. કોરોનાના ભયે બાપ-દીકરાને ભેટવા ન દીધા, પણ કેશુકાકાને આના કરતાં પણ વધુ દુઃખ અંદર સૂઇ રહેલા પૌત્ર કિલ્લોલના માથે હાથ ન ફેરવી શક્યાનું હતું. કાશ્મીરા કેશુકાકાને દૂરથી પગે લાગીને એમની બેગને સેનેટાઇઝ કરવા લાગી. કેશુકાકા કિલ્લોલને જોવા અંદર જવા લાગ્યા કે તરત કિસન બોલ્યોઃ 'પપ્પા, તમે પહેલાં નાહી લો, પછી કિલ્લોલને મળજો. હવે બહુ પ્રેક્ટિકલ બનવું પડશે.' કિસનને બોલતો જોઇને કાશ્મીરા પણ બોલીઃ 'આખી દુનિયામાં મોતના આંકડા વધતા ચાલ્યા છે.'

કેશુકાકા બાથરૂમ તરફ જતા જતા બોલ્યાઃ 'ઓ પરભુ, તું માણહજાત હાયરે આ કેવું બેહૂદું વર્તન કરી રિયો છે. એક માણહ બીજા માણહને અડી હકતો નથી.'

કિસનને પિતાના આવા વેણ કાળજે લાગ્યા. એ બાપને ભેટવા આગળ વધ્યો એટલે કેશુકાકએ કહ્યુંઃ 'નહીં દીકરા, સ્પર્શ આટલો ઘાતકી હોય તો લોહીના સંબંધે પણ અંતર રાખવું....આપણે સહુએ જીવ બચાવવાના છે.'

કેશુકાકાએ પૌત્રને મળવાની અદમ્ય ઇચ્છાથી ઝડપથી નાહી લીધું. પછી સીધા એના રૂમમાં કિલ્લોલને માથા હાથ મૂક્યો. ગાલ પર હળવો સ્પર્શ કર્યો. દાદાના સ્પર્શને જાણે કિલ્લોલ ઓળખી ગયો હોય એમ એના ચહેરા પર સ્મિત ફરક્યું. કેશુકાકા બહાર નીકળ્યા ત્યારે કિસન એમને ભેટવા તત્પર હતો. થોડી ક્ષણોમાં બન્નેના હૃદયના ધબકારા એકાકાર થઇ ગયા.

'હવે તમે આરામ કરો.' કિસન બોલ્યો, પણ કેશુકાકા એને ક્યાંય સુધી ગળે વળગાડીને ઊભા રહ્યા. વ્યાજના માસૂમ સ્પર્શ પછી મુદ્દલને હૈયાસરસું ચાંપી રાખવાનું કયા બાપને ન ગમે?

**************

કેશુકાકા પથારીમાં પડ્યા, પણ ઊંઘ નહોતી આવતી. પડખાં ફેરવતા રહ્યા.. આંખ લાગતી નહોતી. એમની નજર સામે વારેવારે નિર્મલનો ચહેરો આવ્યા કરતો હતો. મુસાફરીમાં આટલો વખત સાથે હતા, પણ નંબર ન લીધો. એમને ભારે અફસોસ થઇ રહ્યો હતો. થોડી થોડીવારે બહાર પસાર થતી એમ્બ્યુલન્સના ભયાનક અવાજથી એ થથરીને ઊભા થઇ જતા. 'નિર્મલને કોરોના હશે? નિર્મલે મને સીટ બેલ્ટ બાંધી આપેલો. શું મને પણ કોરોનાનો ચેપ લાગ્યો હશે?' કેશુકાકાના શરીરમાં ભયનું લખલખું પસાર થઇ ગયું. એ પથારીમાંથી ઊભા થઇ ગયા. એનું આખું શરીર થરથરતું કાંપવા લાગ્યું.

***************

નિર્મલ સોલંકીની પાછળ પાછળ હોસ્પિટલમાં દાખલ થયો. એક ખૂણામાં રિસેપ્શનિસ્ટ ટેબલની પાછળ ખુરસી પર માથું ટેકવીને સૂતી હતી. દરવાજાના અવાજથી એનેસ્થેસિયાનો દરદી ભાનમાં આવી રહ્યો હોય એમ જરા સળવળી. સોલંકીને જોઇને પરાણે બોલીઃ 'પેશન્ટ હૈ?' સોલંકીએ કોઇ જવાબ આપ્યો નહીં એટલે રજિસ્ટર ખોલીને નિર્મલની સામે જોઇને કહ્યુંઃ 'નામ બોલો.'

સોલંકીએ હવે તાડુકીને કહ્યુંઃ 'પહેલે તુમ માસ્ક પહેનો.' એનું રહ્યુંસહ્યું ઘેન ઊતરી ગયું. એણે તરત જ ટેબલના ખાનાંમાંથી માસ્ક કાઢીને પહેરી લીધું.

'સાહેબ, તમારો પાસપોર્ટ એને આપી દોની.' નિર્મલ પાસપોર્ટ ટેબલ પર મૂકે એ પહેલા એણે સેનિટાઇઝરની બોટલ બતાવી. નિર્મલે પાસપોર્ટને સેનિટાઇઝ કરીને ટેબલ પર મૂક્યો.

નિર્મલે આસપાસ નજર દોડાવી. લોબીની એક બાજુ લિફ્ટ હતી. એની બાજુમાં લાકડાનો દાદર હતો. લિફ્ટની બરાબર સામે એક નાનકડો રૂમ હતો જેની ઉપર લેબોરેટરી લખ્યું હતું. એની લગોલગ બીજો એક રૂમ હતો, કદાચ એ વોર્ડ હતો....જે પ્રમાણમાં ઘણો મોટો હતો. સોલંકી એ વોર્ડમાં ગયો. વોર્ડનો દરવાજો અધખુલ્લો રહી ગયો. નિર્મલે અંદર નજર ફેરવી. નાઇટલેમ્પનાં ઝાંખા...બ્લ્યુ પ્રકાશમાં જે જોઇ શક્યો એ આ હતુંઃ 'બે બેડની વચ્ચે લગભગ બે ફૂટનું અંતર હતું. અણધારી આફત ઓઢીને દરદીઓ સૂતા હતા. કેટલાંક પડખાં ઘસતા હતા. વોર્ડમાં એક ભેદી ફફડાટ હતો. કેટલાંક સવાર પડવાની રાહ જોતા પથારીમાં બેઠા હતા.' દુનિયામાં દરેક માણસ સોનેરી સવારની રાહ જોતો હોય છે. અહીં દરદીઓ સ્વસ્થ સવારની રાહ જોતા હતા.

(ક્રમશઃ)■


વાર તહેવાર
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@
bombaysamachar.com

## દશા માતાની આરાધનાઃ
# પરંપરાની સાથે આધુનિક સમયની શ્રદ્ધા

આસ્થાળુઓ માટે દશા મા- માતા શક્તિ સ્વરૂપા દેવી તરીકે પૂજાતી એક લોકપ્રિય હિંદુ દેવી છે, જેમની ઉપાસના ખાસ કરીને ગુજરાતમાં વિશેષ થાય છે.


દશા મા એટલે કે, મોમાઈ માતા. દશા મા સાથે એવી માન્યતા સંકળાયેલી છે કે, દશા માનું વ્રત કરવાથી મનની ઈચ્છા ફળીભૂત થાય છે. મનો વાંચ્છિત મળે છે. જોકે, એ માટેના કેટલાક નિયમ-પરેજી પણ પાળવી પડે છે. દશા માના વ્રત, ભક્તિગીતો અને સામૂહિક ભજન સમારોહો, ઈત્યાદિ ગુજરાતના લોકજીવનમાં ઊંડે સમાયેલા છે. ગુજરાતમાં ઉજવણીનો ઉલ્લાસ ગુજરાતના ગામડાઓથી લઈ શહેરોના ખૂણે ખૂણે દશા માતાનાં મંદિરો જોવા મળે છે. શ્રાવણ માસમાં ખાસ કરીને દશા માના વ્રત શરૂ થાય છે, દશા માનું વ્રત અષાઢી અમાસે ચાલુ થાય એટલે કે, દિવાસાના જાગરણના દિવસથી લઈને દસ દિવસ સુધી. આ વ્રત ખાસ કરીને સુહાગન કરે છે. પોતાના ઘરની સુખશાંતિ માટે, જેમાં સ્ત્રીઓ ઉપવાસ કરે, પૂજા અને ભજન-કીર્તન દ્વારા માતાને પ્રસન્ન કરે છે. એવી માન્યતા છે કે, દશા મા આપણી દશા વાળે છે. અહીં હજી પણ દશા માના વ્રતનું એટલું જ ચલણ છે. અહીં છેલ્લા ૩૦ - ૪૦ વર્ષથી પટેલ સમાજની સ્ત્રીઓ સમૂહમાં માતાની પ્રતીમા લેવા જાય અને દસમા દિવસે જયારે વિસર્જન હોય ત્યારે સહિયારી આરતી કરે અને ભોગ ધરાવી માતાનું વિસર્જન કરે. એક બીજાના ઘરે પાઠ અને ભજન કરે. તારું- મારું કર્યા વગર જાણે પ્રસંગ આપણો જ હોય એ રીતે ઉજવણી થાય.




મુંબઈમાં ય વ્રત થાય છે ખરું પણ...

મુંબઈના ઘણા વિસ્તારમાં દશા માતાની આરાધના જોરશોરથી થાય છે તો અમુક વિસ્તારમાં હવે પહેલાં જેવી આસ્થા-ઉત્સાહ જોવા નથી મળતો. આધુનિક જીવનશૈલી, ફાસ્ટ લાઈફ અને પરંપરાગત પેઢીમાંથી નવી પેઢી તરફ આવતા પરિવર્તનના કારણે આવી ધાર્મિક ઉજવણી હવે ક્રમશઃ ઓછી થઈ રહી છે. થોડા દાયકાઓ પહેલા દશા માના ગરબા, પાલખી યાત્રા અને સામૂહિક પૂજાઓ મુંબઈના કેટલાક વિસ્તારોમાં ધૂમધામથી થતી હતી. ખાસ કરીને કચ્છી- પટેલ ગુજરાતીઓનો જ્યાં વધુ વસવાટ હોય તે વિસ્તારોમાં...




જાણીતા પુસ્તક પ્રકાશક 'એન એમ પબ્લિશર' ના હેમંતભાઈ ઠક્કરનું કહેવું છે કે 'અગાઉ દશા માના પુસ્તકોનું વેચાણ ધૂમ થતું હતું, પરંતુ ન જાણે કેમ, કોવિડ પછી તો સાવ જ ઓછું થઇ ગયું છે...' નાશિક રોડમાં રહેતાં ૫૨ વર્ષીય જાનવી આચાર્ય કહે છે :

'આ વ્રતનું મારું પાંચમું વર્ષ છે. જયારે મેં આ વ્રત ચાલુ કરવાનું વિચાર્યું ત્યારે મને નાશિકમાં વ્રતનું પુસ્તક જ નહોતું મળ્યું. મારે ખાસ મુંબઇમાં આવેલ માધવ બાગથી આ પુસ્તક મગાવવું પડ્યું હતું..' જયારે મુંબઈ-મુલુન્ડના મોમાઈ ધામમાં હજી પણ વ્રત શરૂ થવાનું હોય તેની પહેલા માતાજીની સાંઢણી, દોરો અને સોપારી નિઃશુલ્ક અપાય છે. આજે ભલે દશા માની આરાધના ઓછી થઈ છે, પણ એમનું ધાર્મિક મહત્ત્વ ઘટ્યું નથી. એક રક્ષારૂપી માતા તરીકે લોકો એમને તકલીફ સમયે યાદ કરે છે. દશા માના ભક્તોમાં એવી આસ્થા છે કે માતા પોતાના ભક્તોને દુઃખ, બીમારી અને અણધારી દુર્ઘટનાથી બચાવે છે-ઉગારે છે... નાશિક રોડનાં જાનવી આચાર્યનું કહેવું છે કે, 'આજે અમે જે પણ છીએ તે માત્ર ને માત્ર દશા માના આશીર્વાદને લીધે જ છીએ. અમને અનેક સંકટમાંથી એમણે 'ઉગાર્યાં છે એમ કહીયે તો ચાલે...'

આમ તો આ વાત આસ્થાની છે. દરેકને પોતાની આસ્થાનું આગવું કારણ હોય છે. પરંપરા માટે નવી દિશા આજના યુગમાં જરૂર છે કે આવા લોકઆસ્થાના તહેવારો નવી રીતોથી નવી પેઢી સુધી પહોંચે. સામૂહિક ઉજવણીની સાથે સોશ્યલ મીડિયામાં માતાજીના મહિમાની લોકકથાઓ અને લોકગીતો દ્વારા પ્રસિદ્ધિ આપવામાં આવે તો ફરીથી એ ભક્તિપ્રવાહમાં લોકોથી સંકળાઈ શકે... અહીં આપણે એક અન્ય દેવી માને પણ યાદ કરવા જોઈએ. આમ તો સંતોષી માના મહિમાની વાત વર્ષો પુરાણી છે, પણ ૧૯૭૫માં રજૂ થયેલી હિન્દી ફિલ્મ 'જય સંતોષી મા'એ દેશભરમાં ધૂમ મચાવી દીધી હતી. રૂપિયા ૨૫ લાખના ખર્ચે બનેલી એ ફિલ્મે રૂપિયા પાંચ કરોડનો ધીકતો ધંધો કરીને બોકસ ઑફિસ પર વિક્રમ સર્જ્યો હતો. ફિલ્મની એ સફળતા પછી સંતોષી માની આસ્થાનાં પૂર ઉમટયાં હતાં.

રાતોરાત દેશ વિદેશમાં એમના શ્રદ્ધાળુની સંખ્યાનો અનેક ગણો ગુણાકાર થઈ ગયો હતો... આવું જ કંઈ દશામાના પ્રારંભમાં થયું. પછી તો માના આસ્થાળુમાં દેખાદેખીની ચડસાચડસી શરૂ થઈ થઈ ગઈ હતી.. તેની સાથે વ્યાપારીકરણે જોર પકડ્યું હતું . આજે પણ અમુક જગ્યાએ આવું જોવા મળે છે, વ્રતના છેલ્લા દિવસે માતાજીને નિવેદ ધરવામાં આવે, હવન થાય, ભજન કરવામાં આવે તો કોઈ ગરબાનો પ્રોગ્રામ રાખે. પોત-પોતાની ક્ષમતા પ્રમાણે ભકિતભાવ ભર્યુ આયોજન કરે છે. સુહાગનોને પ્રસાદ લઈ રિર્ટન ગિફ્ટ આપવામાં આવે છે. આસ્થાળુ હોય કે શ્રદ્ધાળુ, એમની એ મનોભાવનાને શબ્દોમાં બાંધી ન શકાય. એ જ રીતે, દશા માતા માત્ર એક દેવી નથી, તે એક શ્રદ્ધા છે, શરણાગતિની, શક્તિની અને રક્ષણની ભાવનાની. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## તારાશંકર બંદોપાધ્યાયઃ
# નોબેલ પુરસ્કારના હકદાર એવા એક શાનદાર સર્જક...

વિશ્વમાં પ્રતિષ્ઠિત કહેવાતા નોબેલ પુરસ્કારની જેટલી નામના છે તેટલી જ તેની આલોચના પણ થાય છે. આ પુરસ્કાર એટલો મોટો છે કે છાશવારે તેના વિજેતાઓની પસંદગી અને જેની પસંદગી નથી થઇ તેને લઈને વાદ-વિવાદ થતા રહે છે. એટલા માટે નોબેલ સંસ્થાએ એક નિયમ બનાવ્યો છે કે જે તે વર્ષે જે પુરસ્કાર માટે વિજેતાનું નામ જાહેર કરવામાં આવે, તે શ્રેણીમાં અન્ય ઉમેદવારોનાં નોમિનેશન આગામી ૫૦ વર્ષ સુધી સાર્વજનિક કરવામાં નહીં આવે, જેથી વિજેતાઓ સાથે બીજાં નામોની સરખામણીનો વિવાદ ટાળી શકાય.

૫૦ વર્ષના આ નિયમનું પાલન કર્યાં પછી, નોબેલ કમિટીએ ૨૦૨૨માં વર્ષ ૧૯૭૧નાં એ ૧૩૭ નોમિનેશન્સ સાર્વજનિક કર્યાં છે, જે તે વર્ષે સાહિત્યના નોબેલ પુરસ્કાર માટે નામાંકિત થયાં હતાં. તે વર્ષે, સાઉથ અમેરિકન દેશ ચિલીના રાષ્ટ્રવાદી કવિ પાબ્લો નેરુદાને સાહિત્યનો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. હવે ૫૦ વર્ષ પછી આપણને ખબર પડે છે નેરુદાની સાથે બંગાળી લેખક તારાશંકર બંદોપાધ્યાય પણ નોબેલ માટે ઉમેદવાર હતા.

તે જ વર્ષે, એટલે કે ૧૯૭૧માં જ એમનું અવસાન થયું હતું. તારાશંકર બળુકા લેખક હતા. જીવન દરમિયાન એમણે ૬૫ નવલકથા- ૫૩ વાર્તા- ૧૨ નાટક- ચાર નિબંધ સંગ્રહ- ચાર જીવનકથા - બે પ્રવાસ વર્ણનો અને કેટલાંક ગીતો પણ લખ્યાં હતાં.

જો તે વર્ષે નેરુદાના નામ પર મહોર ન વાગી હોત તો ભારતમાં બીજો નોબેલ આવ્યો હોત. ૧૯૧૩માં બીજા એક બંગાળી એવા રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ એનાયત કરવામાં આવ્યો હતો. તે ભારતનો પહેલો પુરસ્કાર હતો અને તે મેળવનારા ટાગોર પહેલા બિન-યુરોપિયન હતા. તારાશંકરનું નામ સાહિત્ય અકાદમીના તત્કાલીન સચિવ કૃષ્ણ કૃપલાણી દ્વારા સૂચવવામાં આવ્યું હતું. એ ૧૯૫૫માં રવીન્દ્ર પુરસ્કાર, ૧૯૫૬માં સાહિત્ય અકાદમી પુરસ્કાર અને ૧૯૬૬માં જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવી ચુક્યા હતા.

હમણાં ૨૩ જુલાઈએ એમની જન્મ જયંતી અવસરે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે ગણદેવતા, પંચાગ્રામ, ધાત્રીદેવતા, હન્સુલી બેન્કર, ઉપાકથા અને કબી જેવી નવલકથાઓ આપીને તારાશંકરે બંગાળી સાહિત્યમાં યાદગાર યોગદાન આપ્યું છે. મુખ્યમંત્રીએ 'પશ્ચિમ બાંગ્લા એકાદમી' દ્વારા તારાશંકરના સર્જન પર 'અમાર સાહિત્ય જીવન' નામના આત્મકથાત્મક પુસ્તક પ્રગટ કરવાની પણ જાહેરાત કરી હતી.

તારાશંકર બંદોપાધ્યાય માત્ર બંગાળી ભાષાના જ નહીં, સમગ્ર ભારતના એક ઉત્તમ સર્જક હતા, પરંતુ એમનું નામ આમ જનતામાં અજાણ્યું રહી ગયું. એ ભારતીય પરંપરાના લેખક હતા, કારણ કે એમનું લેખન ગ્રામીણ જીવન, સામાજિક પરિવર્તન અને સ્વતંત્રતા સંગ્રામની ચિંતાઓમાં ઊંડું ખુપેલું હતું. એમણે જે લખ્યું હતું તે આજે ૫૦ વર્ષ પછી પણ પ્રાસંગિક છે.

એમણે સામાજિક વ્યવસ્થા અને દુષ્ટતાઓને કલમ દ્વારા ઉજાગર કરીને લોકોની ચેતનાને ઝકઝોરવાનું-સચેત કામ કર્યું હતું. એમની તમામ રચના એક યા બીજી રીતે સમાજમાં વ્યાપ્ત રૂઢિચુસ્તતા અને પાખંડને ઉઘાડું પાડે છે તેમજ માનવ સંબંધોની સચ્ચાઈને પ્રકાશિત કરે છે. જમીનદાર પરિવારમાં જન્મેલા હોવા છતાં તારાશંકરે એમની કલમ દ્વારા જમીનદારી પ્રણાલીની ખામીઓ પણ ઉજાગર કરી હતી.



એમની નવલકથા 'આરોગ્ય નિકેતન'ની એક યુવાન એલોપેથિક ડોક્ટર પ્રદ્યુત સેનની આસપાસ ફરે છે. એ માતા સાથે નબાગ્રામ ગામમાં પ્રેક્ટિસ કરવા માટે જાય છે, પરંતુ આ વિસ્તારમાં પહેલેથી જ પ્રતિષ્ઠિત આયુર્વેદિક ચિકિત્સક છે. આવી સ્થિતિમાં, બંને વચ્ચે વ્યાવસાયિક સ્તરે શરૂ થતો સંઘર્ષ નૈતિક સ્તરે જાય છે. આ નવલકથા સમકાલીન સમાજનો એક રસપ્રદ દૃષ્ટિકોણ રજૂ કરે છે, જે વાચકોના મનમાં એક અલગ છાપ છોડી જાય છે.

એ જ રીતે એમની નવલકથા 'ગણદેવતા'ને વિશ્વની સૌથી મહાન નવલકથાઓમાં ગણવામાં આવે છે. એ માટે જ એમને જ્ઞાનપીઠ આપવામાં આવ્યો હતો. બંગાળનો આ પહેલો જ્ઞાનપીઠ હતો.

આ નવલકથામાં શિબકલીપુર નામના એક નાનકડા ગામની વાર્તા કહેવામાં આવી છે, જે બદલાતા સમયનો માર ખાઈ રહ્યું છે. આઝાદી પછી દેશમાં જે ઝડપથી ઔદ્યોગિકરણ શરૂ થયું તેના ગ્રામ સમાજ પરના પ્રભાવનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત, સદીઓ જૂની સામંતી પરંપરાઓ અને નવી જીવનશૈલી વચ્ચે કેવો ટકરાવ થાય છે તે પણ તેમાં ખૂબસૂરત રીતે દર્શાવામાં આવ્યું છે.

તારાશંકર બંદોપાધ્યાયની ઘણી કૃતિઓનો ગુજરાતીમાં બહુ સ-રસ અનુવાદ કલકત્તાના રમણીકભાઈ મેઘાણીએ કર્યો છે- ખાસ કરીને પારિતોષિક વિજેતા નવલકથાઃ 'ગણદેવતા' અને 'આરોગ્ય નિકેતન'.

એમાંય, રમણીક મેઘાણીના 'ગણદેવતા'ના ગુજરાતી અનુવાદને 'નેશનલ સાહિત્ય અકાદમી દિલ્હી' તથા 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના પારિતોષિક પણ પ્રાપ્ત થયાં હતાં.

તારાશંકર હંમેશાં કહેતા હતા કે, 'હું આપણા સમાજના વિદ્રોહીઓ કરતાં મહાત્મા ગાંધીના વ્યક્તિત્વથી વધુ પ્રભાવિત થયો હતો અને એટલે જ મારી નવલકથાઓના નાયકો અને મુખ્ય પાત્રો આદર્શ પુરુષો હતા. મને લાગે છે કે ક્રાંતિ કરતાં મહાત્મા ગાંધીએ મને વધુ પ્રભાવિત કર્યો છે.'

તારાશંકરના લેખનની તાકાત એ હકીકત પરથી પણ સાબિત થાય છે કે મહાન ફિલ્મ સર્જક સત્યજીત રેએ ચોથી ફિલ્મ 'જલસાઘર' (૧૯૫૮) તારાશંકરની ટૂંકી વાર્તા પર આધારિત હતી. તેમાં જમીનદારીના અંતની વાત હતી. વાર્તાનો નાયક બિશંભર રોય ૩૦ના દાયકાની એની જમીનદારીના એ દિવસોને યાદ કરીને નિસાસા નાખે છે, જ્યારે એના વૈભવી ઘરમાં સંગીતના જલસા થતા હતા. હવે પત્ની વગરનો, પુત્ર વગરનો અને સમાજમાં પ્રતિષ્ઠા વગરનો છે.

એનું જીવન બદતર બની ગયું છે. એની પાસે ભૂતકાળની યાદો અને થોડા ઘણા નોકરો સિવાય જીવવાનો સહારો નથી.

સત્યજિત રેએ ૧૯૬૨માં તારાશંકરની જ વાર્તા પરથી 'અભિજાન' (અભિયાન) નામની બીજી એક ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ દેશ-વિદેશમાં બહુ જાણીતી બની હતી. તારાશંકરે ગ્રામીણ બંગાળમાં બિહારની સીમા અને બિરભૂમ જીલ્લાની નજીકના એક ગામમાં આ વાર્તા રચી હતી.

વહીદા રહેમાનની આ પહેલી બાંગ્લા ફિલ્મ. તેમાં ગુલાબીનો કિરદાર કરતી વહીદા એક નરસિંહ (સૌમિત્ર ચેટરજી) નામના ટેક્સી ડ્રાઈવરને પ્રેમ કરે છે. નરસિંહ રાજપૂત છે. હવે એની જાહોજલાલી રહી નથી, પણ મિજાજ યથાવત છે. એ મોટરકાર પાછળ ગાંડો છે અને અકસ્માતે માનવ તસ્કરીના વ્યવસાયમાં સપડાઈ જાય છે.

ગુરુ દત્તની 'કાગઝ કે ફૂલ' જોયા પછી સત્યજિતબાબુએ વહીદાને એક પત્ર લખ્યો હતો, 'મારો અને મારા હીરો સૌમિત્રનું માનવું છે કે મારી આગામી ફિલ્મમાં ગુલાબીનો કિરદાર કરવા માટે તમે એકદમ ઉચિત છો. હા પાડશો તો મને આનંદ થશે.'

સત્યજિતદાએ એવું પણ કહ્યું હતું કે હિન્દી ફિલ્મોમાં તમને બહુ પૈસા મળે છે, પણ મારી ફિલ્મોનું બજેટ નાનું હોય છે... વહીદાજી તો પત્ર મળતાની સાથે જ ખુશ થઇ ગયાં હતાં. એમણે તરત જ રેને ફોન કર્યો : 'તમે ફિલ્મ શરૂ કરો... મફતમાં કામ કરીશ!'

તારાશંકરે એકવાર લખ્યું હતું, 'મને જમીનદારો પ્રત્યે હંમેશાં પ્રેમ હતો, જોકે મારાં લખાણોમાં મેં જમીનદારી પ્રણાલીની દુષ્ટતાઓનો પર્દાફાશ કર્યો હતો. હું જીવનભર ગ્રામીણ બંગાળની માટી સાથે જોડાયેલો લેખક રહ્યો છું તેથી કોલકાતા અને તેના સાહિત્યિક મેળાવડાઓએ મને ક્યારેય આકર્ષ્યા નહીં.

મારી વાર્તાઓ અને નવલકથાઓ ગામડે-ગામડે ફરવાના અને ગ્રામીણ વાસ્તવિકતાને ઊંડાણપૂર્વક સમજવાના મારા અનુભવોમાંથી વિકસિત થઈ છે તેથી હું મારા કામનું મહત્ત્વ સમજું છું.' ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ભારતીય મહિલાનું ઈન્વેસ્ટમેન્ટ : હજીય આત્મવિશ્વાસનો અભાવ કેમ?

**આમ તો મહિલાઓનો જન્મજાત સ્વભાવ છે બચતનો, પણ માત્ર બચત કરવી પૂરતી નથી, તેનું યોગ્ય રોકાણ પણ થવું જોઈએ. આ વિશે એમની વિચારધારા ને અભિગમના તાજા સર્વેક્ષણનાં તારણ જાણવાં-સમજવાં જેવાં છે**

આ સર્વેની પહેલી જ વાત ચોંકાવનારી છે. કહે છે કે ૬૦ ટકાથી વધુ ભારતીય મહિલાઓને ખાતરી નથી કે એમણે પોતાની વ્યક્તિગત જરૂરિયાત અને ધ્યેય માટે પૂરતી બચત કરી છે કે નહીં!

જોકે ૩૧ ટકા હજુ પણ ઓછા વળતરવાળા ફિક્સ ડિપોઝિટ (એફડી), વીમા પોલિસીમાં રોકાણ કરે છે. એ ખરું કે મહિલાઓ વધુને વધુ જાગૃત અને વ્યક્તિગત નાણાકીય બાબતોનું સંચાલન કરવામાં કુશળ બની રહી છે, તેમ છતાં આત્મવિશ્વાસ, ઍક્સેસ અને અનુરૂપ સહાયના અભાવના કારણે હજુ પણ બચતની બાબતમાં પુરુષ-મહિલા વચ્ચેનો તફાવત યથાવત છે.

નાણાકીય સાક્ષરતા પર અભ્યાસ અને સંશોધન કરતી કંપનીના રિપોર્ટમાં ભારતીય મહિલાઓની નાણાકીય સ્વતંત્રતા અને એ જે જે અવરોધોનો સામનો કરે છે અને એમની નાણાકીય બાબતોની સમજ કેવી છે તેની તપાસ કરવામાં આવી છે. મહિલા નાણાકીય સ્વતંત્રતાને કેવી રીતે ડિફાઇન કરે છે-સમજે છે એનું પણ સર્વેક્ષણ થયું છે.

આ સર્વેમાં અન્ય એક રસપ્રદ તારણ એ જોવામાં આવ્યું કે માત્ર ૧૦% ભારતીય મહિલાઓ જ ઇક્વિટીમાં રોકાણ કરે છે. આ સર્વેમાં આવરી લેવાયેલી મહિલાઓમાંથી ૫૭ ટકાએ જણાવ્યું હતું કે એમની વ્યક્તિગત જરૂરીયાત અને ધ્યેય માટે એમની પાસે પૂરતી અસ્ક્યામતો છે. ૧૧ ટકાએ આ પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે માસિક ખર્ચ અને કેટલાંક આકસ્મિક ખર્ચને પહોંચી વળે એટલું એમની પાસે બેલેન્સ હોય છે. ૧૦ ટકાએ જણાવ્યું હતુ કે એમના માથે દેવાનો કોઇ બોજો નથી અને ૨૨ ટકાએ સ્પષ્ટતા કરી હતી કે કોઇપણ જાતના નાણાકીય સપોર્ટ વગર એ પોતાનું ગુજરાન ચલાવી શકે છે.

### નાણાકીય સ્વતંત્રતા એટલે ખરેખર શું?

નિવૃત્તિ અથવા બાળકના શિક્ષણ જેવા લાંબાં ગાળાનાં લક્ષ્યો માટે આયોજનયુક્ત ભંડોળ જરૂરી હોય છે. કટોકટી કે નોકરી ગુમાવવાની સ્થિતિમાં ઘરખર્ચ ચાલે તેટલું અનામત ફંડ પણ આવશ્યક ગણાય. માત્ર કરવા ખાતર જ બચત ન કરીને, જાણકારી મેળવીને યોગ્ય રોકાણના નિર્ણય લેવાની ક્ષમતા કેળવવી જરૂરી છે.

જોકે આવો આત્મવિશ્વાસ કમાણી કરતી અથવા બચત કરતી મહિલામાં પણ ઓછો જોવા મળે છે. આવી મહિલા પોતાની નાણાકીય અસલામતીથી ભયભીત રહે છે.



નાણાકીય બાબતને મેનેજ કરવાની પોતાની પૂરતી તૈયારી ન હોવાની લાગણી અનુભવે છે. દર મહિને ખર્ચાનો વહીવટ ખૂબ જ સારી રીતે કરતી હોવાનું ૩૯ ટકા મહિલાઓ જણાવે છે, આ બાબતમાં હજુ સુધારાને અવકાશ છે એવું ૫૦.૪ ટકા મહિલા કહે છે.

માસિક ખર્ચને પહોંચી વળવા ખૂબ સંઘર્ષ કરવો પડતો હોવાનું આઠ ટકા સ્ત્રીઓ જણાવે છે. ૪૯ ટકા મહિલા જણાવે છે કે એ લોનના હપ્તા ભરે છે. ૫૫ ટકા કહે છે કે એ અન્ય નાણાકીય લક્ષ્ય માટે બચત કરે છે તો ૫૦ ટકાએ જણાવ્યું કે નિવૃત્તિ માટે એ રોકાણ કરે છે.

### શું છે એમની મુખ્ય નાણાકીય ચિંતાઓ?

૪૫ ટકા મહિલા સ્વીકારે છે કે કટોકટી માટે પૂરતું ભંડોળ પોતાની પાસે હોવાની એમને ખાતરી નથી. જયારે ૬૩

ટકા મહિલાએ વ્યક્તિગત જરૂરિયાત અને ધ્યેયો માટે એમની પાસે પૂરતું ફંડ હોવાની ખાતરી ન હોવાનો ઉત્તર આપ્યો તો ૩૨ ટકા મહિલાની ટોચની રોકાણ પસંદગીમાં ફિક્સ્ડ ડિપોઝિટ અને વીમા પોલિસી જેવી પરંપરાગત પ્રોડક્ટ્સ આવે છે, જ્યારે ૧૦-૧૧ ટકાની પસંદગી શેરોમાં રોકાણ અને ૩૯ ટકા મ્યુચ્યુઅલ ફંડો તેમ જ ૧૮ ટકાને સોનામાં રોકાણ પસંદ છે એવું સર્વેમાં જાણવા મળ્યું.

જો કે આ બધા વચ્ચે ૪૬ ટકા મહિલા પોતે સ્વતંત્રપણે નિર્ણય લેતી હોવાનું કહે છે, જયારે ૪૨ ટકા કહે છે કે આવા નિર્ણયો માટે એ પિતા, પતિ, ભાઇ, પુત્ર કે ભાગીદાર કે કુટુંબની વ્યક્તિની મદદ લેતી હોય છે.

સાડા સાત ટકા નાણાકીય સલાહકારની મદદ લેતી હોવાનું જણાવ્યું. પચાસ ટકાથી વધુ મહિલા કટોકટીને પહોંચી વળવા નાણાકીય રીતે સજ્જ રહેવા માગે છે, ૭૦ ટકાથી વધુ મહિલા હવે રોકાણ શરૂ કરવાનું વિચારે છે...તો ૬૦ ટકા મહિલા ફાઇનાન્સિયલ પ્લાનિંગ કરીને તેનો અમલ કરવાનો અને ૨૭ ટકા મહિલા કરજનું ભારણ ઓછું કરવાનું લક્ષ્ય ધરાવે છે.

હા, મહિલા સક્ષમ બની શકે છે. અહી એ નોંધવું મહત્ત્વનું છે કે મહિલાઓના આ પ્રકારનાં સર્વેમાં શહેરો, મહાનગરો, નાના શહેરો, ગામડાઓ, વગેરેની મહિલાઓની જુદી-જુદી કેટેગરી બને છે, કારણ કે એમના સંજોગો જુદા હોય છે. વિવિધ રાજયો મુજબ પણ મહિલાઓ માટે હજી પણ ચોકકસ નિયંત્રણો અને અવરોધો રહ્યા કરે છે.

મોટાભાગના કેસોમાં મહિલાઓ પોતે જ આ વિષયથી દૂર રહેવામાં માને છે...આમ તો મહિલા સૌથી મોટો વપરાશકાર-ખરીદદાર વર્ગ ગણાય, પરંતુ આર્થિક રોકાણ એમનું દિલ્હી હજુ બહુ દૂર છે,

અલબત્ત, આપણા દેશમાં હજી નાણાંકીય સાક્ષરતા (ફાઇનાન્સિયલ લિટરસી)માં પુરુષો પણ ઘણાં પાછળ છે અને મહિલાઓને બચત-રોકાણ માટે બહુ જ ઓછી તક મળે છે. અન્યથા મહિલાઓ બચત અને રોકાણ ક્ષેત્રે સક્ષમ બની શકે એની સંભાવના ઊંચી છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વહેલના મોઢામાંથી જીવતા બહાર આવ્યા!


રામ રાખે તેને કોણ ચાખે એ કહેવતને સાર્થક કરી બતાવતો કિસ્સો મધદરિયે ઊંડા પેટાળમાં થાય તો? માઇકલ પેકર્ડ નામના અમેરિકન વ્યાવસાયિક ગોતાખોર સાથે એક દુર્ઘટના બની હતી હથેળીમાં આયુષ્ય રેખા ખૂબ લાંબી અને અત્યંત મજબૂત હતી. અવશ્ય કહી શકાય જ કે માઇકલ પેકર્ડ સાથે ચમત્કાર થયો.

૨૦૨૧માં માઇકલ મેસેચ્યુએટ્સના કેપ કોડના કિનારે સપાટીથી ૪૫ ફૂટ નીચે ઊંડાઈ ભણી અગ્રેસર હતા. તેઓ પ્રોફેશનલ લોબસ્ટર (ખેકડા) કેચર હતા. ખેકડાં પકડવા સમુદ્રમાં ડૂબકી મારતી વખતે સપનામાં ય કલ્પના નહિં કે ઊંડા દરિયાના અંધારા પેટાળમાં કોનો ભેટો થવાનો છે.

માઇકલ પેકર્ડ ઓચિંતા તોતિંગ વહેલની ઝપટમાં આવી ગયા હતા. ખેકડાની શોધ દરમિયાન એકાએક તેમને એક જોરદાર ઝાટકો લાગ્યો. જાણે કોઈક ટ્રેક્ટર કે ટ્રકની અડફેટે આવી ગયા હોય કે ઠોકર મારી હોય.

મોટેભાગે વહેલનો ઉલ્લેખ માછલીના એક પ્રકાર તરીકે થાય છે પણ એ ખોટું છે. વહેલ સસ્તન પ્રાણી છે, જે માછલીઓથી વિપરીત ફેફસાં દ્વારા હવા શ્વાસ લે છે. વહેલ ગરમ લોહીવાળી હોય છે, બચ્ચાંને જીવંત જન્મ આપે છે, ને તેમને દૂધ પીવડાવે છે. ટૂંકમાં, બન્ને જૈવિક વર્ગીકરણમાં મૂળભૂત રીતે અલગ છે.

માઇકલ પેકર્ડનો ભેટો હંપબેલ વહેલની સાથે થઇ ગયો હતો. આ વહેલ સામાન્યતઃ ૧૨થી ૧૬ મીટર એટલે કે ૩૯થી ૫૨ ફૂટ લાંબી હોય. વજન હોય ૩૬ મેટ્રિક ટન એટલે ૩૬,૦૦૦ (હા, છત્રીસ હજાર) કિલોગ્રામ. એના શરીરનો ઉપરનો ભાગ કાળા રંગનો હોય તો નીચેના ભાગ ઓછા-વધુ પ્રમાણમાં દેખાવ એકદમ તોતિંગ પણ દેખાય સુંદર અને નયનરમ્ય.





એટલું જ નહિ, અવાજ કરે તો લાગે કે કોઈ પ્રેમ ગીત ગાઈ રહી છે.

હંપબેલ વહેલનું મોઢું એટલું બધું વિશાળ હોય કે એક સાથે હજારો માછલીઓ ખાઇ જાય, પરંતુ સૌથી મોટો દરિયાઇ જીવ હંપબેલ માનવીને ગળી શકે ખરી? આનો જવાબ શોધવાની જોખમી જવાબદારી અજાણતા, અનિચ્છાએ અને અચાનક આવી પડી માઇકલ પેકર્ડને માથે. વહેલના મુખની અંદર માઇકલને માછલીઓનો સ્પર્શ થયો. એમને લાગ્યું કે કોઈ મોટી શાર્ક પોતાને ગળી ગઇ છે. થોડી પળોમાં સમજાઇ ગયું કે આ જીવ દાંત વિહોણો હોવાથી એ કદાચ ખતરનાક નથી.

કદાચ હંપબેલ વહેલને પહેલીવાર આખો માણસ કોળિયામાં અનાયાસે મળી ગયો પણ તે ગળી ન શકી કે ખાઇ ન શકી. પછી શું થયું? હંપબેલ વહેલે માઇકલને મોઢામાંથી ફગાવી દીધા. તેઓ પાણીમાં દૂર ફંગોળાઇ ગયા પણ જીવતા ને હેમખેમ રહ્યા.

માઈકલે આ અનુભવ વર્ણવતા જણાવ્યું કે મારી ચોતરફ અંધકાર હતો. મારું ઓક્સિજન સિલિન્ડર ખોવાઈ ગયું હતું. લાગતું હતું કે હું મરી જઈશ કારણ કે હું વહેલના સ્નાયુઓનું દબાણ અનુભવતો હતો. હું મારા બાળકો અને પરિવારને યાદ કરી રહ્યો હતો. હું એકાદ મિનિટ સંઘર્ષ કરતો રહ્યો. એકાએક જ મારી તરફનો અંધકાર પ્રકાશમાં બદલાઈ ગયો. વહેલે પોતાનું જડબું ખોલ્યું અને મને સમુદ્રમાં ફેંકી દીધો.

આ દુર્ઘટનામાં માઇકલનો એક પગ ભાંગી ગયો પણ વિજ્ઞાનીઓ દાવાપૂર્વક કહી શક્યા કે હંપબેલ કોઇ વયસ્ક માનવીને આખેઆખો ગળી ન શકે.

સંશોધન મુજબ હંપબેલ વહેલનું ગળું ફક્ત પંદર ઇંચનો વ્યાસ ધરાવતું હોય છે, જેથી માનવીને ગળી જવાનું શક્ય બનતું નથી. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# ધનજીભાઈ આવે એટલે મનજીભાઈ આનંદમાં રહે...

**રાજેન્દ્ર બુટાલા...** આધુનિક રંગભૂમિનું એક આદરણીય વ્યક્તિત્વ. બુટાલાને કેવળ એક નાટ્ય નિર્માતા તરીકે જ ઓળખવા એ એમની સાથે અન્યાય કરવા બરાબર કહેવાય. રંગભૂમિના દરેક પાસાથી વાકેફ બુટાલાના નિર્માણ હેઠળના પહેલા જ નાટકમાં ધુરંધર કલાકારોની હાજરી હતી. મને યાદ છે થાય સુધી તેમનું પહેલું નાટક હતું ‘ચીતરેલા સૂરજ’. આ નાટકમાં એ સમયના ક્રીમ કલાકારો પરફોર્મ કરી રહ્યા હતા જેમાં દીના પાઠક, પદ્મા રાણી, દીપક ઘીવાલા, તારક મહેતા, શૈલેષ દવે, અરવિંદ રાઠોડ અને રાગિણી હતાં. ખરા અર્થમાં મલ્ટીસ્ટારર નાટક હતું. એમનો એક અખતરો બહુ જાણીતો છે. શૈલેષ દવેના બે ચાર શો પછી બંધ પડી ગયેલા નાટકને રિવાઇવ કરી ‘રમત શૂન ચોકડી’ના નામે ભજવ્યું હતું જે ખૂબ સફળ સાબિત થયું હતું.

આવી નામના ધરાવતા નાટ્યકર્મીનો ફોન આવ્યો એટલે હું રાજી રાજી થઈ ગઈ. આવી વ્યક્તિ ‘કેમ છો? શું ચાલે છે? બધું ઓલરાઇટ છે ને?’ જેવા ઔપચારિક અને ઉપરછલ્લા સવાલો પૂછવા તો ફોન ન જ કરે એ સ્વાભાવિક હતું. નાટક સંબંધી જ કોઈ ફોન હોવો જોઈએ એમ જાણી મેં ફોન પર વાત શરૂ કરી, ‘નમસ્તે રાજેન્દ્ર ભાઈ, તમે મને યાદ કરી એથી આનંદ થયો. હુકમ ફરમાવો.’

વાતચીત શરૂ કરવાની મારી શૈલીથી સામે છેડે રાજેન્દ્ર બુટાલા હસી પડ્યા. ‘મહેશ્વરી બહેન, આપણે બધા રહ્યા નાટકવાળા અને એટલે મોટેભાગે નાટક સંબંધી કામ પડે એટલે ચકરડાં ઘુમાવી દઈએ. વાત એમ છે કે હું એક નાટક પ્લાન કરી રહ્યો છું અને એમાં તમે કામ કરો એવી મારી ઈચ્છા છે.’

હું તો ખુશ થઈ ગઈ. કોઈ નવા અને પ્રતિષ્ઠિત નિર્માતા સાથે કામ કરવા મળે એથી હર કોઈ કલાકાર હરખાઈ જાય. નાટકનું નામ હતું ‘સુગંધનું સરનામું’ અને એનો પ્લોટ કંઈક એવો હતો કે હું આદિવાસી વિસ્તારમાં સોશ્યલ વર્કર તરીકે લોકોના જીવન ઉત્કર્ષ કામ કરતી હોઉં છું. શહેરમાં રહી વકીલાત કરતો એક યુવાન મને મા માનતો હતો. એની પાસે એક કેસ આવે છે જેમાં વકીલ આરોપીને ગુનેગાર સાબિત કરવામાં સફળ થાય છે અને એ માણસને સજા થાય છે. કોઈ કારણસર હું (મા) માનેલા દીકરાને મળવા મુંબઈ પહોંચું અને વાતચીતમાં આ કેસની બધી વિગતની જાણ મને થાય છે. કેસની જાણકારી મળતા મા હેબતાઈ જાય છે અને પછી એવો ખુલાસો થાય છે કે માનેલો દીકરો જેને સજા અપાવવામાં સફળ રહ્યો હતો એ મારો જમાઈ હતો. એટલે હું વકીલ દીકરાને કહું છું કે એ નિર્દોષ હોવા છતાં એને સજા અપાવી છે. તને મેં વકીલ એટલા માટે નથી બનાવ્યો કે તું સમાજનું અહિત કરે. અને હું ઘર છોડી જતી રહું છું. આ સત્ય જાણતા દીકરો ચકરાવે ચડી જાય છે કે આ મારા હાથે શું થઈ ગયું? નાટકની આ થીમ હતી.

આ નાટકને સારી એવી સફળતા મળી. એના ૧૦૦થી વધુ શો થયા. નાટકનો રોલ અને મળતી ‘નાઈટ’ તો કાયમ આનંદ આપનારી બાબતો હોય છે, પણ આજે એક વાત મારે કહેવી છે કે બુટાલા સાથે કામ કરવાનો અનુભવ બધા કરતા અલગ રહ્યો. મેં અનેક નિર્માતાનાં



નાટકોમાં કામ કર્યું છે, પણ રાજેન્દ્ર બુટાલા મારા મોસ્ટ ફેવરિટ નિર્માતા રહ્યા છે અને એનું મુખ્ય કારણ તેમની રખાવટ. દરેક કલાકાર પ્રત્યે તેમની સજાગતા ઊડીને આંખે વળગે એવા હતા. શિસ્તના આગ્રહી ખરા,પણ કડવાશનું નામ સુધ્ધાં નહીં. એમનાં નાટકો હંમેશાં સાફસુથરા રહ્યા છે.

એ સમયે મારા મોટાભાગનાં નાટકોના ૧૦૦ - ૧૫૦ શો તો થતા જ હતા. એકંદરે નવરા બેસવાનો વારો નહોતો આવતો. મારું ગાડું ગબડ્યા કરતું હતું. વચ્ચે વચ્ચે સંભારણાંનો કાર્યક્રમ આવે અને મારે એ માટે તો કોઈ તૈયારી કે રિહર્સલ કરવાની જરૂર ન હોવાથી એના પરફોર્મન્સ બહુ સહેલાઈથી કરી શકતી હતી. ગુજરાત પણ નાનકડી છ શોની ‘સંભારણાં’ની ટૂર કરી આવ્યા. સતત વ્યસ્ત રહેવાથી ધનજીભાઈ (પૈસા) મળતા રહેવાથી મનજીભાઈ (દિમાગ) પણ આનંદમાં અને સ્વસ્થ રહેતું હતું. વચ્ચે એક નાટક કર્યું ‘પ્રેમમાં બધું માફ’. જોકે, એ ગમ્યું નહિ એટલે દર્શકોએ અમને માફ ન કર્યા અને પાંચેક પ્રયોગ પછી તો એ બંધ પડી ગયું. સુપરફ્લોપ નાટક.

નાટક અણધાર્યું બંધ થવાથી હું વિચાર કરતી હતી કે હવે શું કરવું ત્યાં ફરી રાજેન્દ્ર બુટાલાનો ફોન આવ્યો. ફરી એજ ઉષ્માભર્યા અવાજમાં મને કહ્યું કે ‘મહેશ્વરી બહેન, આપણે નવું નાટક કરવાનું છે.’ હું એમને મળવા ગઈ. નવા નાટકનું નામ હતું ‘સરનામા વિનાનું ઘર.’ એમાં સ્ટોરી એવી હતી કે મારી પુત્રવધૂ અનેક કોશિશો પછી પણ માતૃત્વ ધારણ નથી કરી શકતી. એવામાં એક દિવસ મને ખબર પડે છે કે વહુ પ્રેગ્નન્ટ છે. સ્વાભાવિક છે કે મારા આનંદની કોઈ સીમા ન રહી હોય. દાદી બની બાળકને રમાડવાનાં સપનાં જોવા લાગી. પુત્રવધૂના સીમંતનો દિવસ નજીકમાં હોય છે ત્યારે એવામાં એક દિવસ મારો દીકરો દુલ્હનના વેશમાં એક કન્યાને ઘરે લઈ આવે છે અને કહે છે કે ‘મેં આની સાથે લગ્ન કરી લીધા છે.’ મારા પર તો વીજળી જ ત્રાટકી કે હાય, હાય મારો દીકરો આ શું કરી બેઠો?

જોકે, ઢીલી પડી ગયેલી મા તરત સ્વસ્થ અને કઠણ મનની બની જાય છે. પુત્રવધૂની તરફેણ કરી દીકરાને કહે છે કે તને અહીં રહેવાનો કોઈ અધિકાર નથી. દીકરો પણ મક્કમ છે અને કહે છે કે ‘એને તો હું મારી સાથે જ રાખીશ. આ ઘરના ભાગલા પાડો અને મારો હિસ્સો મને આપી દો અને મારે ક્યાં રહેવાનું એ મને કહી દો.’ મા કોઈ લાગણીવેડામાં ખેંચાઈ નથી જતી અને નોકરને બોલાવી કહે છે કે એક સફેદ લીટી મારી ઘરના બે ભાગલા કરી નાખો. વળાંક લેતી વાર્તા આગળ વધે છે અને અંતે એવો ખુલાસો થાય છે કે પેલી છોકરીના લગ્ન થયા હોય છે અને એ પ્રેગ્નન્ટ હોય છે ત્યારે એનો પતિ એને તરછોડી દે છે. મારો દીકરો માનવતાના ધોરણે એને ઉગારી ઘરે લઈ આવે છે પણ સાચી વાત કોઈને કહેતો નથી. મા અને દીકરાની પત્ની એમ સમજી બેસે છે કે આ બીજી લઈ આવ્યો. અંતે બધો ખુલાસો થાય છે. આવી સ્ટોરી હતી. આ નાટક પણ સારું ચાલ્યું અને એના ૧૫૦થી વધુ શો થયા હતા. ■

### ત્રાપજકરઃ એક શબ્દ પર ૫૧૧ દુહા

જૂની ગુજરાતી રંગભૂમિનાં નાટકોને પ્રેક્ષકોનો અફાટ પ્રેમ અને વ્હાલ મળ્યા એમાં નાટકની રજૂઆત, એમાં કામ કરતા નટનો અભિનય ઉપરાંત નાટકના ગીતકાર અને લેખકનો પણ મોટો ફાળો હતો. નામવંત લેખક - ગીતકારમાં ડાહ્યાભાઈ ધોળશાજી, રઘુનાથ બ્રહ્મભટ્ટ, પ્રભુલાલ દ્વિવેદી, મણિલાલ ‘પાગલ’, જીવણલાલ બ્રહ્મભટ્ટ, પ્રફુલ્લ દેસાઈ, મનસ્વી પ્રાંતિજવાળા, કવિ ત્રાપજકર, જી.એ. વૈરાટી, મુળશંકર મુલાણી, કવિ ચિત્રકાર ફૂલચંદભાઈ શાહ, બેરિસ્ટર નૃસિંહ વિભાકર, કવિ જામન વગેરેનો સમાવેશ હતો. ‘શ્રી દેશી નાટક સમાજ’નાં ‘વડીલોના વાંકે’, ‘સંપત્તિ માટે’, ‘સંતાનોના વાંકે’ જેવાં નાટકોને વિશાળ લોકચાહના મળી એનો મુખ્ય શ્રેય આ લેખક મંડળીને જાય છે. આ લેખક મંડળીના પરમાનંદ ત્રાપજકરના નામની કથા રસપ્રદ છે. તેમનું અસલી નામ છે પરમાનંદ મણિશંકર ભટ્ટ. તેમના પિતાશ્રી સાગરખેડુ અને વેપારી હતા. બાળક પરમાનંદનો સાત ગુજરાતી સુધીનો અભ્યાસ ભાવનગર નજીક આવેલા ત્રાપજમાં થયો હતો. આ કારણોસર તેમના નામ સાથે ’ત્રાપજકર’ તખલ્લુસ તરીકે જોડાઈ ગયું હોવું જોઈએ. કવિ પરમાનંદ મણીશંકર ભટ્ટ (ત્રાપજકર)ની ખાસિયત એ છે કે ગુજરાતી સાહિત્યમાં માત્ર એક શબ્દ પર ૫૦૦થી વધારે દુહા લખનાર તેઓ એકમાત્ર સર્જક છે. કવિના પુસ્તક ‘વાણીનાં ફૂલ’માં ‘વિઠ્ઠલા’ શબ્દ પર ૫૧૧ દુહા લખ્યા છે. વિઠ્ઠલા ત્રાપજકરનું વતન હતું, *પહેલો દુહો છે વંદુ પ્રથમ ગણપતિ, વંદુ વીણા નાદ; સમર્થ શાંતિપ્રસાદ, વંદું ગુરુ ને વિઠ્ઠલા! અને ૫૧૧મો દુહો છેઃ શાંતિપ્રસાદ ગુરુ મળ્યા, પુનિત બતાવો પંથ; અર્પુ ચરણે ગ્રંથ, વિદુર ભજી વિઠ્ઠલા!* ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@
bombaysamachar.com

# પોઝિશનિંગ પેપર પર છે કે અમલમાં?

**પખવાડિયા પહેલાં** આપણે ‘પ્રાડા’ બ્રાન્ડના કિસ્સા થકી ‘વાંક કોનો’ની વાત કરી હતી, આપણે ક્યારેય વૈશ્વિક સ્તરની બ્રાન્ડ બનાવવા વિશે કે તે પ્રકારે પ્રમોટ કરવા વિશે નથી વિચાર્યું. ત્યારબાદ તે પણ જાણવાની કોશિશ કરી કે વેચાણ થાય છે, પણ કૈંક ખૂટે છે અને તે શું ખૂટે છે તે ખબર નથી પડતી.... આ ખૂટતી કડી એટલે પોઝિશનિંગ. તેના પર પણ આપણે વિચાર કર્યો. બ્રાન્ડનું સૌથી મહત્ત્વનું પાસું પોઝિશનિંગ છે અને ઉત્પાદક આને જ નજરઅંદાજ કરે છે. તમારી પ્રોડક્ટ અને વેપારની દૃષ્ટિએ તમે તમારા સ્પર્ધકોના ઉત્પાદનોથી કેવી રીતે અલગ છો તેની વાત એટલે પોઝિશનિંગ. પોઝિશનિંગ તમને તમારું વ્યવસ્થિત ટાર્ગેટ ઓડિયન્સ અને માર્કેટ ડિફાઈન (વ્યાખ્યા) કરવામાં મદદ કરે છે. પોઝિશનિંગ ક્લિયર હોવાથી તમારું કોમ્યુનિકેશન મેસેજ એક સરખુ સમાન રહેશે, નવા સેગ્મેન્ટ પણ ધ્યાનમાં આવે, જેના થકી તમે નવી પ્રોડક્ટ કે સેગ્મેન્ટ લોન્ચ કરી શકો. તમારું પોઝિશનિંગ એક વ્યવસાય તરીકે તમે કોણ છો અને તમને લોકો કઇ રીતે જુવે, તમારું પરસેપ્શન (ધારણા) કેવું બનાવવું છે તે જણાવે છે. પોઝિશનિંગના સહારે વેચાણમાં વધારો શક્ય છે. ફક્ત તમે જે ઉત્પાદન વેચો છો તે નહિં, પણ પોઝિશનિંગ તમને નવા ઉત્પાદનો બનાવવામાં, નવા બજારમાં પ્રવેશવામાં મદદ કરે છે. આનું પરિણામ એટલે નવા ગ્રાહકો અને વેચાણમાં વધારો-વધુ નફો.

આ વાત વિશે સમજ આવતા ઘણા લોકો પોતાની બ્રાન્ડ માટે પોઝિશનિંગની વ્યૂહરચના બનાવે છે. પેપર પર તે સારી પણ લાગે, પણ ઘણી વાર તે પેપર પર જ રહી જતી હોય છે. ઘણા લોકો આ વ્યૂહરચનાને અમલમાં નથી મૂકતા અને જયારે પરિણામ વિપરિત આવે ત્યારે દોષનો ટોપલો આના પર ઠેલવે છે. આપણે જાણીયે છીએ કે કોઈ પણ વ્યૂહરચનાનું અમલીકરણ તેટલું જ જરૂરી છે જેટલી તે વ્યૂહરચના. આ કહેવાનું કારણ કે મેં આવા ઘણા વેપારી જોયા છે. જે મોટેભાગે આ જ ભૂલ કરતા હોય છે. આના કારણો જાણવાનો પ્રયત્ન કરીએ.....

સૌપ્રથમ, પોઝિશનિંગની વ્યૂહરચના એક વારનું કામ છે. પણ તે લાંબાગાળાની વિચારધારા બ્રાન્ડને આપે છે આથી આના માટે સમય લાગે છે. પણ નિશ્ચિત સમયમાં આ કાર્ય પૂરું થાય છે. બ્લુ પ્રિન્ટ તૈયાર થઇ જાય પછી તેનું અમલીકરણ રોજ થવું જોઈએ અને અહીં જ લોકો થાપ ખાઈ જાય છે. વ્યૂહરચના બની ગયા બાદ બધા પોતાના રોજિંદા જીવનમાં




વ્યસ્ત થઈ જાય છે ને સમય વીતી જાય છે. વેચાણ થતું હોવાથી તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે પણ તે વાત ભૂલી જવાય છે કે પોઝિશનિંગ તેમને વધુ વેચાણ આપશે.

બીજું, યોજનાબદ્ધ અમલીકરણ માટે થોડો ખર્ચો પણ થઇ શકે, જેમ કે પોઝિશનિંગના આધારે માર્કેટિંગની વ્યૂહરચના બનાવી ત્યારબાદ તે મુજબના કેમ્પેઇન બનાવવા, મીડિયામાં તેને પબ્લિશ કરવા, તેના વિવિધ કોલેટ્રલ્સ બનાવી સેલ્સ ટીમને તૈયાર કરવી. વગેરે. ખર્ચની વાત આવે તેમાં આ વ્યૂહરચના બાજુ પર રહી જાય છે. ત્રીજું અને સૌથી અગત્યનું, ઘણી વાર આ યોજનાને આકાર આપવા માટે કંપની પાસે કાબેલ લોકો નથી હોતા. આમ બીજા ઘણાં પરિબળ હોઈ શકે પણ પોઝિશનિંગની વ્યૂહરચનાને અમલમાં ના મૂકવાના આ ત્રણ મુખ્ય પરિબળ છે. આથી વ્યૂહરચના બનાવવાની તૈયારી કરો તે પહેલાં આ ત્રણ પરિબળને કઈ રીતે પહોંચી વળશો તેનો સકારાત્મક વિચાર કરો.

આજ ફરક છે મોટી બ્રાન્ડ અને બીજા વેપારી વચ્ચે. એ પોઝિશનિંગ અને બીજી વ્યૂહરચનાઓને અમલમાં મૂકવાનું પ્લાનિંગ વ્યવસ્થિત રીતે, કાબેલ કર્મચારીઓના નેજા હેઠળ કરશે. આવી નામી બ્રાન્ડ જે વ્યૂહરચના બનાવે તેનું તેટલી ત્વરાથી અમલીકરણ પણ કરે અને તેથી એક સફળ કંપની અને બ્રાન્ડ બને છે. સફળ બ્રાન્ડ કે વેપારના વિકાસ માટે યોગ્ય વ્યૂહરચના અને અસરકારક અમલીકરણ હોવું આવશ્યક છે. વ્યૂહરચના વિકસાવવાની પ્રક્રિયા વર્તમાન પરિસ્થિતિની સમજ સાથે શરૂ થાય છે, જેમાં આંતરિક અને બાહ્ય પરિબળોના વિશ્લેષણનો સમાવેશ થાય છે. આગળ જતાં ટૂંકા અને લાંબા ગાળાના ઉદ્દેશ્યો નક્કી કરવા, તેમને હાંસલ કરવા માટે જરૂરી સંસાધનોને ઓળખવા અને યોજનાઓ બનાવવાનો સમાવેશ થવો જોઈએ. એકવાર વ્યૂહરચના ઘડવાનું પૂર્ણ કરી લો ત્યારબાદ તેના વિષે તમારી કંપનીના બધા લોકોને માહિતગાર કરો, જેથી દરેક વ્યક્તિ જણાવેલાં લક્ષ્યોને હાંસલ કરવામાં પોતાની ભૂમિકા સમજી શકે. સંસાધનોની યોગ્ય રીતે ફાળવણી કરો અને તેમના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે પ્રગતિનું નિરીક્ષણ કરો. આ પગલાંને અનુસરીને, કંપની ખાતરી કરી શકે છે કે તેમની યોજનાઓ વ્યૂહરચના પ્રમાણે જોઈતા સફળ પરિણામો મેળવી રહી છે કે નહીં...

માર્શલ આર્ટના નિષ્ણાત એક્ટર બ્રુસ લીનું એક પ્રખ્યાત વિધાન છે કે ‘મને એ માણસથી ડર નથી લાગતો જેણે એક વાર ૧૦,૦૦૦ કિકનો અભ્યાસ કર્યો હોય, પણ મને એ માણસથી ડર લાગે છે જેણે ૧૦૦૦ વાર એક કિકનો અભ્યાસ કર્યો હોય !’. પોઝિશનિંગનું પણ આવું જ છે. જે પોઝિશનિંગ તમે બનાવ્યું છે તેનો ઉપયોગ જો સતત થાય તો તે તમને જોઈતાં પરિણામ આપી શકે છે અને તમારા પ્રતિસ્પર્ધી માટે તે ઘાતક સાબિત થઇ શકે. આથી પોઝિશનિંગને ફક્ત પેપર પર ન રાખતા તેને અમલમાં મૂકો અને તેને તમારા વેપારમાં ભાગીદાર તરીકે કામ કરવા દો. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# નવી પેઢીનો લેટેસ્ટ વાયરસ : સૈયારા

‘સૈયારા’ ફિલ્મ ને એના જુવાળ ને ટાબરિયાઓના રિએક્શન વિશે બધાને ખબર છે, પણ ચાલો , આજે ‘સૈયારા’ જોઈને ટીનેજરની આજની જનરેશન સ્ક્રીન ઉપરનો ઉપરછલ્લો પ્રેમ જોઈને કેમ રડે એ આપણાં જેવડી પેઢી જાણવા- જોવા જાય છે કે આ બધાં કેમ રડે છે અને પછી એ ફિલ્મ જોઈને રડે છે ને સરવાળે સૌ રડે છે.

ઘણાને વાંધો વેવલાવેડાનો છે, પણ આમાંના કોઈને ય ત્યારે વાંધો નહોતો જ્યારે ‘આદિપુરુષ’ રિલીઝ થઈ ત્યારે થિયેટરમાં હનુમાનજી માટે એક સીટ રિઝર્વ રાખવામાં આવેલી. હકીકતમાં રામકથામાં હનુમાનજીને આસન આપવાની પ્રથા છે તો એની જ બેઠી કોપી ફિલ્મમાં કરવાની? એ વેવલાવેડા નહોતા?

‘કાશ્મીર ફાઇલ્સ’જોઈને પરજા ગાંડી થયેલી ને રડતી - ચિચિયારીઓ પાડતી. અમુક તો એક ખાસ ધર્મને ભારતમાંથી હાંકી કાઢો એમ કહેતી. અમુક લોકો પોસ્ટર પાસે ઊભા રહીને ઊતરેલા ડાચે ફોટોઝ પડાવતા. હા, માન્યું કે એ ફિલ્મ એક વાસ્તવિક કરુણાન્તિકા પર હતી, જેના માટે સંવેદના જ હોય, પણ માઈન્ડ ઇટ, આ સંવેદનાની આડમાં નફરતનું સિંચન હતું. બાકી ફિલ્મ ‘બોર્ડર’ પણ સત્યઘટના પર હતી, પણ અંતમાં સર્જક એનો પોતાનો સ્ટેન્ડ લઈને ગીત ‘મેરે દુશ્મન મેરે ભાઈ’ મૂકીને કહે છે, કે ‘જંગ તો ચંદ રોઝ હોતી હૈ, જિંદગી બરસોં તલક રોતી હૈ’ અહીં ઉપરોક્ત મૂવીમાં કડવી, નગ્ન વાસ્તવિકતા બતાવવાના કારણે કદાચ આજ જેવું એ વખતે નહીં આવ્યું હોય?

પાંચ-છ મહિના પહેલાં જ ‘છાવા’ જોઈને સાવ નાનાં નાનાં બાળકો શૌર્યતા અને નફરતના રિએક્શન થિયેટરમાં આપતાં હતાં એમાં કોઈને ય વેવલું ન લાગ્યું. એ પણ સત્ય હતું અને વાસ્તવિકતા હતી, પણ એટલે સદીઓ જૂની ઘટનાનું ઝેર કુમળા માનસ પર નાખવાનું? પછી એ જ બાળક મોટું થશે ને ફિલ્મમાં કોઈક ને પ્રેમ કરતાં જોવે તો રડશે કેમ કે એમના આસપાસના લોકોએ એમને પ્રેમ કરતાં તો શીખવ્યું જ નથી.

ખેર, આપણે લાગણીશીલ પ્રજા છીએ ને એ કંઈ આજકાલનું નથી. જેમને ધંધો કરવો છે એ આપણને સારી રીતે જાણે છે, તો એ તો એમનું કામ કરવાના... આપણે એક કાલ્પનિક સંતોષી મા ને ય માતાજી બનાવી દઈએ ને રામાનંદ સાગરની ‘રામાયણ’ આવે તો ટીવી સામે દીવા- બત્તી ય કરીએ. તો પછી યુવાનો નફરત કે હિંસા સ્ક્રીન પર જોઈને ચીસો પાડે કે સ્ક્રીન પર પ્રેમ જોઈને રડે એ યોગ્ય કેમ નથી?

બીજી તરફ, ફિલ્મ એપ્રિશીએશન ભણાવવા માટે ભાવિ પત્રકારોના એક ક્લાસમાં સાથી શિક્ષકે કહેલું કે આ છોકરાઓને ગુરુદત્ત કોણ છે એ ખબર નથી એ હજુ ક્ષમ્ય છે, પણ સુનિલ દત્ત કોણ છે એ પણ ખબર નથી એનો કારમો આઘાત કેમ સહન કરી લેવો? વળી આ કિસ્સો આજકાલનો નહીં, પણ દસ વર્ષ પહેલાંનો છે.






હવે વિચારો વાચકબાબુ, આજની પેઢી ક્યાં પહોંચી હશે? જ્યાં પણ પહોંચી હશે ત્યાં પણ આ પૂર્તિનું પાનું એના હાથમાં નથી એ ખાતરી છે. છેલ્લે ક્યા જનરેશન-ઝીના બાળકને હાથમાં છાપાં સાથે જોયેલું? ઇટ ઇઝ ઈમ્પોસિબલ. જોડણી કે શબ્દ ભલે ખોટો હોય, ‘સૈયારા’ ફિલમ જોઈને ભાંગી પડતા અને હિબકે ચડતા આ ઢાંઢા બાળકોની પેઢીને શું ફરક પડે છે? બસ, મજા આવવી જોઈએ અને બધું ઇન્સ્ટા સ્ટોરીમાં ચડવું જોઈએ...બસ...મોક્ષ!

હવે ફરી ‘સૈયારા’ની વાત પર આવીએ...તો માર્કેટના રિપોર્ટ અનુસાર પચાસ ભાડુતી છોકરા- છોકરીઓને બોલાવીને પબ્લિસિટી સ્ટંટ કરેલો. એમની રીલ વાયરલ થઈ ને એના પછી સ્વયંભૂ ચિનગારી આગ મેં પલટ ગઇ. ...આ બધું ફિલ્મના માર્કેટિંગ ગિમિકનો ભાગ હતો જે અણધાર્યો સફળ થયો. તો તો આ નિબ્બા/નીબ્બીની પેઢી વધુ મૂરખ કહેવાય. આટલા કાચા કાનની પેઢી તો ઇતિહાસમાં ક્યારેય આવી જ નથી. પ્રજાને ઝુકાવી શકાય છે - આવું સાંભળેલું છે પણ આ છપરી ગેંગ તો મૂર્ખામીમાં આળોટી રહી છે. આ લોકોના ભરોસે સરહદ તો શું ફ્રિજનું બારણું પણ ન મુકાય.

આખો દિવસ રીલ જોતા કે કોન્ટેન્ટ બનાવતા મગજ સંકોચાઈ ગયું છે. એમનો એટેન્શન સ્પાન - ઝીરો. ‘સૈયારા’ પછી તો માઇનસમાં થઈ ગયો લાગે છે, કારણ કે એમનું મગજ ત્રીસ સેકન્ડની રીલ જોવા ટેવાયેલું છે. ત્રીસ સેકન્ડ સરખો એક વીડિયો જોયો - ન જોયો એવું તરત સ્ક્રોલિંગ. બીજા ચહેરા... બીજું મ્યુઝિક.. બીજી વાત. એની પંદર વીસ સેકન્ડ પછી એ જ પુનરાવર્તન. આવું કલાક સુધી થાય એટલે ફક્ત મગજ જ નહીં, આંખ - કાન પણ નુકસાન પામે. માનસિક - શારીરિક આદત બદલાઈ જાય. આ રીલ જોવાની આદત તમારા DNA બદલી નાખે. આમને આમ દસ વર્ષ પછી એકાદી રિસર્ચ કે સ્ટડી આવશે કે માણસના જીન્સમાં સોશ્યલ મીડિયા અને રીલને કારણે જે મ્યુટેશન આવ્યું-પરિવર્તન આવ્યું એમાં ઘટતા એટેન્શન સ્પાનની ભૂમિકા મુખ્ય હશે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# કવિ એસ. એસ. રાહીઃ છ દાયકાની ગઝલ સાધના

## નાલંદા ને તક્ષશિલાને યાદ કરું તું આવે તો બંનેને બાદ કરું



કલમને ખોળે માથું મૂકી દઈને સાહિત્યની સાધના અને આરાધના કરતા બહુ ઓછા નામ આપણી પાસે છે. રાજેન્દ્ર શુકલ આમાં મોટા ગજાનું નામ છે પણ એ શાંત ખૂણે પલાઠીવાળીને બેઠા છે અને પોતાની ગઝલમાં રમમાણ છે, પરંતુ પોતા સિવાય બીજા બધાની રચનાઓ લોકો સુધી લઈ જવાનું કામ બહુ જુજ સાહિત્યકારો કરે છે તેમાં બહુ જ સંનિષ્ઠ સંપાદક તરીકે ગઝલકાર એસ.એસ. રાહીનું નામ અને કામ મોખરે છે. છેલ્લાં લગભગ ત્રીસ વર્ષથી આ કલમજીવી સર્જક પોતાના ઉપરાંત બીજાના સર્જનને ગ્રંથસ્થ કરવાનું ઐતિહાસિક કામ કરી રહ્યા છે.

ગઝલના ક્ષેત્રમાં અત્યારે તુકબંધી અને જોડકણા કરનારાઓનો પ્રવેશ સરળતાથી થઈ શકે છે અને હવે તો આ ખુલ્લેઆમ ચાલી રહ્યું છે. બેતબાજી કરીને ભાવપ્રતીકોની ફેંકાફેંકીમાં માહેર લોકો પિંગળશાસ્ત્રના જ્ઞાન વગર સ્ટેજ ગજવે છે અને તાળીઓ ઉઘરાવે છે, જ્યારે આની સામે છેલ્લાં સાઠ વર્ષથી ગઝલમય રહેલા એસ.એસ. રાહી ગઝલકાર ઉપરાંત ગઝલના વિદ્વાન વિવેચક છે. અત્યારે ગઝલના ક્ષેત્રમાં કામ કરનારા સર્જકોમાં ગઝલના જ્ઞાતા અને પોતે સર્જક હોય એવા બહુ ઓછા ગઝલકારો છે. આવા સાહિત્યોપસના કરતા સર્જકોમાં એસ.એસ. રાહીનું નામ આગલી હરોળમાં છે.

વીસ વર્ષની નાની ઉંમરમાં એમણે 'પરવાઝ'નામનો પ્રથમ ગઝલ આપ્યો અને પછી ગઝલ સર્જનની યાત્રા અવિરત ચાલી જે આજે ઓછામાં ઓછા દસ સંગ્રહ સુધી પહોંચી છે. 'ગઝલઃ સંજ્ઞા અને સમ્રત્યય'માં ગઝલના સ્વરૂપની વાત થઈ છે.

એમણે વિદ્વતાભર્યા અભ્યાસ લેખો લખ્યા છે. ગઝલ આસ્વાદ, સાહિત્યિક મુલાકાતો, ગઝલના મહેલમાં નામના પુસ્તકમાં જીવન-કવનની વાત થઈ છે. શે'ર સંપાદનના પાંચ પુસ્તકો કર્યા છે. 'અમર ગઝલો' અને 'રૂપ એક, રંગ અનેક' પુસ્તકો ગઝલ સંપાદનના છે. 'ઝુમ્મર' નામે પુસ્તકમાં આપણી શ્રેષ્ઠ નઝમો લેવામાં આવી છે. ગઝલ ઉપરાંત મુકતક, મોનો-ઈમેજ, સર્જકસેતુ અને પત્રોનું સંપાદન કર્યું છે.

એક જમાનો હતો જ્યારે આપણા મહાન ગઝલકારોનું શાળાકીય શિક્ષણ ઓછું હતું પણ એમનું પ્રદાન નોંધનીય રહ્યું છે. આદિલ, ચિનુ, મનહર પછી પરિસ્થિતિ પલટાય છે. શેખાદમ સાક્ષર હતા. એસ.એસ. રાહી બી.કોમ., બી.એ., પી.એચ.ડી. છે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલમાં પી.એચ.ડી. કર્યું છે. હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટના માનવંતા ઍવૉર્ડ ઉપરાંત ઘણાં માન-અકરામ એનાયત થયા છે. એમણે જિંદગીભર સામયિક સંપાદન, કટાર લેખન અને પ્રતિષ્ઠિત પત્રોમાં સેવાઓ આપી છે. આવા બહુશ્રુત અને પ્રતિભાવંત સર્જક પોતાની જાતને માન-અકરામની હોડમાં મૂક્યા વગર સર્જન ચાલુ રાખે એ જ એમની વિશિષ્ટતા છે. ગુજરાતનું એક પણ પત્ર કે સામયિક એવું નથી જેમાં રાહીની રચના પ્રકટ ન થઈ હોય.

ગઝલકાર તરીકે રાહીની ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતાઓની વાત કરીએ તો એમણે હંમેશાં સાદી અને સરળ ભાષા પ્રયોજી છે. એમાં સરળતાનું સૌંદર્ય છે. ગઝલના પરંપરાગત સાહિત્ય સ્વરૂપમાં આધુનિક ચેતનાને વ્યક્ત કરવાનો જે પ્રયત્ન આદિલ વગેરે ગઝલકારોએ કર્યો એમાં રાહીનો ફાળો નોંધપાત્ર છે. પરંપરાગત સ્વરૂપમાં પણ તે નવીનતા લાવી શક્યા છે. માનવીના સુકોમળ હૃદયની મીઠી ઝંખનાઓને એમણે વાચા આપી છે. માણસની વ્યથાને ગઝલમાં અભિવ્યક્ત કરી છે. જુઓ આ શેરઃ

**વેદનાને ઘાટ તો આપો જરા**
**દર્દ કચ્ચરઘાણ લઈને ક્યાં જવું?**
***

રાહીએ ચોથો સંગ્રહ 'હજુ અજવાસ છે કાળો' પ્રકટ કર્યા પછી એક મોનો-ઈમેજ સંગ્રહ 'લેન્ડસ્કેપ' આપ્યો. નિમિશ ઠાકર અને મધુ કોઠારીએ આ પુસ્તકની સમીક્ષા 'વિવેચનના ગજરા સાથે કલ્પનોની વેલ્વેટી બિછાત પાથરી આપી છે!' એક મોનો ઈમેજ જોઈએઃ

**એક પતંગિયાએ**
**એક ફૂલ સાથે**
**દોસ્તી બાંધી**
**પછી બંને ખડખડાટ**
**હસી પડ્યાં!**
***

કોન્ટ્રાસ્ટ અને કટાક્ષનું કોલાજ લાઘવથી સિદ્ધ કરવામાં રાહી પથદર્શક અને 'ગાઈડ' બનવાની હેસિયત દાખવે છે. જેમ કેઃ

**ફૂલ મૃત્યુ પામ્યું છે.**
**એના પર માણસો ચઢાવો**
***

રાહીએ આધુનિક અને અનુઆધુનિક એમ બન્નેના દોરમાં તેમણે સર્જન અને વિવેચન દ્વારા આગવી ઓળખ ઊભી કરી છે. ભાષાની સરળતા, ભાવની સચ્ચાઈ, સંવેદનની પારદર્શિતા વગેરે એમની ગઝલના નોંધપાત્ર લક્ષણો છે જેમ કેઃ

**ઊમ્રભર છેતરે છે સૌને**
**એવું શું હોય છે અરીસામાં?**
***

**એમાંથી મળશે ભવોભવની મહેક**
**વૃક્ષ ક્યાં માગું છું, ગજરો આપજે**
***

**શ્રદ્ધાના પથ્થરોને હું કેવી રીતે નમું?**
**મેં મારો શ્વાસ પણ કદી મારો કર્યો નથી.**
***

તમને કોઈ પૂછે કે શફક્કત સૈફુદીન વર્ધાવાળાને ઓળખો છો? તમે તરત ના પાડવાના પણ કોઈ એમ પૂછે કે એસ.એસ. રાહીને ઓળખો છો તો તરત હા પાડવાના. કારણ આની પાછળ છ વર્ષની સાધનાનું તપ છે. એમનો જન્મ ૨૮-૧૨-૧૯૫૨માં વતન ધ્રાંગધ્રાના થયો. શિક્ષણ પણ ત્યાં અને શરૂઆતનું ગઝલકર્મ પણ ત્યાં જ થયું. આમ આ સર્જક મૂળિયા સાથે જકડાયેલા રહ્યા હોવાથી એમની ગઝલોમાં વિષય વૈવિધ્ય છે. ચેતો વિસ્તાર છે. જેમ કેઃ

**બે સ્થળે મારી હયાતી હોય છેઃ**
**ટોચ પર - ક્યારેક-તળેટીમાં મળું!**
***

**રાત છે વરસાદી ને આવ્યા છે પૂર**
**ને, નદીમાં ટૂહેલવા નીકળ્યો છે થાક**
***

**એકાંતમાં ને એકલા ભીંજાવું હોય તો**
**આ શ્રાવણી વરસાદ કશા કામનો નથી**
***

**પછી ઝાંઝવા, ડમરી, લૂ, બોલી ઊઠ્યા**
**આ બેભાન માણસ તો લાગે છે શહેરી**
***

એસ.એસ. અત્યારની ગઝલના અગ્રગણ્ય સર્જક છે. સાંપ્રત ગઝલના એક સશક્ત હસ્તાક્ષર છે. કવિને કટાક્ષકલા સાધ્ય છે.

**દોસ્તોમાંથી ઘણું મળશે તને**
**દુશ્મનોના ઘાવ અમથાં હોય છે**
***

આ કવિ ઘણી વખત કલ્પનામાં વ્યત્યય સાધીને અનોખી છટા પેદા કરે છે જેમ કે 'ઝેર પીને કાંચળી ડંખી હતી.' 'બરફની એક કણીથી ચીરું કઠણ તડકો' વિચારને વેધકતા આપવામાં આ સર્જક વધારે ખીલે છે. એમના શબ્દગુચ્છો વિશાળ ને સમૃદ્ધ કલ્પનાની તેમ જ તીવ્ર સંવેદનની સાક્ષી પૂરે છે. એમની વિશિષ્ટ ભાવસમૃદ્ધિ એમની ગઝલોને આગવું સૌંદર્ય બક્ષે છે જેમ કેઃ

**આ ચિતા પર સૂતેલી પિંગળા**
**ભરથરીની આંખમાં જાગે હવે.**

રાહીએ બે પંક્તિના શે'રને બદલે ત્રણ પંક્તિનો શે'ર રચીને ત્રિપદીનો નવો પ્રયોગ કર્યો છે. એમની આવી ગઝલના થોડા શે'ર જોઈએ.

**ક્યાંય પણ ધુમ્મસ નથી ઝાકળ નથી**
**ચોતરફ નિસ્તબ્ધતાનું રાજ છે**
**ને ગગનમાં એક પણ વાદળ નથી.**
**આંખ કોરીધબ્બ છે કાજળ નથી**
**છાતીએ છે નીલવર્ણાં છૂંદણા**
**પણ હથેળીમાં તો એકે સળ નથી.**

અહીં વિરોધાભાસ છે. વિચારકો કહે છે કે વિસંગતિ એ જીવનનું વ્યાવર્તક લક્ષણ છે. 'જિંદગીમાં કશુંક છે અને નથી. વિરોધાભાસની તીવ્રતા જિંદગીને જીવવા લાયક બનાવે છે તો બીજી બાજુ તે જ જિંદગીને જીવવું મુશ્કેલ બતાવે છે.'

વાતાવરણમાં સન્નાટો છે. નથી ધુમ્મસ કે ઝાકળ અને વાદળ પણ નથી. આમ એક જુદા જ વાતાવરણમાં ફક્ત ત્રણ પંક્તિના શેરમાં રાહીએ જે કસબ દાખવ્યો છે તે 'મત્લા'ને જીવંત બનાવે છે. બીજા શે'રમાં કહે છે સાવ કોરી છે, કોઈ સપનાં નથી અને કાજળ પણ નથી. ભલે આંખ કોરી છે છતાં છાતીમાં નિલવર્ણાં છૂંદણા આશાનો સંચાર કરે છે. આમ છતાં ઈચ્છાપૂર્તિના રસ્તામાં વિઘ્ન છે. એક પણ રેખા શુભસંકેત આપતી નથી. કવિ ભાવ-અભાવના કાયમી જોડકાને રજૂ કરવામાં સફળ રહ્યા છે.

રાહી બહુ શરમાળ અને સ્વભાવે સરળ અને ઋજુ છે. પ્રસિદ્ધિ માટે પડાપડી નથી. ગઝલની સંવેદનાના ઊર્મિશીલ પ્રહરી છે. એમની ગઝલો નખશિખ શુદ્ધ હોય છે. ચાલો આ કવિના થોડા શેર માણીએઃ

**તને કઈ રીતે આ ગઝલમાં હું લાવું**
**રુઝાયા નથી જ્યાં જૂના ઘાવ સજની**
***

**જુઓ ચાંદની રણમાં ઢોળાઈ ગઈ છે**
**જુઓ ધીમે ધીમે ઠરી જાય છે લૂ**
***

**તારી અગાસી સામે ક્યાં મંડાય છે નજર**
**ભોળીભટાક તારી એ અંગડાઈ ક્યાં ગઈ ?**
***

**આવેલી એક તક મેં અમસ્તી જ અવગણી**
**ખટકે છે તે દિવસથી સમય નામની કણી.**
***

**પછી રંગ માટેની અટકળ કરો**
**પ્રથમ બંને હાથોની મેંદી જુઓ.**
***

**રસ પડે છે ક્યાં કોઈ પણ ચીજમાં**
**ધ્યાન મારું જ્યાં સતત તાવીજમાં**
***

**એક તરફ દરિયો અને બીજી**
**તરફ અષાઢી બીજ**
**ખારવાની કશ્મકશ ચૂપચાપ હું જોતો રહ્યો**
***

**આજ માલણની ખુશી માતી નથી**
**ક્યાંકથી આવી હશે મળવા મહક**
***

**હિબકે ચઢ્યું છે પાણિયારું એ જ વાત પર;**
**મટકી મૂકીને કન્યા પનઘટ જતી રહી**
***

**શ્રાવણના એ દિવસનો કરું કેમ ભરોસો?**
**ભીના થવા ગયા અને વાછટ જતી રહી.**
***

**છો ને તરસ્યો છું જીવનમાં**
**મૃત્યુ ગંગાજળિયું દે.**
***

**વાવ્યું હતું મેં મૌન ને પડઘો ઊગી ગયો**
**કેડી જુવાન થઈ પછી રસ્તો ઊગી ગયો**
***

**નાલંદા ને તક્ષશિલાને યાદ કરું**
**તું આવે તો બંનેને બાદ કરું.**
***
■


સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જીવનનો ઉત્તરાર્ધ સુખમય પસાર કરવાનું શું છે રહસ્ય?

થોડા સમય અગાઉ એક વડીલ વાચકમિત્રનો કોલ આવ્યો. એમણે હૈયાવરાળ ઠાલવી કે મારા સંતાનો મારી કોઈ વાત સાંભળતા નથી. હું સલાહ આપું તો એ મારું અપમાન કરી નાખે છે અને મને લાગે કે મારે એમને સલાહ આપવી જોઈએ ત્યારે મારાથી રહેવાતું નથી. એ વખતે મારા દીકરાઓ કહે છે કે તમે નિવૃત્ત જીવન આરામથી વિતાવો ને! અમને ખબર છે કે શું સારું છે અને શું ખરાબ છે! મારી પત્ની પણ મને સલાહ આપે છે કે હવે તમે નિવૃત્ત છો તો શાંતિથી જીવન વિતાવો ને. છોકરાઓને ન ગમે એવી કશી વાત કરશો નહીં. મેં ઘણા વર્ષોથી નિવૃત્તિ લઈ લીધી છે. હવે અફસોસ થાય છે કે મારે નિવૃત્ત થવું જોઈતું નહોતું. હું ધંધો સંભાળતો હોત તો ઘરમાં મારું બધા સાંભળતા હોત....

મેં એમને હૈયાવરાળ ઠાલવી લેવા દીધી પછી મહાન ફિલોસોફર સોક્રેટિસના જીવનનો એક કિસ્સો કહ્યો.



સોક્રેટિસ પાસે ઉપદેશ સાંભળવા માટે લોકો આવતા રહેતા. સોક્રેટિસ એમને ઉપદેશ આપતા, પણ સાથે સાથે એમને મળવા આવતા માણસો પાસેથી એમના જીવનના અનુભવો પણ સાંભળતા અને એમની પાસેથી સાંભળેલા અનુભવોને આધારે એમાંથી એ પોતે જ્ઞાન મેળવતા.

એક વાર એક શિષ્યએ એમને સોક્રેટિસને પૂછી લીધુંઃ

'તમે આટલા મહાન તત્ત્વચિંતક છો તો પછી તમે બીજા સામાન્ય માણસો પાસેથી આ રીતે જીવનના અનુભવો સાંભળીને એમાંથી જ્ઞાન મેળવવાની કોશિશ શા માટે કરો છો? સામાન્ય માણસો વળી તમને શું જ્ઞાન આપવાના હતા?'

સોક્રેટિસ હસ્યા. એમણે કહ્યુંઃ 'જીવનના અનુભવો ફિલોસોફરના ચિંતન કરતાં વધુ ગહન હોય છે...'

એ જ વખતે એક વૃદ્ધ માણસ સોક્રેટિસને મળવા આવ્યો. સોક્રેટિસે શિષ્યને કહ્યુંઃ 'હમણાં આ માણસ સાથે વાત કરવા દે. તારા સવાલ વિશે આપણે પછી ક્યારેક વાત કરીશું.'

સોક્રેટિસ પેલા વૃદ્ધ સાથે વાતોએ વળગ્યા. સોક્રેટિસે એમના જીવનની વાતો સાંભળવામાં રસ દાખવ્યો. એ વૃદ્ધે પોતાના જીવનની સારી-નરસી અને નાની-મોટી ઘટનાઓ કહેવા માંડી.

સોક્રેટિસે એ વૃદ્ધને કહ્યુંઃ 'તમારા જીવનમાંથી મને ઘણું બધું જ્ઞાન મળ્યું. હવે મને તમારા વર્તમાન વિશે કહો...'

વૃદ્ધે કહ્યુંઃ 'હું સુખમય દિવસો પસાર કરી રહ્યો છું. મેં નિવૃત્તિ લઈ લીધી છે અને મારી તમામ સંપત્તિ પુત્રોને આપી દીધી છે. હું એમને એમની રીતે કામ કરવા દઉં છું. એમણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એવી માથાકૂટ કદી કરતો નથી. હા, સલાહ માગવા આવે તો હું મારા જીવનના અનુભવોના આધારે એમને સલાહ આપું છું, પણ પછી એ મારી સલાહ પ્રમાણે જ વર્તે એવી અપેક્ષા રાખતો નથી. મારા પુત્રોનાં નાના સંતાનોને રમાડીને દિવસો આનંદમય રીતે બનાવું છું.'

એ વૃદ્ધે વિદાય લીધા પછી સોક્રેટિસે પોતાના શિષ્યને કહ્યુંઃ 'આ વૃદ્ધ પાસેથી વૃદ્ધાવસ્થા સુખમય રીતે પસાર કરવાનું રહસ્ય મળ્યું. શબ્દોની ફિલોસોફી કરતાં વાસ્તવિક જીવનમાંથી વધુ જ્ઞાન મેળવી શકાય એ વાત હવે તને ગળે ઉતરી?'

મેં વડીલ વાચકમિત્રને કહ્યુંઃ 'તમે સંતાનોને સલાહ આપવાનું બંધ કરો અને સલાહ આપ્યા વિના રહી શકાય એમ જ ન હોય ત્યારે થોડી ધીરજ જાળવવાની કોશિશ કરો.'

એ પછી મેં એમને વર્ષો પહેલાં વાંચેલી એક ચીની કથા કહી : જૂના જમાનાની એ ચીની કથા આજના સમયમાં પણ એટલી જ નહીં, કદાચ વધુ પ્રેરક છે.ચીનમાં એક એવું કુટુંબ હતું, જેના કેટલીય સદીઓના ઈતિહાસમાં ક્યારેય કુટુંબના સભ્યો વચ્ચે ઝઘડા થયા નહોતા. પેઢીઓ સુધી એ કુટુંબમાં કોઈ વચ્ચે અણબનાવ કે કટુતાની સ્થિતિ ઊભી થઈ નહોતી....અતિ વિશાળ કુટુંબમાંથી ક્યારેય કોઈ વ્યક્તિ ઘર છોડીને ચાલી ગઈ નહોતી કે બીજે ક્યાંય રહેવા પણ ગઈ નહોતી. એમાં અપવાદ માત્ર દીકરીઓનો હતો. જે દીકરીનાં લગ્ન થાય તે સાસરે જતી એટલે એ વખતે તેણે ઘર છોડવું પડતું.

એક તબક્કે તે કુટુંબના સભ્યોની સંખ્યા સેંકડો સુધી પહોંચી ગઈ. એ વખતે તે કુટુંબમાં એકસાથે પાંચ પેઢી જીવતી હતી. તે કુટુંબમાં એક વર્ષના બાળકથી માંડીને એકસો દસ વર્ષના વડદાદા સુખેથી જીવતા હતા.

આ કુટુંબના સુખભર્યા અને સુમેળભર્યા જીવનની ખ્યાતિ ચીનભરમાં ફેલાઈ ગઈ અને ખુદ શહેનશાહ સુધી તે કુટુંબની એકતાની અને અખંડિતતાની વાત પહોંચી.

શહેનશાહને આશ્ચર્ય થયું કે આટલા મોટા કુટુંબમાં કેટલીય પેઢીઓ સુધી ક્યારેય અંદર અંદર ઝઘડો ન થાય એ કઈ રીતે શક્ય છે? એણે તપાસ કરાવી તો વાત સાચી નીકળી. તે કુટુંબનો ઈતિહાસ જાણનારા લોકોએ ખાતરીપૂર્વક કહ્યું કે તે અનોખું કુટુંબ છે અને તે કુટુંબમાં ક્યારેય કોઈ જ અપ્રિય ઘટના બની નથી.

શહેનશાહની ઉત્કંઠા વધી ગઈ. એણે એક ખાસ દૂતને તે કુટુંબના વડા પાસે મોકલાવ્યો. શહેનશાહના દૂતે પેલા પરિવારના વડા પાસે જઈને પૂછ્યું કે, 'શહેનશાહ એ જાણવા ઉત્સુક છે કે તમારા કુટુંબનાં સુખ, એકતા અને અખંડિતતાનું રહસ્ય શું છે?'

વડદાદા કાગળ અને કલમ લઈને અંદર ગયા. એમણે ઘણી વાર સુધી કંઈક લખ્યું પછી બહાર આવીને પોતે લખેલો સંદેશો શહેનશાહના દૂતને આપ્યો. દૂતે શહેનશાહ પાસે જઈને એ લાંબો પત્ર આપ્યો.

શહેનશાહે આતુરતાપૂર્વક એ પત્ર ખોલ્યો. એ પત્રમાં સો વાર એક જ શબ્દ લખ્યો હતોઃ 'ધીરજ'!

૦૦૦ ૦૦૦

ઘણા વડીલો પેટ ચોળીને શૂળ ઊભું કરતાં હોય છે. આવા વડીલ સંતાનો મોટા થયા પછી પણ એમને બાળક સમા ગણીને એમને સતત સલાહ આપવાની ભૂલ કરતા રહે છે. કુટુંબમાં શાંતિ જોઈતી હોય તો સંતાનો મોટા થઈ જાય પછી એમના પર પોતાના વિચારો થોપવાની કોશિશ ન કરવી જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# શબ્દોની સરિતા વહેતી... નવી જનરેશન - નવી ભાષા

*ટાઈટલ્સઃ*

***ઘણીવાર, એક શબ્દથી જીવન બદલાઇ કે સમજાઇ શકે. (છેલવાણી)***

એક ઇરાનિયન ફિલ્મમાં હીરો ખજાનાની શોધમાં અફઘાનિસ્તાન-રશિયા પાસે રખડતો હોય છે ત્યારે એને 'શકુનિ' નામનો માણસ મળે છે. હીરોએ એને પૂછ્યું, 'તું કામ શું કરે છે?' શકુનિએ કહ્યું, 'હું 'શબ્દ' વેચું છું! અહીં વણઝારાઓ-સોદાગરો દેશ-વિદેશથી આવે તો એમને શબ્દોના અર્થ- વિરોધી શબ્દો વેચું છું.'

હીરોને નવાઈ લાગે છે કે આવો ધંધો પણ હોય શકે?


ત્યારે શબ્દસોદાગર 'શકુનિ' કહે છે :

'હવે આ ધંધો બહુ નથી ચાલતો, પણ બાપ-દાદાના જમાનામાં શબ્દો ખૂબ વેંચાતા...આજકાલ શબ્દોનો વેપલો પડી ભાંગ્યો છે!'

ભાષા નદી છે ને શબ્દો પાણી. નદીનું પાણી હરપળ બદલાતું રહે છે. સ્થગિત પાણી સડી જાય ને ભાષા પણ એટલે વખત જતાં યોગ્ય શબ્દો ન મળે તો આપણે નવો જ શબ્દ 'કોઇન કરવો' પડે અર્થાત્ ઘડવો પડે. પછી એ શબ્દ લોકજીભે ચઢે. દર વર્ષે ડિસેંબરમાં 'કેમ્બ્રિજ' અને 'ઓક્સફર્ડ' યુનિવર્સિટિવાળાંઓ લગભગ ૪૦૦૦ નવા શબ્દો અંગ્રેજી ડિક્શનરીઓમાં ઉમેરે છે. ૨૦૨૪ના વરસમાં 'ઓક્સફર્ડે યુનિવર્સિટીએ 'બ્રેન રોટ' શબ્દને 'વર્ડ ઓફ ધ યર' જાહેર કર્યો છે. 'બ્રેન રોટ' એટલે સાદી ગુજરાતીમાં 'મગજનો સડો'. આ 'મગજનો સડો' એટલે શું?

વોટ્સ એપ, ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ કે ટ્વિટર (X) પર સતત રીલ્સ જોઈ જોઇને દિમાગની જે હાલત થાય એને આજકાલ 'બ્રેન રોટ' કહેવામાં આવે છે. જોકે ઇન્ટરનેટના યુગ અગાઉ છેક ૧૮૫૪માં હેનરી ડેવિડે, 'વેલ્ડેન' પુસ્તકમાં 'બ્રેન રોટ' શબ્દનો ઉપયોગ પહેલીવાર કરેલો, પણ આજની પેઢી એ શબ્દ ફરી વાપરવા માંડી છે.

આજકાલ નરનારીના નાજુક સંબંધોમાં 'ડ્રાય બેગિંગ' શબ્દ બહુ ચાલે છે. 'ડ્રાય બેગિંગ' એટલે 'સૂકી ભીખ'. આ શબ્દ સાંભળીને અજીબ લાગશે, પણ 'ડ્રાય બેગિંગ' એટલે તમને તમારા પાર્ટનર પાસેથી કંઈ જોઈતું હોય પણ એ સીધેસીધું માગવાની બદલે આડકતરી રીતે માગવાની સ્માર્ટ રીત., જેમ કે છોકરી બોયફ્રેન્ડને કહે, 'મારી ફ્રેન્ડ શીતલને એના બોયફ્રેન્ડે બર્થ-ડે પર સાચી ડાઇમંડ રિંગ આપી, બોલ! કેટલી લકી છેને શીતલ કે આવો બોયફ્રેન્ડ મળ્યો?' અથવા 'પપ્પુને એની ગર્લફ્રેન્ડે ૩-૩ છોકરી સાથે ગોવા જવાની હા પાડી! કેટલી સમજુ કહેવાયને? કાશ, સૌને આવી મળે..'




અગાઉ 'ઝટ જાઓ ચંદનહાર લાઓ, ઘૂંઘટ નહીં ખોલું રે' જેવાં ગીતોમાં ડાયરેક્ટ ડિમાન્ડની દાદાગીરી હતી,. હવે ચાહતમાં ચાલાકી અજમાવાય છે..ઓફકોર્સ, શુદ્ધ ભાષાપ્રેમીઓને આવા વિચિત્ર ભેળસેળિયા શબ્દો અને ખીચડી ડિક્શનેરી નહીં જ ગમે, પણ શું થાય? આ યુગનાં યંગ લોકોની માગ છે. વળી જો આપણે ધોતિયાલૂંગીમાંથી જીન્સ પર આવી ગયા હોઇએ તો ભાષામાં પણ કદીક નવા પ્રયોગો થઇ જ શકેને? એમાં કોઇએ બહુ 'વેવલાત્મક' ન બનવું જોઇએ, વ્હાલા વિદ્વાનો!

*ઇન્ટરવલઃ*

*ડોલ શબ્દની કાણી રે*
*ઊંડા કૂવાનાં પાણી રે.. (લાભશંકર ઠાકર)*

'અંધા યુગ' જેવા યાદગાર નાટકનાં લેખક અને કવિ ધર્મવીર ભારતીનાં બુઝૂર્ગ પત્નીએ એક કાર્યક્રમમાં કહેલું કે 'ઇસ પીઢી કી ખીચડી ભાષા દેખ કે મેરી 'ટેન્શનાત્મક' હાલત હો જાતી હૈ!'

ત્યારથી એ શબ્દ અમને બહુ ગમી ગયો ને જ્યાં ત્યાં 'ત્મક' લગાડીને વાપરીએ છીએ.

આજકાલ ઘણાંને બેઠાં બેઠાં ટી.વી. જોવાની કે મોબાઈલ ગેમ રમવાની લત હોય છે એવા આળસુઓ માટે એક ફાસ્ટ ડાન્સની કસરત બની છે, જેને માટે તાંડવ પરથી શબ્દ બન્યોઃ 'થાંડવ'.

બીજો ચિંતાજનક શબ્દ બન્યો છે 'ગ્રે ડિવોર્સ'. ૫૦ની ઉંમર પછી જે કપલ છૂટાછેડા લે એને 'ગ્રે ડિવોર્સ' કહે છે. ફોરેનમાં આનું પ્રમાણ વધુ છે. આપણે ત્યાંયે 'જા નથી રમવું' કહીને જીવનસંધ્યાએ એકમેકને કિટ્ટા કરીને 'ગ્રે ડિવોર્સ' અપાઇ રહ્યા છે.

નવી પેઢીમાં જૂના શબ્દોનાં નવા અર્થો બન્યા છે, જેમ કે-'ક્યા સીન હૈ?' મતલબ કે 'આજે રાતનો શું પ્રોગ્રામ છે?' બીજો બંબૈયા ભાષાનો જૂનો 'ટપોરીજન્ય' શબ્દ છેઃ 'ઝક્કાસ'. વ્યક્તિ કે વસ્તુ ખૂબ સુંદર હોય તો 'ઝક્કાસ' કહેવાનું ફરી ચલણમાં છે. એ જ રીતે બોલાય છેઃ 'ચિલ માર!' કોઈ સ્ટ્રેસમાં કે ગુસ્સામાં હોય તો શાંત કરવા 'ચિલ માર...યાર' કહેવાનું તો ભારતનાં શ્રેષ્ઠ વ્યંગકાર શરદ જોશી કહેતાઃ

'આપણી ભાષાઓ સમૃદ્ધ છે, પણ બદલાતા સમયની સાથે નવી પરિસ્થિતિઓ માટે ભાષાઓએ વિકાસ કરવાનો બાકી છે' જેમ કે- પાર્ટીમાં કોઈ ઓળખીતી છોકરી આવી છે, પણ તમને હજી સુધી મળી નથી..તમે એ મહેકતી ક્ષણની રાહ જુઓ છો કે પેલી તમારી પાસેથી પસાર થાય ને સ્માઇલ કરે. જવાબમાં તમેય સ્માઇલ કરો એ માટે તમે

હાથમાં આઈસક્રીમનો કપ લઈને વારેવારે અહીંતહીં જગ્યા બદલીબદલીને ટળવળો છો..એકબીજાની પાસે જ છો, પણ મેળ નથી ખાતો આવી સ્થિતિને માટે કોઇ શબ્દ છે? જી ના. બસ, અહીં જ જૂની ભાષા આડી આવે છે. અહીં નવો શબ્દ બનાવી શકાય 'લંબગડાવું'.('લંબગડાવું' એટલે 'લબડવું' ને 'લંગડાવું' બેઉનું મિક્ષ્ચર) 'પ્રશાંત ભૈ, આખી પાર્ટી દરમિયાન કેવા પેલી પૂનાવાળી પૂજાને મળવા લટૂડા થઇને 'લંબગડાતા' રહ્યા!' અથવા તો 'પ્રશાંતજી, બહુ 'લંબગડાયા' પણ જાલિમ જવાનીએ, (એટલે કે પેલી પૂજાએ) આંખ ઉઠાવીને એમની સામે જોયું સુદ્ધાં નહીં!'

હમણાં જુવાનિયાઓમાં 'સિચ્યુએશનશીપ' શબ્દ બહુ વપરાય છે. આ એક એવો સંબંધ છે, જેમાં બે લોકો એકબીજા સાથે સમય વિતાવે છે અને શારીરિક કે ભાવનાત્મક રીતે જોડાયેલા હોય છે, પણ એમની વચ્ચે કોઈ ઔપચારિક કે લાંબા ગાળાનું કમિટમેન્ટ નથી હોતું. બીજો સૌથી કાતિલ શબ્દ આવ્યો છેઃ 'ઘોસ્ટિંગ'!

કોઈ વ્યક્તિ તમારી સાથે અચાનક વાત કરવાનું બંધ કરે કે ફોન ના ઉપાડે, મેસેજનાં જવાબ ના આપે એ માટે 'ઘોસ્ટિંગ' આજકાલ વપરાય છે. કોઇ પ્રિયપાત્ર, જીવનમાંથી જાણી કરીને ગાયબ થઇ જાય ત્યારે સંબંધોનાં ભૂત આપણને બહુ સતાવે, કેટલો ક્રૂર પણ કાવ્યાત્મક શબ્દ છેને?

*ઍન્ડ-ટાઇટલ્સઃ*

*આદમઃ પ્રેમમાં શબ્દ નક્કામા*
*ઈવઃ તારા પ્રેમમાં શબ્દ 'પણ' નક્કામા...* ■


ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com


# આસ્થા-આધ્યાત્મ ને પ્રકૃતિનો સુભગ સમન્વય એટલે પંચકેદાર...











દેવોના દેવ ભગવાન મહાદેવ જ્યાં બિરાજમાન છે તેવા પર્વતરાજ હિમાલયની કેડીઓ પર ચોતરફ દૈવીકે તત્ત્વ ફેલાયેલું છે. ભગવાન શિવ શંકરના નિવાસસ્થાને અપ્રતિમ અને દિવ્ય અનુભૂતિનો અહેસાસ કરાવતી વનરાજીઓ અને ખળખળ વહેતી નદી, ઝરણાંઓ અને કિલ્લોલ કરતા હિમાલયનાં પંખીઓ જાણે ઇશ્વરનો સાક્ષાત્કાર કરી આવ્યા હોય એવા નિજાનંદમાં મહાલતા જોવા મળે. નાસ્તિક વ્યક્તિમાં પણ આ જગ્યા આસ્થાની જ્યોત જગાવી જાય એટલી નિર્મળતા. સદીઓથી હિમાલય આસ્થાનું કેન્દ્ર છે. એવું ચોક્કસથી કહી શકાય કે દરેકની સમસ્યાઓનું કંઈક ને કંઈક નિરાકરણ હિમાલયનું સાનિધ્ય માત્ર જ આપી જાય છે. અહીં તન અને મન આધ્યાત્મ સાથે આપોઆપ જોડાઈ જાય છે. ભારતીય પુરાણો અનુસાર અહીંથી જ સ્વર્ગનો રસ્તો શરૂ થાય છે અને દેવોની તપોભૂમિ છે એટલે જ ઉત્તરાખંડને દેવભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. આજે આપણે હિમાલયમાં બિરાજમાન ભગવાન શંકરનું સાનિધ્ય માણીશું. આપણાં મુખ્ય ચારધામમાં આવતા કેદારનાથ મહાદેવથી આપણે સૌ પરિચિત છીએ, પરંતુ આજે આપણે પંચકેદાર તરીકે ઓળખાતા ભગવાન શંકરના અલગ રૂપોના દર્શન કરીશું અને ધન્યતા અનુભવીશું.

પંચકેદાર જ્યાં ભગવાન શંકરના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. જેમાં કેદારનાથ, મદમહેશ્વર, તુંગનાથ, રુદ્રનાથ, અને કલ્પેશ્વરનો સમાવેશ થાય છે. કેદારનાથ મંદિર સાથે આ અન્ય ચાર મંદિરના સંયુક્ત સમૂહને પંચકેદાર તરીકે ઓળખવામાં આવે છે. આ અન્ય ચાર મંદિરના રૂટમેપની વાત કરીએ તો કેદારનાથ મંદિર અને બદ્રીનાથ મંદિરના વચ્ચેના પડતા ભાગમાં આ મંદિર આવેલા છે. ભગવાન શિવના પાંચ અંગોથી નિર્મિત આ પંચકેદારમાં સૌ પ્રથમ કેદારનાથ અને અંતિમ કલ્પેશ્વર મહાદેવ આવે છે. મહાભારતની કથાઓમાં પણ આ પંચકેદારનો ઉલ્લેખ જોવા મળે છે.

* કેદારનાથ જેમાં ભગવાન શિવના પીઠની પ્રતિકૃતિની પૂજા કરવામાં આવે છે.
* મધ્યમહેશ્વર જ્યાં ભગવાન શંકરની નાભિની પૂજા થાય છે.
* તુંગનાથ મહાદેવમાં હાથની પ્રતિકૃતિમાં ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે.
* રુદ્રનાથ જ્યાં ભગવાન શંકરના મુખની પૂજા કરવામાં આવે છે.
* કલ્પેશ્વર મહાદેવ જ્યાં ભગવાન શંકરની જટા પૂજાય છે.

આ મંદિરોનો ઇતિહાસ મહાભારતથી માંડીને જગતગુરુ આદિ શંકરાચાર્ય કાળ સાથે પણ જોડાયેલો છે. એવું કહેવાય છે કે મહાભારતના યુદ્ધ બાદ ભાતૃ હત્યાના પાપ નિવારણ માટે પાંડવો શ્રી કૃષ્ણની આજ્ઞા અનુસાર શિવજીની આરાધના કરે છે, પરંતુ શિવજી પાંડવોને દર્શન આપવા માગતા ન હતા તેથી તેમણે નંદીનું રૂપ ધારણ કર્યું પરંતુ પાંડવો શિવજીને ઓળખી ગયા જેવા જમીનમાં અંતર્ધ્યાન થવા લાગતા ભીમે એમને પકડવાનો પ્રયત્ન કર્યો જેમાં મહાદેવના ધડનો ભાગ નેપાળના પશુપતિનાથ મંદિરમાં નીકળ્યો અને જે પીઠનો ભાગ છે તે હાલના કેદારનાથમાં પૂજાય છે. ત્યારબાદ પાંડવો એ આ મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. પંચકેદારની યાત્રા સરળ નથી છતાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અહીં શિવજીના સાનિધ્યમાં આવે છે. આસ્થા અને શ્રદ્ધા દરેક જીવોમાં એક નવી ઊર્જાનો સંચાર કરે છે.

કેદારનાથ મંદિરથી પંચકેદારની યાત્રા શરૂ થાય છે. ચારધામ અને બાર જ્યોતિર્લિંગમાં મુખ્ય એવા બાબા કેદારનાથના મહિમા જ અલગ છે. લાંબા ચઢાણ પછી કોઈ પણ યાત્રી અહીં પહોંચે છે ત્યારે આપમેળે જ શ્રદ્ધાથી શિશ ઝૂકી જાય છે અને આંખોમાંથી આસું અજાણતા જ સરી પડે તેવું દૈવી તત્ત્વ અહીં રહેલું છે. મંદિરના દ્વાર નવેમ્બરથી એપ્રિલ મહિના સુધી બંધ રહે છે. એવું કહેવાય છે કે હાલના મંદિરનો જિર્ણોધ્ધાર આદિગુરુ શંકરાચાર્ય દ્વારા કરવામાં આવ્યો હતો. પાસે વહેતી મંદાકિની નદીનો પ્રવાહ અને પહાડીઓ સાથે અથડાઇને અનંત બ્રહ્માંડમાં ભળી જતા હર હર ભોલેના નાદમાં દરેક જીવ જાણે શિવમાં ભળતો હોય તેવું અનુભવી શકાય. બાર જ્યોતિર્લિંગમાં કેદારનાથ સૌથી ઊંચાઈ પર આવેલું છે. મંદિરનું નિર્માણ સામાન્ય રીતે હિમાલય વિસ્તારમાં જોવા મળતી કાત્યુર શૈલીમાં થયેલું છે. અહીં ભગવાનની મહર્ષિ સ્વરૂપની પીઠની શિવલિંગ સ્વરૂપમાં પૂજા થાય છે.

કેદારનાથથી આગળ પંચકેદારમાં દ્વિતીય મધ્યમહેશ્વર આવે જ્યાં ભગવાન શંકરની નાભિની પૂજા કરવામાં આવે છે. કેદારનાથ મંદિરની પ્રતિકૃતિ સમાન થોડું નાનું સુંદર મંદિર આસ્થાનું કેન્દ્ર છે. લાંબો ટ્રેક કરીને આ મંદિર પહોંચવાનું હોય છે,પરંતુ રસ્તામાં આસપાસ ચોપતા વગેરે વિસ્તારોમાં ફેલાયેલા સુંદર બુગ્યાલો(પહાડો વચ્ચે આવેલા ઘાસના મેદાનો) અને પહાડીઓના મનમોહન નજારાઓ અનન્ય છે. અહીં રાસી ગામ સુધી વાહન જઈ શકે છે પણ ત્યાંથી આગળ ૧૮ કિલોમીટર જેટલો ટ્રેક પસાર કરી મધ્યમહેશ્વર પહોંચવાનું હોય છે. રસ્તાઓ પર આસપાસની પહાડીઓ અને વહેતા અનેક ઝરણાંઓ વચ્ચેથી પસાર થતા આવતા નાના નાના ગામના લોકોનો મીઠો આવકાર બધું જ જીવનમાં એકવાર માણવા જેવું છે. મધ્યમહેશ્વરથી આગળ બે કિલોમીટરના ચઢાણ બાદ બુઢા મહેશ્વર તરીકે પૂજાતું શિવ મંદિર છે જ્યાંથી ચૌખંબાનો મંત્રમુગ્ધ કરી દે તેવો નજારો જોવા મળે છે. યાત્રાળુઓ ઉપરાંત યુવાનો ખાસ કરીને આ વ્યુ જોવા આ ટ્રેક પસંદ કરે છે. ચૌખંબાને અહીંથી જોવો એટલે જીવતે જીવ સ્વર્ગ માણવું એવું કહી શકાય.

પંચકેદારમાં આગળ તુંગનાથ મહાદેવ આવે છે જ્યાં શિવજીના હાથ અને હૃદયની પ્રતિકૃતિમાં પૂજા કરવામાં આવે છે. વિશ્વનું સૌથી અધિક ઊંચાઈ પર સ્થિત શિવમંદિર એટલે તુંગનાથ. જ્યાં આજે પણ રામાયણ અને મહાભારતકાળના નાદ સંભળાય છે. ચોપતાથી ૪ કિલોમીટરના ટ્રેક પછી તુંગનાથ મહાદેવનું મંદિર છે. આ પગપાળા માર્ગમાંથી બુગ્યાલ (ઘાસના મેદાનો) વચ્ચેથી પસાર થતા લાગે કે પગે ચાલતા ચાલતા સ્વર્ગ મળ્યું, વિશ્વનાં સહુથી ઊંચાઈ ધરાવતા શિવમંદિર તુંગનાથ જવા માટેનો રસ્તો અનેક સરપ્રાઇઝથી ભરેલો છે. કુદરત અહીં દરરોજ એના કેનવાસ પર અલગ અલગ રંગો ભરે છે. એવો સવાલ થાય જ કે કુદરતનો રંગોનો પટારો કેટલો મોટો હશે. તુંગનાથ ચડતા ચડતા હિમાલયની પર્વતમાળાઓને કેમેરામાં ઝડપતા વિચાર આવ્યો કે કેટલા નસીબદાર છે આ જીવ કે કુદરતના ખોળે મહાલવા મળે છે અને આપણે ઇન્ટરનેટના ઝાળામાં જ અટવાયેલા છીએ. મંદિરનું સ્થાપત્ય ઉત્તર ભારતીય શૈલી મુજબનું છે. મુખ્ય મંદિરની બાજુમાં પાર્વતીજીનું મંદિર છે એવી પણ માન્યતા છે કે માતા પાર્વતીએ શિવજીને પામવા માટે અહીં તપસ્યા કરી હતી. એ ઉપરથી જ કહી શકાય કે આ કેટલી પાવન ભૂમિ છે. આ ઉપરાંત શંકરાચાર્યએ બનાવેલ અન્ય પાંચ નાના મંદિરો તેમજ ભૈરવ મંદિર પણ છે. બીજા ત્રણેક કિમી.ની ટ્રેક કરતા ચંદ્રશિલા પહોંચી શકાય છે. ચંદ્રશિલાથી હિમાલયની પર્વત શૃંખલાનો નજારો નસીબદાર વ્યક્તિ જ પામી શકે.

તુંગનાથથી આગળનો પડાવ રુદ્રનાથ મહાદેવનો છે. પંચ કેદારમાં સૌથી લાંબો ટ્રેક છે જ્યાં શિવજીના મુખની પૂજા કરવામાં આવે છે. એવું કહેવાય છે કે આ એક માત્ર જગ્યા એવી છે જ્યાં ભગવાન શંકરના મુખની પૂજા કરવામાં આવે છે. ગુફા આકારની જગ્યામાં આગળથી મંદિર બાંધવામાં આવેલું છે આસપાસ અન્ય નાના મંદિર છે. તેમજ પવિત્ર કુંડ પણ છે. અહીંથી ત્રિશુલ, નંદાદેવી, ચૌખંબા, હાથી પર્વત વગેરે પર્વતોના સુંદર પ્રતિબિંબ ત્યાંના નિર્મળ નાના તળાવોમાં પડતા હોય, ઝરણાંઓનો ખળખળ અવાજ સંભળાતો હોય, હિમાલયન મોનાલ જેવા પક્ષીઓ દેખાય જતા હોય, વૈતરણી નદીનો પ્રવાહ હોય એ બધું જોઈને એવું થાય કે કુદરતની સુંદરતા મનુષ્યની કલ્પનાઓથી ક્યાંય પરે છે.

પંચકેદારમાં અંતિમ એટલે કલ્પેશ્વર મહાદેવ. અહીં ભગવાનની જટાની પૂજા થાય છે તેથી આ જટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. ખૂબ જ પ્રાચીન ગુફામાં બનેલા આ મંદિર પાસેથી કલ્પગંગા નદી પસાર થાય છે. આ મંદિરની ખાસિયત એ છે કે અન્ય પંચકેદારના મંદિરો હિમવર્ષાના કારણે છ મહિના બંધ રહે છે પરંતુ આ મંદિરના કપાટ બારેમાસ શ્રદ્ધાળુઓ માટે ખુલ્લા રહે છે. આ પંચ કેદાર બાદ શિવજીનાં શરીરનો બાકીનો ભાગ નેપાળમાં પશુપતિનાથમાં પૂજાય છે. શિવજીએ રહેવા માટે હિમાલય જ પસંદ કર્યો એ વાત અહીં આવીને ચોક્કસપણે સમજી શકાય. ઉત્તરાખંડની યાત્રામાં કેદારનાથ અને બદ્રીનાથના આકર્ષણમાં યાત્રીઓ આ સ્થળોને ઘણીવાર નજરઅંદાજ કરી દે છે, પરંતુ થોડી ઘણી મુશ્કેલીઓ બાદ જિંદગીભરનો અવિસ્મરણીય અનુભવ મેળવવા એકવાર આ સાહસ જરૂરથી કરવો જોઈએ. ■

મનોરંજનનું મેઘધનુષ્ય
ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ધૂંઆધાર અભિનયથી છવાઈ જતી 'ધૂરંધર'ની અભિનેત્રી સારા અર્જૂન

## માત્ર ૧૮ મહિનાની ઉંમરથી અભિનય કારકિર્દી શરૂ કરનારી આ અદાકારની હીરોઈન તરીકે પહેલી જ ફિલ્મ છે 'ધૂરંધર'...





એક-એકથી ચઢિયાતી ફિલ્મ આપનારા આદિત્ય ધરની આગામી ફિલ્મ 'ધૂરંધર'માં રણવીર સિંહની સાથે એક નવી અભિનેત્રી પોતાની કારકિર્દી શરૂ કરી રહી છે. નામ છે સારા અર્જૂન અને એની ઉંમર છે માત્ર ૨૦ વર્ષ ... એ રણવીર સિંહની હીરોઈન છે. રણવીર સિંહ એનાં કરતાં 'ડબલ' ઉંમરનો એટલે કે ૪૦ વર્ષનો છે તેથી થોડી ચર્ચા આછો વિવાદ ઊભો થયો. જોકે, બોલિવૂડ માટે આ કાંઈ નવું નથી.

દિલીપ કુમાર અને સાયરા બાનુએ અનેક ફિલ્મો કરી, પણ એમની વચ્ચે ઉંમરનો ખાસ્સો તફાવત હતો. જોકે, સૌથી વધારે ઉંમરનો તફાવત હોય એવો કિસ્સો રામગોપાલ વર્માની 'નિશબ્દ' ફિલ્મનો છે. આ ૨૦૦૭માં રજૂ થયેલી એ ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવનારા અમિતાભ બચ્ચનની ઉંમર ૬૪ વર્ષની હતી અને એમની સાથે પ્રણય દૃશ્યો ભજવનારી જિયા ખાનની ઉંમર માત્ર ૧૮ જ વર્ષની હતી અને જિયા ખાનની અભિનયની કારકિર્દીની એ પહેલી જ ફિલ્મ હતી. તે સમયે પણ હીરો- હીરોઈનની ઉંમરમાં તફાવતને કારણે વિવાદ ઊભો થયો હતો. અમિતાભ બચ્ચન અને જિયા ખાનની ઉંમરમાં ત્યારે ખાસ્સો ૪૬ વર્ષનો તફાવત હતો, પણ ફિલ્મની વાર્તામાં આ ઉંમરનો તફાવત ભૂંસાઈ ગયો હતો.

બીજી તરફ, સારા માત્ર ૧૮ મહિનાની હતી ત્યારથી જ અભિનયના ક્ષેત્રમાં પ્રવેશી છે. હા, હીરોઈન તરીકે એની આ પ્રથમ ફિલ્મ છે, પણ સારાએ માત્ર ૧૮ મહિનાની ઉંમરે એક જાહેરખબરમાં કામ કર્યું હતું અને ત્યારથી જ એ બાળ કલાકાર તરીકે સતત અભિનય કરી રહી છે.

આદિત્ય ધરની આ ફિલ્મ એક મલ્ટિ સ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મ છે. ફિલ્મમાં રણવીર સિંહ - સારા અર્જૂનની સાથે આર. માધવન, સંજય દત્ત, અક્ષય ખન્ના અને અર્જૂન રામપાલ જેવાં ઘડાયેલા કલાકારો પણ છે.

૨૦૦૫માં મુંબઈમાં જન્મેલી સારા ફિલ્મ અભિનેતા રાજ અર્જૂન અને ડાન્સ ટીચર સાન્યાની પુત્રી છે. એના લોહીમાં જ અભિનય વણેલો છે અને માત્ર ૧૮ મહિનાની ઉંમરે પહેલી કમર્શિયલ કરનારી સારા અર્જૂને ત્યાર બાદ ૧૦૦ જેટલી જાહેરખબર કરી છે.

છ વર્ષની ઉંમરે એણે દક્ષિણના ખૂબ જ જાણીતા અભિનેતા વિક્રમ સાથે પહેલી ફિલ્મ 'દૈવા થિરૂમંગલ' કરી હતી. બાળ કલાકાર તરીકેની આ પહેલી જ ફિલ્મ હોવા છતાં એનાં અભિનયના ખૂબ જ વખાણ થયા હતા. આ ફિલ્મ માટે એને સૌપ્રથમ ઍવોર્ડ પણ મળ્યો હતો. ત્યાર પછી સારાએ તમિળ, તેલુગુ, મલયાલમ અને હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

એની ઉલ્લેખનીય ફિલ્મોમાં શૈવમ, એક થી ડાયન, જઝબા, સાંડ કી આંખ અને અજીબ દાસ્તાંનો સમાવેશ થાય છે. નાનપણથી જ એ વિવિધ પ્રકારની ભૂમિકાઓ કરવામાં માહેર છે.

આદિત્ય ધરની આ ફિલ્મ એક જાસૂસની કામગીરી સાથે સંકળાયેલી વાર્તા 'રિયલ લાઈફ' આધારિત આ ફિલ્મ છે. રણવીર સિંહે ૨૦૧૦માં 'બેન્ડ બાજા બારાત' નામની ફિલ્મથી અભિનયની કારકિર્દીની શરૂઆત કરી ત્યારે સારાએ બાળ કલાકાર તરીકેની કારકિર્દી શરૂ પણ કરી નહોતી. જોકે, એણે કેમેરાનો સામનો કરવાનું શીખી લીધું હતું.

સારા અર્જૂન માટે આ ખૂબ જ મોટી તક છે. પોતાનાથી ૨૦ વર્ષ મોટા એવા સુપરસ્ટાર રણવીર સિંહ સાથેની આ પહેલી ફિલ્મ એનાં માટે મોટો પડકાર લઈ આવી છે. ટોચના આટલાં મોટા કલાકારોના કાફલા વચ્ચે સારા પોતાની હાજરી કઈ રીતે દર્શાવી શકે છે તેનાં પર બધાની નજર ટકેલી, પણ આ ફિલ્મના પ્રાથમિક અહેવાલ મુજબ ફિલ્મ સમીક્ષકોએ સારાના અભિનયને વધાવી લીધો છે. ■

# ૨૭ જુલાઈથી બીજી ઓગસ્ટ સુધી ઓટીટી પર શું જોવાનું પસંદ કરશો?


OTTનું હોટસ્પોટ

'ઓવર ધ ટોપ' એટલે કે ઓટીટીની દુનિયાએ મનોરંજનના માધ્યમમાં ખૂબ જ ઓછાં સમયમાં સારી એવી લોકપ્રિયતા મેળવી છે. 'ઓટીટી' આજનાં નવયુવાનોને વધારે આકર્ષે છે, તેનું કારણ એમાં રજૂ થનારી વિવિધ ફિલ્મ્સ અને સિરીઝ છે. બોલિવૂડ માટે તો ઓટીટી એ કમાણીનું નવું સધ્ધર સાધન બની ગયું છે. કોઈ પણ ફિલ્મ થિયેટરમાં રિલીઝ થાય એના થોડાં સમય પછી ઓટીટી પર રિલીઝ કરવાનો ટ્રેન્ડ થઈ ગયો છે અને અલગ - અલગ ચેનલ પર રજૂ કરવા માટે નિર્માતાઓનો તગડી રકમ ચૂકવવામાં આવે છે.




ઓટીટી ચેનલો પર પણ ગળાકાપ હરીફાઈ જોવા મળે છે. જોકે, ઓટીટીને કારણે જ વિષયની વિવિધતા, વિષયની રજૂઆતમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે. ઘણી વાર ઓટીટી પર અશ્લિલતાનો અતિરેક પણ થઈ જાય છે એટલે સરકારે તાજેતરમાં આવા ૨૫ જેટલાં ઓટીટી પ્લેટફોર્મ પર પ્રતિબંધ જાહેર કર્યો છે. ઘણાં સમયથી ઓટીટી પર સેન્સરશિપ લાદવાની વાત પણ ચાલે છે, જે આખો ચર્ચાનો અલગ વિષય છે.

આપણે આ અઠવાડિયા દરમિયાન એટલે કે રવિવારે તા. ૨૭મી જુલાઈથી બીજી ઓગસ્ટ સુધી ઓટીટી પર શું રિલીઝ થવાનું છે, તેના પર એક નજર નાખીએ. ઓટીટીમાં પણ નેટફિલક્સ, ડિઝની પ્લસ હોટસ્ટાર, એમેઝોન પ્રાઈમ વીડિયો, સોની લીવ, એમએક્સ પ્લેયર અને વૂટ જેવી ચેનલ લોકપ્રિય છે.




★ **નેટફિલક્સઃ**

નેટફિલક્સ પર દર શનિવારે અને રવિવારે રાતે 'ધ ગ્રેટ ઈન્ડીયન કપિલ શો' હાલમાં રજૂ થાય છે. આ ઉપરાંત કેટલીક સીરિઝ અને હિન્દી ફિલ્મો પણ સતત રજૂ થતી રહે છે. તેમાં હીટ-ધ થર્ડ કેસ, છાવા, સ્કીડ ગેમ્સની સીઝન, ધ રેઈડનો સમાવેશ થાય છે. 'નેટફિલક્સ' પર ૨૭મી જુલાઈએ 'હાઉ ટુ સેલ ડ્રગ્સ ઓનલાઈન'ની ત્રીજી સીઝન, ૨૭મીએ જ 'માઈટી એક્સપ્રેસ', ૨૮મીએ 'ધ સ્નીચ કાર્ટેલ - ઓરીજીન્સ', ટેટૂ રેડો, ૨૯મી જુલાઈએ રિસોર્ટ ટૂ લવ, ટ્રાન્સફોર્મસઃ વોર ઓફ સાયબર ટ્રોન, કિંગડમ, ૩૦મીએ - ક્રીતી સેનન અભિનીત ફિલ્મ 'મિમી', ૩૦મી જુલાઈએ જ 'આઉટર બેન્કસ - સીઝન-ટુ', ધ લાસ્ટ મર્શીનરી, સેન્ટોરવર્લ્ડ, ૩૦મીએ જ ગ્લો અપ-સીઝનથી અને મીથ એન્ડ મોગલ જોવા મળશે. આ વિશ્વ વિખ્યાત અંગ્રેજી ફિલ્મો અને શ્રેણીઓ ખૂબ જ લોકપ્રિય થયેલી હોવાથી લોકો જોવાનું પસંદ કરે છે.

★ **ડિઝની પ્લસ હોટસ્ટારઃ**

ડિઝની પ્લસ હોટસ્ટાર પર અંગ્રેજી ફિલ્મો ઉપરાંત એનિમેશન ફિલ્મોની બોલબાલા હોય છે. આ સિવાય તેની ખૂબ જ વખણાયેલી સીરિઝ 'સિટી ઑફ ડ્રીમ્સ - સીઝન ટુ'નું પુનઃ પ્રસારણ ૩૦મી જુલાઈએ જોવા મળશે. નાગેશ કૂકનૂર દિગ્દર્શિત આ પોલિટિકલ થ્રીલરમાં પ્રિયા બાપટ, અતુલ કુલકર્ણી, સચીન પીલગાંવકર, સુશાંત સિંહ, એજાઝ ખાન જેવાં લોકપ્રિય કલાકારો જોવા મળ્યા હતા. આ ચેનલ પર ૨૮મી જુલાઈએ 'ટર્નિંગ ધ ટેબલ વિથ રોબિન રોબર્ટ્સ, ચીપ એન ડેલ, પાર્ક લાઈફ (એનિમેશન ફિલ્મ), બાર્ટકોવિઆક, ધ વંડરફૂલ વર્લ્ડ ઑફ મિકી માઉસ જેવી ફિલ્મો જોવા મળશે.

★ **એમેઝોન પ્રાઈમ વીડિયોઃ**

આના પર અત્યારે પ્રિયંકા ચોપરા અભિનિત 'હેડ ઓફ સ્ટેટ', 'પંચાયત'ની ચોથી સીઝન, ધનુષ અભિનીત 'કુબેર', અંગ્રેજી ફિલ્મો અને સીરિઝ 'ધ ટ્રેઈટર્સ, ધ સમર ટર્નન પ્રિટી, બેલેરીના, કરાટે કીડ'ની ધૂમ છે. આમાંથી અમુક ફિલ્મ અને સીરિઝ જોવા માટે તમારે અલગથી નાણાં ચૂકવવાના રહે છે. આ ચેનલ પર ૩૦મીએ 'ધ પરસ્યુટ ઑફ લવ' નામની તેમની લોકપ્રિય સીરિઝ રજૂ થવાની છે.

★ **વૂટ સિલેકટઃ**

ઓટીટીની ચેનલમાં 'વૂટ સિલેકટ' ધીમે - ધીમે ખૂબ લોકપ્રિય થતી જાય છે. અહીં અલગ જ વિષય વસ્તુ ધરાવનારી હિન્દી ફિલ્મો અને સીરિઝનું પ્રમાણ વધારે છે. ૨૭મીએ દીપાનીતા શર્મા, શિવાની દાડેકર, આદિલ હુસૈન, શેખર રવજીયાની અભીનિત 'લવ ઈન ધ ટાઈમ ઑફ કોરોના, ૨૮મીએ 'જાન જિગર', ૨૯મીએ હીના ખાન, ફરીદા જલાલ, રિશી ભૂતાની અભિનિત 'લાઈન્સ', ૩૦મી જુલાઈએ 'ધ સૈલા' અને ૩૧મી જુલાઈએ પીરિયડ ડ્રામા 'લિહાફ' જેવા મળશે, જેમાં તનિષ્કા ચેટરજી, સોનલ સહગલ અને વિરેન્દ્ર સક્સેના જેવાં કલાકારો છે.

★ **એમએક્સ પ્લેયરઃ**

આના પર અત્યારે મિટ્ટી એક નઈ પહચાન, ગુટર ગુ, માય આઇઝ આર ફૂલ ઓફ યુ, આશ્રમ - સીઝન થ્રી, ગોલ્ડન બોય, પોન્નીયન સેલ્વમ-ટુ, ભૌકાલ, ફાઈટ્સ બ્રેક સ્ફીયર અને ફર્સ્ટ કોપી એ એકથી નવ નંબર પર ટ્રેન્ડ કરી રહી છે. એને અલગ - અલગ પ્રકારના રેટિંગ્સ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૯મી જુલાઈએ આશુતોષ રાણા, નીના ગુપ્તા અને જીતેન ગુલાંટી અભિનિત ફિલ્મ 'છત્તરસાલ' જોવા મળશે.

આ બધી લોકપ્રિય ઓટીટી ચેનલો છે, જે લોકો વધુ જોવાનું પસંદ કરે છે. આ સિવાય એપલ ટી.વી. પ્લસ, સોની લીવ, ઝી ફાઈવ, જિયો સિનેમા, ઈરોસ નાઉ, હંગામા, હોઈચોઈ, લાયન્સગેટ પ્લસ, સન નેકસ્ટ, શેમારુ જેવી ચેનલો પણ છે.

ઓટીટી પર ક્રિકેટ માટેની પણ અલગ ચેનલ જોવા મળે છે. કેટલીક ચેનલો તો એવી છે જેનાં પર જૂની લોકપ્રિય થયેલી સિરીઝ દિવસભર રજૂ થતી રહે છે. ■


ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બાબાશાઈ ખાતું: કહેવતોમાં ઈતિહાસ

ગુજરાતી કહેવતો - રૂઢિપ્રયોગ અને ઈતિહાસનો વિશિષ્ટ સંબંધ જોવા મળે છે. અમુક વખતે આવી કહેવતોમાંથી ઈતિહાસની કોઈ ઘટના કે બનાવનો ઉલ્લેખ મળે છે. ઉલ્લેખનીય એ છે કે ગુજરાતી ભાષાના સ્થાનિક અને પ્રાદેશિક ઈતિહાસના સંદર્ભમાં અનેક કહેવતો છે. આમાંથી કેટલીક રસપ્રદ કહેવતો તેમજ રૂઢિપ્રયોગનો સંદર્ભ જ્ઞાન સાથે ગમ્મત આપે છે.

**બાબાશાઈ ખાતું** પ્રયોગ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો એ જાણવા જેવું છે. બ્રિટિશ શાસન દરમિયાન વડોદરા રાજ્યનું પોતાનું નાણાકીય ચલણ અસ્તિત્વમાં હતું. પહેલા સયાજીરાવ મહારાજના દીવાન ફતેસિંહ ગાયકવાડનું બીજું નામ બાબાસાહેબ હતું. અલબત્ત એને ડો. ભીમરાવ 'બાબાસાહેબ' આંબેડકર સાથે કોઈ નિસ્બત નથી. ફતેહસિંહની આ ઓળખને કારણે સિક્કાનું નામ બાબાશાહી પડ્યું હતું. એ વખતે અમરેલી પ્રાંતમાં બાબાશાહી સિવાય કલદાર (અંગ્રેજોનું નાણું), સિક્કાઈ (રાજાની મહોરવાળો સિક્કો), આદમોરા, રામકોરી વગેરે સિક્કાઓનું ચલણ હતું. કોઈ અકળ કારણોસર અથવા બદઈરાદાને કારણે બાબાશાહી શબ્દ કાળક્રમે બોદો અને ખોટો એવા અર્થોમાં પ્રચલિત થઈ ગયો. જોકે, ઈતિહાસ અલગ જ વાત દર્શાવે છે. વાત એમ હતી કે વડોદરા રાજ્યનું ચલણી નાણું દાખલ કરવામાં આવ્યું એ પહેલાં ગુજરાતમાં ભરૂચી, સિક્કાઈ કે ખંભાતી નાણું ચલણમાં હતું. વડોદરાની આર્થિક વ્યવસ્થા સુધારવા બાબાશાહી રૂપિયો ચાલુ કર્યા બાદ અન્ય પ્રચલિત નાણાં લોકવ્યવહારમાં બંધ પડ્યા હતા. અન્ય એક સ્રોત અનુસાર બાબાશાહીમાંથી 'બાબાશાઈ' બની ગયેલા પૈસાની કિંમત બ્રિટિશ 'કલદાર' કરતા એક પાઈ ઓછી હોવાના કારણે એ નિમ્ન ગણવામાં આવતો હતો. કાળક્રમે વડોદરાનાં પ્રદેશો માટે 'બાબાશાઈ' નિંદા સૂચક તરીકે ઉપયોગમાં લેવાતો થયો. ધીરે ધીરે ઢંગધડા વગરની વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માટે 'બાબાશાઈ ખાતું' પ્રયોગ ચલણી બની ગયો.






**ભાંગ્યું ભાંગ્યું** તોય ભરૂચ કહેવતથી તમે વાકેફ હશો. વાંચવા - સાંભળવામાં પણ જરૂર આવી હશે. પડતી અવસ્થામાં પણ પોતાની મૂળ શાન જાળવી રાખવી એ એનો ભાવાર્થ છે. આ કહેવત પાછળ પણ ઈતિહાસ છે. ગુજરાતના અત્યંત પ્રાચીન નગર તરીકે ભરૂચની ઓળખ છે. એક સમયે આ પ્રદેશ ભૃગુકચ્છ તરીકે ઓળખાણ ધરાવતો હતો. ભરૂચનું પ્રાચીન નામ 'ભૃગુકચ્છ' હતું. ભૃગુ ઋષિએ વસાવ્યું હોવાથી એ ભરૂચ કહેવાયું. નર્મદાના કિનારા ઉપર કૂર્મની પીઠ ઉપર વિશ્વકર્માનું સ્મરણ કરીને તેમણે મોટું નગર વસાવ્યું. ભૃગુએ વસાવેલા નગરની સ્થાપના કૂર્મની પીઠ ઉપર હોવાથી એ ભૃગુકચ્છ એવા નામે ઓળખાવા લાગ્યું. અનેક ધરતીકંપ અને પૂર - પ્રલયનો સામનો કરી પ્રજાએ પુરુષાર્થથી ભરૂચને બેઠું કર્યું. વિકટ પરિસ્થિતિમાં પણ પ્રજાએ ખુમારી જાળવી રાખી અને એમાંથી કહેવતે જન્મ લીધો કે ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ. એનો એક દુહો પણ છે કે **ઝાંખી તોય દેવની, મૂર્ખ તોય ગુચ્છે, ફાટેલ તોય ખાસડા, ભાંગી તોયે ભરૂચ.**

ENગ્લિશ વિંGLISH

## HISTORY IN LANGUAGE

યુરોપિયન દેશ ઈટલી અને એના અનેક વિસ્તાર સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. એ ભૂમિ પર ઈતિહાસ રચાયો છે અને દેશ દ્વારા સર્જાયો પણ છે. ઈટલીની રાજધાની અને ઐતિહાસિક શહેર રોમ સંબંધિત બે કહેવત અત્યંત પ્રચલિત છે. પહેલી છે Rome wasn't built in one day. જેનો શબ્દાર્થ થાય રોમ કંઈ એક દિવસમાં બંધાયું નહોતું. અલબત્ત, કહેવતનો સંદર્ભ રૂપક તરીકે જોવા - સમજવાનો છે. કોઈ કામ કરવામાં ઉતાવળ ન કરવી અને એક એક ડગ સાવચેતીથી માંડવા એ એનો ભાવાર્થ છે. ટૂંકમાં રોમ જેવું ભવ્ય - આલીશાન શહેર બાંધવું હોય તો ગાંસડીઓ ભરી ધીરજના ગુણ હોવા જરૂરી છે. Bull in a China shop કહેવતને ચીન નામના દેશ સાથે કોઈ કરતા કોઈ પ્રકારની લેવાદેવા નથી. અહીં ચાઈના શબ્દ 'સિરામીક વેર' (ચિનાઈ માટીનાં વાસણો) સાથે સંબંધ ધરાવે છે. કોઈ કામ ધીરજ રાખી ચીવટથી કરવાનું હોય એ પાર પાડવામાં વારંવાર ભૂલ કર્યા કરે કે ચીજવસ્તુને નુકસાન પહોંચાડે એને માટે આ કહેવત ઉપયોગમાં લેવામાં આવે છે. meet your Waterloo કહેવત સાથે રાજકીય ઈતિહાસ જોડાયેલો છે. ૧૮૧૫ની સાલમાં વોટરલૂ (એ સમયે નેધરલેન્ડ્સમાં હતું, પણ આજે બેલ્જિયમનો હિસ્સો છે)ની લડાઈમાં ફ્રેંચ સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટનો નિર્ણાયક પરાજય થયો હતો. એ લડાઈ પછી એ ખતમ થઈ ગયો હતો. કોઈ વ્યક્તિનો નિર્ણાયક પરાજય થાય કે તેનું અવસાન થાય ત્યારે આ કહેવત વપરાય છે. યુએસએનું ન્યૂયોર્ક શહેર 'ફાસ્ટ લાઈફ' માટે પ્રખ્યાત છે. અહીં બધી ગતિવિધિઓ ઝપાટાબંધ થતી હોય છે. એ લાક્ષણિકતાને ધ્યાનમાં રાખી એક શબ્દ પ્રયોગ બન્યો છે New York minute. If something happens in a New York minute, it happens very fast. જો કોઈ બનાવ - ઘટના ન્યૂયોર્ક મિનિટમાં બની એનો અર્થ એ થયો કે એ કામ અત્યંત ઝડપે પૂરું થયું. Set the Thames on fire કહેવતમાં લંડનની પ્રખ્યાત થેમ્સ નદીમાં આગ લાગવાની કોઈ વાત નથી. કોઈ વ્યક્તિ અત્યંત અસાધારણ કામ કરે કે સિદ્ધિ મેળવે ત્યારે He or She set the Thames on fire કહેવાય છે.



રાષ્ટ્ર ભાષા

## शहरों के नाम का इतिहास

ભારત ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોનો બનેલો દેશ છે. દરેક રાજ્યમાં જિલ્લા, જિલ્લામાં તાલુકા અને એમાં શહેર, નગર અને ગામ વસેલા છે. અલબત્ત, દરેક શહેર - ગામડાની ઓળખ એના નામથી મળે છે. તમે એવા અનેક નાનાં મોટાં શહેરોના નામ સાંભળ્યા હશે જેની પાછળ પુર શબ્દ લાગ્યો હોય છે. **जैसे की नागपुर, कानपुर, जयपुर, उदयपुर, रायपुर वगैरा वगैरा.** શહેર પાછળ પુર શબ્દ લાગવાનાં ચોક્કસ કારણો છે. દાખલા તરીકે રાજા જયસિંહ રાજસ્થાનનું જયપુર વસાવ્યું હોવાથી એમના નામ પરથી જયપુર પડી ગયું અને આજે પણ અકબંધ છે. ઉત્તર પ્રદેશના સચેન્ડીના રાજા હિન્દુ સિંહ પોતાને ભગવાન કૃષ્ણના મતલબ કે કાનાના વંશજ માનતા હોવાથી એનું નામ કાનપુર પાડ્યું હતું. અલબત્ત, આજે સચેન્ડી એક ઉપનગર તરીકે અસ્તિત્વ ધરાવે છે ખરું. પુર શબ્દનો અર્થ પણ જાણવો જોઈએ. આ પુર જોડવાની પરંપરા સદીઓથી ચાલતી આવી છે. મહાભારતમાં હસ્તિનાપુરનો ઉલ્લેખ આવે જ છે ને. પુરનો અર્થ થાય છે શહેર અથવા કિલ્લો. જે શહેરોના નામ પાછળ પુર શબ્દ જોડાયેલો છે એની આસપાસ કિલ્લાની હાજરી મોટેભાગે જોવા મળે છે. **एक मान्यता ऐसी है की पुर अरबी भाषा का शब्द है। शायद इसी वजस से अफगानिस्तान और ईरान के शहरों के नाम के पीछे पुर लगाया जाता है।** ઈરાનના નિશાપુર અને શાપુર તેમજ અફઘાનિસ્તાનના પૂર ચમન અને પુર અદબ એનાં ઉદાહરણો છે.

સગ્ગી બહિણ

## म्हणी मध्ये इतिहास

સંસ્કૃતિ અને ઈતિહાસ પર સંસ્કૃતિનો ખાસ્સો પ્રભાવ હોય છે. ઐતિહાસિક ઘટનાઓમાં નોંધાયેલા વિશિષ્ટ વાક્ય પ્રકાર જે તે સમયકાળમાં ભાષામાં પ્રચલિત થાય અને સમયાંતરે એને કહેવતનું સ્વરૂપ પ્રાપ્ત થયું હોય એવા અનેક ઉદાહરણ છે. એને પગલે ભાષા સમૃદ્ધ બને છે. સાથે સાથે એ ઘટના સાથે સંકળાયેલી વ્યક્તિને અમરત્વ પ્રાપ્ત થાય છે. **पेडगावचा शहाणा** કહેવતમાં જે પેડગાવ નામના ગામનો ઉલ્લેખ આવે છે એ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં છે. શહાણા એટલે શાણો, ડાહ્યો કે ચતુર. મુઘલ રાજા ઔરંગઝેબના 'ફોસ્ટર બ્રધર' (એવી વ્યક્તિ જે તમારા માતાપિતાનું સંતાન નથી પણ એનો ઉછેર તમારા માતપિતાએ કર્યો છે - દૂધ ભાઈ તરીકે પણ ઓળખાય છે) બહાદુરખાન કોકલતાશએ મરાઠાઓને લૂંટી રાયગઢ કિલ્લા પર જંગી સંપત્તિ એકઠી કરી હતી. છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેક પછી જાંબાઝ મરાઠા સૈનિકોએ મુઘલ કબજાના વિસ્તારમાં છાપા મારી લૂંટનો માલ પરત મેળવવાનું શરૂ કર્યું હતું. પેડગાંવમાં મોટો દલ્લો છે એની જાણ થતા મુઘલોને મૂરખ બનાવી લૂંટ પરત મેળવવામાં મરાઠાઓને સફળતા મળી હતી. ત્રણેક હજાર મરાઠા સૈનિકો કૂચ કરતા પેડગાવની દિશામાં આગળ વધ્યા. જોકે, સામે મુઘલ સૈન્ય નજરે પડતા જ ગભરાઇને પાછા વળી ગયા. મરાઠા સૈન્ય ડરી ગયું છે એ જાણી મુઘલ સૈન્યએ એનો દૂર દૂર સુધી પીછો કર્યો. આ મોકાનો લાભ લઈ પેડગાંવની નજીકના વિસ્તારમાં લપાઈને બેઠેલી મરાઠા ફોજે પેડગાંવમાં પ્રવેશ કર્યો અને આખું ગામ લૂંટી લીધું. પોતાને મૂરખ બનાવવામાં આવ્યા છે એનો ખ્યાલ મુઘલ સૈન્યને આવ્યો અને એ પાછું વળ્યું, પણ ત્યાં સુધીમાં મરાઠાઓ લૂંટનો માલ પરત મેળવી રફુચક્કર થઈ ગયા હતા. આ લૂંટથી મરાઠાઓને પોતાની ઘણી મિલકત પાછી મળી અને ભાષાને એક સરસ કહેવત મળી.

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# અમારી માગણી પૂરી કરો, નહીંતર...



'કોણ આટલા ઘોંઘાટ કરે છે?' બાબુલાલે ગણપત ગાગડાને પૂછ્યું. ગણપત ગાગડા પેન્શન ઓફિસમાં સિનિયર પટાવાળો હતો. બાબુલાલ સિનિયર પેન્શન પેમેન્ટ ઓફિસર હતા.

'સાહેબ, બહાર પંદર વીસ લોકો આવ્યા છે. તમને મળવા માગે છે.' ગણપતે જવાબ આપ્યો.

'એ લોકો કેમ આવ્યા છે?' બાબુલાલે પૂછ્યું.

'એમને કાંઇક રજૂઆત કરવી છે.' ગણપતે કહ્યું

'ઠીક છે. એ લોકોના મોબાઇલ રેક પર મુકાવી... અંદર મોકલ.' બાબુલાલે ગણપતને સૂચના આપી. સરકારી ઓફિસોના વીડિયો વાયરલ થવાના કિસ્સા વધતા જતા હોવાથી ઓફિસરની ચેમ્બરમાં મોબાઇલ બહાર રખાવવામાં આવતા હતા.

'સાહેબ, અંદર આવીએ?'

હાથમાં કાગળનો થોકડો લઇ ઉંમરલાયક લોકો આવ્યા. એમના ચહેરાના ચામડા લબડી ગયેલા હતા. પેન્ટ-શર્ટ કોથળા જેવા ઢીલાઢસ દેખાતા હતા. માનો કે હવા નીકળી ગયેલા ચિમળાયેલ બલૂન. વાળ કાબરચીતરા હતા, નિવૃત્તિએ એમની જિજીવિષા માનો કે છીનવી લીધી હતી. નોકરીમાં હતા ત્યારે ઓવરલોડેડ ગન જેવા હતા.

'આવો... બેસો. સંભાળીને બેસજો પડતા-આખડતા નહીં. નહિંતર પેન્શન વિભાગને મેડિકલના ખર્ચો ભોગવવો પડશે.' બાબિલાલે આગંતુકોને આવકાર આપ્યો.

'સાહેબ, તમે મુલાકાત આપી તમારો આભાર.' પ્રમુખ જેવી વ્યક્તિએ ધ્રૂજતા અવાજે આભાર માન્યો.

'એ તો મારી ફરજ છે. બોલો સાહેબો, શું કામ આવવું પડ્યું?' બાબુલાલે પેપરવેઇટ ટેબલ પર રમાડતા રમાડતાં પેન્શનરોને રમાડવાનું ચાલુ કર્યું. કેટલાક ઓફિસર કશું ન કરે, પરંતુ અરજદાર સાથે મીઠી મીઠી વાત કરે સામેવાળાને સાહેબ બહુ સારા લાગે.

'સાહેબ, અમે 'પેન્શન સેના' નામની સંસ્થાના હોદ્દેદાર છીએ. હું નાથાલાલ સંસ્થાનો મહામંત્રી ને અમે આ અમારા આ મૃત્યુપર્યંત પ્રમુખ પ્રસન્નભાઇ છે.' નાથાલાલ એક લબડેલ ચહેરાનો પરિચય આપ્યો.

'મળીને આનંદ થયો.' બાબુલાલે વિવેક કર્યો.

'સાહેબ, અમારે થોડીક રજૂઆત કરવી છે.' નાથાલાલે બગાસું ખાતાં ખાતાં કહ્યું.

'બોલો બોલો, કંઇ કંઇ લેખિત રજૂઆત લાવ્યા છો?'

'સાહેબ, અમને ઇન્ક્રિમેન્ટ મળતું નથી. એનું કાંઇક કરો.' નાથાલાલને નિવૃત્ત થયા પછી પણ ઇન્ક્રિમેન્ટના અભરખા હતા.

'ઓકે, નેક્સ્ટ?' બાબુલાલે ટૂંકી પ્રતિક્રિયા આપી.

'અમને લિપસ્ટિક એલાઉન્સ કે બ્યુટી પાર્લર એક્સપેન્સ આપવાનું વિચારો જેથી અમે બોલ્ડ અને બ્યુટીફૂલ રહી શકીએ.' છાંસઠ વરસે છમકછલ્લો રહેવાની કોશિશ કરતી છાયાએ માગણી રજૂ કરી. પછી માદક સ્મિત કર્યું .

'ડિયર, તમારી આ માગણી મંજૂર. પરંતુ, મારું સેટિંગ કરજો.' બાબુલાલે લાળ પાડી

'અમને ઘરભાડું, વાહનભથ્થુ મળતું નથી. એ મંજૂર કરો.' પ્રસન્નભાઇ પ્રમુખે રજૂઆત કરી.

'ઠીક છે. એ અંગે વિચારણા કરીશું' બાબુલાલે માગણી પર પાણી ઢોળ્યું .

'સાહેબ, છાંટા પાણી માટે એલાઉન્સ આપો તો સારું .અમારા ગળા કોરા રહે છે.અમારા ગળા ભીના થશે તો તમને મદિરાશિષ મળશે.' પરાગ પોટલીએ બે હાથ જોડીને લથડતા અવાજે ગુહાર લગાવી. પરાગની અટક પટેલ હતી. પોટલી પીવાની લતને લીધે પરાગ પોટલી તરીકે જ ઓળખાતો હતો.

'આપણું સ્ટેટ ડ્રાય સ્ટેટ છે એની તમને ખબર છે?' બાબુલાલે પરાગ પોટલીને તતડાવ્યો..

'સાહેબ, મોંઘાઇ બહુ વધી છે. દવા, દૂધ, પેટ્રોલ, કરિયાણું અને પોટલીના ભાવ પણ ખૂબ વધી ગયા છે.' પરાગ પોટલીએ પ્રસ્તાવના મુકી.

'પણ હું ભાવ વધારતો હોય તેમ તમને લાગે છે?' બાબુલાલે મોટી મજાક કરી હોય તેમ હસ્યા.

'સાહેબ, પહેલાં અમને પગાર મળતો હતો. એ સમયે પગારમાં પૂરું થતું ન હતું. એ સમયે નોકરી ચાલુ હતી તો કટકીબટકી લઇને માંડ માંડ ઘર ચલાવતા હતા. પગારમાં પૂરું ન થતું હોય તો પેન્શનમાં કેવી રીતે પૂરું થાય? ઉપરથી હવે કટકીબટકી પણ ન મળે. ઘર ચલાવવામાં મુશ્કેલી પડે છે. તો પેન્શનબેન્શન વધારવાનું કાંઇક કરો,' પરાગ પિયકકડે રજૂઆતની પૂર્ણાહુતિ કરી.

'આમાં તો સરકાર કાંઇ મદદ ન કરી શકે, વડીલ. સરકારમાં કર્મચારી કરતાં પેન્શનરોની ફોજ વધુ છે. સરકાર પર મોટો નાણાકીય બોજ વધે.' બાબુલાલે પેન્શન વધારાની સંભાવનાનો છેદ ઉડાડ્યો.

'સાહેબ, તમારી જેની સાથે સલાહ-મશવરા કે પરામર્શ કરવો હોય તે કરી લો. પછી કહેતા નહીં કે.' નાથાલાલે ધમકીભરી ભાષામાં કહ્યું.

'અરે તમે તો ફૂટેલી કારતૂસ છો. તમે શું કરી લેશો? બહુ બહુ તો રેલી કાઢશો, ધરણા પર બેસશો? તમે આમરણાંત ઉપવાસ પર બેસશો? તમે આમ પણ મરવાની કગારમાં છો.' બાબુલાલે સોઇ ઝાટકીને કહી દીધું. ઉભયપક્ષે ઉશ્કેરાટ અને ઉન્માદ વધી ગયા.

'સાહેબ, તમે કલ્પના ન કરી હોય તેવો ખેલા કરીશું.' સૌ નિશ્ચયાત્મક અવાજે બોલ્યા. સૌ અગાઉ સંતલસ કરીને આવ્યા હશે. નહીંતર આવી મક્કમતા શક્ય જ નથી.

'શું કરશો ? સરકાર ઉથલાવી દેશો?' બાબુલાલ ઉપહાસ કરતા હોય તેમ બોલ્યા.

'સાહેબ તમે છાપાં બાપાં વાંચો છો કે નહીં?' પ્રસન્નભાઇ પ્રમુખે આંખ મિંચકારી પૂછ્યું.

'કેમ,એમાં તમારા વિજયના સમાચાર છે?' બાબુલાલ બોલ્યા.

'સાહેબ, તુર્કીમાં ૧.૬ મિલિયન પેન્શનર છે. એમણે જૂની સરકારને ધૂળ ચાટતી કરી દીધી છે. નવી સરકારે પેન્શનમાં પચાસ ટકા વધારો કરવો પડ્યો છે.'

નાથાલાલે સદરાનો કોલર ઉંચો કરીને ક્લીનશેવ કરેલા ચહેરા પર મૂંછે તાવ દઇને કહ્યું. બાબુલાલ ધીંસ ખાઇ ગયો.

'તુર્કીને તડકે મેલોને. તમે શું કરશો એ કહોને?' બાબુલાલે મૂંછ ચાવતાં ચાવતાં પૂછ્યું.

'સર, અમને ફેમિલી પેન્શન મળે છે. અમારી પત્નીને પણ અમારા મૃત્યું પછી આજીવન પેન્શન મળશે. સરકારના બંધ મગજનું કટાયેલું તાળું ખોલવાની આજ માસ્ટર કી છે.' પરાગ પોટલી લથડતા અવાજે બોલ્યા.

'એટલે? તમે શું કહેવા માગો છો?' બાહોશ બાબુલાલ ગૂંચવાયા.

'અમે અમારી ઉંમરથી ચાલીસ વરસ નાની સ્ત્રી સાથે લગ્ન કરીશું ઘરનો બળ્યો ગામ બાળે એ ઉક્તિને અમે સાર્થક કરીશું. તમે પેન્શન ન વધારો તો કાંઇ વાંધો નહીં. અમે અમારાથી નાની ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરીને સરકારની લંકામાં આર્થિક બોજની આગ લગાડીશું તમને એટલે કે સરકારને આઠ આની બચાવવાની લ્હાયમાં આઠસો અબજનો ચૂનો લાગશે.' પ્રસન્નભાઇ પ્રમુખે પોતાની છાતી સરસા રાખેલા પાના ઓપન કર્યા.

કહેવાની જરૂર છે કે સરકારે આઠ આની બચાવવાની જહેમત અને મહેનત પડતી મૂકી. પેન્શનરોની પૂરી માગણી મંજૂર કરી.

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# મહાદેવનું પ્રિય વાદ્ય નાગફણી: મહત્ત્વ ને અસ્તિત્વ વિલુપ્તિના આરે...

***ૐ નમઃ શિવાયમ શિવો ભૂતપતિરદહમ નાદે બ્રહ્મા તત્ત્વમયઃમમ***

***નાદ બ્રહ્મ છે અને નાગફણી તેનો ધર્મસૂત્ર...***

શ્રાવણ માસનો આરંભ એટલે ભક્તિનો મહોત્સવ. શિવભક્તિથી મહેકતા મંદિરોમાં જ્યારે ઘંટ, ડમરુ અને શંખનો ધ્વનિ ગૂંજે છે ત્યારે કચ્છના શિવ મંદિરોમાં સંભળાતું એક એવું વાદ્ય પણ છે જે ધ્વનિથી વધારે એક સંકેતનું પ્રતીક છે, પરંપરાનો પાયો છે અને અસ્તિત્વના બરાબર સીમાડે ઊભેલું છે એ છે 'નાગફણી'.

શિવમંદિરોમાં દશનામી સમાજ દ્વારા શંખની માફક ફૂંકાતા આ વાદ્યને શાસ્ત્રીય અને આધ્યાત્મિક બન્ને સ્તરે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત છે. અખાડામાં પંચની હાજરીની પ્રતીતિ આપતું આ વાદ્ય ધર્મ અનુયાયીઓ પર થનારા આક્રમણ વખતે સંદેશાવાહક ગણાતું. મહત્ત્વ અને અસ્તિત્વ બંને વિનાશના આરે છે, એવું આ નાગફણી મહાદેવનું પ્રિય વાદ્ય છે.

હાલ જૂનાગઢ સ્થિત પંચ દશનામ જૂના અખાડાના મહંત ઇન્દ્રભારથી બાપુ કચ્છ પ્રદેશનું ગૌરવ છે અને એમના અનુભવે આ વાદ્યને સમજવા વધુ મદદ કરી. તેમના મુજબ, આજના આધુનિક સમયમાં સલામતીના પ્રશ્નોને હલ કરવા ઘણા સાધનો આવી ગયા છે. એક ફોન કરતાં પોલીસ કે ગામના લોકોને ભેગા કરી શકાય છે, પણ પહેલા એવું ન હતું ત્યારે આ વાદ્ય સંકટ સમયનું સાયરન હતું. મંદિરોમાં પણ તૈયાર આરતીઓ આવી ગઈ છે તો નાગફણી ફૂંકીને ગામના લોકોને ભેગા કરવાનું હવે રહ્યું નથી.

આ બધા કારણોસર નાગફણીનું મહત્ત્વ ઘટી ગયું છે, પરંતુ અખાડા પરંપરા હજુ નાગફણીના અસ્તિત્વને ટકાવી શક્યું છે. આજે પણ કુંભના મેળામાં એકઠા થતા સાધુપુરુષોના હાથે તમને નાગફણી જોવા મળશે. શિવલિંગની સામે, પૂજા સાધનાઓ સાથે, મંદિરમાં મૂકાયેલી નાગફણી માત્ર એક ધાતુનિર્મિત પિત્તળની વસ્તુ નથી, તે એક નાદ છે જે ભક્તિ અને રક્ષણ બંનેનું પ્રતીક છે. ભાતીગળ સમાજના ધર્મગ્રંથોમાં ઉલ્લેખ મળે છે કે નાગફણીનો ધ્વનિ મહાદેવને અતિપ્રિય છે અને તેથી જ માત્ર શિવ મંદિરોમાં આ વાદ્ય જોવા મળે છે. શિવ જેવી તપસ્વી અને તાણમુક્ત શક્તિને આ નાદ શાંતિ અને સતર્કતા આપે છે.





નાગ જેવો આકાર ધરાવતું અને મોઢેથી ફૂંકી વગાડાતું નાગફણી પ્રાચીન વાદ્યની શ્રેણીમાં મૂકી શકાય. તેનું નામ ગુજરાતના લુપ્ત થઈ રહેલા વાદ્યોની યાદીમાં પણ સામેલ છે. આ લખનારે જ્યારે ભુજના એક શિવ મંદિરના પૂજારી અમૃતગીરી પાસે મુલાકાત દરમિયાન નાગફણી વગાડવાનો અનુભવ લીધેલો ત્યારે સમજાયું કે, પિત્તળમાંથી બનેલી આ નાગફણીને ફૂંકવા માટે ફેફસાની તાકાત અને ઊંડો શ્વાસ આવશ્યક છે. જેમાં વિવિધ સ્વરો ફૂંકી શકાય છે.

અતીતમાં ગામના મહાદેવ મંદિરમાં જ્યારે પૂજારી નાગફણી ફૂંકે ત્યારે ગામલોકો સમજી લેતા કે આરતી શરૂ થવાની છે અને ભક્તો ભેગા થવા લાગતા. આવી જ રીતે અખાડા પરંપરામાં સહાયબી દરમ્યાન અખાડાના પંચ જ્યારે ધર્મપ્રચાર માટે બહાર જતા ત્યારે નાગફણી સાથે રાખતા. કોઈ આશ્રમ બહાર મહંતના આગમન સમયે 'કોટવાલ' તરીકે ઓળખાતા સાધુ દ્વારા નાગફણી ફૂંકવામાં આવતી જેથી આશ્રમના મહંત બારણે આવી મહેમાન મહંતનું સ્વાગત કરી શકે. કચ્છના રાજાશાહી વખતમાં યોજાતી નાગપંચમીની સવારીમાં પણ નાગફણી ફૂંકવાની પરંપરા હતી.

એક સમય એવો હતો કે આખા ભારતમાં નાગફણી અને કમંડળ બનાવનારા કારીગર માત્ર અંજારના કંસારા જ્ઞાતિના લોકો હતા. આજકાલ આવા કારીગરો તો ઘટી ગયા છે, પણ વાદ્ય ફૂંકનારા પણ ઓછા પડી ગયા છે. આજના મોબાઈલના યુગમાં નાગફણી ફૂંકવાનો સમય નથી રહ્યો. બીજી તરફ, નાગફણી ધાર્મિક વાદ્ય તો છે જ પણ સલામતીના સંકેત તરીકે પણ તેનું વિશિષ્ટ સ્થાન હતું. સાધુઓના આશ્રમો ગામની પાદરે સ્થાપિત થતા, જ્યાં આસપાસ ઓછી વસતી હોવાના કારણે આક્રમણ થવાની શક્યતા રહેતી. ત્યારે આવી ઇમર્જન્સી પરિસ્થિતિમાં સાધુ કે મહંત નાગફણી ફૂંકી ગ્રામજનોને બોલાવી સહાય માગતા.

આવી પરંપરા, સંકેત અને ભક્તિનો ભાવ સમેત વાદ્ય આજે ગણતરીના મંદિરોમાં અસ્તિત્વ જાળવી રહ્યું છે. 'નાદ બ્રહ્મ છે' એવી માન્યતાને અનુરૂપ, નાગફણીનો ધ્વનિ માત્ર વાદ્ય નથી એ ધર્મ, સંસ્કૃતિ અને રક્ષણનો ત્રિવેણી સંગમ છે તેનું મહત્ત્વ સમજવા સાથે હર હર મહાદેવ.

## ૪. ધાર્મિક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાતવીસ લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશે. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**

જૂની ઝરીની સાડી બોર્ડર, હાથના ઘડિયાળ, પેન, જૂનાં સિક્કા, નોટના બન્ડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર (90 ના હિન્દી ઓડિયો સીડી) ઓલ્ડ રેકોર્ડ હિન્દી એન્ડ ઇંગ્લિશ, એન્ટીક આઈટમ લેનાર. જુના સિલ્વર પોલીસ 9920663443 - 7738935999. (૨૯૨)

## ૯. લગ્ન સંબંધી

**વૈષ્ણવ યુવક**

28/ 5'. 5"/, કાંદીવલી એડવોકેટ / ગ્રેજ્યુએટ કન્યાના વડીલ સંપર્ક 9664011380- 9004992568. (દહેજ નહીં) (જેપી/૪૫૦૮-જી)

**બ્રાહ્મણ સેવા સમાજ**

49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૨-સી)

■ BCOM, 1991 લુહાર વેજીટેરિયન વૈષ્ણવ વેલસેટને શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ અંધેરીમાં 1983 LLB એક્ટિવ દેખાવડીને વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ જુહુ 1978 બ્યુટીફુલ ફેશન ડિઝાઈનર એક્ટિવને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ જ્વેલરી ડિઝાઈનર 1986 બ્યુટીફુલ ઈન્ટેલીજન્ટને વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ ભીવંડી સ્થિત 1973 BCOM વેલસેટ જૈન વિધુરને યુવતી આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ MBA હોસ્પિટાલિટી 1984 ઈન્ટેલીજન્ટ બ્યુટીફુલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

**''રજીસ્ટર્ડ મેરેજ''**

**''રજીસ્ટર્ડ-ડિવોર્સ કાયદેસર (વકીલ મારફત) (કોઈપણ મેટર) 9137725086. (દહેજ નહીં.). (બી-૧૬૨૭૧)**

## ૯. લગ્ન સંબંધી

■ ૧૯૮૯ની અતિ-સુંદર (મિસ એશિયા રનરઅપ), ડબલ ગ્રેજ્યુએટ વૈષ્ણવ અપરિણીત દિકરી - સ્થાયી, શિક્ષિત છોકરાની શોધમાં મુંબઈ, બેંગલોર પસંદ. ૯૫૩૭૪૦૨૦૦૦. (દહેજ નહીં). (બી-૧૬૨૪૯)

**જૈન યુવતી**

**USમાં સેટલ્ડ (H1B વિઝા) Born 1993 ફિઝિયોથેરાપીસ્ટ (ડબલ માસ્ટર્ડ) માટે USમાં વેલસેટલ્ડ યુવકોના વડિલો સંપર્ક કરે. 9819408577. (દહેજ નહીં). (એસડીબી - ૨૭૫૧)**

**NRI યુવક**

**વેરી હેન્ડસમ, ફેર, 45/6'/BBA, ગુજરાતી સોની, દુબઈ સ્થિત પોતાનો બિઝનેસ, લગ્નના ટૂંકા સમયમાં નિર્દોષ છૂટાછેડા થયેલ યુવક માટે એજ્યુકેટેડ, સોની જાતીની કન્યા આવકાર્ય.**

**Contact: 98194 68825**

(દહેજ નહીં) (બી-૧૬૨૧૨)

**રૂપેશ મુલજીભાઈ**

ચર્ચગેટવાળા, ૬૪ વર્ષથી ચાલતુ ઈન્ડિયા એબ્રોડના પાત્રો (વાપી)માં પણ 9324534747 (દહેજ નહીં). (૭૧-એ)

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ-લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ. 9869669633. (એસડીબી-૨૭૭૩)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી ગણેશ યાત્રા**

**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, 13-દિવસ, 8 સપ્ટેમ્બર, ડિલક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૮૦૪૮૬૬૬૬૯૫/ ૯૮૯૨૬૬૬૬૯. (૧૪૨-એ)**

**શ્રીયમુના**

ચંપારણ્ય, પુરી, શ્રીનાથજી, વ્રજયાત્રા, ભાઈબીજ સ્નાન, વૈષ્ણોદેવી, ચારધામ. 9892377559. (૧૫૩૭૬/એ)

## ૧૪. નોકરી ખાલી છે

**REAL ESTATE**

Sales Wanted 10 Male Candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (118-I)

## ૧૫. નોકરી જોઈએ છે

**એકાઉન્ટસ**

બિઝનેસ અને પર્સનલ એકાઉન્ટસનું કામ પ્લસ ઈન્કમટેક્સ, TDS તથા GSTનું ફાઈલીંગ, આપની અનુકૂળતાના મુજબ. વિક્રોલી-મંથલી સેવા. સંપર્ક TAXXING E-SOLUTIONS 9820568777 મફતભાઈ. (૧૧૦-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વલ્લભબાગ એક્ષટેન્શન 2 બેડરૂમ, 765', 3 બેડરૂમ - 987', 2300' પીસફુલ પોલ્યુશન ફ્રી લોકેશન. "S. J. REAL ESTATE" 90222 79684. (૧૫૦-સી)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ''અરૂણોદય'' (4.00 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુ સ્કીમ લીવલાયન્સ-સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૧૧૮-એ)

**''ગોવાલિયા ટેન્ક''**

**૩ બેડરૂમ ૧૧૦૦ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-એ)**

**''સિક્કા નગર''**

**૧ બેડરૂમ ૪૭૫ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-બી)**

**''ગ્રાન્ટ રોડ (ઈસ્ટ)''**

**૨ બેડરૂમ ૫૮૦ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-સી)**

**વાના પ્રોપર્ટી**

૩ બેડરૂમ - ગોવાલીયા ટેન્ક, નવા બિલ્ડિંગમાં, વ્યાજબી ભાવે, રેડી પઝેશન, લેવા/વેચવા/લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' 9821036556. (બી-૧૬૨૪૪)

**વાના પ્રોપર્ટી**

૨/૩/૪ બેડરૂમના ફ્લેટો, વાલકેશ્વર, રીજ, નેપિયન્સી, પેડર, વોર્ડન રોડ, કેમ્પસ-કોર્નર, ગોવાલીયા ટેન્ક, ગામદેવી, વ્યાજબી ભાવે લેવા/વેચવા/લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૨૪૩)

## ૧૭. જગ્યા આપવી છે

**વાના પ્રોપર્ટી**

૨ બેડરૂમ - ગામદેવી, તાડદેવ, વ્યાજબી ભાવે, રેડી પઝેશન, લેવા/વેચવા/લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' 9821036556. (બી-૧૬૨૪૨)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

**ટાગોર રોડ-૪ બેડરૂમનો ફ્લેટ, નવું બિલ્ડીંગ, ઓ.સી. સાથે, ૪ પાર્કિંગ, ૯,૭૫,૦૦૦,૦૦/- નેગોશીયેબલ - અન્ય ઘણા ફ્લેટો. લેવા/ વેચવા/ ભાડેથી સંપર્ક: ''ચેતન નગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૬૨૨૬)**

**મલાડ (વેસ્ટ)**

**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા.- ભરત પટેલ - 9820054730. નિખીત - 9920041841. (એસડીબી-૨૭૭૩)**

**કીંગસર્કલ**

૩ બેડરૂમ - 900', Parking, higher, Westernly, 3.7 Cr. જુનામાં ૧ બેડરૂમ 370', 1.25 Cr., Lift, Maintained society. Only whatsapp. 9820037940. (૭૫-એ)

**સુરતમાં ઈન્વેસ્ટ કરો,**

**પ્રોફિટ કમાવો, ફ્લેટ્સ, રો હાઉસ, બંગલો, પ્લોટ, ફાર્મ, 15 લાખ - 75 લાખ, સંપર્ક મુંબઈ : 84337 12963. (૧૨૭-એ)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**

1 બેડરૂમ 483 રેરા કાર્પેટ/ 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કાર્પેટ, બંધાતામાં ટ્રુ સમયમાં કબ્જો. સંપર્ક: 9821030822. (૧૩૨-જી)

**અંધેરી ઈસ્ટ નવામાં**

વન બેડ (1.35) ટુ બેડ (1.55 થી 2.25) થ્રી બેડ (2.50 થી 3.25) ફર્નિશ/અનફર્નિશ સ્ટેશનને ગંગર 8080524858. (બી-૧૬૩૧૨)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વિક્રાંત સર્કલ પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ કાર પાર્કિંગ, 3.15 Cr. સોલ એજન્ટ: "HOME ALONE PROPERTY" જુગ્નું શાહ - 9833352224. (૧૫૦-એ)**

**તારદેવ**

**"ડન એપાર્ટમેન્ટ"**

**ભાડેથી**

- **2.5 BHK - 1000'**
- ફુલ્લી ફર્નિશડ
- હાયર ફ્લોર, ૧ પાર્કિંગ
- ફક્ત શાકાહારી માટે

દીપક મહેશ્વરી (એજન્ટ)

**9820038812 /8369248319**

(૧૪૭-બી)

**રાજસ્થાન એસ્ટેટ**

વાલકેશ્વર મરીનડ્રાઈવ નેપ્યન્સી બ્રિજકેન્ડી અલ્ટામાઉન્ટ ક્ફ પરેડ ચર્ચગેટ પેડર તારદેવ ગોવાલ્યા ટેન્ક વેચાણ અને ખરીદી કોમર્સીયલ સાથે લીવ એન્ડ લાયસંસથી. Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994, મુકેશભાઈ મહેતા 9967502537. (૨૯૧)

**અંધેરી ઈસ્ટ**

**સ્ટેશન નજીક અમરતરૂમાં ૨ BHK 55000 ભાડાથી અને 1.75 CR માં વેચાતા લેવા સારી તક 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૭૮૨)**

**ઘાટકોપર (ઈસ્ટ), ભાડેથી**

**ઓડીયન શોપિંગ સેન્ટર - 2 બેડરૂમ હોલ કિચન-750 કારપેટ, 70000 (નેગોશિયેબલ) 9820477770. (૧૫૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. પંતનગર - ૨ બેડરૂમ - 695' કારપેટ, તિલક રોડ - ૨ બેડરૂમ - 820' કારપેટ, ૬૦' રોડ - 3 બેડરૂમ - 950' કારપેટ. મનીશ વોરા - 9324339343. (૧૫૦-ઈ)**

**વિદ્યાવિહાર (વેસ્ટ) ભાડેથી**

નિલકંઠ કીંગડમ, 2.5 બેડરૂમ, હોલ, કિચન, 950' કારપેટ, લીફ્ટ, પાર્કિંગ, ગેસ લાઈન. મુકેશભાઈ (બ્રોકર) 8169019857, 9323030141. (૧૫૦-જી)

**બોરીવલી (વેસ્ટ)**

Gokul hotel નજીક 1 રૂમ કિચન (ટેરેસ સાથે) તથા 1 - 2 - 3 બેડરૂમ, office/shop ભાડેથી લેવા ઇચ્છક રેડી પઝેશન. સંપર્ક, પરેશ પટેલ - 9223577250. (જેપી/૪૫૦૭-જી)

**ડુપ્લેક્સ**

5 બેડરૂમ 1979' કાર્પેટ, કાંદિવલી વેસ્ટ એમ.જી. રોડ, 6.45 કરોડ+, 3 પાર્કિંગ, હાયરફ્લોર રેડી પઝેશન લેવા જયેશ જોશી- 9819304944. (જેપી/૪૫૦૭-એફ)

**સાઉથ મુંબઈ**

2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો-બંધાતા ટાવરમાં વર્લી- પ્રભાદેવી- ગામદેવી- તારદેવ- ભાયખલા- વડાલા- લોઅર પરેલ- આધુનિક સુવિધા- પ્રતિષ્ઠિત બિલ્ડર્સ- આકર્ષક શરતે- લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-ડી)

**તારદેવ**

2 બેડરૂમનો ફ્લેટ- દેરાસર નજીક- નાની સુંદર સોસાયટી લેવા ચેતન શેઠ- 9820062638. (૭૯-ઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**સાઉથ મુંબઈ**

1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટામાઉન્ટ, વાલકેશ્વર નેપયન્સી તારદેવ વર્લી પ્રભાદેવી- લેવા- ચેતન શેઠ- 9820062638. (૭૯-એ)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ 1/2/3 બેડરૂમ, હાયર ફ્લોરના ફ્લેટો, દેરાસર નજીક, લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-જી)

**નેપિયન્સી**

1 બેડરૂમના ફ્લેટ- દેરાસર નજીક, પાર્કિંગ સુવિધા લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-એચ)

**વરલી**

3 બેડરૂમના, સુંદર ફ્લેટ- પ્રતિષ્ઠિત સોસાયટી- હાયર ફ્લોર- પાર્કિંગ સુવિધા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-આઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ/વેસ્ટ)**

3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૧૮-સી)

**ડિસ્ટ્રેસ પ્રોપર્ટી સેલ**

**ઘાટકોપર ઈસ્ટ માં**

**માર્કેટ રેટ રૂ.40,000**

**ડિસ્ટ્રેસ ભાવ રૂ.30,000**

**(બે હજાર ફુટ) રસિડેન્શિયલ જગ્યા, સ્વિમિંગ પૂલ, નવુ બિલ્ડિંગ, 1 વર્ષમાં 20% વળતર,**

**યુઝર / ઈન્વેસ્ટર્સ સુવર્ણ તક (બ્રોકર માફ)**

**9821008455 / 9820856671**

(૧૩૯-ડી)

**જુહુ સર્કલ**

ડી એન નગર@ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200થી 2500@ 42000 psf. 12-18 મહિનામાં કબ્જો "MIHIR" 7021919015. (૧૧૮-ડી)

**સાન્તાક્રુઝ/ખાર**

લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યુ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૧૮-ઈ)

**લાલુભાઈ પાર્ક**

રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500'-2000' 7-8 કરોડ ફર્નિશ 3 બેડરૂમ 1100'-1400' @ 42000 psf, 6 મહિનામાં કબ્જો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR 7021919015. (૧૧૮-એફ)

**સી-ટચ પ્રોજેક્ટ્સ**

2-3 એકર લેઆઉટ 30+ સુવિધાઓ સાથે 180 ડિગ્રી સી વ્યૂ વર્સોવા 1500-5000' (10-30) જુહુ તારા 3000-5000' (25-50) કાર્ટર / બેન્ડસ્ટેન્ડ (50-100) વર્લી પ્રભાદેવી (30-75) 25 થી વધુ વિશિષ્ટ પ્રોજેક્ટ્સ "MIHIR 7021919015. (૧૧૮-જી)

**જુહુ ગુલમહોર**

3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200-5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યુ, દર 55000 થી 65000 psf. "MIHIR 7021919015. (૧૧૮-એચ)

**નેપન્સી**

4 બેડરૂમ - 2000' કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ 15,50,0000/- નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૭૪-એ)

**નાનાચોક**

$2^1/_2$ બેડરૂમ - 850' - પાર્કિંગ - ફર્નીસ્ડ 6,50,00000/- શાહ - 9820068382. (૧૫૩૭૪-બી)

**કેમ્સકોર્નર**

2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ 6,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-સી)

**વાલકેશ્વર**

1 બેડરૂમ - 520' - કાર્પેટ પાર્કિંગ 3,25,00000/- શાહ - 9820068382. (૧૫૩૭૪-ડી)

**GHATKOPAR (EAST) DERASAR LANE**

**Prime Location., Off 60 Feet Road. 4-Bedroom Hall Kitchen - 1450' Carpet, with Balcony, Semi Furnished, Two Parking 1st Floor - Brand New Building. 5 Minutes Walking Distance Station. Very Near to Jain Derasar and Upashray. For Sale: 9892722827. (71-B)**

1) NASIK SALE 1/2 BEDroom - 27 / 47 Lac. 2) Boiser West 1 Bedroom 18L, Shop - 7.50L 3) Palghar 1 Bedroom - 20 Lac. 4) Mira Road 1 Bedroom 63.50, Rent - 18000/- 5) Borivali West 2 Bedroom - 1.80 Lac 6) Kandivali West 3 Bedroom 1000' - 3.25 Cr, Rent - 75000/- 9167332595 / 9930013550 / (All inclusives). (137-C)

**LALBAG, MAIN ROAD,**

New Bldg with OC, Low maintenance 2 Bed 650 cpt 3.2 Cr. Genuine Seller, 9773038617. (B-16104)

## ૧૭. જગ્યા આપવી છે

**ON RENT 1 BHK FLAT WALkeshwar Whatsup 9321699256. (B-16304)**

**MATUNGA - KING'S CIRCLE**

2 BHK for Sale, New Building with OC, Nr Hindu Gymkhana, 12th Floor, 770 sqft. Parking. Rs. 3.40 Cr. Call: 9374543885. (148-A)

**MARINE DRIVE**

3 Bed 1750' Carpet + Close Garage. Lower Floor, Panoramic Excellent Sea View. Ready to Move. Ashok Shah 9821036552 (SFRC). (152-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**

૧ થી ૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી/ લીવલાયસંસથી- ખાર/ બાંદ્રા/ શાંતાક્રુઝ/ જુહુ/ પાર્લા/ જુહુ સ્કીમ. સંપર્ક: ''ચેતન નાગર'' 9820141544/ 9920141544. (બી-૧૬૨૨૫)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**NAIGAON EAST**

**For Sale / Rent at, Village Bafane NH touch Vasai Heavy Industrial Zone individual G+3 Building height 16 ft. (5m), goods lift provided with terrace opening, ready to use with Occupation Certificate Received. Contact:- 9422092975 / 9881498187 / 9892028657. (SDB-2743)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ફોર્ટ - કાલાઘોડા**

જુના ભાડાની ઓફિસ 450' એટેચ્ડ વોશરૂમ આઉટરાઈટ વેચાણથી. ઓનર 9821231563 સુમનભાઈ. (૧૩૨-એ)

**દાદર સર્કલ**

1000' શોરૂમ 5,50,000 ભાડે. સલૂન, ગારમેન્ટ, જીમ, સુપર માર્કેટ યોગ્ય. 9819569698. (૧૩૭-ઈ)

**દુકાન વેચાણથી**

કાંદિવલી (વેસ્ટ) દહાણુકરવાડી, Metro સ્ટેશન પાસે, ઓફ લિંક રોડ, 394' કાર્પેટ, 14' હાઈટ મોકાની દુકાન વેચાણથી ધર્મેન્દ્ર સંઘવી - 9321459014. (જેપી/૪૫૦૮-ડી)

**''ડોમ્બીવલી (ઈસ્ટમાં)''**

''પાંડુરંગ સ્કુલની સામે ભાડા પર લાગેલ દુકાન - 110' (14' હાઈટ) વેચવાની'' - 9324444122. (૫૬-એ)

**READY WITH OC**

**Exclusive Office Spaces at KHAR WEST**

**430 To 650+ RERA Carpet Area**

**Outright Sale, Prime S.V. Road Location, Walkable from Khar Station.**

**9987464111**

**8898901997**

(B-16311)

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**અંધેરી ઈસ્ટમાં ઓફિસ**

સ્ટેશન/ સબવેથી નજીક ઈન્ડ/ફોર્મ એસ્ટેટમાં ૧લે માળે કોર્નરની જગ્યા 100 સ્કે. ફૂટ + 150 sq. ft. લોફ્ટ સાથે/ વગર ભાડેથી ઈન્સ/ રોક/ કોમ્પ્યુટર વગેરે માટે ઉત્તમ સંપર્ક 9867868311. (૧૪૩-એ)

**ઓફિસ - OFFICE**

Sanjar one world, મલાડ (વેસ્ટ), એસવી રોડ, ૨૭૦' થી 700' વેચાણ તથા ભાડેથી, રિઝનેબલ ભાવ - ભાડેથી, પાર્કિંગ સાથે રેડી પઝેશન OC સાથે લેવા, ૮૯૯૨૯૬૬૬૧૬. (જેપી/૪૫૦૮-ઈ)

**અંધેરી-મરોલ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ, વેચાણથી/ ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૧૩૬-એ)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૧૩૫-એફ)

## ૨૩. મનોરંજન

**નાટ્ય ગ્રુપ**

**વર્ષના 8 પ્રોગ્રામ (6 નાટક + 1 MOVIE + 1 ORCHESHTRA) નાટક મેમ્બરશીપ વ્યક્તિ દીઠના 2000/-થી શરૂ. 9619538663, 9820419608. (૧૨૪-એફ)**

## ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**

ઘૂંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરેબેઠાં દવા વગર મટાડો. 9867226594. (૧૧૨-ઈ)

## ૩૧. નાણાંકીય

**''લોનનાં ચક્કરમાંથી''**

**બહાર નીકળીશું બેંકથી સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૨૭૨)**

**LOAN**

Against Residential or Commercial Property / Unsecured Business Loan, Based on Banking or GST Turnover, Facilities Either Term Loan or OD, Compare Loan Eligibility, ROI and Tenure Across 19+ Banks, with 28+ years of Experience, Partnered with Corporate DSA having PAN India, Services in Mumbai and Pune. (T & C) Contact on: 9226511191. (117-G)

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

## ૩૩. ધંધાદારી

■ લક્ઝુરીયસ જીવન જીવો, સર્વોત્તમ સેક્ટર, હેલ્થ, એજ્યુકેશન, હોસ્પિટાલિટી, મંદી વિના, સલામત આવક 9377992110, 9867510027. (બી-૧૬૩૦૫)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૯૧૬, ૨૩૪૯૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**HEALTH INSURANCE**

**TATA - કંપનીની નવી પ્રોડક્ટ. ઉંમર 0 થી 100 વર્ષ સુધી. 500% સુપર બોનસ. વગર કોઈ રોકટોક, CUSTOMIZE PLAN. (CLAIM SETTLEMENT 97.36%) ARTH: 9769989977. (૧૪૬-એ)**

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલીયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047 / 8451015519. (૧૨૨-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તકીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેના જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનમાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Tel. Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ

# સોનામાં તોફાની વધઘટથી રોકાણકારો, જ્વેલરો અને રિટેલ ગ્રાહકો અવઢવમાં

## યુરોપિયન યુનિયન સાથે અમેરિકાની ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદે સપ્તાહના અંતે વૈશ્વિક સોનું એક ટકા જેટલું તૂટ્યું

કોમોડિટી

રમેશ ગોહિલ

વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકાની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી ગત સપ્તાહના મધ્ય સુધી સોનામાં સલામતી માટેની માગને ટેકે એક તબક્કે વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. જોકે, ત્યાર બાદ ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા સુધારા ઉપરાંત અમેરિકાની જાપાન સાથે ટ્રેડ ડીલ થઈ હોવાના તેમ જ યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ સપાટી પર આવતા સોનામાં રોકાણકારોની નીકળેલી નફારૂપી વેચવાલી અને સલામતી માટેની માગ ઓસરતા ભાવ ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતાં. આમ વૈશ્વિક બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત બુધવારે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. એક લાખની સપાટી કુદાવીને રૂ. ૧,૦૦,૫૩૩ના મથાળે પહોંચ્યા હતા. તેમ જ ત્યાર બાદ વિશ્વ બજાર પાછળ ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. એકંદરે સપ્તાહ દરમિયાન જોવા મળેલી બેતરફી તોફાની વધઘટમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગમાં સોંપો પડી ગયો હતો. ખાસ કરીને બજારનાં ચોક્કસ વલણ અંગેની સ્પષ્ટતાના અભાવમાં જ્વેલરી ઉત્પાદકો તથા રોકાણકારો અવઢવમાં મુકાઈ ગયા હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૮મી જુલાઈના રૂ. ૯૮,૨૪૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૯૮,૭૯૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૦૦,૫૩૩ સુધી પહોંચ્યા બાદ અંતે સપ્તાહની નીચી રૂ. ૯૮,૩૮૮ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ સપ્તાહ દરમિયાન ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૯૦નો તોતિંગ ઉછાળો જોવા મળ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ ૦.૧૪ ટકા અથવા તો રૂ. ૧૪૫ના સાધારણ સુધારો જોવા મળ્યો હતો.

ગત સપ્તાહના આરંભમાં જોવા મળેલું તેજીનું વલણ અને ત્યાર બાદ અચાનક પીછેહઠ જોવા મળતાં ખરીદદારો બજારનું વલણ સમજી ન શકતાં સાર્વત્રિક સ્તરેથી માગમાં સૂનકાર વ્યાપી જતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૫ ટકા જેટલા ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું ચેન્નાઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ૧૦ ટકા આસપાસની સપાટીએ રહ્યું હતું. વાસ્તવમાં હાલના તક્કે રિટેલ સ્તરની માગ એટલી તળિયે પહોંચી છે કે જ્વેલરી ઉત્પાદકો હાલના ભાવથી નવી ખરીદી કરવા કે જ્વેલરીનાં ઉત્પાદન માટે ઓર્ડર આપવા માટે પણ રાજી ન હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું.

વૈશ્વિક સોનાની બેતરફી મોટી વધઘટની માત્ર ભારતીય બજારો પર જ અસર જોવા મળી તેવું નથી. સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હોવાથી સ્થાનિક સ્તરે ભાવમાં તેજીનું વલણ રહેતાં નવી ખરીદી નિરસ રહેવાની સાથે ઊંચા મથાળેથી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સનાં ડીલિંગ વિભાગના હેડ પીટર ફંગે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વૈશ્વિક ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી ગત મે મહિનામાં ચીનની સોનાની આયાતમાં ઘટાડો થયો હતો. તેમ જ ગત જૂન મહિનામાં પણ આયાતમાં પણ મે મહિનાની સરખામણીમાં ઘટાડો થયો હોવાના અહેવાલ હતા.

અમેરિકાનાં વેપારી ભાગીદાર દેશો સાથેના કરારની અનિશ્ચિતતા વચ્ચે સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યા બાદ અમેરિકાની જાપાન સાથે ટ્રેડ ડીલના નિર્દેશો સાથે ઊંચા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. તેમ છતાં સાપ્તાહિક ધોરણે સોનાના ભાવમાં સાધારણ સુધારો નોંધાયો હતો. વધુમાં અમેરિકા અને યુરોપીયન યુનિયન ટ્રેડ ડીલની નજીક હોવાના આશાવાદ અને ડૉલરની મજબૂતી સાથે સોનામાં સલામતી માટેની માગ ઓછી થતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. વધુમાં અમેરિકામાં બેરોજગારી ભથ્થું મેળવનારાઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૨ પછીનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હોવાથી અમેરિકી શ્રમ બજારમાં મક્કમતા જોવા મળતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત કરે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હતો. જોકે, ફેડરલ રિઝર્વ આગામી ૨૯-૩૦ જુલાઈની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

જોકે, ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરોમ પૉવલ વચ્ચેનાં સેન્ટ્રલ બૅન્કનાં નવીનીકરણનાં ખર્ચ અંગેના વિવાદ તરફ ધ્યાન ખેંચાયું હતું અને ત્યાર બાદ ટ્રમ્પે પુનઃ વ્યાજદરમાં કપાતની માગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. આ સિવાય ગત સપ્તાહે અમેરિકાનાં ઉત્પાદનના પીએમઆઈ ડેટા બજારની ૫૨.૫ પૉઈન્ટની અપેક્ષા સામે ઘટીને ૪૯.૫ પૉઈન્ટની સપાટીએ રહ્યા હતા. જોકે, તેની સામે સર્વિસીસ પીએમઆઈ ડેટા અપેક્ષિત ૫૨.૯ પૉઈન્ટ સામે વધીને ૫૪.૬ના સ્તરે રહ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડવાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે આગામી સપ્તાહે બજાર વર્તુળોની નજર ફેડરલ રિઝર્વની બેઠકના અંતે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે જૅરોમ પૉવેલ કોઈ નિર્દેશ આપે છે કે કેમ તેના પર રહેશે. તેમ છતાં અમારા મતે આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૩૪૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૬,૦૦૦થી ૧,૦૧,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને અમેરિકા-યુરોપિયન યુનિયન વચ્ચેની ટ્રેડ ડીલના આશાવાદ હેઠળ હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૩૬.૦૧ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકાના ઘટાડા સાથે ૩૩૩૫.૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે જાપાન સાથેની ટ્રેડ ડીલ બાદ પહેલી ઑગસ્ટ પૂર્વે યુરોપિયન યુનિયન સાથે પણ અમેરિકાની ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ ઉપરાંત અમેરિકાના રોજગાર ક્ષેત્રના ડેટા પણ સારા આવ્યા હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું ઝેનર મેટલ્સનાં મેટલ સ્ટ્રેટેજિસ્ટ અને વાઈસ પ્રેસિડેન્ટ પીટર ગ્રાન્ટે જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલનાં નિર્ણય પૂર્વે ઉછાળો ન આવે તો સોનામાં ઔંસદીઠ ૩૩૦૦ ડૉલર આસપાસની સપાટીએ ખરીદીનું આકર્ષણ જોવા મળે તેવી શક્યતા છે.

# ખાંડમાં નાકા ડિલિવરી ધોરણે ₹ ૨૦થી ૫૦ તૂટ્યા

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર તાજેતરમાં માસાન્તને કારણે મિલો તરફથી વધેલા વેચવાલીનાં દબાણ અને સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોનાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૫૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, હાજરમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ડીઝલ એંજીનનું સમારકામ/ઓવરહોલીંગ**

ચીફ વર્કશોપ મેનેજર EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ- ૪૦૦૦૧૩ ઈ-ટેન્ડર નોટીસ નં. EL૯૦/MX/૨૦૨૫-૨૬/૦૪RT તા. ૧૯/૦૭/૨૦૨૫ મંગાવે છે. કામનું નામ: વર્ષ ૨૦૨૫-૨૬માં POH માટે સુનિશ્ચિત કરેલા કાર્યક્ષેત્ર મુજબ 04 વ્હીલર માર્ક IV/માર્ક III ટાવર વેગનોના કન્ટ્રોલ ડેસ્ક/સીસ્ટમ વાયરીંગની સ્વસ્થતા સાથે ડીઝલ એંજીન અને બીજા સંબંધિત સાધનોનું સમારકામ / ઓવરહોલીંગ. (જથ્થો ૧૨ નં.) કામનો અંદાજીત ખર્ચ: રૂા. ૧,૪૭,૪૩,૦૪૨.૫૨. બાંહેડી: રૂા. ૨,૨૩,૭૦૦/-. ટેન્ડર સુપરત કરવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય: ૧૧.૦૮.૨૦૨૫ના રોજ ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડર સુપરત (ઈલેક્ટ્રોનીકલી). વધુ વિગતો માટે કૃપા કરી www.ireps.gov.inની મુલાકાત લો. 0439

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં પીછેહઠ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩ અને રૂ. ૧૮ ઘટી આવ્યાના નિર્દેશો સાથે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઘટતી બજારે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહ્યું હતું. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩ ઘટીને રૂ. ૧૩૩૫ અને રૂ. ૧૮ ઘટીને રૂ. ૩૦૩૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઘટતી બજારે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૫૪ અને રૂ. ૭૬૫, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૪૩, રૂ. ૮૩૧, રૂ. ૫૯૮ અને રૂ. ૯૧૮ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૬૨, રૂ. ૨૬૦ અને રૂ. ૨૭૧ના મથાળે રહ્યા હતા.

જાકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૬ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# પાંખાં કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૮ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો છતાં આજે સપ્તાહના અંતે તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ નવભારતનાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૪, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના સમાનગાળાના ૧૧,૩૪,૨૩૦ ટન સામે ૯.૨૩ ટકાના ઘટાડા સાથે ૧૦,૨૯,૫૮૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. જોકે, કાર્ગો સર્વેયર એએમએસપીઈસીની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના સમાનગાળાના ૧૦,૫૭,૪૬૬ ટન સામે ૧૫.૨૨ ટકા ઘટીને ૮,૯૬,૪૮૪ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૫૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૦૦માં અને રાજકોટ મથકે ૧૩૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં થયા હતા.

# નેપાળથી થતી વનસ્પતિ તેલની ડ્યૂટી મુક્ત આયાત અંગે સમીક્ષા કરવા ઉદ્યોગનો અનુરોધ

નવી દિલ્હી: ઈન્ડિયન વેજિટેબલ ઑઈલ પ્રોડ્યુસર્સ એસોસિયેશન (આઈવીપીએ)એ સરકારને નેપાળથી થઈ રહેલી ડ્યૂટી મુક્ત ધોરણે રિફાઈન્ડ તેલની આયાત અંગે ફેર વિચારણા કરવાનો અને ખાદ્યતેલ પર પુનઃ સ્ટાન્ડર્ડાઈઝ પેકિંગનાં ધોરણે અમલ કરવાનો અનુરોધ કર્યો છે.

આઈવીપીએના ૫૦માં સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ બે દિવસીય ગ્લોબલ રાઉન્ડ ટેબલ પરિષદના અંતે ગત શુક્રવારે સંગઠને નેપાળથી ભારતની ઉત્તર અને ઉત્તરપૂર્વ બજારોમાં ઠલવાઈ રહેલા માલની ચિંતાને ધ્યાનમાં લેતા સરકારને ઉક્ત અનુરોધ કરતાં જણાવ્યું હતું કે આ આયાતથી માત્ર સ્થાનિક પ્રોસેસરો અને રિફાઈનરો પર જ નહીં, પરંતુ તેલિબીયાનાં ભાવ પર પણ માઠી અસર પડી રહી છે અને પ્રોસેસિંગ એકમોની ક્ષમતાનો પૂર્ણ વપરાશ નથી થતો, એમ આઈવીપીએએ યાદીમાં જણાવ્યું છે.

વધુમાં એસોસિયેશને સરકારને પરિસ્થિતિ અનુસાર શૂન્ય ડ્યૂટી ધોરણે આયાત માત્ર નેશનલ એગ્રિકલ્ચરલ કૉઑપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (નાફેડ) અને અન્ય રાજ્યસ્તરીય એજન્સીઓ જેવી સરકારી એજન્સીઓ મારફતે જ કરવાનો પ્રસ્તાવ મૂકવાની સાથે ખાદ્યતેલનાં પેકિંગ માટેનાં સ્ટાન્ડર્ડ પેકેજિંગ સાઈઝનાં ધોરણો પુનઃ લાગુ કરવાની અરજ કરતાં જણાવ્યું હતું કે હાલનાં પેકિંગ માટેના વિકલ્પોથી ગ્રાહકોમાં ભાવના મુદ્દે મૂંઝવણ ઊભી થઈ રહી છે.

બજારનાં ભાવી અંગે આઈવીપીએએ જણાવ્યું હતું કે પામોલિનના ભાવ હાલની સપાટી આસાપસ કોન્સોલિડેટ થઈ રહ્યા છે, તેમ જ સોયાબીન તેલ પર ડિસ્કાઉન્ટ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરવાની સાથે સરકાર તરફથી માલ છૂટો કરવામાં આવતા દેશમાં સરસવના ભાવની તેજી શાંત પડે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. આ સિવાય વૈશ્વિક સ્તરે કાળા સમુદ્રના દેશો તરફનો સૂર્યમુખીનો પાક સામાન્ય સ્તરે જળવાયેલો રહેવાથી સનફ્લાવર તેલના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા આઈવીપીએનાં પ્રમુખ સુધાકર દેસાઈએ ચર્ચા દરમિયાન જણાવ્યું હતું. વધુમાં વૈશ્વિક સ્તરે બાયોફ્યુઅલ અંગે વધી રહેલા આદેશોને ધ્યાનમાં લેતા એસોસિયેશને ભારત સરકારને લઘુતમ ટેકાના ભાવમાં વધારો કરી સ્થાનિકમાં તેલિબીયાનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ભારપૂર્વક જણાવ્યું હતું.

# ઈલેક્ટ્રોનિક્સમાં ચાઈનીઝ રોકાણ માટે ભારત ઉદાર નીતિ અપનાવશે

નવી દિલ્હી: દેશમાં ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભારતીય કંપનીઓના ચાઈનીઝ કંપનીઓ સાથેનાં સહયોગ માટે સરકાર ઉદાર નીતિ અપનાવશે, એમ સરકારી સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે ઈલેક્ટ્રિનિક્સનાં કુલ ઉત્પાદન પૈકી ૬૦ ટકા જેટલું ઉત્પાદન ચીનમાં થતું હોવાથી તેની અવગણના કરવી એટલી સરળ નથી.

ડિક્સોનનાં ચીનની કંપની સાથેનાં સંયુક્ત સાહસને આપવામાં આવેલી સરકારી મંજૂરીને ધ્યાનમાં લેતા પૂછવામાં આવેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે સંબંધો હળવા થઈ રહ્યાના સંકેતો મળી રહ્યા છે અને પ્રવાસીઓ માટે વિઝા મળી રહ્યા છે અથવા તો ખુલ્લા થઈ રહ્યા છે. તેમ જ ૬૦ ટકા ઉત્પાદન ચાઈનામાં થઈ રહ્યું હોવાથી થોડા ઘણાં અંશે સહયોગ થઈ શકે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ડિક્સોન ટેક્નોલૉજીસના ચીનની પીયર લૉન્ગચીયર કંપની સાથેનાં સંયુક્ત સાહસને સરકારી મંજૂરી મળી છે. તેમ જ ડિક્સોન ઘણી ચાઈનીઝ કંપનીઓનો સંયુક્ત સાહસ માટે સંપર્ક કરી રહી છે. તેણે ચાઈનીઝ ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ કંપની ચોંગક્વિંગ યુહાઈ પ્રીસિસન મેન્યુફેક્ચરિંગ કંપની અને કુંશન ક્યુ ટેક્નોલૉજીનાં ભારતીય એકમ સાથે મોબાઈલ ફોન અને લેપટોપ ઉપરાંત અન્ય ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસમાં વપરાતા ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સનાં ઉત્પાદન અને વેચાણ માટે કરાર કર્યા છે. આ ઉપરાંત કંપની ચાઈનીઝ સ્માર્ટ ડિવાઈસીસ ઉત્પાદક વિવો સાથે પણ સંયુક્ત સાહસ માટેની દિશામાં કાર્ય કરી રહી હોવાના અહેવાલ છે.

# ૨૦ ટકા ઈથેનોલ ભેળવણીનો લક્ષ્યાંક પાંચ વર્ષ પૂર્વે હાંસલ થયો: ઈસ્મા

નવી દિલ્હી: પેટ્રોલમાં ઈથેનોલની ૨૦ ટકા ભેળવણીનો લક્ષ્યાંક લક્ષ્યાંકિત સમયમર્યાદાના પાંચ વર્ષ પહેલા જ હાંસલ થયો હોવાનું ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા)એ તાજેતરમાં એક યાદીમાં જણાવ્યું છે. વર્ષ ૨૦૧૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ જ્યારે ઈથેનોલ ભેળવણીનો આ પ્રોગ્રામ અમલી બનાવાયો હતો ત્યારે ઈથેનોલની ભેળવણીનો દર માત્ર ૧.૫ ટકાના સ્તરે રહ્યો હોવાનું ઈસ્માએ આંકડાકીય માહિતી આપતા ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૪માં ઈથેનોલનું ઉત્પાદન જે ૩૮ કરોડ લિટર હતુ તે જૂન, ૨૦૨૫માં વધીને ૬૬૧ કરોડ લિટર થયું છે, જ્યારે કાર્બન ડાયોક્સાઈડનાં ઉત્સર્જનમાં ૬૯૮ લાખ ટનનો ઘટાડો થયો છે.

વધુમાં આ પ્રોગ્રામને કારણે ભારતીય કૃષિ ક્ષેત્રને નોંધપાત્ર નાણાકીય લાભ પણ થયા છે. આ સમયગાળામાં ખેડૂતોને રૂ. ૧.૧૮ લાખ કરોડ અને ડિસ્ટિલિયરીઓને રૂ. ૧.૯૬ લાખ કરોડ મળ્યા છે. તદ્ઉપરાંત મહામૂલા રૂ. ૧.૩૬ કરોડના વિદેશી હૂંડિયામણની પણ બચત થઈ છે. એકંદરે આ સિદ્ધિ એ દેશની ઊર્જા નિર્ભરતા તથા ઉજ્જવળ ભવિષ્ય તરફની છલાંગ હોવાનું ઈસ્માના ડિરેક્ટર જનરલ દિપક બલ્લાનીએ જણાવ્યું હતું. સરકારનાં સ્પષ્ટ નીતિ નિર્દેશ અને દિર્ઘ દૃષ્ટિ ધરાવતા નેતૃત્વને કારણે નિર્ધારિત સમયમર્યાદા કરતાં પાંચ વર્ષ પૂર્વે માત્ર ભેળવણીનો લક્ષ્યાંક જ હાંસલ નથી થયો, પરંતુ ગ્રીન એનર્જીમાં સમગ્ર દેશ માટે શક્તિશાળી ભવિષ્ય નિર્માણ થયું છે. એકંદરે દેશના ઈથેનોલ અર્થતંત્રમાં ખાંડ ઉદ્યોગે શેરડીનાં રસમાંથી મેળવાતા બાયો ફ્યુઅલનો પુરવઠો, બી-હેવી મોલાસીસ અને અન્ય કૃષિ ઉત્પાદનોમાંથી ઈથેનોલ મેળવીને મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

વાસ્તવમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈંધણમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવણીનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, પરંતુ વહેલાસર હાંસલ થયેલો લક્ષ્યાંક દેશની ઈંધણની આયાત નિર્ભરતામાં ઘટાડાનાં નિર્ધાર અને ગ્રામીણ અર્થતંત્રના વિકાસને ટેકો આપવાની બાંયધરી પ્રતિબિંબિત કરે છે, એમ એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામત ૧.૧૮૩ અબજ ડૉલર ઘટી

મુંબઈ: ગત તા. ૧૮ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૧.૧૮૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૫.૪૮૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૩.૦૬૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૬.૬૭૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને અટકાવવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં સમયાંતરે ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં સતત ઘસારો થતો રહ્યો હતો. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧.૨૦૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૭.૬૦૯ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ અથવા તો એસડીઆર ૧૧.૯ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૮૩ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૩ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૬૯૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સપ્તાહ દરમિયાન માત્ર સોનાની અનામત ૧૫ કરોડ ડૉલરના વધારા સાથે ૮૪.૪૯૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

**પશ્ચિમ રેલવે – રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

નં. W/૬૨૩/૫/૧/NIT તા. ૨૨.૦૭.૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડીવીઝનલ રેલવે મેનેજર (WA) રતલામ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર મારફતે "ઓપન ટેન્ડર" મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજિત કિંમત રૂા. | બાના રકમ રૂા.માં |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૬૬ ઉજ્જૈન ખાતે સ્ટાફ સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે કમ્યુનીટી હૉલની વ્યવસ્થા (કોમ્પોઝીટ). | ૧,૩૯,૨૧,૯૮૯.૨૫ | ૨,૧૯,૬૦૦.૦૦ |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૭૬ ઈન્દોર-LMNR ખાતે રોલીંગ ઈન આઉટ અને ટર્મીનેટીંગ ફેસીલીટી, ઈન્ટીગ્રેટેડ કોચીંગ ડેપો INDમાં સુધારણા કાર્ય (કોમ્પોઝીટ કાર્ય). | ૧,૬૩,૭૧,૯૨૯.૬૨ | ૨,૩૧,૯૦૦.૦૦ |

**બધા ટેન્ડરો માટે અંદાજિત ક્વોન્ટીટી:** ટેન્ડર શેડ્યૂલ પ્રમાણે. **સમાપ્તિ અવધિ: ક્રમ નં. ૧:** ૧૫ મહિના; **ક્રમ નં. ૨:** ૧૨ મહિના; **સમાન પ્રકારનું કામ: ક્રમ નં. ૧:** કોઈ બિલ્ડીંગ કામનું બાંધકામ. **ક્રમ નં. ૨:** કોઈપણ સીવીલ એંજીનીયરીંગ કામ. **બધા ટેન્ડરોને વેબસાઈટ પર અપલૉડીંગની તારીખ:** ૨૨.૦૭.૨૦૨૫. **બધા ટેન્ડરો માટે ખુલવાની તારીખ અને સમય:** ૧૪.૦૮.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડીવીઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ વિભાગ, પશ્ચિમ રેલવે

Apex5/1/154

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે A-૭૦૨, પ્રથમેશ રેસીડેન્સી, દાદાભાઈ રોડ, અંધેરી (પ), મુંબઈ-૫૮ ખાતે રહેતા કમલેશ ભીમરાજ ધોકા અને મીના કમલેશ ધોકા બંને, તમામ બોજાઓ, ગીરો, લિટિગેશન્સથી મુક્તપણે અને માર્કેટેબલ ટાઈટલ સાથે અમારા અસિલને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મુજબ માલિકી અને ભોગવટોના હક્કો અને તેના શેર્સ અને તેમજ પાર્કિંગ જગ્યા સહિત નીચે દર્શાવેલ ફ્લેટ વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે.

કોઈપણ શખ્સ કે શખ્સો જે સદર ફ્લેટ કે તેના કોઈપણ ભાગ અને કાર પાર્કિંગ જગ્યા સાથે સદર શેર્સની બાબતમાં ટેનાન્સી, સબ-ટેનાન્સી, ઓક્યુપેન્સી, લાયસન્સ, લીઝ, સબ-લીઝ, વેચાણ, અદલાબદલી, ગીરો, ઈક્વિટેબલ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, બિક્વેસ્ટ, કબજો, લીઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, એસાઈનમેન્ટ કે બોજા, કુટુંબ વ્યવસ્થા/પતાવટ, હિન્દુ અવિભાજિત કુટુંબ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટસ/કરારો, ટર્મ શીટ, સમજૂતીના કરાર, વચગાળાનો એવોર્ડ, એવોર્ડ, વિકાસ હક્કો, સંયુક્ત સાહસ, પાર્ટનરશીપ, મર્યાદિત જવાબદારી ભાગીદારી પેઢી, કંપની, બેન્કો, નાણાકીય સંસ્થાઓ, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, વ્યક્તિઓનું સંગઠન અથવા વ્યક્તિઓની એક સંસ્થા ભલે તે સ્થપાયેલ હોય કે ન હોય તેના દ્વારા કોઈપણ હિસ્સો, હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણીઓનો દાવો કરતા હોય, લેન્ડર્સ અને/કે લેણદારો જે સદર ફ્લેટ કે જૂનો ફ્લેટ કે તેના કોઈપણ ભાગ અને સદર શેર્સ બાબતમાં કોઈપણ બેનીફિટસ, ટાઈટલ્સ, દાવા, વાંધા, માગણી કે હક્કો કે હિત ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેણીની ઓફિસ નં. ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડિંગ, કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૪ **દિવસમાં** કરે, નહીંતર, નીચે દર્શાવેલ ફ્લેટ શેર્સ અને પાર્કિંગ જગ્યા વેચાણ આવા દાવા અથવા હિતના કોઈપણ સંદર્ભ વિના પૂર્ણ કરવામાં આવશે અને જો કોઈ હોય તો, તમામ ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**

પ્રથમેશ રેસીડેન્સી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા ઈશ્યૂ કરાયેલ શેર સર્ટિફિકેટ નં. ૨૦માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૦૯૬થી ૧૦૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦ના પાંચ (૫) ફુલ્લી પેઈડ અપ શેર્સ સાથે દાદાભાઈ રોડ, ભવન્સ કોલેજ પાસે, અંધેરી (પ), મુંબઈ-૫૮ ખાતે આવેલ ગામ અંધેરીનો C.T.S. નં. ૨૧૯ ધરાવતી જમીનના પ્લોટ પર બંધાયેલ "પ્રથમેશ રેસિડેન્સી" તરીકે જાણીતી બિલ્ડિંગના બેઝમેન્ટમાં કાર પાર્કિંગ જગ્યા નં. ૨૮ સાથે "A" વિંગના ૭મા માળ પર માલિકી ફ્લેટ નં. ૭૦૨ ભરતમાં ૮૦૫ ચો. ફૂટ કાર્પેટ એરિયા, ૭૪.૭૮ ચો.મી.ની સમકક્ષ એટલે કે ૯૬૬ ચો. ફૂટ બિલ્ટ અપ એરિયા, ૮૯.૭૭ ચો.મી. બિલ્ટ અપ એરિયાની સમકક્ષ કે તે સૂમારે છે.

આજ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૨૫

વિમલા એન્ડ કંપની,
સહી/-
પ્રોપરાઈટર
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ

## ઉદ્ધવ ઠાકરેને ફટકો? શિંદેનું ઓપરેશન ટાઈગર

# ઠાકરે સેનાના મોટાભાગના નેતાઓ, કાર્યકરો અને જનપ્રતિનિધિઓને શિવસેનામાં હાઈજેક કરવાનું મિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના દ્વારા 'ઓપરેશન ટાઈગર' હેઠળ ઠાકરે સેનાના મોટાભાગના નેતાઓ, કાર્યકરો અને જનપ્રતિનિધિઓને શિવસેનામાં હાઈજેક કરવાનું મિશન હાથ ધરવામાં આવ્યું હોવાની ચર્ચા ચાલી રહી છે ત્યારે પરિવહન પ્રધાન સાથે એક ઠાકરેસેનાના વિધાનસભ્યની વધતી નજદીકીઓ ઉદ્ધવ ઠાકરે માટે ચિંતાનું કારણ બન્યું છે.

ધારાશિવ જિલ્લામાં પણ 'ઓપરેશન ટાઈગર' પૂરજોશમાં ચાલી રહ્યું હોવાનું ચિત્ર છે. એવી ચર્ચા છે કે શિવસેનાના નેતા અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક અને નવા ચૂંટાયેલા વિધાનસભ્ય પ્રવીણ સ્વામી વચ્ચે નિકટતા વધી રહી છે.

ધારાશિવના વિધાનસભ્ય પ્રવીણ સ્વામી વિપક્ષમાં હોવા છતાં હંમેશા પ્રતાપ સરનાઈકના કાર્યક્રમોમાં હાજરી આપે છે. ૧૯ જુલાઈએ પરિવહન પ્રધાન અને ધારાશિવના પાલક પ્રધાન પ્રતાપ સરનાઈકે ઉમરગાની મુલાકાત દરમિયાન વિધાનસભ્ય પ્રવીણ સ્વામીના ઘરે ખાસ મુલાકાત લીધી હતી. પ્રવીણ સ્વામીએ અત્યંત ઉત્સાહભેર સરનાઈકનું સ્વાગત કર્યું હતું.

પ્રવિણ વીરભદ્રૈયા સ્વામીએ શિવસેના (યુબીટી)ની ટિકિટ પર ધારાશિવના ઉમરગા-લોહરા વિધાનસભા મતવિસ્તારમાંથી ત્રણ વખતના શિવસેનાના વિધાનસભ્ય જ્ઞાનરાજ ચૌગુલેને હરાવીને જીત મેળવી હતી. જ્ઞાનરાજ ચૌગુલે એકનાથ શિંદેની શિવસેના (જુઓ પાનું ૪) ▶▶

# સરકારી કે પાલિકાની જમીન પરના ફ્લેટ વેચવા માટે એનઓસીની જરૂર નહીં

## સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન વિભાગે આપી ડેવલપર્સને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન વિભાગે એક સરક્યુલર બહાર પાડ્યો છે જેનાથી વિવિધ સરકારી કે પાલિકાની માલિકીની જમીન પરના ફ્લેટ અથવા પુનઃવિકાસ કરેલી મિલકતો વેચવા માગતા ડેવલપર્સને મોટી રાહત મળી છે.

ગુરુવારે જારી કરાયેલી સ્પષ્ટતામાં, વિભાગે જણાવ્યું હતું કે બિલ્ડરોને મહારાષ્ટ્ર હાઉસિંગ એરિયા એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા), શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો), મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી) જેવા સરકારી વિભાગો અથવા મ્યુનિસિપાલિટીઝ જેવી એજન્સીઓ પાસેથી આ એજન્સીઓની માલિકીની જમીન પર બનેલા ફ્લેટ વેચવા અથવા ટ્રાન્સફર કરવા માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી)ની જરૂર નથી. સ્ટેમ્પ અને નોંધણીના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ધર્મદેવ માઈનકરે આ સ્પષ્ટતા જારી કરી હતી.

વિભાગે નોંધણી કાયદાની કલમ ૧૮ (ફ)(૧) (બ) માં સુધારો કર્યા પછી એપ્રિલમાં મૂંઝવણ ઊભી થઈ હતી. આ સુધારો અસ્પષ્ટ હતો, અને અધિકારીઓએ તેનું અર્થઘટન એવી રીતે કર્યું હતું કે તેમની મિલકત પર બનેલા દરેક ફ્લેટના વેચાણ અને ટ્રાન્સફર માટે મ્હાડા, એસઆરએ, એમઆઈડીસી અને સિડકો પાસેથી એનઓસી લેવું જરૂરી હતું.

'આના કારણે પ્રક્રિયાગત અને અન્ય વિલંબ થયો, જેના કારણે આવી મિલકતોની નોંધણીમાં ૭૦ ટકા જેટલો ઘટાડો થયો હતો. કેટલાક ખરીદદારોએ સ્ટેમ્પ ડ્યુટી રિફંડ પણ માગી હતી કારણ કે સમયસર એનઓસી મેળવવું શક્ય ન હતું,' એમ સૂત્રોએ કહ્યું હતું.

જોકે, ૨૪ જુલાઈના સરક્યુલરમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે રજિસ્ટ્રેશન એક્ટની કલમ ૧૮ (ફ) (૧) (બ) ની જોગવાઈઓ ખાનગી વિકાસકર્તાઓ દ્વારા મ્યુનિસિપાલિટીઝ, સ્થાનિક સ્વ-સરકારી સંસ્થાઓ અને મ્હાડા, સિડકો અને એમઆઈડીસી જેવી સત્તાઓ પાસેથી લીઝ પર લીધેલી જમીન (જુઓ પાનું ૪) ▶▶

# રાયગડમાં બીજા દિવસે પણ ધોધમાર વરસાદ

## માથેરાનમાં સૌથી વધુ ૨૦૧ મિમી વરસાદ

અલીબાગ: અલીબાગ - રાયગડ જિલ્લામાં સતત બીજા દિવસે પણ ધોધમાર વરસાદ પડયો હતો. જિલ્લાના માથેરાન, કર્જત, ખાલાપુર, મહાડ, પોલાદપુર અને રોહા વિસ્તાર વરસાદે ધમરોળી નાખ્યો છે. પરિણામે સાવિત્રી અને કુંડલિકા નદીઓના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. બંને નદીઓમાં પાણી ભયજનક સપાટીએ વહી રહ્યું હોવાથી મહાડ અને રોહા વિસ્તારમાં પૂરનું જોખમ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે નદી કાંઠાના ગામો અને પહાડી ઢોળાવ પર ભૂસ્ખલનની સંભાવનાવાળા ગામોને ચેતવણી જારી કરી છે.

જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકથી ભારે વરસાદ પડી રહ્યો છે. શનિવારે સવારે ૮ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં જિલ્લામાં (જુઓ પાનું ૪) ▶▶

# લાડકી બહેનને બે હપ્તા એકસાથે રક્ષા બંધનને દિવસે મળશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' મહારાષ્ટ્રમાં મહિલાઓ માટે વરદાન બની રહી છે. ૨૦૨૪માં શરૂ થયેલી આ યોજના મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડી રહી છે. હાલમાં, જુલાઈ ૨૦૨૫ના હપ્તો ક્યારે મળશે અને જુલાઈ-ઓગસ્ટના હપ્તા એકસાથે મળશે કે નહીં (એટલે કે રૂ. ૩૦૦૦) તે અંગે ચર્ચા ચાલી રહી છે. ૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ આવતા રક્ષાબંધન પ્રસંગે આ બંને મહિનાના હપ્તા એકસાથે મળશે એવું કહેવાઈ રહ્યું છે.

જુલાઈ મહિનો પૂરો થઈ રહ્યો છતાં હજી (જુઓ પાનું ૪) ▶▶

### આ મહિલાઓને લાભ મળશે નહીં

- ★ જે પરિવારોની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયાથી વધુ છે.
- ★ જેઓ ચાર પૈંડાના વાહનોના માલિક છે.
- ★ જેઓ આવકવેરો ચૂકવે છે.
- ★ સરકારી નોકરીમાં રહેલી મહિલાઓ માટે.
- ★ જે મહિલાઓને પીએમ કીસાન યોજના અથવા નમો શેતકરી સન્માન નિધિ યોજના હેઠળ રૂ. ૧૦૦૦ મળે છે તેમને માત્ર રૂ. ૫૦૦ આપવામાં આવશે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના સંબંધિત વિભાગ દ્વારા આ યોજનાનો લાભ મેળવતી મહિલાઓનું ઓડિટ કરવામાં આવી રહ્યું છે અને અનેક સ્તરે વિસંગતિ જોવા મળી રહી છે.

# મુંબઈ એરપોર્ટ, સીએસએમટી સ્ટેશન પર બૉમ્બ બ્લાસ્ટની ધમકી

મુંબઈ: મુંબઈનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) પર બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતા કૉલ મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલય અને મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમને પ્રાપ્ત થયા હતા. બંને સ્થળે સઘન તપાસ કરવામાં આવી હતી, પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમને શુક્રવારે બપોરે કૉલ પ્રાપ્ત થયો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટી-૨ ટર્મિનલ ખાતે બોમ્બ પ્લાન્ટ કરાયો છે.

બોમ્બની ધમકીનો કૉલ મળ્યા બાદ મુંબઈ પોલીસના અધિકારી, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએ), મહારાષ્ટ્ર એટીએસ અને એરપોર્ટ સત્તાવાળાઓને તેની જાણ કરવામાં આવી હતી. બાદમાં એરપોર્ટ પર તપાસ કરવામાં આવી હતી, પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. બોમ્બની વાત અફવા સાબિત થયા બાદ ધમકીભર્યો કૉલ કરનારી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની શોધ ચલાવાઇ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ધમકીભર્યો કૉલ આસામ-પશ્ચિમ બંગાળ સરહદ પર સક્રિય મોબાઇલ નંબર પરથી કારવામાં આવ્યો હતો.

એ જ પ્રમાણે મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલયને પણ (જુઓ પાનું ૪) ▶▶













**આપણે ચંદ્ર પર છીએ...:** પ્રશાસન દ્વારા ભલે ખાડામુક્ત મુંબઈના દાવા કરવામાં આવતા હોય પણ હકીકત તમારી સામે છે. વરસાદ શરૂ થતા જ રસ્તાઓ પર ખાડા પડવાનું શરૂ થઈ જાય છે જેને કારણે ટ્રાફિક જેમ, વાહનોની ગતિ ધીમી પડવી અથવા ઘણી વખત જીવલેણ અકસ્માત પણ સર્જાતો હોય છે. તેમ છતાં પ્રશાસન પાસે ખાડાની આ સમસ્યાનો કોઈ કાયમી ઈલાજ નથી. કહેવાય છે કે ચંદ્ર પર મોટા પ્રમાણમાં ખાડાઓ છે ત્યારે આ તસવીરો ચંદ્ર પરની હોય એવું લાગી રહ્યું છે. (અમય ખરાડે)

## વેપારીઓ માટે આનંદના સમાચાર

# ભિવંડી સાથે મુંબઈ-વડોદરા હાઈવે જોડાશે, ૧૬૦ કરોડ રૂપિયા મંજૂર

થાણે: ભિવંડી-વાડા નેશનલ હાઈવે ઔદ્યોગિક, વાણિજ્યિક અને કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ મહત્વની કડી છે અને અહીંથી મુંબઇ-વડોદરા હાઇવે જવા છતાં આ માર્ગ પર સીધો પ્રવેશ ન હોવાથી વાહનોએ મોટું ચક્કર મારી પૂરા ૧૮ કિલોમીટર પ્રવાસ કરવો પડતો હતો. આ ટાળવા માટે કેન્દ્ર સરકારે મુંબઈ-વડોદરા હાઈવેને ભિવંડીના લામજ સુપેગાવ સાથે જોડવાનો નિર્ણય લઈ એને માટે ૧૬૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. પરિણામે હવે ડ્રાઇવરોને લાંબુ ચક્કર નહીં મારવું પડે અને ઇંધણ અને સમયની પણ બચત થશે.

ભિવંડી-વાડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઔદ્યોગિક, વાણિજ્યિક અને કૃષિ ક્ષેત્રો માટે ખૂબ જ મહત્વપૂર્ણ કડી છે. આ હાઈવે નજીકથી મુંબઈ-વડોદરા હાઈવે પસાર થાય છે. જોકે આ માર્ગ એકબીજા સાથે જોડાયેલા ન હોવાથી મુસાફરોને વધારાનો ૧૮ કિ.મી. પ્રવાસ કરવો પડે છે. પરિણામે સમય ઇંધણ અને આર્થિક નુકસાન થઈ રહ્યું છે અને સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ, ઉદ્યોગસાહસિકો અને ખેડૂતોને ભારે મુશ્કેલી પડી રહી છે. ભિવંડી-વાડા રોડ પર આવેલા લામજ સુપેગાંવ ગામ નજીકથી મુંબઈ-વડોદરા હાઈવે પર સીધો પ્રવેશ દ્વાર બનાવવા, રસ્તો પહોળો કરવા, મજબૂત બનાવવા અને રિપેરિંગ કરવા તેમજ અત્યાધુનિક પરિવહન સુવિધા ઊભી કરવા સંસદસભ્ય સુરેશ મ્હાત્રેએ માગણી કરી હતી.

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ આ (જુઓ પાનું ૪) ▶▶

# વ્હૉટ્સઍપ ગ્રૂપમાં મરાઠીમાં જવાબ આપવાનો આગ્રહ રાખતા વિદ્યાર્થી પર હુમલો

## ચાર ક્લાસમેટ્સ સામે ગુનો દાખલ: એક જણની ધરપકડ

મુંબઈ: નવી મુંબઈના વાશીમાં વ્હૉટ્સઍપ ગ્રૂપમાં મરાઠીમાં વાતચીત કરવાનો આગ્રહ રાખનારા વિદ્યાર્થી પર હુમલો કરવા બદલ તેના ચાર ક્લાસમેટ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેમાંથી એકની ધરપકડ કરાઇ હતી.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં ૨૦ વર્ષના સૂરજ પવારે આક્ષેપ કર્યો હતો કે વાશીની મોતીલાલ ઝુનઝુનવાલા કોલેજની બહાર મંગળવારે તેના પર હૉકી સ્ટિકથી હુમલો કરવામાં આવ્યો હતો, જ્યાં તે અભ્યાસ કરે છે.

વાશી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પવારે તેના પરિવારના એક સભ્યનાં લગ્ન માટે વ્હૉટ્સઍપ ગ્રૂપમાં આમંત્રણ મોકલાવ્યું હતું. જ્યારે તેના ક્લાસમેટ ફૈઝાન નાઇકે હિન્દીમાં જવાબ આપ્યો, ત્યારે પવારે મરાઠીમાં જવાબ કેમ ન આપ્યો તે જાણવા માગ્યું હતું. આને કારણે તેમની વચ્ચે (જુઓ પાનું ૪) ▶▶

# મંત્રાલયમાં હવે ઓફલાઇન એન્ટ્રી બંધ: ૧ ઑગસ્ટથી ડિજિપ્રવેશ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય સરકારે મંત્રાલયમાં પ્રવેશ માટે જૂની પદ્ધતિએ આપવામાં આવતી ઓફલાઇન એન્ટ્રી બંધ કરવાનો નિર્ણય લીધો છે. પહેલી ઓગસ્ટથી મંત્રાલયમાં પ્રવેશ માટે ઓનલાઇન પ્રક્રિયા ડિજિપ્રવેશ ફરજિયાત બનાવવામાં આવશે. મંત્રાલયના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આ અંગે સૂચનાઓ આપવામાં આવી છે, અને વધુમાં, તમામ પ્રધાનોની કચેરીઓને સૂચનાઓ આપવામાં આવી છે, એમ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે થોડા દિવસો પહેલા મંત્રાલયમાં પ્રવેશ માટે અધિકારીઓ અને કર્મચારીઓ માટે 'ચહેરા ઓળખ' (આરએફઆઈડી) સિસ્ટમ શરૂ કરી હતી. આ સિસ્ટમનો અમલ શરૂ કર્યા પછી, રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે મંત્રાલયમાં મુલાકાતીઓના પ્રવેશ માટે નવી સિસ્ટમ શરૂ કરવામાં આવશે. તે મુજબ, હવે આ વર્ષની શરૂઆતથી મંત્રાલયમાં પ્રવેશ માટે નવી ઓનલાઈન પ્રક્રિયા ડિજિપ્રવેશ લાગુ કરવામાં આવી છે. હવે, (જુઓ પાનું ૪) ▶▶

# મધ્ય અને હાર્બર લાઈનમાં બ્લોક

મુંબઈ: ૨૭મી જુલાઈના રોજ મધ્ય રેલવે અને હાર્બર લાઈન પર સિગ્નલ અને ટ્રેક મેઈન્ટેનન્સ સહિતના મહત્વના કામ હાથ ધરવામાં આવશે, જેને કારણે રેલવે દ્વારા મેગા બ્લોક લેવાની જાહેરાત કરવામાં આવી છે. આ બ્લોકને કારણે રવિવારે રજાના દિવસે પણ લોકલ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મળતી માહિતી અનુસાર મધ્ય રેલવે પર સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી થાણે કલ્યાણ વચ્ચે અપ ડાઉન સ્લો લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે જેને કારણે અપ ડાઉન સ્લો લોકલ અપ ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેન કલવા, મુંબ્રા, દિવા સ્ટેશન પર ઉભી રહેશે, જેને કારણે લોકલ ટ્રેનો નિર્ધારિત સમય કરતા ૧૦થી ૧૫ મિનિટ મોડી પડશે.

હાર્બર લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી (જુઓ પાનું ૪) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭
માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ભીષણ અકસ્માત

## બ્રેક ફેઈલ થયા બાદ ટ્રકે ૨૦ વાહનને મારી ટક્કર: એકનું મોત, ૧૮ ઘવાયા



મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર શનિવારે બપોરે ભીષણ અકસ્માત થયો હતો, જેમાં બ્રેક ફેઇલ થયા બાદ ટ્રકે ૨૦ વાહનને અડફેટમાં લેતાં મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે ૧૮ લોકો ઇજા પામ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

રાયગડ જિલ્લાના ખાલાપુર તાલુકામાં ખોપોલી પોલીસ સ્ટેશનની હદમાં અડોશી ટનલની નજીક શનિવારે બપોરે અકસ્માત થયો હતો.

પુણેથી મુંબઈ તરફ આવી રહેલી ટ્રક બપોરે અડોશી ટનલ નજીક પહોંચી ત્યારે અચાનક તેની બ્રેક ફેઇલ થઇ હતી, જેને કારણે ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને સામેથી આવનારાં એક પછી એક વાહનોને ટક્કર મારતી ટ્રક આગળ વધી હતી. દોઢથી બે કિલોમીટરના પટ્ટામાં ટ્રકે બીએમડબ્લ્યુ અને મર્સિડીઝ જેવી લકઝરી કાર સહિત ૨૦ વાહનોને અડફેટે લીધાં હતાં, જેમાં ૧૯ લોકોને ગંભીર ઇજા પહોંચી હતી. આ અકસ્માતમાં અનેક વાહનોને પણ નુકસાન થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. દરમિયાન અકસ્માતની જાણ થતાં ખોપોલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતમાં ઇજા પામેલા (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**